મુંબઈના લોકમાન્ય તિલક નગર ઝૂંપડપટ્ટીના રહેવાસી અભિષેક સુજીત શર્મા માટે, જે દિવસે તેનું JEE એડવાન્સ્ડ પરિણામ જાહેર થયું તે જ દિવસે ભાગ્ય નિર્ણાયક વળાંક લેતું હોય તેવું લાગતું હતું. તેનો ક્રમ એટલો પ્રભાવશાળી હતો કે તેણે IIT દિલ્હીમાં એક પ્રતિષ્ઠિત બેઠક મેળવી. આજે, તે "ઝૂંપડપટ્ટીના છોકરા"માંથી "આઈઆઈટીયન" બની ગયો છે - એક એવી જીત જે ફક્ત તેના માટે જ નહીં પરંતુ તેના સમુદાયમાં રહેતા અન્ય છોકરાઓ માટે પણ એક યાદગાર વિજયનું પ્રતિનિધિત્વ કરે છે. ભલે તેનો અર્થ પડોશીના વાઈ-ફાઈ કનેક્શનનો ઉપયોગ કરીને છત પર અભ્યાસ કરવાનો હોય કે તેની આસપાસના અવિરત ઘોંઘાટ અને અસંખ્ય વિક્ષેપોને દૂર કરવાનું શીખવાનો હોય, અભિષેકે દરેક અવરોધને પૂર્ણ સંકલ્પ સાથે પાર કર્યો. તે હવે તેના પરિવારને ગરીબીમાંથી બહાર કાઢવા અને તેમને નોંધપાત્ર રીતે સુધારેલ જીવનધોરણ પૂરૂં પાડવા માટે તૈયાર છે. નોંધનીય છે કે, 'ફિઝિક્સ વાલ્લાહ'ના સ્થાપક અલખ પાંડેએ તાજેતરમાં અભિષેકને અભિનંદન આપવા અને તેના પરિવાર સાથે ભોજન શેર કરવા માટે મુંબઈની ઝૂંપડપટ્ટીની મુલાકાત લીધી હતી; આ મુલાકાત દરમિયાન, તેણે એક વિડિઓ શૂટ કર્યો જેણે ત્યારથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ભારે લોકપ્રિયતા મેળવી છે.

**પિતાની માસિક આવક રૂા.૩,૦૦૦ પર પરિવારનું ગુજરાન ચલાવ્યું :** નોંધનીય છે કે અભિષેકના પિતા સ્ટીલ ફેબ્રિકેશન કંપનીમાં મજૂર તરીકે કામ કરે છે. તેમનો ચાર સભ્યોનો પરિવાર 'હરડ ચાલ' વિસ્તારમાં એક નાના ભાડાના રૂમમાં રહે છે, જ્યાં પિતા માત્ર રૂા.૩,૦૦૦ની નજીવી માસિક આવક મેળવે છે. આ વિસ્તાર લૂંટફાટ, માદક દ્રવ્યોના દુરૂપયોગ અને છૂટાછવાયા ઝઘડા જેવા મુદ્દાઓથી પીડાય છે, જેના કારણે તે શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે અયોગ્ય વાતાવરણ બની ગયું છે. વધુમાં, વિસ્તારમાં મૂળભૂત સુવિધાઓનો તીવ્ર અભાવ છે. કોઈ ખાનગી શૌચાલય નથી; તેના બદલે, બધા પરિવારો કોમ્યુનલ સુવિધાઓ પર આધાર રાખે છે. અભિષેક યાદ કરે છે કે, નાણાકીય મુશ્કેલીઓ અને મર્યાદિત ઈન્ટરનેટ ઍક્સેસને કારણે, જ્યારે પણ તેનો મોબાઈલ ડેટા સમાપ્ત થઈ જાય ત્યારે તેને ઘણીવાર પડોશીના



Wi-Fi કનેક્શનનો ઉપયોગ કરીને છત પર અભ્યાસ કરવો પડતો હતો. જો કે, તેનો પરિવાર તેના શિક્ષણને ટેકો આપવા માટે કેટલી હદ સુધી જવા તૈયાર હતો તેનાથી પ્રેરિત થઈને, આ IIT ઉમેદવાર તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરતો રહ્યો અને શંકાસ્પદ પ્રવૃત્તિઓમાં સામેલ સાથીદારોથી દૂર રહ્યો. અભિષેક જણાવે છે, "મારી પ્રવેશ પરીક્ષાની તૈયારી દરમિયાન, મારા પરિવારે મારા માટે સૌથી મોટી સહાયક સિસ્ટમ તરીકે સેવા આપી."

**વૈજ્ઞાનિક બનવાનું સ્વપ્ન :** હરડ ચાલમાં એક સાંકડા, એક રૂમના ઘરમાં રહેતા, તેમના પરિવારે તેમની પડખે ઊભા રહેવા માટે અસંખ્ય બલિદાન આપ્યા. અભિષેક વધુમાં ઉમેરે છે, "મારા માતા-પિતા ફ્લોર પર સૂતા જેથી મને બેડ મળી શકે, જેથી મને મારા અભ્યાસ માટે સમર્પિત આરામદાયક જગ્યા મળે." અભિષેકની પ્રેરણાદાયી વાર્તા - અલખ પાંડે દ્વારા એક વિડિઓમાં દર્શાવવામાં આવી છે - ને વ્યાપક પ્રશંસા મળી, ઈન્સ્ટાગ્રામ પર ૮.૧ મિલિયન વ્યૂઝ અને ૬૯૩,૦૦૦ લાઈક્સ મળ્યા. અલખ પાંડે સાથેની તેમની મુલાકાત અને તેમને મળેલી શિષ્યવૃત્તિથી પ્રેરિત, અભિષેકે બાળપણથી જ વૈજ્ઞાનિક બનવાનું અને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં પોતાની છાપ બનાવવાનું સ્વપ્ન જોયું હતું. જ્યારે તેમને ભૌતિકશાસ્ત્ર વાલ્લાહના બજેટ-ફ્રેંડલી ઓનલાઈન તૈયારી અભ્યાસક્રમો મળ્યા ત્યારે તેમની યાત્રાએ એક મહત્ત્વપૂર્ણ વળાંક લીધો.

# અંકલેશ્વરના જલારામ મંદિર પાસે નાળું તો બન્યું પણ એપ્રોચ રોડ જ બનતો નથી

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નંબર-૧માં જલારામ મંદિર પાસે જૂના ગરનાળાના સ્થાને નવું ગરનાળુ બનાવવામાં આવ્યું છે. ગરનાળાની ઉપર પાકો રસ્તો બનાવવામાં થઈ રહેલાં વિલંબના કારણે રોજના હજારો લોકો હાલાકી ભોગવી રહયાં છે.

રોજના હજારો લોકો હાલાકી ભોગવી રહયાં હોવા છતાં પાલિકા તથા હાઈવે ઓથોરિટી કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. પાલિકાના વોર્ડ નંબર-૧માં જલારામ મંદિર પાસેથી દાંડી હેરીટેજ માર્ગ પસાર થાય છે. આ માર્ગ પર આવેલું ગરનાળુ જર્જરિત હોવાના કારણે તેનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. ચાર મહિના ઉપરાંતથી ગરનાળાની કામગીરી ચાલી રહી છે. ગરનાળુ તો બની ગયું છે પણ તેના પર ડામરનો રસ્તો બનાવવામાં આવ્યો નથી. જેના કારણે ઉબડખાબડ માર્ગ પરથી રોજના હજારો વાહનચાલકો પસાર થઈ રહ્યા છે. જેના કારણે હાડમારી વેઠી રહ્યા છે. આ માર્ગ બોરભાઠા સુધીના ગામને જોડતો મુખ્ય માર્ગ છે અને અહીં અનેક શાળાઓ અને સોસાયટીઓ પણ આવેલાં છે.



(તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# વડોદરા નજીક કેનાલમાં ડૂબવાના બે બનાવ, એક યુવકનો મૃતદેહ મળ્યો બીજાની શોધખોળ જારી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરા નજીક નર્મદા કેનાલમાં ડૂબવાના વધુ બે બનાવ બનતા વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે. જેમાં એક યુવકનું મૃતદેહ મળી આવ્યો છે.

વડોદરા પાસે દેણા વિસ્તારનો મિતેશ નામનો યુવક ગુમ થતા તેની તપાસ કરવામાં આવી રહી હતી. જે દરમિયાન વડોદરા ફાયર બ્રિગેડને આજે સવારે કેનાલમાં એક મૃતદેહ નજરે પડતા તેને કાઢવામાં આવ્યો હતો. મરણજનારનીની ઓળખતા થતા તે દેણા વિસ્તારનો મિતેશ હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેના પરિવારજનોને મૃતદેહ શોધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અન્ય એક બનાવમાં ગઈકાલે રાત્રે વાઘોડિયાના રાજપુરા ગામનો યુવક ગુમ થયો હોવાની વિગતો મળતા તેની શોધખોળ કરવામાં આવી હતી. જે દરમિયાન યુવકની બાઈક કેનાલ પાસે મળી આવતા તે અંદર પડ્યો હોવાની આશંકાને પગલે શોધખોળ કરવા માટે વડોદરા ફાયર બ્રિગેડના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની મદદ લેવામાં આવી હતી.

# હેલ્મેટ નિયમનો કડક અમલ શરૂ વડોદરાની સરકારી કચેરીઓમાં ડ્રાઈવ

## રવિવારથી તમામ વાહનચાલકો માટે દંડાત્મક પગલાં લેવાશે

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં હેલ્મેટ પહેરવાના નિયમનો હવે કડક અમલ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ ટ્રાફિક પોલીસે નિયમના પાલન માટે વિશેષ ડ્રાઈવ શરૂ કરી છે. હાલ પ્રથમ તબક્કામાં શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે, જ્યારે આગામી રવિવારથી સામાન્ય જનતા સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ટ્રાફિક પોલીસ દ્વારા આજથી શહેરની સરકારી કચેરીઓ ખાતે ખાસ તપાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ હેલ્મેટ વગર દ્વિચક્રી વાહન ચલાવતા જોવા મળશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ટ્રાફિક વિભાગના એસીપી ડી.એમ. વ્યાસે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતોમાં માથાની ઈજાઓ ઘટાડવા અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા હેલ્મેટ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમનો કડક અમલ લોકોની સુરક્ષા માટે અત્યંત જરૂરી છે.

પોલીસ દ્વારા જણાવાયું છે કે હાલ સરકારી કચેરીઓમાં ચેકિંગ શરૂ કરાયું છે અને આગામી રવિવારથી સમગ્ર શહેરમાં સામાન્ય વાહનચાલકો સામે પણ દંડાત્મક કાર્યવાહી શરૂ થશે.

તંત્રએ નાગરિકોને અપીલ કરી છે કે પોતાની સલામતી માટે ગુણવત્તાસભર હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવો અને ટ્રાફિક નિયમોનું પાલન કરો.

### સામાજિક કાર્યકરે વડોદરા બ્રાન્ચમાં રજૂઆત કરી

# વલણ ગામે મહારાષ્ટ્ર બેંકમાં ધાંધિયાથી ગ્રાહકોને તકલીફ પડતી હોવાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧

વલણ ગામે મહારાષ્ટ્ર બેંકમાં ખાતાધારકો પરેશાન હોવાની બૂમ ઉઠી છે. શુક્રવારે સિનિયર સિટીઝન ગ્રાહકોને નાણાં માટે લાંબો સમય સુધી રાહ જોવડાવતાં સામાજિક કાર્યકર શરીફભાઈ દેસાઈએ બેકની અનિયમિતા સબંધી આક્ષેપ ઉપરની બ્રાન્ચમાં કર્યા હતાં. જેમાં બેંકના એટીએમમાં નિયમિત કેસ નાંખવાની રજૂઆત કરી હતી. કરજણ તાલુકાના માંકણ ગામના સામાજિક કાર્યકર શરીફભાઈ દેસાઈ કરજણના વલણ ગામે બેકમાં નાણાં ઉપાડવા જતાં કેટલાક સિનિયર સિટીઝન વૃદ્ધ મહિલા ગ્રાહકો નાણાં ઉપાડવા માટે બેંકની શાખામાં કેશયરને રજૂઆત કરતાં હતાં. ત્યારે કેશિયર ગ્રાહકોને બેંકમાં બેસો વાર લાગશે એમ કહી અડધો કલાક સુધી બેસાડી રાખતાં શરીફ દેસાઈએ બેંકની ઉપરની વડોદરા શાખામાં ટેલિફોનિક રજૂઆત કરી આક્ષેપો કર્યા હતાં. જેમાં દૂરથી આવતાં સિનિયર સિટીઝન ગ્રાહકોને વારંવાર પડતી તકલીફ સબંધે યોગ્ય કરવાની ગ્રાહકો વતી માગણી કરી હતી. ગામ તેમજ આસપાસ ગામોના હજારોની સંખ્યામાં ગ્રાહકો અહીં ખાતાં ધરાવે છે. તેમ છતાં ગ્રાહકો પ્રત્યે બેક ઉદાસીનતા રાખે છે એવાં પણ આક્ષેપ થયાં હતાં. ગ્રાહકોમાં કચવાટની લાગણી વ્યાપી ઉઠી હતી. જેથી કરીને કેટલાક ગ્રાહકો પોતાનાં ખાતાં બંધ કરાવવાનું પણ વિચારી રહ્યાં છે.

# જૂનાગઢ જિલ્લામાં જુદા જુદા ત્રણ અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧

જૂનાગઢ જિલ્લામાં જુદા જુદા ત્રણ માર્ગ અકસ્માતના બનાવોમાં ત્રણ વ્યક્તિઓનાં મોત નિપજ્યા છે. જે અંગે જુદા જુદા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે જુમાભાઈ હુશેનભાઈ ખોખરે અજાણ્યા બોલેરો ચાલક વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી બોલેરો ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરિયાદીના ભાઈ રફીકભાઈની મોટર સાયકલ નં.જીજે-૧૧-એસી-૪૬૩૪ને પાછળથી અથડાવી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી સ્થળ ઉપરથી નાસી ગયેલ. મેંદરડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે અજયભાઈ હરીભાઈ ડાભીએ મોટર સાયકલ નં.જીજે-૦૫-એકયુ-૫૪૩૬ના ચાલક વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, તેમના ભાઈ મરણ જનારના મોટર સાયકલ સાથે આરોપીએ પોતાનું મોટર સાયકલ બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે ચલાવી ફરિયાદીના ભાઈની મો.સા સાથે સામેથી ભટકાવી ગંભીર ઈજા કરી મોત નીપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્રીજા બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર બી-ડિવિઝન પોલીસ મથકે ભાવેશભાઈ રમણીકલાલ તન્નાએ મોટર સાયકલ નં.જીજે-૧૧-એએફ-૨૯૫૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાની મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી અને રોડ ક્રોસ કરતા ફરિયાદીના પિતાજી રમણીકલાલ રતીલાલ તન્ના (ઉ.વ.૭૪)ને હડફેટે લઈ શરીરે તથા માથાના ભાગે ઈજાઓ પહોંચાડી અકસ્માત કરી નાસી ગયેલ. ફરિયાદીના પિતા રમણીકલાલનું મોત નીપજાવ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચની મુન્શી મહિલા બી.એડ્. કોલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧

મુન્શી મનુબરવાલા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત મુન્શી મહિલા બી.એડ્. કોલેજ, ભરૂચમાં ગઈકાલે દ્વિતીય વર્ષના પ્રશિક્ષણાર્થી માટે વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જે પૈકી વાર્ષિક કાર્યક્રમમાં જે.પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. એન. બી. પટેલ, કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડના ઇ.ચા. આચાર્ય ડૉ. આઈ. કે. અન્સારી, જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના આચાર્ય ડૉ. આઈ. ભાણા, ઈકરા સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. કેતન ગાંધી, કરમાડહાઈસ્કુલના શિક્ષક યુ.એમ. યુવક મંડળ મનુબરહાઈસ્કુલના આચાર્ય પટેલ ઝાકીર, અંજુમનહાઈસ્કુલ ભરૂચના આચાર્ય યાસ્મીન જેટ મેડમ, અંજુમન હાઈસ્કુલ કંથારીયાના આચાર્ય પટેલ રફીક, વી.સી.ટીહાઈસ્કુલના આચાર્ય રફીયા મેમ, અલીફ ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કુલના આચાર્ય પટેલ સાજીદ, મુન્શી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પટેલ યુનુસ પટેલ અને પટેલ નિષાદ, વી.સી.ટીના CEO નુસરત મેડમ, મુન્શી ટ્રસ્ટના એજ્યુકેશન કો-ઓર્ડીનેટર મીર આબીદ તેમજ કૉલેજના તમામ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પૈકી પ્રથમ વર્ષની પ્રશિક્ષણાર્થી દ્વારા વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રોફેસર ડૉ. આઈ. કે. અન્સારી દ્વારા પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક તરીકે શાળામાં નિભાવવામાં આવતી જવાબદારી વિશેની માહિતી આપવામાં આવી હતી તેમજ તેઓને આશિષ વચન આપ્યા હતા, ડૉ. એન. બી. પટેલ દ્વારા પ્રશિક્ષણાર્થીઓને તેઓના ઉજ્જવળ ભવિષ્ય અંગેના આશિષ વચન આપવામાં આવ્યા હતા તેમજ ટ્રસ્ટી તેમજ અન્ય મહેમાનો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને ભવિષ્યમાં સરકારી નોકરી મળે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬માં ઉજવવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ રમતગમત દિવસમાં નંબર પ્રાપ્ત કરનાર પ્રશિક્ષણાર્થીઓ તેમજ માઈક્રોટીચીંગમાં આંતરકૉલેજમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર પ્રશિક્ષણાર્થીનું સર્ટિફિકેટ તેમજ મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન મુન્શી મહિલા બી.એડ્. કૉલેજના કન્વીનર મન્સુરીભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.




# અંકલેશ્વરમાં મોબાઈલ હેંગ કરી રૂા.૨.૧૫ લાખની કરાઈ સાયબર ઠગાઈ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વરની અમરદીપ સોસાયટીમાં રહેતા સાકીર હુશેન શેખ ભરૂચની નૂર ટ્રાન્સપોર્ટમાં એકાઉન્ટિંગનું કામ કરે છે. ગત ૨૫ એપ્રિલે સવારે તેમના મોબાઈલ પર સતત ઓટો મેસેજ આવવાના શરૂ થતા શંકા જતાં તેમણે ફોન ફ્લાઈટ મોડ પર મૂકી દીધો હતો. બીજા દિવસે ફરીથી મેસેજ આવતા જ રહ્યા હતા અને તેમનો મોબાઈલ હેંગ થઈ ગયો હતો. જ્યારે ફોન ફરી ચાલુ થયો અને તેમણે તરત બેંક બેલેન્સ ચેક કર્યું તો તેઓ ચોંકી ગયા હતા. તેમના HDFC અને IDFCના બે એકાઉન્ટ અને બે ક્રેડિટ કાર્ડમાંથી રૂા.૨.૧૫ લાખની રકમ ચાર અલગ અલગ ટ્રાન્ઝેક્શનમાં ઉપડી ગઈ હતી. સાયબર ઠગાઈનો ભોગ બનનાર એકાઉન્ટન્ટે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી. અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# વડોદરા પાલિકાના સત્તાના નવા સૂત્રો સોંપવા ભાજપની ગતિવિધિ : ૩ મેના રોજ લેવાશે સેન્સ

### મેયર અને ચેરમેન પદ માટે કોર્પોરેટરોમાં મથામણ; દાવેદારો બાયોડેટા લઈ 'ગોડફાધરો'ના શરણે પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરા મહાનગર પાલિકામાં સત્તાના નવા સૂત્રો કોને સોંપવા તે માટે ભાજપ સંગઠન દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે. પાલિકાના મુખ્ય પાંચ પદાધિકારીઓની પસંદગી માટે આગામી ૩ મેના રોજ સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પ્રક્રિયા દરમિયાન મેયર, ડેપ્યુટી મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, શાસક પક્ષના નેતા અને દંડક જેવા મહત્વના હોદ્દાઓ માટે નિરીક્ષકો દ્વારા સ્થાનિક આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનો મત જાણવામાં આવશે.

ભાજપના નિરીક્ષકોની ટીમ વડોદરા ખાતે શહેર પ્રમુખ, મહામંત્રીઓ, સ્થાનિક સાંસદ, ધારાસભ્યો તેમજ તમામ વોર્ડના પ્રમુખો અને નવા ચૂંટાયેલા ઉમેદવારો સાથે વ્યક્તિગત ચર્ચા કરશે. આ સેન્સ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય પક્ષના કાર્યકરો અને જનપ્રતિનિધિઓમાં કયા ચહેરા પ્રત્યે વધુ સ્વીકૃતિ છે તે જાણવાનો છે. નિરીક્ષકો આ મંતવ્યો મેળવીને સંભવિત નામોની યાદી તૈયાર કરશે, જે બાદમાં પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સોંપવામાં આવશે.

પાલિકામાં વર્ચસ્વ જમાવવા અને મનગમતો હોદ્દો મેળવવા માટે અત્યારથી જ લોબિંગ શરૂ થઈ ગયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અનેક ચૂંટાયેલા કોર્પોરેટરો પોતાનું પલ્લું ભારે કરવા માટે પક્ષના વગદાર નેતાઓ અને પોતાના 'ગોડફાધરો'ના શરણે પહોંચી ગયા છે. પોતાની કામગીરી અને વફાદારીના આધારે હોદ્દો મેળવવા માટે દાવેદારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

બીજી તરફ, વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને ચેરમેન પદ માટે પણ પસંદગી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા પંચાયતના પદાધિકારીઓ માટે ૨ મેના રોજ જિલ્લા મથકે સેન્સ લેવામાં આવશે. આમ, આગામી બે દિવસ વડોદરા શહેર અને જિલ્લાના રાજકારણ માટે ખૂબ જ ગરમાગરમીભર્યા રહેશે. નિરીક્ષકોના અહેવાલ બાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા આખરી નામોની જાહેરાત કરવામાં આવશે, જેના પર સમગ્ર વડોદરાની નજર ટકેલી છે.

### વાવ-થરાદ જિલ્લામાં કેસરિયા માહોલ વચ્ચે

# કોંગ્રેસે લાખણી તાલુકા પંચાયત કબજે કરતા ગામડામાં દિવાળી જેવો માહોલ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧

વાવ - થરાદ જિલ્લામાં સર્વત્ર કેસરીયા માહોલ વચ્ચે કોંગ્રેસે લાખણી તાલુકા પંચાયત કબ્જે કરતાં ભાજપ છાવણીમાં સોપો પડી ગયો છે. જ્યારે ગામડાઓમાં દિવાળી જેવો માહોલ છવાયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ લાખણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે તરવરીયા યુવાન અને સૌને સાથે રાખીને ચાલતા સાગર રબારીની વરણી કરવામાં આવી હતી. તેમને ખમતીધર આગેવાનો જયેશભાઈ કરમટા, રૂડાસિંહ રાજપુત, પારજી ઠાકોર વગેરેનો સહયોગ સાંપડ્યો હતો. તેથી કોંગ્રેસ કાર્યકરોમાં નવચેતનાનો સંચાર થયો હતો અને ચૂંટણીમાં મજબૂત સંગઠનના જોરે સુઆયોજીત 'નેટવર્ક' ગોઠવાયું હતું. તેથી કોંગ્રેસના સર્વસંમત અને સક્ષમ ઉમેદવારોને ગામે ગામ પ્રચંડ જન સમર્થન સાંપડ્યું હતું. આખરે અપેક્ષા મુજબ મત ગણતરીમાં કોંગ્રેસે તાલુકા પંચાયતની કુલ ૨૨ માંથી ૧૩ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી સાથે ૧૦ વર્ષ બાદ તાલુકા પંચાયત કબ્જે કરી હતી. જ્યારે જિલ્લા પંચાયતની પણ પમાંથી ૩ બેઠક જીતી સપાટો બોલાવ્યો હતો.

એક મુલાકાતમાં વિજયથી ખુશખુશાલ લાખણી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સાગર રબારીએ જીતનો શ્રેય સંગઠનને આપી મતદાર ભાઈ - બહેનોનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આગામી સમયમાં પણ કોંગ્રેસ ગામડાના લોકોની વેદનાઓ અને ખેડૂતોની તકલીફોના ઉકેલ માટે પ્રયાસરત રહેશે અને પ્રજા વિરોધી ભાજપની નીતિઓ ખુલ્લી પાડી સાચા અર્થમાં ગરીબોની સરકારનો અહેસાસ કરાવશે. પ્રમુખ પદ માટે તેમણે ઉમેર્યું કે મોવડી મંડળના આદેશ મુજબ તાલુકા પંચાયતના પ્રમુખ પદે પણ સક્ષમ ઉમેદવાર મૂકી ગામડાઓમાં વિકાસ કામો થકી કોંગ્રેસ પ્રજાએ મુકેલ વિશ્વાસ સાર્થક કરી બતાવશે. તેવો દાવો પણ કર્યો હતો.

### પ્રમુખનો તાજ કોના શિરે મૂકાશે ?

# ઈડર નગરપાલિકાના પ્રમુખપદ માટે ૬ મહિલા સભ્યો દાવેદાર

(સંવાદદાતા દ્વારા) ઈડર, તા.૧

ઈડર નગરપાલિકામાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખપદ સામાન્ય મહિલા માટે અનામત રખાયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે પ્રમુખપદ માટેની રેસ શરૂ થઈ ગઈ છે. ભાજપે ૨૮માંથી ૨૭ બેઠકો જીતીને બહુમતી મેળવી છે, જ્યારે એક બેઠક અપક્ષના ફાળે ગઈ છે. પ્રમુખપદ માટે છ મહિલા દાવેદારોના નામ ચર્ચામાં છે. આ છ મહિલા ઉમેદવારો સામાન્ય બેઠક પરથી વિજેતા બન્યા છે. ઈડર શહેરમાં હાલ એ વાતની ચર્ચા ચાલી રહી છે કે ભાજપ કોને પ્રમુખપદની જવાબદારી સોંપશે ? પ્રમુખપદની રેસમાં સામેલ છ મહિલા ઉમેદવારોના નામ નીચે મુજબ છે: ૧. અનસુયાબેન મનીષભાઈ પટેલ, ૨. સ્મિતાબેન રણવીજયસિંહ ચંપાવત, ૩. અર્ચનાબેન ચિરાગ કુમાર શાહ, ૪. પદ્માબેન મુકેશકુમાર પંડ્યા, ૫. આયુષીબેન વિક્રમભાઈ કોઠારી, ૬. નીમાબેન કલ્પેશકુમાર પટેલ. આ છ મહિલાઓમાંથી કેટલાક ઉમેદવારો બીજી ટર્મમાં પણ વિજેતા થયા છે, જેથી તેમની પસંદગીની શક્યતાઓ વધુ હોવાનું મનાય છે. ભારતીય જનતા પાર્ટી ઈડર શહેરના વિકાસ માટે મતદારોનો વિશ્વાસ જાળવી રાખે તેવા યોગ્ય ઉમેદવારની પસંદગી કરશે. આગામી દિવસોમાં ઈડર નગરપાલિકાને પ્રમુખ સહિતની નવી બોડી મળી જશે.

## વડોદરા : સીકલીગર ગેંગનો રીઢો ઘરફોડિયો પકડાયો

વડોદરા. તા.૧

વડોદરા શહેરમાં ઘરફોડ ચોરીઓ કરતી ગેંગને નાથવા માટે વડોદરા પોલીસ દ્વારા સીકલીગર ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં બલવીન્દરસિંગ ઉર્ફે બલ્લી લોહરસીંગ સીકલીગર (ગણેશ નગર, ડભોઈ રોડ)ની પણ ધરપકડ થઈ હતી.

ઘરફોડ ચોરીના ૧૬ ગુનાઓમાં સંડોવાયેલા બલવીન્દરસિંગનો થોડા સમય પહેલા જામીન ઉપર છુટકારો થયો હતો. બલવીંદર અગાઉ પણ બાપોદ વિસ્તારની રૂા.૪ લાખની ચોરીમાં વોન્ટેડ હોવાથી તેને અકોટા વિસ્તારમાંથી ઝડપી પાડી બાપોદ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરાઈ છે.

# વિરમગામમાં હજયાત્રીઓ અને મ્યુ. સભ્યોનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)

વિરમગામ, તા.૧

વિરમગામ ખાતે તાઈ મોટી જમાઅત દ્વારા એક યોજાઈ ગયો, જેમાં ચાલુ વર્ષ હજ્જે બયતુલ્લાહ જનાર હાજીઓ તેમજ વોર્ડ નંબર ૪ અને ૫માં ચૂંટાયેલા એકતા પેનલના ઉમેદવારોનું સન્માન કરવામાં આવ્યું હતું.

વિરમગામ તાઈવાડા ખાતે પીરાન પીરના છીલ્લા પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં જમાઅતના સભ્યો અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કુર્આને પાકની તિલાવતથી કરવામાં આવી હતી, આ વર્ષે તાઈ જમાઅતમાંથી કુલ ૧૨ હાજીઓ હજ કમિટી તથા ટુર દ્વારા પવિત્ર હજ યાત્રા પર જઈ રહ્યા છે. તાઈ મોટી જમાઅત દ્વારા તમામ હાજીઓ અને હાજિયાણીઓને ફૂલહાર પહેરાવી અને સાલ ઓઢાડી સન્માનિત કરી મુબારકબાદ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે તાઈ મોટી જમાઅતના પ્રમુખનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત વોર્ડ નંબર ૪ના કાઉન્સિલર સૈયદ અહેમદશા બાપુએ પ્રાસંગિક પ્રવચન આપતાં તાઈ જમાઅતના આ સુંદર આયોજનની પ્રશંસા કરી અને તમામનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ સૈયદ આશિફ બાપુએ હજના અરકાનો અંગે વિગતવાર માર્ગદર્શન આપીને હાજર લોકોને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે તાઈ મોટી જમાઅતના તમામ સભ્યોએ ભારે મહેનત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનીશ કટાર અને હાજી ઐયુબભાઈ તાઈ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



(તસવીર : મુન્ના વહોરા, વિરમગામ)

### બીસીએ દ્વારા આયોજિત

# સ્વ.નારાયણરાવ સાઠમ અંડર-૨૩ વન-ડે ક્રિકેટ ટૂર્નામેન્ટમાં દર્શનમ ટીમ ચેમ્પિયન

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧

બરોડા ક્રિકેટ એસોસિએશન (બીસીએ) દ્વારા આયોજિત અંડર-૨૩ સ્વ. નારાયણરાવ સાઠમ વન-ડે ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલમાં દર્શનમ ટીમનો વિજય થયો છે. કમ્બાઈન્ડ ડિસ્ટ્રિક્ટ ટીમ સામેના આ મુકાબલામાં દર્શનમ ટીમે ૩૦ રનથી વિજય મેળવી ચેમ્પિયનનો ખિતાબ પોતાના નામે કર્યો હતો, જ્યારે કમ્બાઈન્ડ ડિસ્ટ્રિક્ટ ટીમ રનર્સઅપ રહી છે. મેચમાં દર્શનમ ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૪૯.૫ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી ૩૧૦ રન નોંધાવ્યા હતા, જ્યારે કમ્બાઈન્ડ ડિસ્ટ્રિક્ટ ટીમ ૪૪.૫ ઓવરમાં ૨૮૦ રનમાં જ ઓલઆઉટ થતાં દર્શનમ ટીમ જીતી ગઈ. ફાઈનલ મેચમાં ૧૨૪ રનની શાનદાર ઈનિંગ્સ બદલ નારાયણ કાર્તિકેય યાદવને પ્લેયર ઓફ ધ મેચ, જ્યારે ભવિષ્ય પટેલે ચાર મેચમાં ૨૯૪ રન બનાવી શ્રેષ્ઠ બેટ્સમેનનો એવાર્ડ હાંસલ કર્યો છે. મન નાયકે ૧૬ વિકેટ મેળવવા બદલ શ્રેષ્ઠ બોલર અને ધ્રુવપટેલે ૬ મેચમાં ૧૫ કેચ ઝડપી શ્રેષ્ઠ ફિલ્ડરનો ખિતાબ મેળવ્યો છે, નિત્યા પંડ્યાને પ્લેયર ઓફ ટૂર્નામેન્ટ જાહેર કરાયો છે. તેણે ચાર ઈનિંગ્સમાં ૪૧૦ રન કર્યા છે, જેમાં સર્વોચ્ચ સ્કોર ૧૬૮ રન રહ્યો.

## કેશોદમાં મગફળીની ખરીદી કરી રૂપિયા નહીં આપી રૂા.૫૪.૪૫ લાખની છેતરપિંડી

જૂનાગઢ, તા.૧

કેશોદમાં મગફળીની ખરીદી કરી રૂા.૫૪.૪૫ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે આશીષભાઈ ધીરૂભાઈ કોટડીયાએ શીવ એન્ટરપ્રાઈઝના માલિક કાંતીભાઈ જેરામભાઈ ગામી વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, શીવ એન્ટરપ્રાઈઝના સંચાલક વેપારી આરોપીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ તેની પાસેથી અલગ - અલગ તારીખોમાં મગફળીનો માલ કુલ કિ.રૂા.૧,૧૧,૬૮,૪૩૪ની ખરીદી કરી હતી. તે બાદ રૂા.૫૭,૨૨,૯૦૦ ચૂકવી આપી બાકીની રકમ રૂા.૫૪,૪૫,૫૩૪/- પરત નહીં ચૂકવી પોતે વ્યાપારી હોવા છતા ફરિયાદી સાથે વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભાવનગર રેલ મંડળમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીનનું ઉદ્‌ઘાટન

ભાવનગર, તા.૧

કર્મચારી હિત નિધિના સૌજન્યથી પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, ભાવનગર મંડળ દ્વારા ૩૦ એપ્રિલ ૨૦૨૬ (ગુરૂવાર)ના રોજ એક સરાહનીય પહેલ અંતર્ગત બાલ મંદિર અને કિડ્સ હટ સ્કૂલના પ્રાંગણમાં સેનિટરી પેડ વેન્ડિંગ મશીનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંગઠનની અધ્યક્ષા શાલિની વર્માએ વિધિવત રિબન કાપીને મશીનનું ઉદ્‌ઘાટન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું કે આ પહેલ મહિલાઓના આરોગ્ય, સ્વચ્છતા અને ગૌરવને મજબૂત બનાવવાના સાથે સાથે પર્યાવરણ સંરક્ષણ તરફ પણ એક મહત્વપૂર્ણ પગલું છે.

ઉદ્‌ઘાટન સમારંભ દરમિયાન સંગઠનની ઉપાધ્યક્ષા, સચિવ તથા અન્ય સભ્યો સાથે સાથે શાળાની શિક્ષિકાઓ પણ હાજર રહી હતી.

## ઘોઘામાં સૈયદ ઈબ્રાહીમશા બગદાદીનો ઉર્સ ઊજવાયો

ભાવનગર નજીકના ઘોઘાના મુખ્ય કબ્રસ્તાનમાં આવેલા હઝરત રોશન ઝમીર પીર સૈયદ ઈબ્રાહીમશા બગદાદી (ર.અ.)નો ઉર્સ શાનદાર રીતે ઊજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઘોઘા ગામમાં મિલાદ શરીફ સાથે સંદલનું જુલૂસ નીકળ્યું હતું. જે દરગાહે પહોંચતા દરગાહ શરીફમાં સંદલ, ચાદર, સલાતો સલામ, સામૂહિક દુઆઓ, ન્યાઝ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ ઉર્સ પ્રસંગે મોટી સંખ્માં હિન્દુ-મુસ્લિમ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉર્સ શરીફને સફળ બનાવવા બનુહાશીમ સૈયદ હુસેનમીયાબાપુ અલફદ્દાક, સૈયદ આબીદબાપુ (મતવા ચોક) સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

### ધાર્મિક કાર્યક્રમ

# ધોળકા ખાતે તા. ૪થી ૮ મે સુધી હઝરતશાહ દાદા (ર.અ.)નો ૬૮૩મો ઉર્સ ઊજવાશે

ધોળકા ખાતે જૂના બસ સ્ટેન્ડ નજીક આવેલ પીર હઝરત ખ્વાજા સૈયદ શાહ હસન ખતીબ ચિશ્તી સાહેબુલ વાલીએ વિલાયત (ર.અ.) ઉર્ફે હઝરતશાહ દાદાની દરગાહ શરીફ ખાતે ૬૮૩મા વાર્ષિક ઉર્સ મુબારકની ભવ્ય ઉજવણી કરાશે. આ ઉર્ષ નિમિત્તે તા.૦૪/૦૫/૨૦૨૬, સોમવારે સંદલ શરીફ, તા. ૦૫/૦૫/૨૦૨૬, મંગળવારે કુર્આન ખ્વાની, તા. ૦૬/૦૫/૨૦૨૬, બુધવારે ઉર્સ અને કવ્વાલી યોજાશે. જેમાં "ઓ પાલનહારે ઉસ્મા કે પ્યારે" ફેઈમ કવ્વાલ શબ્બીર સદાકત સાબરી કવ્વાલી પેશ કરશે. તા.૦૭/૦૫/૨૦૨૬, ગુરૂવારે બાળકોની તકરીર અને વાએઝનો કાર્યક્રમ રાખેલ છે. તા. ૦૮/૦૫/૨૦૨૬ શુક્રવારે ફક્ત મહિલાઓ માટેનો ઉર્સ શરીફ યોજાશે. હાલ આ વાર્ષિક ઉર્સ મુબારકની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



# ડીસા પાલિકાના કર્મી અરવિંદભાઈને નિવૃત્તિ વિદાયમાન

ડીસા, તા.૧

ડીસા નગરપાલિકામાં લાંબા સમય સુધી પોતાની નિષ્ઠાપૂર્વકની સેવાઓ આપનાર કર્મચારી અરવિંદભાઈ ભગવાનભાઈ પઢિયાર આજે વયમર્યાદાના કારણે નિવૃત થતા તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો.

નગરપાલિકા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન અરવિંદભાઈની વર્ષોની સેવાકીય સફર અને તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તેમનું સન્માન કરી ઉજ્જવળ નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ચીફ ઓફિસર દેસાઈ, મનોજભાઈ પટેલ, સુપ્રિટેન્ડન્ટ કોટક, પાણી પુરવઠા ઈજનેર જાદવભાઈ સહિત પાલિકા સ્ટાફ, અરવિંદભાઈના પરિવારજનો અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# લબ્બૈક...અલ્લાહહુમ્મા...લબ્બૈક...





ગુજરાત હજ કમિટી મારફત પવિત્ર હજયાત્રાએ જનારા હજયાત્રિકોની પહેલી ફલાઈટ અમદાવાદ આંતરરાષ્ટ્રીય હવાઈ મથક ખાતેથી ગઈ કાલે રાત્રે રવાના થઈ ત્યારની તસવીરો

## વટવાના મકાનમાંથી ૩૪ વર્ષ બાદ જેનું કંકાલ મળી આવ્યું તે ફરઝાના ઉર્ફે શબનમના ધોળકા રહેતા ભાઈના DNA સેમ્પલ લેવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ૩૫ વર્ષ જુનો રહસ્યમયી કેસ ઉકેલાનો પ્રયાસ કરી રહી છે. ૩૪ વર્ષ બાદ અમદાવાદના વટવામાં ખાળકુવામાંથી હાડપિંજ મળી આવ્યું છે. આ અવશેષો ફરઝાના રાધનપુરી ઉર્ફે શબનમના હોવાનું કહેવાય છે. અસલી હકીકત તો ડીએનએ ટેસ્ટ બાદ જ માલૂમ પડશે. પરંતુ આ કહાની ફરઝાનાની આત્મા અહી ફરતી હોવાની વાત બાદ બહાર આવી છે.

લોકો જેને શબનમ કહે છે, તે હકીકતમાં ધોળકામાં રહેતી ફરઝાના રાધનપુરી છે. ત્યારે કોણ હતી ફરઝાના, કેવી હતી એ... વિશે તેના પરિવારજનોએ માહિતી આપી. ધોળકા ખાતે ફરઝાનાના ભાઈ હજી જીવિત છે. ફરઝાનાના ભાઈ લિયાકતભાઈએ કહ્યું કે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અમને મળવા આવી હતી. મારો ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ લેવાયા છે. ફરઝાના વિશે કહું તો, ફરઝાનાના લગ્ન અમે સુરતમાં કરાવ્યા હતા, પરંતુ તે લગ્નના બે દિવસમાં જ પાછી ગઈ. તેના બાદ ક્યારેય મળી જ નથી. ફરઝાના ઘરમાંથી નીકળી હતી તેની ઉંમર ૧૮ વર્ષની હતી. ધોરણ-૭ સુધી ભણી. કન્યાશાળા ધોળકામાંથી સર્ટિફિકેટ લઈને જતી રહી હતી. બે વર્ષ અમે શોધવાનો પ્રયાસ કર્યો. અમે તપાસ કરી, પણ ક્યાંય ન મળ્યા. આટલા વર્ષ પછી આવી વાત સામે આવતા આશ્ચર્ય થયું. રહેવાસીઓને ફરઝાનાની આત્માનો ભાસ થયો, તો તમને બહેનની આત્માનો ભાસ કે સપનામાં આવ્યા હોય તેવું બન્યુ છે કે નહિ તે વિશે લિયાકતભાઈએ કહ્યું કે, મને એવું ક્યારેય નથી થયું. આટલા વર્ષમાં હવે તેમનો ચહેરો પણ યાદ નથી રહ્યો. તે એકદમ પાતળી દૂબળી હતી. છેલ્લે જ્યારે જોઈ ત્યારે થોડી જાડી થઈ હતી. બાદમાં એણે કોઈ સંપર્ક રાખ્યો ન હતો. મારી તબિયત એ સમયે નાદુરસ્ત રહેતી હતી, તેથી પરિવાર મને કોઈ ગંભીર બાબતની જાણ કરતા ન હતા. ઉલ્લેખનીય છે કે, અમદાવાદનો આ કિસ્સો ૩૪ વર્ષ જૂનો છે. કોઈ મહિલાની આત્મા વટવા વિસ્તારમાં ફરે છે, એક પરિવારને સતાવે છે તેવા ડરથી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક મકાનમાં ખોદકામ કર્યું હતુ. ત્યાર બાદ અવશેષો મળી આવ્યા હતા. પોલીસે તપાસ કરતા ફરઝાના ઉર્ફે શબનમની વાત બહાર આવી હતી. ૩૪ વર્ષ બાદ આ હત્યા કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓ પૈકી અબ્દુલ કરીમ અને સાલિયા બીબી હયાત નથી પરંતુ મુખ્ય આરોપી પતિ શમસુદ્દીન અને તેનો ભાઈ ઈકબાલ હજુ જીવિત છે. જે બંનેની અટકાયત કરીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી છે, ત્યારે ક્રાઈમ બ્રાન્ચે હવે આ માનવ અવશેષોને ડીએનએ ટેસ્ટ માટે મોકલ્યા છે. જેને ફરઝાનાના ભાઈ સાથે મેચ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

### ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ સામે

## જામીનની શરતોના ભંગ અંગે પાટીદાર આગેવાનોની ગૃહ વિભાગમાં રજૂઆત

અમદાવાદ,તા.૧

ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા સામે જામીનની શરતોના ભંગનો ગંભીર આરોપ લાગ્યો છે. પાટીદાર અગ્રણીઓ જગદીશભાઈ સાટોડિયા અને પિયુષ રાદડિયાએ આ અંગે ગૃહ વિભાગમાં લેખિત રજૂઆત કરી છે. તેમનો દાવો છે કે સુપ્રીમ કોર્ટે નિલેશ રૈયાણી હત્યા કેસમાં જયરાજસિંહને ગોંડલમાં પ્રવેશ માટે આપેલી કડક શરતોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. રજૂઆતકર્તાઓએ આરોપ લગાવ્યો છે કે જયરાજસિંહ દર સોમવારે ગોંડલ સીટી એ-ડિવિઝન પોલીસ મથકે હાજર રહેવાને બદલે, તેમના કમાન્ડો દ્વારા સરકારી રજિસ્ટર નિવાસસ્થાને મંગાવી સહીઓ કરાવે છે. આ ઉપરાંત, જામીન પર હોવા છતાં તેઓ જાહેર સભાઓમાં ઉશ્કેરણીજનક ભાષણો આપે છે અને મહિલા અગ્રણીઓ વિશે અભદ્ર ટિપ્પણીઓ કરે છે.

ગોંડલ શહેરની બહાર જતી વખતે પોલીસને અગાઉથી જાણ કરવાની શરતનું પણ પાલન થતું નથી. તેઓ નિયમિતપણે ગણેશગઢ ફાર્મ હાઉસ કે અન્ય સ્થળોએ જાય છે, પરંતુ પોલીસને જાણ કરતા નથી.

આ મામલે જગદીશભાઈ સાટોડિયાએ જણાવ્યું હતું કે, જો આગામી ૧૫ દિવસમાં જામીન રદ કરવાની દિશામાં કાર્યવાહી નહીં થાય તો તેઓ સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરશે. તેમણે પોલીસ તંત્ર પાસે છેલ્લા ત્રણ મહિનાના સીસીટીવી ફૂટેજ સુરક્ષિત રાખવાની પણ માંગ કરી છે, જેથી સત્ય બહાર આવી શકે.

સાટોડિયાએ વધુમાં કહ્યું કે, પોલીસ સ્ટેશનનું રજિસ્ટર બંગલે મંગાવીને સહીઓ કરાવવી એ સરકારી રેકોર્ડની ગુપ્તતાનો ભંગ છે. જો પોલીસ સીસીટીવી ફૂટેજ આપવામાં આનાકાની કરશે તો તેઓ કોર્ટના દ્વાર ખટખટાવશે.

પિયુષ રાદડિયાએ આ મામલે તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ૨૦૧૭માં આજીવન કેદની સજા થયા છતાં સત્તા અને પૈસાના જોરે કેસને રોકી રખાયો છે.

તેમણે ઉમેર્યું કે, એક ક્ષત્રિય તરીકે મહિલાઓનું સન્માન કરવાને બદલે અભદ્ર શબ્દો બોલાઈ રહ્યા છે, જેની સામે તેમણે કાયદાકીય લડાઈ શરૂ કરી છે. ભૂતકાળમાં પોલીસે સીસીટીવી ખરાબ હોવાનું બહાનું કાઢ્યું હતું, પરંતુ આ વખતે જીપીએસ કેમેરાથી રેકોર્ડિંગ કરીને પુરાવા એકત્રિત કરાયા છે કે પોલીસ સ્ટેશનના કેમેરા ચાલુ હાલતમાં છે. ફરિયાદી પક્ષે ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં ગૃહ વિભાગ કે પોલીસ તંત્ર દ્વારા જામીન ભંગ બદલ કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સુપ્રીમ કોર્ટમાં જામીન રદ કરવાની અરજી કરવામાં આવશે. હવે જોવાનું એ રહેશે કે આ આક્ષેપો બાદ પોલીસ પ્રશાસન કેવા પગલાં લે છે.

## ICSEમાં ટેકનિકલ ખામી સર્જાતા સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ મોડું જાહેર થયું

### બોર્ડના સર્વરમાં ખામીથી ગુરૂવારે પરિણામ અટવાયું, શુક્રવારે બપોર પછી પરિણામ જાહેર કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફીકેટ એક્ઝામિનેશન (ICSE) દ્વારા ગુરૂવારના રોજ ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ પરિણામ જાહેર થયા બાદ અમદાવાદની સેવન્થ ડે સ્કૂલના લગભગ ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓનું પરિણામ વેબસાઈટ પર ઉપલબ્ધ ન થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા અને ગભરાટ ફેલાયો હતો. ટેક્નિકલ ખામીના પગલે પરિણામ એક દિવસ મોડું જાહેર થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ICSE બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનું ગુરૂવારના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ શહેરની સેવન્થ જે સ્કૂલના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર ન થતાં વાલીઓ ગભરાયા હતા. પરિણામ ન મળતાં અનેક વાલીઓ અને વિદ્યાર્થીઓએ શાળાનો સંપર્ક કર્યો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શાળાના સંચાલકોએ તાત્કાલિક બોર્ડ સાથે સંપર્ક સાધ્યો હતો. બોર્ડ તરફથી મળેલી માહિતી મુજબ, ટેકનિકલ ખામીના કારણે કેટલાક શાળાઓના પરિણામ અપલોડ કરવામાં વિલંબ થયો હતો. અંતે શુક્રવારના રોજ બપોરે બોર્ડ દ્વારા સેવન્થ ડે સ્કૂલનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, હાલમાં સ્કૂલનું પરિણામ જાહેર કરાયું છે અને વિદ્યાર્થીઓને શનિવારે ૧૧ વાગ્યે પરિણામ મળશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આ સમગ્ર ઘટનાક્રમમાં વિદ્યાર્થીઓને એક દિવસ વધુ રાહ જોવી પડી હતી. આ ટેકનિકલ સમસ્યા માત્ર અમદાવાદની એક જ શાળામાં મર્યાદિત નહોતી. મળતી માહિતી મુજબ મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશની કેટલીક શાળાઓમાં પણ આવી જ સમસ્યા નોંધાઈ હતી, જેના કારણે ત્યાંના વિદ્યાર્થીઓને પણ પરિણામ માટે રાહ જોવી પડી હતી.

### ક્યુઆર કોડ સ્કેન કરતા ભાંડો ફૂટ્યો

## સબ રજિસ્ટ્રાર કચેરીમાં અશાંતધારાની નકલી પરમિશન રજૂ કરવાનું કૌભાંડ

### દસ્તાવેજ તૈયાર કરનાર એજન્ટ શંકાના દાયરામાં : એક સામે ગુનો દાખલ-શાહીબાગ પોલીસમાં ફરિયાદ

અમદાવાદ, તા.૧

શહેરની સબ રજિસ્ટ્રાર કચેરીમાં મિલકતની નોંધણી કરાવવા માટે સરકારના નિયમોને નેવે મૂકી બોગસ દસ્તાવેજો રજૂ કરવાનું મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. અમદાવાદના નરોડા વિસ્તારની મિલકત માટે અશાંતધારાની ખોટી અને ફેબ્રિકેટેડ પરમિશન બનાવી સરકાર સાથે છેતરપિંડી કરવા બદલ શાહીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે સબ રજિસ્ટ્રારે દસ્તાવેજ તૈયાર કરનાર એજન્ટ વિરૂદ્ધ ગુનો દાખલ કરાવતા ચકચાર મચી ગઈ છે. ગત ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ નરોડા સર્વે નંબર ૬૨૫માં આવેલ 'કેસર એક્ઝોટીકા' ફ્લેટ નંબર ૩૦૧ના વેચાણ અંગેનો દસ્તાવેજ સબ રજિસ્ટ્રાર કચેરી-૬ (નરોડા) ખાતે રજૂ કરવામાં આવ્યો હતો. વિક્રમભાઈ પટેલ અને ધર્મિષ્ઠાબેન પટેલ દ્વારા મીનાબેન પટેલને વેચવામાં આવેલી આ મિલકત માટે જરૂરી સ્ટેમ્પ ડ્યુટી અને ફી પણ ભરવામાં આવી હતી. જોકે, જે વિસ્તારમાં આ મિલકત આવેલી છે ત્યાં સરકારનું 'અશાંતધારા'નું જાહેરનામું અમલી ન હોવા છતાં, દસ્તાવેજ સાથે સિટી ડેપ્યુટી કલેક્ટર (ઈસ્ટ)ની કથિત મંજૂરીનો પત્ર જોડવામાં આવ્યો હતો. તત્કાલીન સબ રજિસ્ટ્રાર આશિષકુમાર તાવીયાડને આ પરમિશનના લખાણ પર શંકા જતાં તેમણે પત્ર પર રહેલો ક્યુઆર કોડ સ્કેન કર્યો હતો. સ્કેનિંગ દરમિયાન કોઈ જ ડેટા મળી ન આવતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. આ અંગે ડેપ્યુટી કલેક્ટર કચેરીમાં ખરાઈ કરાવતા સ્પષ્ટ થયું હતું કે, આવી કોઈ જ પરમિશન કચેરી દ્વારા અપાઈ નથી અને રજૂ કરાયેલો પત્ર સંપૂર્ણપણે 'ફોર્જ્ડ' અને 'ફેબ્રિકેટેડ' છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ખરીદનાર પક્ષના પુત્ર ભાવિકે આ દસ્તાવેજ તૈયાર કરવાનું કામ નવા વાડજમાં રહેતા કામિત હિમાંશુભાઈ રાવલને સોંપ્યું હતું. કામિત રાવલે દસ્તાવેજ અને પરમિશનના કામ પેટે કુલ ૧,૫૭,૬૦૦ રૂપિયા ઓનલાઈન મેળવ્યા હતા. આમ, નાણાં લઈને ખોટી પરમિશન ઊભી કરનાર કામિત રાવલ સામે સબ રજિસ્ટ્રાર હરેશભાઈ મગનભાઈ પરમારે શાહીબાગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે રજિસ્ટ્રેશન એક્ટની કલમ ૮૨ અને ૮૩ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કૌભાંડમાં અન્ય કોઈ મોટા માથાઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

### DRIએ ૧૯.૮૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો

## મુંદ્રા બંદરે સિંગાપોરથી આવેલું નકલી સિગારેટનું કન્ટેનર ઝડપાયું

કચ્છ, તા.૧

ગુજરાતના મુંદ્રા બંદરેથી ફરી એકવાર મોટા પાયે થતી દાણચોરીનો પર્દાફાશ થયો છે. DRI (ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ)એ એક ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરીને સિંગાપોરથી આયાત કરાયેલા કન્ટેનરમાંથી અંદાજે ૧૯.૮૭ કરોડની કિંમતની નકલી સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ કન્ટેનર માટે કોઈ પણ સત્તાવાર 'બિલ ઓફ એન્ટ્રી' રજૂ કરવામાં આવી નહોતી. દસ્તાવેજોના અભાવે શંકા જતાં જ્યારે કન્ટેનરની તલાશી લેવામાં આવી, ત્યારે તેમાંથી કુલ ૮૨,૮૦,૦૦૦ નકલી સિગારેટની સ્ટિક્સ મળી આવી હતી. DRIએ આ તમામ મુદ્દામાલ જપ્ત કરીને કસ્ટમ્સ એક્ટ હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સિંગાપોર જેવા દેશમાંથી આટલી મોટી માત્રામાં નકલી સિગારેટનો જથ્થો મુંદ્રા પોર્ટ પર ઉતરતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ રેકેટ સક્રિય હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલ DRIએ સિગારેટના આ જથ્થાને કોણે મંગાવ્યો હતો અને તે ક્યાં મોકલવાનો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

## ભવનાથમાં ઈન્દ્રભારતી ઘૂસેલો છે, તેણે પૈસાનો વ્યવહાર કર્યો છે માટે તેને બહાર કાઢો એટલે વાત પૂરી : બજરંગદાસ બાપુ

### ગુજરાતમાં તમારી સરકાર છે તેમ છતાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા તમારૂં કેમ ચાલતું નથી ?

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧

ગિરનાર પર્વત ઉપર કબજો જમાવવાની જે હિલચાલ થઈ રહી છે અને તે અંગેના જુદા-જુદા વિડીયો વાયરલ થઈ રહ્યા છે તેને લઈને સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષની લાગણી ઉઠવા પામી છે. ગઈકાલે એક ઘટનામાં જૈન વ્યક્તિએ એવું જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત અમારો છે, અમારો રહેશે અને અમે લઈને જ રહેશું તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ગિરનારના કબજાને લઈને ચાલતા વિવાદના મુદ્દે ગીર-સોમનાથના વેરાવળમાં આવેલા નીરાલી ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર બજરંગદાસ બાપુ આકરા પાણીએ છે. તેમણે ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીને ચિમકી આપી છે અને જણાવ્યું છે કે, ગિરનાર ઉપર કોઈ ચાળો કરવામાં આવશે તો સનાતન સમાજ સાખી નહીં લે તેમ જણાવ્યું હતું. દરમ્યાન ગિરનાર ઉપર કબજો કરવાની વાતો કરતા જૈન સમાજના નામે એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં એક વ્યક્તિ કહી રહ્યો છે કે, અમે ધરારથી ગિરનારનો કબજો કરીશું. જેની સામે બજરંગદાસ બાપુ લાલઘુમ બન્યા છે અને જૈન સમાજને હવે ચેતી જવા જણાવેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારમાં બેઠેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પણ ચેતવણી આપી છે અને જરૂર પડે ઉગ્ર આંદોલન કરતા પણ સનાતનીઓ અચકાશે નહી તેવી ચિમકી પણ આપી છે. ગઈકાલે નીરાલી ખોડીયાર ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર બજરંગદાસ બાપુએ ગિરનાર ઉપર કબજો જમાવવા માટેની હિન હરકતો કરતા જૈન સમાજ સામે ભારે આક્રોશ ઠાલવ્યો છે અને બજરંગદાસબાપુએ પાંચ મિનીટનો વીડિયો પણ વાયરલ કર્યો છે. તેમાં ઈન્દ્રભારતી બાપુને પણ આડેહાથ લીધા છે અને જણાવ્યું છે કે, ભવનાથમાં ઈન્દ્રભારતી ઘુસેલો છે, તેણે પૈસાનો વ્યવહાર કર્યો છે માટે તેને બહાર કાઢો એટલે વાત પુરી થાય તેવા ગંભીર આક્ષેપો કરવામાં આવતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. બજરંગદાસ બાપુએ આ વીડિયો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ સબંધીત તમામને આ વીડિયો મોકલી અને હિન્દુ સમાજની લાગણીને વાંચા આપી છે. વધુમાં બજરંગદાસ બાપુએ જણાવેલ છે કે, જૈનોના નામે વાયરલ થયેલા વિડીયોમાં એ વ્યક્તિ કહી રહી છે કે ૨૫ હજાર લોકો ગિરનારમાં ઉમટી પડો તેની સામે બજરંગદાસ બાપુએ સનાતનીઓને જાગૃત થવા જણાવેલ છે. એટલું જ નહીં જૂનાગઢના સનાતનીઓ તેમજ સનાતની ધર્મશાળા વાળા તેમજ ભવનાથમાં ગેસ્ટહાઉસ ખડકીને બેઠેલા મહાત્માઓને પણ જણાવેલ છે કે, જૈન વાણીયાને ઉતરવા માટેની જગ્યા ન આપે જેથી સંખ્યાનો પ્રશ્ન ન રહે. બજરંગદાસ બાપુએ પોતાના વાયરલ કરેલા વીડિયોમાં જણાવેલ છે કે, ગિરનાર પર્વતના આરક્ષણ માટે જરૂર પડયે ૫ હજાર મહાત્માઓને ઉતારી દેવામાં આવશે. છેલ્લા કેટલાય સમયથી ગિરનાર પર્વત પર સત્તા જમાવવાના જે કાવાદાવા ચાલી રહ્યા છે તેની સામે ભારે રોષ વ્યકત કર્યો હતો અને ભારે ઘર્ષણ થાય અને એકબીજાના મર્ડર થઈ જશે તો તેની તમામ જવાબદારી જિલ્લા કલેક્ટર, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સંબોધીને પણ બજરંગદાસ બાપુએ જણાવ્યું છે કે, ગુજરાત સરકાર સનાતનીની તેમજ સાધુ-સંતોને ધર્મના નામે આગળ કરવામાં આવે છે પરંતુ હિન્દુ ધર્મસ્થાનોની રક્ષા કરવામાં સરકાર કેમ કોઈ કાર્યવાહી કરતી નથી ? ગાયોની હત્યા બાબતે પણ રજૂઆતો કરવામાં આવતી હોવા છતાં અસરકાર પગલા લેવામાં આવતા નથી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કહે છે તેમજ કેમ થાય છે તેવો અઘરો સવાલ મુખ્યમંત્રીને બજરંગદાસ બાપુએ કરેલ છે. ગુજરાતમાં ભાજપની સરકાર અને જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા ભાજપના છે પણ તેનું ગુજરાત સરકારમાં કંઈ ઉપજતું નથી અને તેના દ્વારા કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. જૂનાગઢની જનતા હવે જાગે કારણ કે ગુજરાત સરકારમાં ધારાસભ્ય સંજય કોરડીયાનું કંઈ ચાલતું નથી. તમારી સરકાર હોવા છતાં સંજય કોરડીયા તમારૂ સરકારમાં કેમ ચાલતું નથી ? તેવો વેધક સવાલ પણ બજરંગદાસ બાપુએ કરેલ છે. અંતમાં ભવનાથ વિસ્તારમાં જૈન સમાજ ઉમટી પડવાની જે હાંકલ વિડીયોમાં કરવામાં આવી છે તેને ધ્યાને લઈ એસઆરપીની ટુકડી તૈનાત કરવાની માંગણી પણ બજરંગદાસ બાપુએ કરી છે.

## નજીવા અકસ્માતની બાબતમાં નારોલ ખાતે લાકડીઓ ઉછળી : ત્રણ મહિલાઓ ઘાયલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મારામારીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે. જાહેરમાં લાકડી, ડંડા અને છરી વડે માર મારવો સામાન્ય બાબત બની ગઈ છે. નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે સામાન્ય અકસ્માતની ઘટનામાં વચ્ચે પડતા મારામારી થઈ હતી. મહિલા અને તેના પતિ અન્ય સાગરીતો સાથે આવી સ્થાનિક મહિલા તેમજ તેના પાડોશી સાથે મારામારી કરી હતી. પોલીસને જાણ કરવામાં આવતા નારોલ પોલીસની ગાડી ઘટનાસ્થળ પર પહોંચી હતી. પોલીસની હાજરીમાં જ અસામાજિક તત્વો લાકડી અને દંડા લઈને વધુ માર મારવા જતા હતા. જોકે પોલીસે તેમને અટકાવ્યા હતા અને ત્યારબાદ સમગ્ર મામલે નારોલ પોલીસે બંને પક્ષો અંગેની ફરિયાદ લઈ વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં બાગે શિફા રો-હાઉસ ખાતે હુસેનાબાનુ પઠાણ તેની બહેન શબનમ સાથે રહે છે. ૨૯ એપ્રિલના રોજ રાત્રે ૧૦ વાગ્યે સોસાયટી પાસે બે અજાણ્યા વ્યક્તિ વચ્ચે સામાન્ય અકસ્માત થયો હતો. જેમાં આયેશાબાનુનો ભત્રીજો ઓસામા વચ્ચે પડ્યો હતો ત્યારે ત્યાં શબનમબાનુએ વચ્ચે પડવાની ના પાડતા ઓસામા ઉશ્કેરાઈ ગયો હતો અને શબનમને ગાળાગાળી કરવા લાગ્યો હતો. બાદમાં આયેશાબાનુએ ફોન કરીને બોલાવતા થોડીવારમાં તેનો દીકરો રેહાન અને પતિ સાજીદ સહિત અલગ અલગ માણસોને બોલાવીને લાવ્યા હતા અને લાકડીઓ તેમજ દંડા વડે મારામારી કરી હતી. ઝઘડો થતા પાડોશી મુવીનાબાનુ ત્યાં આવી ગયા હતા અને રેહાન નામના વ્યક્તિએ તેના હાથમાં રહેલો ડંડો મારી દીધો હતો. મારામારીમાં ત્રણ મહિલાઓને ઈજા થઈ હતી.

૧૦થી ૧૫ લોકો હાથમાં લાકડીઓના ડંડા લઈ સામસામે મારામારી કરવા માટે પહોંચ્યા હતા. ત્યારે ૧૧૨ નંબર પર ફોન કરવામાં આવ્યો હતો. જેથી તાત્કાલિક ધોરણે નારોલ પોલીસની ગાડી સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે પોલીસ કર્મચારી દ્વારા બનાવને અટકાવવા માટે હાથમાં જેટલા પણ લોકો લાકડીઓ અને ડંડા લઈને જઈ રહ્યા હતા તેને રોકવામાં આવ્યા હતા.

# નવો ફ્લોટિલા ગાઝામાં પેલેસ્ટીનીઓને બતાવે છે કે દુનિયાએ આપણને છોડ્યા નથી

## ફ્લોટિલાઓની દ્રઢતા આપણને આશા આપે છે - કે હજુ પણ એવા લોકો છે જેઓ તમામ અવરોધો છતાં આપણા સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે

(એજન્સી) તા.૧

જ્યારે હજારો કિલોમીટર દૂરના દેશોમાંથી આવનારા દરિયાઈ ફ્લોટિલાના સમાચાર સૌપ્રથમ ફરવા લાગ્યા, ત્યારે પેલેસ્ટીનીઓ આ યુદ્ધના હૃદયમાં હતા, તેની સૌથી કઠોર ક્ષણોમાંની એકમાં, દુષ્કાળ શાંતિથી ગાઝાને ફાડી રહ્યો હતો - ગોળીબાર કરતાં પણ ભારે. ઈઝરાયેલી કબજાની ક્રૂરતા અને ગંભીરતા વિશે મને જાગૃતિ હોવા છતાં, અને મારી જાણકારી હોવા છતાં કે તે ખરેખર એક રાષ્ટ્રીયતા અને બીજી રાષ્ટ્રીયતા વચ્ચે બહુ તફાવત નથી રાખતો, ત્યાં કંઈક એવું હતું જેણે મને એક નાની આશા પકડી રાખી: કે ફ્લોટિલાને પસાર થવા દેવામાં આવશે. કે જે જહાજો સહાય, દવા અને ડોકટરોની ટીમો વહન કરે છે, જેમનો એકમાત્ર હેતુ જે બચાવી શકાય છે તેને બચાવવાનો હતો, તે ખરેખર આપણા સુધી પહોંચશે.

નરસંહાર દરમિયાન માનવતાવાદી દરિયાઈ ફ્લોટિલા મોકલવાના પ્રથમ પ્રયાસો ૨૦૨૪ની વસંતમાં ઉદ્ભવ્યા, જ્યારે એક આંતરરાષ્ટ્રીય નાગરિક ગઠબંધને જાહેરાત કરી કે તે ઈઝરાયેલના નૌકાદળના નાકાબંધીને તોડવા માટે - અથવા ઓછામાં ઓછું, વધતી જતી માનવતાવાદી આપત્તિ તરફ ધ્યાન દોરવા માટે - ગાઝા તરફ સહાયથી ભરેલા જહાજો મોકલી રહ્યું છે. આ માર્ગ ક્યારેય સરળ નહોતો. શરૂઆતથી જ, આ પ્રયાસોને ઈઝરાયેલી અને યુએસ સરકારો અને તેમના સાથીઓ તરફથી તમામ પ્રકારના અવરોધોનો સામનો કરવો પડ્યો. કેટલાક જહાજોને આગમન પહેલાં જ અટકાવવામાં આવ્યા હતા, અને સહભાગીઓએ વિવિધ પ્રકારના દબાણ અને પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો હતો.

છતાં આ વિચાર રોકી શકાયો નહીં. એક જ પ્રયાસથી જે શરૂ થયું તે સતત પુનરાવર્તનમાં ફેરવાઈ ગયું. દરેક વખતે જ્યારે ફ્લોટિલા અવરોધિત કરવામાં આવ્યો, ત્યારે તે સમાન પાછો ફર્યો નહીં - તે મોટો અને વધુ વૈવિધ્યસભર બન્યો: વિવિધ દેશોના ડોકટરો, પત્રકારો, લેખકો અને કાર્યકરો જોખમોને સંપૂર્ણપણે સમજ્યા હોવા છતાં આ યાત્રા કરવાનું નક્કી કરે છે.

પ્રથમ નિષ્ફળ પ્રયાસ પછી આ વિચાર અદૃશ્ય થયો નહીં; તે વારંવાર અને વિસ્તરતો રહ્યો, જાણે કે તેની દ્રઢતા ઈઝરાયેલની તેને રોકવાની ક્ષમતા કરતાં વધુ મજબૂત હતી. દરેક વખતે, વધુ જટિલ અને કઠોર બનતી વાસ્તવિકતાના ચહેરા પર પહેલ ફરીથી જીવંત થઈ. ૨૦૨૫માં બીજો ફ્લોટિલા આવ્યો, ગ્લોબલ સુમુદ ફ્લોટિલા. પાછલા કરતા મોટો અને વધુ સંગઠિત, તે માનવતાવાદી અને રાજકીય સંદેશ બંને લઈને આવ્યો, નાકાબંધી તોડવા અને સહાય માટે દરિયાઈ કોરિડોર ખોલવા માટે કટિબદ્ધ. આ પ્રયાસને કઠોર પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો; તેને દરિયામાં અટકાવવામાં આવ્યો, સહભાગીઓને રોકવામાં આવ્યા અને અટકાયતમાં લેવામાં આવ્યા અને તેમની સામે બળનો ઉપયોગ કરવામાં આવ્યો, ભલે તે બધા કોઈ લશ્કરી તત્વ વિના સંપૂર્ણપણે નાગરિક મિશનનો ભાગ હતા. આ વર્તન કોઈ અલગ ઘટના નહોતી; તે નાકાબંધી લાગુ કરવા અને તેને પડકારવાના કોઈપણ પ્રયાસને રોકવા માટે ચાલુ નીતિનો ભાગ હતો, તેમાં સામેલ લોકોની ઓળખ અથવા પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના. રાષ્ટ્રીયતાની વિવિધતા અને પહેલના સ્પષ્ટ માનવતાવાદી સ્વભાવે પ્રતિભાવની દ્રઢતામાં કોઈ ફેરફાર કર્યો નહીં.



જોકે, ફ્લોટિલા સમુદ્ર સુધી મર્યાદિત રહ્યો નહીં. જેમ જેમ તેને અટકાવવામાં આવ્યો, તેના પડઘા વિશ્વભરના વિવિધ શહેરોમાં ફેલાઈ ગયા, જ્યાં નાકાબંધીને નકારી કાઢવા અને ફ્લોટિલાને તેની યાત્રા ચાલુ રાખવાની માંગણી કરીને વિરોધ અને એકતા કાર્યવાહી કરવામાં આવી. મને, બીજા ઘણા લોકોની જેમ, ઈટાલી અને અન્યત્ર પ્રદર્શનોના ફોટા અને વિડિયો મળ્યા, કારણ કે ફ્લોટિલા એક વૈશ્વિક સંકલન બિંદુમાં ફેરવાઈ ગયું જેણે નાકાબંધીને આંતરરાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં મૂકી દીધી. તેમ છતાં, અવરોધ ચાલુ રહ્યો અને નાકાબંધી પણ ચાલુ રહી - હાલની નીતિઓએ કોઈ અપવાદ ન આપ્યો. છતાં ગ્લોબલ સુમુદ ફ્લોટિલાએ જે છોડી દીધું તે ફક્ત તેના તાત્કાલિક પરિણામ દ્વારા જ નહીં, પરંતુ તેનાથી ઉત્પન્ન થયેલી પ્રતિક્રિયાના સ્કેલ અને વધતા આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ નાકાબંધીની કાયદેસરતા અને ચાલુ રાખવા અંગે ફરીથી ખોલવામાં આવેલા પ્રશ્નો દ્વારા પણ માપી શકાય છે. ૨૦૨૫ના ફ્લોટિલામાં ભાગ લેનારા ઘણા લોકોએ તેમની મુક્તિ પર જાહેર જુબાની આપી, જેમાં કઠોર અટકાયતની પરિસ્થિતિઓ અને સારવારનું વર્ણન કરવામાં આવ્યું જેને તેઓ અપમાનજનક અને અપમાનજનક ગણાવતા હતા. કેટલાકે કહ્યું કે તેમને લાંબા સમય સુધી રોકી રાખવામાં આવ્યા હતા, દવા અને ખોરાકની પૂરતી પહોંચનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, અને માનસિક રીતે સજા આપતી પરિસ્થિતિઓ અને અપમાનજનક પ્રક્રિયાઓનો ભોગ બન્યા હતા. આમાંની એક યાત્રામાં ભાગ લેનારા પત્રકારો અને યુરોપિયન કાર્યકરોએ જણાવ્યું હતું કે મિશનના જાહેર માનવતાવાદી સ્વભાવ હોવા છતાં, તેમને લાંબા સમય સુધી રોકી રાખવામાં આવ્યા હતા અને વ્યક્તિગત સામાન જપ્ત કરવામાં આવ્યો હતો, ફક્ત સમુદ્ર માર્ગે ગાઝા પહોંચવાનો પ્રયાસ કરવા બદલ.

અન્ય પુરાવાઓમાં, કાર્યકરોએ સમયાંતરે વાતચીતનો ઈન્કાર કરવામાં આવ્યો હતો અને તેમના વતન દેશમાં દેશનિકાલ કરવામાં આવતા પહેલા જેલ વચ્ચે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે અંગે વાત કરી હતી. દરમિયાન ઈઝરાયેલી અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બધી પ્રક્રિયાઓ કાયદા અનુસાર હાથ ધરવામાં આવી હતી અને તેનો ઉદ્દેશ્ય પ્રતિબંધિત પાણીમાં પ્રવેશ અટકાવવાનો હતો.

કાર્યકરો અને ઈઝરાયેલી અધિકારીઓ વચ્ચેના આ વિરોધાભાસી વાર્તાઓએ ચર્ચામાં એક નવું પરિમાણ ઉમેર્યું. ચર્ચા હવે સમુદ્રમાં જહાજોને અટકાવવા સુધી મર્યાદિત ન રહી પરંતુ બોટ પર રહેલા લોકો સાથેની સારવાર સુધી વિસ્તરી. ard અને તે કેવી રીતે વ્યાપક ઈઝરાયલી નીતિને પ્રતિબિંબિત કરે છે.

મારા માટે, ગાઝાની એક મહિલા તરીકે, આ દ્રશ્ય મારા મનમાં હાજર રહ્યું છે. તે એક જ સમયે થાક, આશ્ચર્ય અને આશાનું મિશ્રણ લઈને આવ્યું છે. નાકાબંધીની સ્થિતિ ચાલુ રહેવાથી, મર્યાદિત માનવતાવાદી કોરિડોરથી, અને એક વાસ્તવિકતાથી જે મહિનાઓ સુધી યુદ્ધ, ચાલુ અછત અને સરહદ ક્રોસિંગ દ્વારા સહાયના અનિયમિત પ્રવેશ છતાં લોકોના જીવન પર અવરોધો લાદવાનું ચાલુ રાખે છે.

તે જ સમયે, સમુદ્રમાં રહેલા લોકોની દૃઢતા પર આશ્ચર્યની એક નિર્વિવાદ લાગણી છે. બે રાઉન્ડ અવરોધ અને અટકાયત પછી, તેઓ ફરીથી મોટા, વધુ સંગઠિત ફ્લોટિલામાં પાછા ફરે છે, જાણે કે દરેક અગાઉના પ્રયાસે વિચારને હરાવ્યો ન હતો પરંતુ તેને વધુ ઊંડો બનાવ્યો હતો. આ દૃઢતા, મારા માટે, એક ઊંડી ભાવના પેદા કરે છે કે કારણ હજુ પણ દૂરના સ્થળોએ જીવંત છે, અને એવા લોકો છે જે તેને એક નૈતિક જવાબદારી માને છે જેને દબાણ અથવા અપમાન છતાં છોડી શકાતી નથી.

આ દૃઢતા, ઘણી ક્ષણોમાં, આશાનો એક નાનો પણ વાસ્તવિક સ્ત્રોત બની ગયો છે - કે દુનિયા સંપૂર્ણપણે બંધ થઈ નથી, અને હજુ પણ એવા લોકો છે જેઓ તમામ અવરોધો છતાં આપણા સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે જ સમયે, અહીં વાસ્તવિકતા કઠોર રહે છે. આપણી પીડા એક સરળ છતાં ભારે પ્રશ્નમાં પરિણમી છે: આપણી જરૂરિયાત અને તેમના સમર્થન વચ્ચેનું અંતર ફક્ત સરહદ ક્રોસિંગ અથવા સમુદ્રની એક નાની પટ્ટી કેવી રીતે હોઈ શકે, છતાં જીવન લાંબા સમય સુધી દુઃખની સ્થિતિમાં સ્થગિત રહે છે ? તેમ છતાં, પહોંચવાનો પ્રયાસ કરી રહેલા અને નાકાબંધી હેઠળ રાહ જોઈ રહેલા લોકો વચ્ચેનો આ મુકાબલો એક જટિલ માનવ અવકાશ બનાવે છે જે આપણને ઓછામાં ઓછી એક વાત કહે છે: આ કારણ હજુ પણ લોકોને ખસેડવા અને એકતાના અર્થને ફરીથી આકાર આપવા સક્ષમ છે, સૌથી મુશ્કેલ ક્ષણોમાં પણ.

આ પહેલમાં ભાગ લેનારાઓની વિવિધતા સ્પષ્ટ છે. તેમાં તેમના કાર્યસ્થળો છોડી દેનારા ડોકટરો, તેમની વ્યાવસાયિક ફરજો છોડી દેનારા પત્રકારો, તેમજ લેખકો, સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે - બધા માનવ જવાબદારીની સહિયારી ભાવનાથી પ્રેરિત, એક જ માળખામાં ભેગા થયા હતા.

તેમનામાં મારો ઈટાલિયન મિત્ર પણ હતો જે ફ્લોટિલામાં હતો અને મારા જેવો જ પત્રકાર છે. ત્યાંના તેમના સમય દરમ્યાન, તેણી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહી હોવા છતાં, મને આશા અને પ્રોત્સાહનથી ભરેલા સંદેશા મોકલતી. ફ્લોટિલા પર તેણીની હાજરી માત્ર એક ક્ષણિક ભાગીદારી નહોતી, પરંતુ એક માનવ હેતુનું વિસ્તરણ હતું જે દૂરના સ્થળોએથી લોકોને એકસાથે લાવે છે, એક જ વિચાર અને સમર્થન અને અસ્તિત્વ માટેની સહિયારી ઈચ્છાની આસપાસ મળે છે.

અંતે સમુદ્રમાં જે થઈ રહ્યું છે તે એક અલગ ઘટના કે પસાર થતી ક્ષણ નથી, પરંતુ પ્રયાસોની સતત સાંકળ હોય છે જે બધી અવરોધો છતાં પોતાને પુનરાવર્તિત કરે છે. દરેક ફ્લોટિલા જે અવરોધના બિંદુ સુધી પહોંચે છે તે એક અસર પાછળ છોડી જાય છે જે તેને રોકવામાં આવે તે ક્ષણથી આગળ ચાલુ રહે છે અને નાકાબંધી અને તેની મર્યાદાઓ વિશે સમાન પ્રશ્ન ફરીથી ખોલે છે. હવે બીજા ફ્લોટિલા સાથે, તે સ્પષ્ટ છે કે દરેક નવા અનુભવ સાથે વિચાર ફરીથી આકાર પામતો રહે છે. મારા માટે, આ યુક્તિમાં એક અર્થ રહે છે જેને અવગણી શકાય નહીં: એવી લાગણી કે હજુ પણ એવા લોકો છે જેઓ આપણા સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે, કે કારણ બંધ થયું નથી, અને તે આશા - તેના વજન હોવા છતાં - વારંવાર સમુદ્ર પાર કરવાનો માર્ગ શોધતી રહે છે.

# ‘યુદ્ધવિરામ’ વચ્ચે ઈઝરાયેલ લેબેનોનમાં ઓછામાં ઓછા ૨૦ લોકોનાં મોત, અમેરિકાએ ઔન-નેતાન્યાહુ બેઠક માટે દબાણ કર્યું

## બૈરૂતમાં યુએસ દૂતાવાસના એક નિવેદનમાં રાષ્ટ્રપતિ ઔન અને નેતાન્યાહુને સીધી વાતચીત કરવા હાકલ કરવામાં આવી છે

(એજન્સી) તા.૧

ઈઝરાયેલી દળોએ છેલ્લા ૨૪ કલાકમાં લેબનોનમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત કર્યા છે, કારણ કે અમેરિકાએ લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન અને ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચે સામ-સામે મુલાકાત માટે વિનંતી કરી હતી. મૃતકોમાં બે પરિવારોના નાગરિકો, બે લેબનોની સૈન્ય સૈનિકો, બે બાળકો અને ત્રણ પેરામેડિક્સનો સમાવેશ થાય છે. હુમલામાં બાળકો સહિત ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઈઝરાયેલી સેનાએ દક્ષિણ લેબનોનના ૧૫ વધુ નગરો અને ગામોના રહેવાસીઓને તેમના ઘર છોડવાનો આદેશ પણ આપ્યો છે. આઉને ‘‘ઈઝરાયેલી ઉલ્લંઘનો ચાલુ રાખવા’’ની તીવ્ર નિંદા કરી, નોંધ્યું કે વિસ્તૃત યુદ્ધવિરામ છતાં ઘરો અને પૂજા સ્થાનોનો દૈનિક ધ્વંસ પણ થઈ રહ્યો છે. ‘‘ઈઝરાયલ પર દબાણ લાવવું જોઈએ કે તે આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંમેલનોનું સન્માન કરે અને નાગરિકો, પેરામેડિક્સ, નાગરિક સંરક્ષણ અને માનવતાવાદી આરોગ્ય અને રાહત સંગઠનોને નિશાન બનાવવાનું બંધ કરે,’’ આઉને કહ્યું. લેબનીઝ સંસદના સ્પીકર નબીહ બેરીએ ‘‘ઈઝરાયેલી કબજાના ગુનાઓ પર આંતરરાષ્ટ્રીય તથ્ય શોધ સમિતિની ઝડપી રચના’’ માટે હાકલ કરી. ઈઝરાયેલી હુમલાઓ ચાલુ હોવા છતાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે સીધી વાટાઘાટો બે અઠવાડિયામાં થશે. બૈરૂતમાં યુએસ દૂતાવાસ તરફથી Xના રોજ પાછળથી એક પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું. ‘‘લેબનોન એક ક્રોસરોડ્સ પર ઉભું છે. તેના લોકો પાસે તેમના દેશને ફરીથી મેળવવા અને ખરેખર સાર્વભૌમ અને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે તેમના ભવિષ્યને નકશા બનાવવાની ઐતિહાસિક તક છે.’’ ‘‘રાષ્ટ્રપતિ આઉન અને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેની સીધી મુલાકાત, લેબનોનને તેની સંપૂર્ણ સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા, સરહદ સુરક્ષા, માનવતાવાદી અને પુનર્નિર્માણ સહાય અને તેના પ્રદેશના દરેક ઈંચ પર સંપૂર્ણ રાજ્ય સત્તા પુનઃસ્થાપિત કરવા અંગે મૂર્ત ગેરંટી મેળવવાની તક આપશે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ તરફથી ગેરંટી આપવામાં આવશે,’’ નિવેદનમાં આગળ જણાવાયું છે. ઘરેલુ વિરોધ વચ્ચે આઉને અગાઉ વોશિંગ્ટનમાં ઈઝરાયેલ સાથે સીધી વાટાઘાટો કરવાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, કોઈપણ યુદ્ધવિરામ વાટાઘાટો ‘‘કાયમી કરારો’’માં પરિવર્તિત થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, લેબનોન અમેરિકા દ્વારા ઈઝરાયેલ સાથે ચર્ચા માટે તારીખ નક્કી કરે તેની રાહ જોઈ રહ્યું છે, વાટાઘાટોના પ્રથમ રાઉન્ડ પછી જેના પરિણામે દસ દિવસનો યુદ્ધવિરામ થયો, જે પાછળથી ત્રણ અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યો. લેબનોને આગ્રહ કર્યો છે કે, વોશિંગ્ટનમાં કોઈપણ વાટાઘાટો પહેલાં ઈઝરાયેલે પહેલા દેશ પરના તેના બધા હુમલાઓ બંધ કરવા જોઈએ, તેના સૈનિકો પાછા ખેંચવા જોઈએ અને કહેવાતા યલો લાઇન બફર ઝોનને છોડી દેવો જોઈએ. તેણે તેલ અવીવને કેદીઓને મુક્ત કરવા માટે પણ હાકલ કરી છે. જોકે, હિઝબુલ્લાહના સાંસદ ઈબ્રાહિમ અલ-મુસાવીએ ઈઝરાયેલી હુમલાઓ વચ્ચે



લેબનીઝ સરકાર પર હતાશા અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, તે ‘‘પોતાની પીઠ ફેરવી રહી છે અને બલિદાન આપનારા લોકોને સંપૂર્ણપણે નકારી રહી છે.’’ ‘‘આ બધાથી ખરાબ વાત એ છે કે જ્યારે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટમાંથી કોઈ બોલે છે અને કોઈપણ કરારની જાહેરાત કરે છે, ત્યારે અમને તેમની તરફથી એક પણ ટિપ્પણી કે સ્પષ્ટતા સાંભળવા મળતી નથી,’’ તેમણે ઉમેર્યું. ‘‘અમે કબજા હેઠળના દક્ષિણના તમામ ગામોમાં વિજયના ધ્વજ લહેરાવીશું,’’ તેમણે આગળ કહ્યું કે, સરકારે યુએસની માંગણીઓ સામે શરણાગતિ સ્વીકારવી જોઈએ નહીં. ૨ માર્ચે નવેસરથી દુશ્મનાવટ શરૂ થઈ ત્યારથી ઈઝરાયેલે લેબનોનમાં ૨,૫૦૦થી વધુ લોકોને મારી નાખ્યા છે અને દસ લાખથી વધુ લોકોને વિસ્થાપિત કર્યા છે.

# મીડિયા સંગઠનો ઈઝરાયેલને વિદેશી પત્રકારોને ગાઝામાં સ્વતંત્ર પ્રવેશ આપવા હાકલ કરે છે

## બે ડઝનથી વધુ સંગઠનોના સંપાદકોએ ઈઝરાયેલ પર સ્વતંત્ર પત્રકારોને ગાઝામાં પ્રવેશ આપવા માટે દબાણ કર્યું, તેમના પર પ્રતિબંધ મૂકવાના તેમના તર્ક પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) તા.૧

એસોસિએટેડ પ્રેસ સહિત વિશ્વભરની મોટી મીડિયા કંપનીઓના નેતાઓ ઈઝરાયેલની સરકારને વિદેશી પત્રકારોને ગાઝામાં સ્વતંત્ર રીતે પ્રવેશવા અને રિપોર્ટિંગ કરવા પરનો પ્રતિબંધ હટાવવા હાકલ કરી રહ્યા છે, જે ૨૦૨૩માં યુદ્ધ શરૂ થયા પછીથી લાગુ કરવામાં આવ્યો છે અને છ મહિનાથી વધુ સમયથી યુદ્ધવિરામ હોવા છતાં પણ ચાલુ છે.

‘‘જમીન પર રહેવું આવશ્યક છે. તે પત્રકારોને બધી બાજુના સત્તાવાર ખાતાઓ પર પ્રશ્ન કરવા, નાગરિકો સાથે સીધી વાત કરવા અને તેઓ જે જુએ છે તે પ્રત્યક્ષ રીતે રિપોર્ટ કરવાની મંજૂરી આપે છે,’’ ગુરૂવારે બહાર પાડવામાં આવેલા અધિકારીઓના નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

‘‘એટલા માટે જ સમાચાર સંગઠનો તેમના પત્રકારોને ક્ષેત્રમાં મોકલે છે, ઘણીવાર ખૂબ જ વ્યક્તિગત જોખમે.’’

બીબીસીથી સીએનએનથી એમએસ નાઉ સુધી, રોઈટર્સથી જર્મન સમાચાર એજન્સી ડીપીએથી ધ વોશિંગ્ટન પોસ્ટ સુધી, બે ડઝનથી વધુ સંગઠનોના ટોચના સંપાદકોએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી સરકારે પરિસ્થિતિની ચર્ચા કરવાના તેમના પ્રયાસોનો અત્યાર સુધી કોઈ જવાબ આપ્યો નથી. તેમણે પ્રતિબંધો હજુ પણ કેમ લાગુ છે તેના દેશના તર્ક પર પ્રશ્ન ઉઠાવ્યો. શરૂઆતમાં, ઈઝરાયેલે દાવો કર્યો હતો કે પ્રતિબંધ જરૂરી હતો કારણ કે ગાઝામાં વિદેશી પત્રકારોને મંજૂરી આપવામાં આવતા ઈઝરાયેલી સૈનિકોના સ્થાનો આપી શકે છે અને તેમને જોખમમાં મૂકી શકે છે. અન્ય ઈઝરાયેલી તર્કોમાં શામેલ છે કે સક્રિય યુદ્ધ ક્ષેત્ર તરીકે, તે ખૂબ જોખમી હતું. સેના ક્યારેક વિદેશી પત્રકારોને ખૂબ નિયંત્રિત અને પ્રાયોજિત પ્રવાસો પર લાવે છે, પરંતુ મીડિયા આઉટલેટ્સ સ્વતંત્ર પ્રવેશ ઈચ્છે છે.

હાલમાં, ‘‘સૌથી ભારે લડાઈ સમાપ્ત થઈ ગઈ છે અને યુદ્ધવિરામ લાગુ છે,’’ સંપાદકોના નિવેદનમાં કહેવામાં આવ્યું છે. યુદ્ધનું કવરેજ કોઈપણ પત્રકાર માટે મુશ્કેલ હશે, પરંતુ પેલેસ્ટીની સંવાદદાતાઓને વ્યક્તિગત સ્તરે પણ તેનો અનુભવ કરવો પડ્યો છે - તેમના ઘરોનો નાશ થયો, તેમના પ્રિયજનો ઈઝરાયેલી સૈન્ય દ્વારા માર્યા ગયા.

ગાઝા સ્થિત પત્રકારોએ મોટા જોખમોનો સામનો કરવો પડ્યો

ગયા વર્ષે ખોરાકની પહોંચ ગંભીર રીતે પ્રતિબંધિત થઈ ત્યારે તેમને ભૂખમરાનો પણ સામનો કરવો પડ્યો, એ હદ સુધી કે જુલાઈમાં એજન્સી ફ્રાન્સ-પ્રેસ સમાચાર એજન્સીએ તેમના પેલેસ્ટિનિયન સાથીદારોના સતત અસ્તિત્વ અંગે ચિંતા વ્યક્ત કરી. એપી અને રોઈટર્સ દ્વારા ગાઝામાં તેઓ જે પત્રકારો સાથે કામ કરે છે તેમના માટે આ ચિંતાનો પડઘો પડ્યો.

સંપાદકોએ ગુરૂવારે નિવેદનમાં આ મુદ્દો ઉઠાવતા કહ્યું કે ‘‘આનાથી આ વિનાશક યુદ્ધ અને તેના પરિણામોને આવરી લેવાની જવાબદારી લગભગ સંપૂર્ણપણે અમારા પેલેસ્ટિનિયન સાથીદારો પર પડી ગઈ છે... તેઓએ આ બોજ એકલા ઉઠાવવો ન જોઈએ, અને તેમનું રક્ષણ કરવું જોઈએ.’’ તેમાં ૩૩ વર્ષીય વિઝ્યુઅલ પત્રકાર મરિયમ દગ્ગાનો પણ સમાવેશ થાય છે, જે એપી અને અન્ય સમાચાર સંગઠનો માટે ફ્રીલાન્સર



તરીકે કામ કરતી હતી. તેણી અને રોઈટર્સ કેમેરામેન હુસમ અલ-મસરી અને રોઈટર્સ સાથે કામ કરતા ફ્રીલાન્સ પત્રકાર મોઆઝ અબુ તાહા સહિત ચાર અન્ય પત્રકારો ગયા ઓગસ્ટમાં ઈઝરાયલી હડતાલમાં એક તબીબી સુવિધા પર માર્યા ગયા હતા.

હડતાલ પર એપીના અહેવાલે ઈઝરાયલી સરકાર દ્વારા હોસ્પિટલ સામે કાર્યવાહી કરવા માટે ઉપયોગમાં લેવાતા તર્ક અંગે પ્રશ્નો ઉભા કર્યા, જે પત્રકારો ભેગા થાય છે તે સ્થળ તરીકે જાણીતી હતી. એપી અને રોઈટર્સે બાદમાં એક નિવેદન જારી કરીને ઈઝરાયેલને શું થયું અને પત્રકારોના રક્ષણ માટે કયા પગલાં લેવામાં આવશે તે સમજાવવા હાકલ કરી.

# અમેરિકા-ઈઝરાયેલના આક્રમણ પછી ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ માટે નવા મેનેજમેન્ટ નિયમો જાહેર કર્યા

(એજન્સી) તા.૧

ઈસ્લામિક ક્રાંતિના નેતા આયતુલ્લાહ સૈયદ મોજતબા ખામેનાઈએ પર્સિયન ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટ માટે "નવા પ્રકરણ"ની શરૂઆત જાહેર કરી છે. ૩૦ એપ્રિલના રોજ રાષ્ટ્રીય પર્સિયન ગલ્ફ દિવસ નિમિત્તે એક સંદેશમાં, તેમણે જણાવ્યું હતું કે દેશ સામે તાજેતરના યુએસ-ઈઝરાયેલી લશ્કરી આક્રમણ બાદ ઈરાન આ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક જળમાર્ગ પર નવા મેનેજમેન્ટ નિયમો રજૂ કરશે.

આયતુલ્લાહ ખામેનાઈએ પર્સિયન ગલ્ફને પ્રદેશના મુસ્લિમ રાષ્ટ્રો માટે "અનિવાર્ય આશીર્વાદ" તરીકે વર્ણવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગલ્ફ અને હોર્મુઝ સ્ટ્રેટ વૈશ્વિક અર્થતંત્ર માટે એક મહત્વપૂર્ણ માર્ગ તરીકે સેવા આપતા ઈરાનની ઓળખ અને સભ્યતાનો મુખ્ય ભાગ બનાવે છે.

તેમણે વિદેશી શક્તિઓ, ખાસ કરીને યુનાઈટેડ સ્ટેટ્સ (જેને "મહાન શેતાન" તરીકે ઓળખવામાં આવે છે) પર સદીઓથી લોભ અને આક્રમણ દ્વારા વારંવાર અસુરક્ષા ઉશ્કેરવાનો આરોપ મૂક્યો. ઈરાનની ઐતિહાસિક ભૂમિકા પર પ્રકાશ પાડતા, નેતાએ વસાહતી દળો સામે રાષ્ટ્રના લાંબા પ્રતિકારને યાદ કર્યો - ૧૬૨૨ માં પોર્ટુગીઝોને હાંકી કાઢવાથી લઈને ડચ અને બ્રિટીશ વસાહતીવાદ સામેના સંઘર્ષો, ઈસ્લામિક ક્રાંતિ સુધી, જેને તેમણે આ ક્ષેત્રમાં વિદેશી વર્ચસ્વનો અંત લાવવામાં એક વળાંક ગણાવ્યો.

૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા યુએસ-ઈઝરાયલી હુમલાનો ઉલ્લેખ કરતા, આયાતુલ્લાહ ખામેનીએ કહ્યું કે "સૌથી મોટી લશ્કરી અભિયાન" અને અમેરિકાની "અપમાનજનક હાર" તરીકે ઓળખાતા બે મહિના પછી, એક નવો યુગ ખુલી રહ્યો છે. તેમણે ૬૦ દિવસના સંઘર્ષના સમયગાળા દરમિયાન દક્ષિણ ક્ષેત્રના લોકો સાથે, સેના અને IRGC તરફથી ઈરાનના નૌકાદળોની સતર્કતા અને બહાદુરીની પ્રશંસા કરી. નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પર્સિયન ગલ્ફમાં અમેરિકન દળો અને ઠેકાણાઓની હાજરી આ ક્ષેત્રમાં અસુરક્ષાનું મુખ્ય કારણ છે. તેમણે



દાવો કર્યો હતો કે ઈરાનના બદલો લેવાના હુમલાઓ યુએસ ઠેકાણાઓની નબળાઈ દર્શાવે છે, જે પોતાનું રક્ષણ પણ કરી શકતા નથી. "આ ક્ષેત્રમાં વિદેશીઓ માટે કોઈ સ્થાન નથી, સિવાય કે તેના પાણીના તળિયે," તેમણે જાહેર કર્યું, અમેરિકન હસ્તક્ષેપ વિના પર્સિયન ગલ્ફ માટે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરી. આયાતુલ્લાહ ખામેનાઈએ ભારપૂર્વક જણાવ્યું કે પર્સિયન ગલ્ફ પર સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતો ઈરાન હવે હોર્મુઝ સ્ટ્રેટ પર "નવું સંચાલન" કરશે. આક્રમણના જવાબમાં, ઈરાને આક્રમક દેશો અને તેમના સમર્થકો સાથે જોડાયેલા શિપિંગ માટે સ્ટ્રેટને પહેલાથી જ બંધ કરી દીધું હતું.

તેમણે વચન આપ્યું હતું કે નવા કાનૂની નિયમો પ્રદેશના રાષ્ટ્રોને આરામ, પ્રગતિ અને આર્થિક લાભ લાવશે, જે જળમાર્ગને પ્રતિકૂળ દુરૂપયોગથી સુરક્ષિત કરશે. તેમણે ઈરાની રાષ્ટ્ર અને વ્યાપક ઈસ્લામિક ઉમ્માહની "ચમત્કારિક જાગૃતિ" પર પ્રકાશ પાડીને સમાપન કર્યું, ઉપલબ્ધ તમામ ક્ષમતાઓ સાથે તેમના વતનનું રક્ષણ કરવા માટે ઈરાનીઓની એકતા અને તૈયારીની નોંધ લીધી.

# ઈઝરાયેલી દળોએ કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમમાં દરોડા અને ધરપકડો કરી

(એજન્સી) તા.૧

જેરૂસલેમ ગવર્નરેટ અનુસાર, ગુરૂવારે ઈઝરાયેલી દળોએ કબજા હેઠળના પૂર્વ જેરુસલેમમાં દરોડા દરમિયાન અનેક ધરપકડો કરી. અધિકારીઓએ અલ-અક્સા મસ્જિદના એક ગાર્ડની અટકાયત કરી, બાદમાં તેને પ્રતિબંધિત શરતો હેઠળ મુક્ત કર્યો, જેમાં જૂના શહેરમાંથી સાત દિવસનો પ્રતિબંધ અને દંડનો સમાવેશ થાય છે. અન્ય એક મસ્જિદના ગાર્ડને પવિત્ર સ્થળથી છ મહિનાનો પ્રતિબંધ મળ્યો.

જેરૂસલેમના ઉત્તરપૂર્વમાં આવેલા શુઆફત શરણાર્થી શિબિરમાં, સૈનિકોએ એક પેલેસ્ટીની માણસ પર હુમલો કર્યો જે તેના અપંગ ભાઈનું રક્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. ભાઈને થોડા સમય માટે અટકાયતમાં લેવામાં આવ્યો હતો અને બંનેને મુક્ત કરવામાં આવે તે પહેલાં દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે.

અલ-અક્સા મસ્જિદની દક્ષિણે આવેલા સિલ્વાન પડોશમાં, ખાસ કરીને અલ-થાવરીમાં, ઈઝરાયલી દળો અને મ્યુનિસિપલ ટીમોએ આ વિસ્તારમાં હુમલો કર્યો ત્યારે દુકાનો બંધ થઈ ગઈ. તેઓએ ચેકપોઈન્ટ સ્થાપિત કરી અને સ્થાનિક વ્યવસાયો અને વાહનો સામે દંડ ફટકાર્યો, જેનાથી દૈનિક જીવન અને વાણિજ્ય ખોરવાઈ ગયું.

જેરૂસલેમ ગવર્નરેટે શહેરના પેલેસ્ટિનિયન રહેવાસીઓને લક્ષ્ય બનાવતી વ્યવસ્થિત નીતિના ભાગ રૂપે શારીરિક હુમલાઓ,



ધરપકડો, હિલચાલ પર પ્રતિબંધો અને આર્થિક દબાણ સહિતની આ ક્રિયાઓનું વર્ણન કર્યું.

પશ્ચિમ કાંઠાની વસાહતોમાં લગભગ ૭૫૦,૦૦૦ ઈઝરાયેલીઓ રહે છે, જેમાં પૂર્વ જેરૂસલેમમાં આશરે ૨૫૦,૦૦૦નો સમાવેશ થાય છે. આ વસાહતોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ વ્યાપકપણે ગેરકાયદેસર ગણવામાં આવે છે. પેલેસ્ટીની સૂત્રોના અહેવાલ મુજબ, ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી સૈન્ય અને વસાહતીઓની હિંસાને કારણે પૂર્વ જેરૂસલેમ સહિત પશ્ચિમ કાંઠામાં ૧,૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને લગભગ ૧૨,૦૦૦ ઘાયલ થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# વસ્તી ગણતરી-ચૂંટણી જેવી કામગીરીમાં કર્મચારીઓ-શિક્ષકોનું ધ્યાન રાખો

થોડાં વર્ષો પહેલાના સમયગાળામાં સરકારી કર્મચારીઓ કે શિક્ષકોની એક આગવી છાપ હતી કારણ કે ત્યારે તેમની પાસે તેમના ક્ષેત્રનું જ કામ કરાવાતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી જોવાઈ રહ્યું છે કે શિક્ષકો સહિતના કર્મીઓને જાતજાતના કામોમાં જોતરવામાં આવી રહ્યા છે જેમ કે ચૂંટણી કામગીરીમાં વિવિધ પ્રકારના કાર્યો કે જેમાં હમણા 'સર' જેવી લાંબા સમય સુધી ચાલેલી કવાયતનો સમાવેશ થાય છે. એવી જ રીતે હવે વસ્તી ગણતરીમાં પણ તેમને જોતરી દેવાશે... આ ઉપરાંત સમયાંતરે જાતજાતના સરકારી કામોમાં તેમને જોતરવામાં આવે છે. જેમાં છેલ્લે તો હદ ત્યાં થઈ ગઈ હતી કે રખડતાં કૂતરાંઓની વસ્તી ગણવામાં પણ શિક્ષકોનો ઉપયોગ કરવાના સમાચારો આવ્યા હતા... સરકાર ક્યારેક ક્યારેક પોતાના કાર્યો માટે કર્મીઓનો ઉપયોગ કરે તો એ સ્વીકાર્ય છે પરંતુ છાશવારે તે આ રીતે શિક્ષકો કે કર્મચારીઓને સતત ઈતર કામગીરીમાં વ્યસ્ત રાખે તો સ્વાભાવિક છે કે એનાથી એમનું જે મૂળ કામ છે એના પર વિપરીત અસર થવાની જ છે. જેમ કે શિક્ષકો તેમના મુખ્યકાર્ય શિક્ષણ એટલે કે વિદ્યાર્થીઓને ભણાવવાથી દૂર રહે અથવા તો વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ ફિલ્ડના કામમાં જતા હોય ત્યારે એમની કચેરીમાં પોતાના કામ કરાવવા આવતા સામાન્ય નાગરિકોને ધક્કા ખાવા પડે છે આવી પરિસ્થિતિ હોવા છતાં પણ આજે વાસ્તવિકતા એ જ છે કે મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાની પ્રક્રિયા હોય, લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ હોય કે વસ્તી ગણતરી જેવી ખાસ ઝુંબેશ હોય, શિક્ષકો અને અન્ય વિભાગીય કર્મચારીઓને આ કાર્યો સોંપવામાં આવે છે. તેમણે આ કાર્ય સંપૂર્ણ ચોકસાઈ સાથે, ભૂલ કે ઉતાવળ વિના કરવું જોઈએ. એવી અપેક્ષા રખાય છે પરંતુ આ પ્રક્રિયા દરમિયાન તેમને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે તેની ચર્ચા સરકાર કે વહીવટી સ્તરે ભાગ્યે જ કરવામાં આવે છે ઉપરાંત તેના ઉકેલો શોધવા માટે કોઈ ખાસ પ્રયાસો કરવામાં આવતા નથી આનો અર્થ એ છે કે, પરિસ્થિતિ ગમે તે હોય, આ કર્મચારીઓએ કોઈપણ કિંમતે કાર્ય પૂર્ણ કરવું જોઈએ. આવી પરિસ્થિતિઓમાં, કામનો બોજ અને પડકારજનક પરિસ્થિતિઓને કારણે શારીરિક અને માનસિક સમસ્યાઓ તો સર્જાય જ છે સાથોસાથ તેમાં સામેલ સ્ટાફને ક્યારેક મૃત્યુ તરફ પણ દોરી જાય છે. ઓડિશામાં, વસ્તી ગણતરીના કાર્ય માટે તૈનાત બે શાળા શિક્ષકોનું ગરમીના સ્ટ્રોકથી મૃત્યુ થયું. અહેવાલો અનુસાર, અલગ અલગ ઘટનાઓમાં, આ શિક્ષકો ઘરે ઘરે સર્વે કર્યા પછી શાળાએ પાછા ફરતા બેભાન થઈ ગયા. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેઓ મૃત્યુ પામ્યા હતા. યુપી અને ગુજરાતમાં પણ આવા બનાવો ભૂતકાળમાં બની ચૂકયા છે અને કેટલાકે તો આપઘાત પણ કરી લીધા છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં, મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા માટે તૈનાત ઘણા બ્લોક-સ્તરના અધિકારીઓના મૃત્યુના અહેવાલો આવ્યા હતા. આ સરકારી અધિકારીઓના પરિવારજનોએ દાવો કર્યો હતો કે વધુ પડતું કામનું ભારણ અને માનસિક તાણ મૃત્યુનું કારણ હતું, જોકે મોટાભાગના કિસ્સાઓમાં સરકાર તરફથી સત્તાવાર રીતે તો વ્યક્તિગત સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આવા કિસ્સાઓ ચૂંટણી દરમિયાન પણ ઉદ્ભવે છે. હવે જ્યારે દેશમાં વસ્તી ગણતરીનું કાર્ય શરૂ થયું છે, ત્યારે આવી ઘટનાઓ પ્રારંભથી જ બહાર આવી રહી છે. શિક્ષકો અંગે, લાંબા સમયથી માંગ કરવામાં આવી રહી છે કે તેમની જવાબદારીઓ શિક્ષણ સુધી જ મર્યાદિત રહે, કારણ કે આ બાળકોના શિક્ષણની ગુણવત્તાને અસર કરે છે. ત્યારે પ્રશ્ન એ છે કે, આવા ખાસ સરકારી અભિયાનોમાં તૈનાત કર્મચારીઓની સલામતી માટે કોણ જવાબદાર છે ? સરકાર અને વહીવટીતંત્રે આવા કર્મચારીઓ દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે ગંભીર ધ્યાન આપવું જોઈએ કે જેથી તેમના જીવનને જોખમ ન રહે.

# "કામદારોની ન્યાય માટે હાકલ"

**એપ્રિલ ૨૦૨૬માં નોઈડામાં થયેલા કામદારોના વિરોધ પ્રદર્શનો અને હિંસા, નવી શ્રમસંહિતાની કથિત 'પોકળ પ્રતિજ્ઞા' અને તેના વાસ્તવિક અમલીકરણ સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. આ ઘટનાઓ દર્શાવે છે કે કાગળ પર સુધારા હોવા છતાં જમીની સ્તરે કામદારોની સ્થિતિ કેટલી દયનીય છે.**



દૃષ્ટિકોણ

- ફાધર સેડ્રિક પ્રકાશ S.J.

લોકપ્રિય મેગેઝિન 'ફ્રન્ટલાઈન'ના ૨૫ એપ્રિલ ૨૦૨૬ના અંકમાં ટી.કે.રાજલક્ષ્મી દ્વારા લખાયેલો એક વેધક લેખ પ્રકાશિત થયો હતો. જેનું શીર્ષક હતું 'નોઈડાના કામદારોની હડતાળ, શ્રમ સંહિતાઓના 'પોકળ વચનો' આપણને શું જણાવે છે.'

ટી.કે.રાજલક્ષ્મીએ આ લેખમાં કહ્યું છે કે, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને આસપાસના વિસ્તારોમાં ઔદ્યોગિક કામદારો દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શનો અને ત્યારબાદ થયેલી હિંસા અને પોલીસ દમન એ વાતનો પુરાવો આપે છે કે, નવી શ્રમ સંહિતામાં આપવામાં આવેલા વચનો પોકળ હતા. નવી શ્રમ સંહિતા જમીની સ્તરે કોઈ ફેરફાર લાવી શકી ન હતી.

લેખના શરૂઆતના ફકરા ઘણું બધું કહી જાય છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (NCR)ના ઔદ્યોગિક વિસ્તારોની ઈમારતો, તેના કામદારોના ઉકળતા ગુસ્સાને વધુ સમય માટે છુપાવી શકી ન હતી. જ્યારે પ્રતિકૂળ નોકરીદાતાઓ દ્વારા લાદવામાં આવેલી દમનકારી પરિસ્થિતિઓને કારણે ત્યાંના કામદારો ઉશ્કેરાયા ત્યારે હતાશાના નાના પરપોટા તરીકે શરૂ થયેલી વાત જ્વાળામુખી ફાટી નીકળે તેવી પરિસ્થિતિમાં ફેરવાઈ ગઈ હતી.

ઉત્તર પ્રદેશમાં ન્યૂ ઓખલા ઔદ્યોગિક વિકાસ સત્તામંડળ (નોઈડા)ના ઔદ્યોગિક વિસ્તારમાં એપ્રિલના મધ્યમાં, કામદારો તેમના કારખાનાઓમાંથી બહાર નીકળીને હડતાળ પર ઉતરી ગયા હતા. આ કામદારો એ વાતથી પણ સંપૂર્ણપણે વાકેફ હતા કે, તેમની હડતાલને કારણે તેમની સામે બદલો લેવામાં આવશે અને રાજ્ય તેમની સામે સત્તાવાર કાર્યવાહીને અમલમાં લાવશે. એવી કોઈ ફેક્ટરી નહોતી જે અસરગ્રસ્ત ન થઈ હોય. કોઈ સંકલિત કાર્યવાહી કે કોઈ સીધી યુનિયન સંડોવણી ન હોવા છતાં આ એક જાદુ જેવું હતું. કેટલાક સત્તાવાર અહેવાલો મુજબ, ૮૨ ફેક્ટરીઓમાં કામ કરતા આ કામદારોને સપ્તાહમાં સાતેય દિવસ ૧૨ કલાક કામ કરવું પડતું હતું. આ તમામ ફેક્ટરીઓમાં કામદારોને આપવામાં આવતા ૧૧,૦૦૦થી ૧૨,૦૦૦ રૂપિયાના નજીવા માસિક વેતનની સામે ત્યાં કામ કરવાની પરિસ્થિતિઓ અસુરક્ષિત અને કઠોર હતી.

૨૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ, સરકારે ચાર શ્રમ સંહિતા (વેતન, ઔદ્યોગિક સંબંધો, સામાજિક સુરક્ષા અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ) લાગુ કરવાનું શરૂ કર્યું. ઘણાં ચિંતિત નાગરિકો, ટ્રેડ યુનિયનો અને વિરોધ પક્ષોએ આ સંહિતાઓને કોર્પોરેટ ક્ષેત્રની તરફેણ કરતી અને 'કામદાર વિરોધી' ગણાવી હતી. તેમના 'કામદાર વિરોધી' પરિમાણોમાં 'ભાડે રાખો અને કોઇ કારણ વગર ગમે ત્યારે કાઢી મૂકો નીતિ'; 'હડતાળના અધિકારમાં ઘટાડો'; 'નિશ્ચિત-મુદત રોજગાર (FTE)નું વિસ્તરણ); 'પાતળી સલામતી અને કલ્યાણ' સામેલ હતાં.

નોઈડાના કામદારો પોતાની કરુણ વાસ્તવિકતાનો વિરોધ કરવા માટે જે રીતે ટોળામાં બહાર આવ્યા તે આ વાતનો પુરાવો છે! ઉત્તર પ્રદેશ સરકારે ૨૧% વેતન વધારાની જાહેરાત કરી, જેને ઘણા કામદારો અને યુનિયનોએ આને અપૂરતી ગણાવી હતી. પોલીસે હડતાલમાં સામેલ હજારો લોકો સામે કાનૂની કાર્યવાહી કરી છે. અપેક્ષા મુજબ, ગોદી મીડિયાએ નોઈડાના કામદારોની દુર્દશા અને વિરોધને દર્શાવ્યો ન હતો. ભારતમાં સામાન્ય કામદારો (ખાસ કરીને છૂટક મજૂરો અને સ્થળાંતરિત કામદારો)ની પરિસ્થિતિ સંતોષકારક નથી. મોટાભાગના આ કામદારો શોષણકારી અને ભ્રષ્ટ નોકરીદાતાઓની દયા પર નિર્ભર છે. કામદારોને ઘણીવાર લાંબા કલાકો સુધી કામ કરાવવામાં આવે છે અને કેટલીકવાર તેમના હક્કના વેતનનો ઈનકાર કરવામાં આવે છે. કામદારોને નિમણૂક પત્રો આપવામાં આવતા નથી અને તેમને ફરજિયાત 'સેવા શરતો' પણ જણાવવામાં આવતી નથી. ભારતમાં ટ્રેડ યુનિયનો લગભગ અસ્તિત્વમાં રહ્યાં જ નથી. કોવિડ રોગચાળાના સમયગાળાએ કામદાર વર્ગની દયનીય પરિસ્થિતિઓને ઉજાગર કરી દીધી હતી.

મે મહિનાની શરૂઆત 'આંતરરાષ્ટ્રીય કામદાર દિવસ'થી થાય છે. આ દિવસ સામાન્ય રીતે વૈશ્વિક કાર્યબળનું સન્માન કરવા, મજૂર અધિકારોને પ્રોત્સાહન આપવા અને શોષણ સામે લડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેથોલિક ચર્ચ હંમેશા કામદારોના હેતુ અને અધિકારોનું સમર્થન કરતું આવ્યું છે.

૧૫ મે ૧૮૯૧ના દિવસે, પોપ લીઓ XIIIએ વિશ્વને પથ-પ્રદર્શક જ્ઞાનકોશ, 'રેરમ નોવારમ' ('નવી વસ્તુઓ વિશે') આપ્યો હતો. આ જ્ઞાનકોશને આધુનિક કેથોલિક સામાજિક શિક્ષણનો પાયાનો દસ્તાવેજ માને છે. આ જ્ઞાનકોશમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન કામદાર વર્ગની દુર્દશાને નજરે લેવામાં આવી હતી. આ જ્ઞાનકોશ કામદારોના ગૌરવ, યુનિયન બનાવવાના અધિકાર અને ન્યાયી વેતનની હિમાયત કરે છે અને સમાજવાદ અને અનિયંત્રિત મૂડીવાદને નકારે છે.

૧૪ સપ્ટેમ્બર ૧૯૮૧માં પોપ જોન પોલ તેમના જ્ઞાનકોશ 'લેબોરેમ એક્સર્સેન્સ' (માનવ કાર્ય પર)માં લખ્યું છે : ''ચર્ચનું ધ્યાન હંમેશા કામ કરતા લોકોના ગૌરવ અને અધિકારો તરફ હોવું જોઈએ, જો કામ કરતા લોકોના ગૌરવ અને તે અધિકારોનું ઉલ્લંઘન થાય તો તેવી પરિસ્થિતિઓમાં ચર્ચે તેની નિંદા પણ કરવી જોઇએ અને માણસ અને સમાજ દ્વારા અધિકૃત પ્રગતિ સુનિશ્ચિત થાય તે માટે સામાજિક ફેરફારો કરવામાં માર્ગદર્શન આપવામાં મદદ કરવી જોઈએ. આ ચર્ચનું કાર્ય છે.''

પાછળથી, ૧ મે ૧૯૯૧ના દિવસે, તેમણે 'રેરમ નોવારમ'ની ઐતિહાસિક વર્ષગાંઠની વિશેષ ઉજવણી માટે બીજું એક જ્ઞાનકોશ 'સેન્ટિસિમસ એનસ' (સો વર્ષ) પ્રકાશિત કર્યું. આ પ્રકાશનમાં તેઓએ 'રેરમ નોવારમ'ના મૂળભૂત દૃષ્ટિકોણને પુનરાવર્તિત કર્યો અને સામાજિક અને આર્થિક ન્યાયના મુદ્દાઓને સમજાવ્યાં, જેમાં ખાનગી મિલકતના અધિકારોનો બચાવ કરવાનો અને મજૂર સંગઠનો સહિત ખાનગી સંગઠનો બનાવવાના અધિકારનો સમાવેશ થાય છે.

કેથોલિક ચર્ચ આ દિવસના મહત્વને ધ્યાનમાં રાખીને તેને સેન્ટ જોસેફ ધ વર્કરના તહેવાર તરીકે ઉજવે છે. જોસેફને કામદારોના આશ્રયદાતા તરીકે માન આપવા અને માનવ શ્રમની ગરિમાની ઉજવણી કરવા માટે પોપ પાયસ XIIએ ૧૯૫૫માં આ દિવસને જાહેર કર્યો હતો.

એક વર્ષ પહેલા, ૮ મેના રોજ, પોપ લીઓ XIV પોપ ફ્રાન્સિસના અનુગામી તરીકે ચૂંટાયા હતા. તેઓએ ૧૮ મેના રોજ પદ સંભાળ્યું હતું. જ્યારે તેમને નામની પસંદગી સમજાવવા માટે પૂછવામાં આવ્યું, ત્યારે પોપ લીઓએ કહ્યું, ''મેં લીઓ XIVનું નામ પસંદ કર્યું છે. આના માટે વિવિધ કારણો છે, પરંતુ મુખ્યત્વે કારણ એ છે કે, પોપ લીઓ XIIIએ તેમના ઐતિહાસિક જ્ઞાનકોશ 'રેરમ નોવારમ'માં પ્રથમ મહાન ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં સામાજિક પ્રશ્નને સંબોધ્યો હતો. આપણા પોતાના સમયમાં, ચર્ચ બીજી ઔદ્યોગિક ક્રાંતિ અને કૃત્રિમ બુદ્ધિના ક્ષેત્રમાં વિકાસના પ્રતિભાવમાં દરેકને તેના સામાજિક શિક્ષણનો ખજાનો આપે છે જે માનવ ગૌરવ, ન્યાય અને શ્રમના રક્ષણ માટે નવા પડકારો ઉભા કરે છે.''

કેથોલિક ચર્ચ કામદારોના અધિકારોનો વધુ પ્રતિષ્ઠિત, ન્યાયી અને માનવીય જીવન માટે બચાવ કરવામાં સતત અગ્રેસર રહ્યું છે. યંગ ક્રિશ્ચિયન વર્કર્સના સ્થાપક, કાર્ડિનલ જોસેફ કાર્ડિજન (૧૮૮૨-૧૯૬૭)એ કામદારોની દુર્દશા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અને 'રેરમ નોવારમ'ના ઉપદેશોને ચર્ચના જીવન અને મિશનમાં મુખ્ય પ્રવાહમાં લાવવામાં કોઈ કસર છોડી ન હતી.

પોપ લીઓ XIII તેમના 'રેરમ નોવારમ'માં ખૂબ જ ભારપૂર્વક કહે છે, ''આપણે કામ કરતા એવા કમનસીબ લોકોને લોભી માણસોની ક્રૂરતાથી બચાવવા જોઈએ, જેઓ પૈસા કમાવવા માટે મનુષ્યોનો ઉપયોગ ફક્ત સાધન તરીકે કરે છે. વધુ પડતા શ્રમથી માણસોને કચડી નાખવું એ ન્યાયી કે માનવીય નથી.''

મુદ્દો એ છે કેઃ શું કોઈ સાંભળે છે? કામદારોએ એક થવું જોઈએ! આપણે ન્યાય માટે તેમની હાકલ સાંભળવી જોઈએ! આપણે બધાને કામદારો સાથે એકતામાં રહેવાનું કહેવામાં આવે છે, જેથી ખાતરી કરી શકાય કે તેમને સારી કામ કરવાની પરિસ્થિતિઓ મળે, વાજબી વેતન મળે, સામાન્ય કામના કલાકો મળે અને સૌથી ઉપર, તેઓ ગૌરવ સાથે જીવી શકે!

**cedricprakash@gmail.com**

**(લેખક એક પ્રખર લેખક, પ્રખ્યાત માનવ અધિકાર, સમાધાન અને શાંતિ કાર્યકર્તા છે.)**

# ભારતીય લોકશાહીના શાસનમાં વધારે સાંસદોની નહીં પણ વધારે નાગરિકોની અભિવ્યક્તિની જરૂર છે : આનંદ તેલતુંબડે

(ભાગ - ૧)



**આજે ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકશાહી માટે સૌથી મોટો ખતરો બની ગયા છે. સીમાંકન બિલની હાર એ સાચા સ્વ-શાસનના માર્ગ તરફનો ઈશારો છે**

ભારતીય લોકશાહીના મૂળમાં ચાલાકી છે. દર પાંચ વર્ષે એકવાર, નાગરિક થોડા સમય માટે સાર્વભૌમ હોય છે. ચૂંટણીના દિવસોમાં લોકો (મતદારો) પક્ષોના પ્રેમાળ બની જાય છે, નેતાઓના પૂજનીય બની જાય છે, તેમને જનશક્તિ અને લોકતંત્રની દુહાઈ આપવામાં આવે છે. તેઓ ખરેખર રાજા હોય તેવો અહેસાસ કરાવવામાં આવે છે. જેવી ચૂંટણીઓ પતી જાય મતપત્રોની ગણતરી થઈ જાય અને ઉમેદવારો જેવા વિજેતાઓ જાહેર થઇ જાય આ રાજાઓ તે જ ક્ષણથી સંપૂર્ણપણે એક વિષય વસ્તુ બની જાય છે. તે પછી આગામી પાંચ વર્ષ માટે આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, જીવનના દરેક પાસાને આકાર આપતા નિર્ણયો લે છે. કોઈપણ અર્થપૂર્ણ નાગરિકોના સલાહ-સૂચન અને હસ્તક્ષેપ વિના, આ પ્રતિનિધિઓ, કરવેરા, માળખાગત સુવિધા, શિક્ષણ, આરોગ્યસંભાળ, જમીન અને કાયદા જેવા તમામ પાસા ઘડી નાખે છે. આ નિર્ણયો લેવામાં જવાબદારીની કોઈ સતત પદ્ધતિ નથી, લોક ભાગીદારી માટે કોઈ સંસ્થાકીય ચેનલ નથી, ચૂંટણીઓ વચ્ચે હસ્તક્ષેપ કરવાનો કોઈ અમલી અધિકાર હોતો નથી. આ લોકશાહી નહીં પણ એક વૈકલ્પિક અલ્પજનતંત્ર, એક રાજકીય વર્ગને સત્તાનું હસ્તાંતરણ છે, જે એકવાર સ્થાપિત થઈ ગયા પછી લગભગ કોઈને ગણકારતુ નથી.

**મતદાનની વિધિ**

ભારતમાં લોકશાહી ભાગીદારીની શરૂઆત અને મર્યાદા બંને મતદાન છે. ઘણા મતવિસ્તારોમાં, તે એક વ્યવહાર પણ છે. આ વ્યવહારમાં રોકડ, દારૂ, જાતિગત જોડાણ અથવા ઉત્પાદિત સાંપ્રદાયિક ભય જેવા પરિબળો સામેલ હોય છે. સેન્ટર ફોર મીડિયા સ્ટડીઝના અંદાજ મુજબ, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પક્ષો અને ઉમેદવારોએ મતદારોને પ્રભાવિત કરવા આશરે રૂા. ૧,૦૦,૦૦૦ કરોડ ખર્ચ્યા હતા. સાર્વભૌમત્વ ડિઝાઇન દ્વારા આવી પરિસ્થિતિઓ વ્યાપારી અથવા સાંપ્રદાયિક - વિનિમયને માર્ગ આપે છે. સરળ સ્વતંત્ર મતદાન પણ તાત્કાલિક અસશક્તિકરણ તરફ દોરી જાય છે. બંધારણમાં નાગરિકોને પ્રતિનિધિઓને પાછા બોલાવવા, કાયદા શરૂ કરવા, કાયદાઓને વીટો કરવા, ચૂંટણીઓ વચ્ચે જવાબદારી લાગુ કરવા માટે કોઈ જોગવાઈ નથી. અદાલતો સૈદ્ધાંતિક રીતે આશ્રય આપે છે પરંતુ મોટાભાગના ભારતીયો માટે માળખાકીય રીતે અપ્રાપ્ય રહે છે. ન્યાય આપવામાં તેમનો રેકોર્ડ પ્રભાવશાળી નથી અને તાજેતરના દાયકાઓમાં તેમની વિશ્વસનીયતા ઘટી ગઈ છે. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫, એક સમયે પારદર્શિતાને સક્ષમ બનાવતો હતો પરંતુ તેને ખોખલો કરી દેવામાં આવ્યો છે. કહેવાતા ચોથા સ્તંભ મીડિયા પર મોટાભાગે કબજે કરી લેવામાં આવ્યો છે અને તેને કોર્પોરેટાઇઝ કરીને પાલતુ બનાવી દેવામાં આવ્યું છે. તેનું કામ હવે શાસક પક્ષના પ્રચારક મશીન જેવુ થઈ ગયું છે. પોલીસ વિરોધ પ્રદર્શન કરનારાઓને નિયમિતપણે દબાવી દે છે. આજે સામાન્ય નાગરિક માટે બહુ ઓછા પક્ષો વિશ્વસનીય લોકશાહી સુરક્ષા તરીકે કામ કરે છે. આ એક એવી લોકશાહી છે જેમાં નાગરિકો મત આપી દીધા પછી તમામ બાબતો ચુંટાયેલા પ્રતિનિધિઓને સોંપી દે છે.

**પ્રતિનિધિઓ શાસક કેવી રીતે બની ગયા**

આ બંધારણનું મૂળ વચન નહોતું. તેના શિલ્પકારોએ કેન્દ્રિત સત્તાના જોખમોને ઓળખ્યા હતા. છતાં તેમણે બનાવેલી વ્યવસ્થા - સંસદીય સાર્વભૌમત્વનું વેસ્ટમિન્સ્ટર મોડેલ, ૧૯૮૫નું પક્ષપલટા વિરોધી શાસન અને સ્થાનિક શાસનના ભોગે કેન્દ્રીકરણને કારણે એક એવો રાજકીય વર્ગ પેદા થયો છે, જેમાં જવાબદારી ઓછી અને સત્તા વિશાળ છે. પક્ષપલટા વિરોધી કાયદો આ વિકૃતિનું કેન્દ્રબિંદુ છે. તે સાંસદોને તેમના પક્ષના નિર્દેશ મુજબ મતદાન કરવા અથવા તેમની બેઠક ગુમાવવાની ફરજ પાડે છે, જે અસરકારક રીતે તેમના અંતરાત્માને બુઝાવી દે છે. પ્રતિનિધિઓ મતદારો વતી બોલવાનું બંધ કરીને, પક્ષના નેતૃત્વના પ્રતિનિધિઓ તરીકે કાર્ય કરે છે. વ્યવહારમાં, નાગરિકો વ્યક્તિઓ માટે નહીં, પરંતુ નાના, બિનચૂંટાયેલા પક્ષના નેતૃત્વ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો માટે અજાણતા જ મત આપે છે. ખરેખર તો તેમણે આના માટે મત આપ્યો જ ન હતો. પરિણામે, સંસદ, વિચાર-વિમર્શના મંચ તરીકે ઓછા અને બહાલી આપતી પદ્ધતિ તરીકે વધુ કાર્ય કરે છે. વાસ્તવિક નિર્ણયો પક્ષના ઉચ્ચ નેતૃત્વ અને કારોબારી કાર્યાલયો દ્વારા લેવામાં આવે છે. જેને સંસદ ઔપચારિક બનાવે છે. તેથી, કેટલાક કાયદા ઓછામાં ઓછી ચર્ચા સાથે મિનિટોમાં જ પસાર કરી દેવામાં આવે છે. ૨૦૨૦ના કૃષિ કાયદા, ધ્વનિ મતદાન દ્વારા પસાર કરવામાં આવ્યા હતા અને બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવી હતી. તે એક પેટર્ન છે, જેમાં પ્રક્રિયા વિચાર-વિમર્શનો વિકલ્પ લે છે, નાગરિક દર્શક બનીને, ઔપચારિક રીતે સાર્વભૌમ અને નોંધપાત્ર રીતે શક્તિહીન બનીને રહી જાય છે.

સમય જતાં, રાજ્યએ પણ અસંમતિ સામે પોતાને મજબૂત બનાવ્યા છે. ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અને વિદેશી યોગદાન નિયમન અધિનિયમ જેવા કાયદાઓનો ઉપયોગ કાર્યકરો, પત્રકારો અને નાગરિક સમાજને મર્યાદિત કરવા માટે કરવામાં આવે છે. વિરોધ કરવો એ લોકશાહી અભિવ્યક્તિનું સૌથી સીધું સ્વરૂપ છે પરંતુ પોલીસ દમન હેઠળ તેને ડામી દેવાય છે. કાનૂની માળખું ભાગીદારીને સક્ષમ બનાવવાને બદલે તેને વધુને વધુ નિયંત્રિત કરે છે. પ્રસ્તાવિત સીમાંકન બિલ, ૨૦૨૬, એ જ તર્કને અનુસરીને લાવવામાં આવ્યું હતું. સંસદને ૫૪૩થી ૮૫૦ સભ્યો સુધી વિસ્તૃત કરવાનો હેતુ, નાગરિક શક્તિને વધુ ગાઢ બનાવવા માટે નહી પરંતુ ફક્ત બેઠકો વધારવા માટે જ હતો. જો તે પસાર થયું હોત તો તે રાજકીય વર્ગ, તેની પહોંચ, તેનું સમર્થન, તેનું નિયંત્રણને વિસ્તૃત કરતા અને જ્યારે નાગરિકના નિર્ણયની રચનાની બહાર થઈ જાત. સીમાંકન બિલની ચર્ચા અને સરકારની હારથી એક બારી ખુલી ગઈ છે. રાષ્ટ્રીય ચર્ચાઓ, પ્રતિનિધિત્વની રચના વિશે હતી. પ્રશ્ન એ છે કે નાગરિકો અને તેમના હિમાયતીઓ આ ક્ષણનો લાભ લઈને, શું સાંસદોની સંખ્યાથી લઈને સાંસદોની જવાબદારી સુધી, ચૂંટણીના મિકેનિક્સથી લઈને શાસનના મિકેનિક્સ સુધી, આપણું પ્રતિનિધિત્વ કોણ કરે છે તેનાથી લઈને આપણે પોતાનું પ્રતિનિધિત્વ કેવી રીતે કરીએ તેવી વાતચીતને આગળ ધપાવશે?

**લોકશાહીના રંગમંચમાં દર્શકો**

ચૂંટણીઓ વચ્ચે, ભારતીય નાગરિકની ભૂમિકા મોટે ભાગે પ્રેક્ષકની હોય છે. ઘોંઘાટ, વોકઆઉટ, થોડી ચર્ચાને કારણે સંસદ એક નાટક જેવી દેખાય છે. ઉદ્ઘાટન, પ્રતીકાત્મક હાજરી, પસંદગીયુક્ત તરફેણ, મતવિસ્તારની રાજનીતિ સાંસદોને આશ્રયદાતા દલાલોમાં ફેરવી દે છે. લોકોના કલ્યાણની વાત હોય તો તે વિવેકબુદ્ધિના સ્તરો દ્વારા, વચેટિયાઓ દ્વારા મધ્યસ્થી દ્વારા, કાગળકામ દ્વારા અને સ્થાપિત વંશવેલો દ્વારા જ લોકો સુધી પહોંચે છે. આ કલ્યાણનો લાભ નાગરિક સુધી પહોંચે તે પહેલાં અટવાઈ જાય છે. ગરીબ, ગ્રામીણ, હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને આદિવાસી લોકો માટે, આ જીવંત વાસ્તવિકતા છે. સમાનતા, ગૌરવ અને તકના બંધારણીય વચનો મહત્વાકાંક્ષી રહે છે. રાજકીય વર્ગ, તેના પોતાના સમાંતર વિશેષાધિકારની દુનિયા દ્વારા આ નિષ્ફળતાઓથી અળગો રહે છે અને ભાગ્યે જ તેના પરિણામોની જવાબદારી લે છે. શાસકો અને શાસિત વચ્ચેનું અંતર ફક્ત આર્થિક જ નહીં પણ માળખાકીય પણ છે. જ્યારે નવી યોજનાઓ, પ્રતીકાત્મક કાયદા, માપાંકિત ધ્રુવીકરણ અને જાહેર ધ્યાન દિશામાન કરવા માટે બાહ્ય અથવા આંતરિક વિરોધીઓના નિર્માણમાં અંતર દેખાય છે ત્યારે ભાગ્યે જ તેમાં સુધારાનો પ્રતિભાવ હોય છે. આ એક તમાશો સિવાય બીજુ કશું જ નથી. સુધારા તરીકે ઘડાયેલા સંસ્થાકીય ફેરફારો પણ નાગરિક નિયંત્રણને બદલે રાજકીય ક્ષમતામાં વધારો કરે છે, જેનાથી જવાબદારીની અંતર્ગત ખામી અસ્પૃશ્ય રહે છે.

**- આનંદ તેલતુંબડે**

**(ક્રમશઃ)** **(સૌ. : સ્ક્રોલ.ઈન)**

**હદીસ બોધ**

જેના હૃદયમાં કૃપા નથી તેનામાં કોઈ ગુણ નથી.

(હદીસ બોધ)

**બોધ વચન**

સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો ક્યારેય હોતું જ નથી.

- ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

૨ મે શનિવાર ૨૦૨૬
૧૪ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ વદ એકમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૪૧
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૭

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# RR vs DC પ્રિવ્યૂ : વિવાદો વચ્ચે રિયાન પરાગ માટે સાબિત થવાનો સમય; શું રાજસ્થાનને મળશે નવી દિશા ?



જયપુર, તા.૧

રાજસ્થાન રોયલ્સની ટીમ ફરી એકવાર પોતાના હોમ ગ્રાઉન્ડ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં પરત ફરી રહી છે. જો કે, આ વખતે ટીમ પર જીતવા કરતાં પણ વધુ દબાણ મેદાનની બહારના વિવાદોનું છે. છેલ્લી મેચમાં જીત મેળવી હોવા છતાં, ફ્રેન્ચાઈઝી અત્યારે આકરી ટીકાઓનો સામનો કરી રહી છે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં રાજસ્થાનનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે, જે પોતે પણ લય અને આત્મવિશ્વાસ શોધવા માટે મથામણ કરી રહી છે.

**રિયાન પરાગ પર વિવાદોનું ગ્રહણ**

રાજસ્થાનના કાર્યકારી કેપ્ટન રિયાન પરાગ અત્યારે મુશ્કેલીમાં મુકાયા છે. તાજેતરમાં એક મેચ દરમિયાન ડગઆઉટમાં ઈ-સિગારેટ (Vaping) પીતા હોવાનો તેમનો વીડિયો વાયરલ થયો હતો, જેને પગલે IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા તેમની સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવ્યા છે. પરાગ માટે માત્ર આ વિવાદ જ નહીં, પરંતુ તેમનું કંગાળ ફોર્મ પણ ચિંતાનો વિષય છે. આ સીઝનમાં તેમણે માત્ર ૧૧૭ રન બનાવ્યા છે અને તેમનો સ્ટ્રાઈક રેટ ૧૨૪ રહ્યો છે. કેપ્ટન તરીકે અને ટીમના મુખ્ય બેટર તરીકે તેમની પાસેથી જે આક્રમક રમતની અપેક્ષા હતી, તે હજુ સુધી જોવા મળી નથી.

**દિલ્હી કેપિટલ્સ : પ્રેરણા અને સ્પાર્કની શોધમાં :** બીજી તરફ દિલ્હી કેપિટલ્સની હાલત પણ નાજુક છે. છેલ્લી બે હારને કારણે તેમનું મનોબળ તૂટ્યું છે. એક મેચમાં KL રાહુલે શાનદાર ૧૫૦ રન બનાવ્યા હોવા છતાં ટીમ હારી ગઈ હતી, જ્યારે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ સામેની મેચમાં આખી ટીમ માત્ર ૭૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલ્હીને અત્યારે એક એવા ખેલાડીની જરૂર છે જે ટીમના વાતાવરણને બદલી શકે અને આત્મવિશ્વાસ ફૂંકી શકે.

**મિચેલ સ્ટાર્કની વાપસીની શક્યતા**

દિલ્હી માટે સારા સમાચાર એ છે કે દિગ્ગજ ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક જયપુરમાં પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો છે. જો સ્ટાર્ક પ્લેઈંગ ઈલેવનમાં પરત ફરે છે, તો દિલ્હીનું બોલિંગ આક્રમણ વધુ ધારદાર બનશે. ખાસ કરીને રાજસ્થાનના ૧૫ વર્ષીય યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશી અને સ્ટાર્ક વચ્ચેનો જંગ જોવો રસપ્રદ રહેશે કારણ કે, વૈભવ અગાઉ બુમરાહ અને હેઝલવુડ જેવા બોલરો સામે નીડરતાથી રમી ચૂક્યો છે.

**પિચ અને વાતાવરણ**

જયપુરની પિચ બેટિંગ માટે સાનુકૂળ માનવામાં આવે છે, પરંતુ આજના મુકાબલામાં વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા છે. જો હવામાં ભેજ રહેશે તો ફાસ્ટ બોલરોને શરૂઆતની ઓવરોમાં મદદ મળી શકે છે. રાજસ્થાન રોયલ્સ અને દિલ્હી કેપિટલ્સ બંને માટે આ મેચ પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે અત્યંત મહત્વની સાબિત થશે.

**બંને ટીમની સંભવિત પ્લેઈંગ ઈલેવન :**

**રાજસ્થાન રોયલ્સ :** યશસ્વી જયસ્વાલ, વૈભવ સૂર્યવંશી, ધ્રુવ જુરેલ (WK), રિયાન પરાગ (C), ડોનોવન ફરેરા, શુભમ દુબે, દાસુન શનાકા, રવિન્દ્ર જાડેજા, જોફ્રા આર્ચર, નાન્દ્રે બર્ગર, બ્રિજેશ શર્મા.

**દિલ્હી કેપિટલ્સ :** KL રાહુલ (WK), અભિષેક પોરેલ, નીતીશ રાણા, સમીર રિઝવી, ટ્રિસ્ટન સ્ટબ્સ, ડેવિડ મિલર, અક્ષર પટેલ (C), મિચેલ સ્ટાર્ક, કાયલ જેમીસન, કુલદીપ યાદવ, ટી નટરાજન.

# હૈદરાબાદમાં મસ્જિદમાં તોડફોડ, કિસ્મતપુરમાં તણાવ વચ્ચે પોલીસ ધસી ગઈ

## ઘૂસણખોરોએ મસ્જિદમાં રાખેલા કુર્આન અને અન્ય ધાર્મિક પુસ્તકોની નકલોને નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧

રાજેન્દ્રનગરના કિસ્મતપુરમાં બુધવારે, ૨૯ એપ્રિલે મોડી રાત્રે અજાણ્યા વ્યક્તિઓએ મસ્જિદમાં ઘૂસીને ધાર્મિક સામગ્રીની તોડફોડ કરી હતી, જેના કારણે પોલીસે વિસ્તારમાં વધારાની ટુકડીઓ મોકલવી પડી હતી. મસ્જિદ-એ-બિલાલમાં બનેલી ઘટના રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પ્રકાશમાં આવી હતી, જ્યારે ઘુસણખોરોએ મસ્જિદમાં રાખેલા કુરાન અને અન્ય ધાર્મિક પુસ્તકોની નકલોને નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળની મુલાકાત લેનારા ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના MLC મિર્ઝા રહેમત બેગે જણાવ્યું હતું કે ઘુસણખોરોએ પરિસરમાં પ્રવેશ કર્યો હતો અને ધાર્મિક સામગ્રીને જાણી જોઈને નુકસાન પહોંચાડ્યું હતું. મસ્જિદ-એ-બિલાલ સમિતિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં કેસ નોંધવાની અને જવાબદારોની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ વિસ્તારમાં વધારાના કર્મચારીઓને મોકલ્યા હતા અને રાજેન્દ્રનગરમાં પેટ્રોલિંગ વધારી દીધું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓને ઓળખવા અને પકડવા માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે.

# ઉદયપુરના હરિયાવમાં દલિત સમુદાયના બિંદૂલી પર હુમલો, તલવારો અને પથ્થરોથી હુમલો

(એજન્સી) તા.૧

ઉદયપુર, જિલ્લાના ડાબોક પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના હરિયાવ ગામમાં એક દલિત પરિવારનો આનંદ ગઈકાલે રાત્રે ત્યારે ભંગાર થઈ ગયો જ્યારે બદમાશોએ જાતિવાદી અપશબ્દો ફેંકતા બિંદૂલી પર હુમલો કર્યો. અરજદાર ભૈરૂલાલ મેઘવાલે પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યુંછે કે ૨૯ એપ્રિલના રોજ રાત્રે લગભગ ૧૦ વાગ્યે, તેમની પુત્રી પૂજા બિંદૂલી ધીરા તલાઈના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે લક્ષ્મણ સિંહ, મધુ સિંહ, કિશન સિંહ, ઉદય સિંહ, અર્જુન સિંહ, પરિવારના અન્ય સભ્યો અને ગામની મહિલાઓ સાથે મળીને રસ્તો રોકી દીધો. આરોપિત છે કે મધુ સિંહની પુત્રી મંજુ કુંવરે એક યુવાનનો કોલર પકડી લીધો, તેના પર જાતિવાદી અપશબ્દો ફેંક્યા અને જો બિંદૂલી ચાલુ રહી તો લોહીલુહાણ થવાની ધમકી આપી. ત્યારબાદ, હુમલાખોરોએ અચાનક ડીજે બંધ કર્યો, કન્યાને ઘોડા પરથી ઉતારી દીધી અને લગ્ન પક્ષ અને મહેમાનો પર લાકડીઓ, સળિયા અને તલવારોથી હુમલો કર્યો. આ હિંસક અથડામણમાં, તખ્ત સિંહ નામના વ્યક્તિએ તલવારથી હુમલો કર્યો હોવાના અહેવાલ છે, જેમાં વર્દી ચંદ, ગણેશ, જીતુ અને મંજુ મેઘવાલ સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. હુમલા દરમિયાન પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો, જેમાં મહિલાઓ અને બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પીડિતોનો આરોપ છે કે, હુમલા ઉપરાંત, હુમલાખોરોએ મહિલાઓના ગળામાંથી સોનાના મંગળસૂત્રો છીનવી લીધા હતા અને લૂંટ ચલાવી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. અરજદારે ડાબોક પોલીસ સ્ટેશનના અધિકારીને નામાંકિત આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવા અને ન્યાય સુનિશ્ચિત કરવા અપીલ કરી છે. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે.

# હોટેલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વીડિયો બનાવ્યો

## આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે

કોલંબો, તા.૧

શ્રીલંકા ક્રિકેટ જગતમાંથી એક શરમજનક ઘટના સામે આવી છે, જેમાં અંડર-૧૯ મેન્સ ટીમના બે ખેલાડીઓએ અભદ્રતાની તમામ હદો પાર કરી દીધી છે. આ બંને યુવા ક્રિકેટરો પર હોટલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વાંધાજનક વીડિયો બનાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે. કોલંબોની એક હોટલમાં રોકાયેલી મહિલા ખેલાડીઓએ ફરિયાદ કરી હતી કે બાથરૂમમાં મોબાઈલ ફોન દ્વારા તેમનો વીડિયો ઉતારવામાં આવ્યો છે. આ ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી કરતા ચાલુ સપ્તાહની શરૂઆતમાં બંને ક્રિકેટરોની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ ખેલાડીઓને અલુથકાડે મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બંને ખેલાડીઓને ૫ લાખ શ્રીલંકન રૂપિયાના જામીન પર મુક્ત કર્યા છે. પોલીસ હાલ એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ વીડિયો સોશિયલ મીડિયા કે અન્ય કોઈ પ્લેટફોર્મ પર ઓનલાઈન શેર કરવામાં આવ્યા છે કે નહીં. આ કેસની આગામી સુનાવણી ૨૫મી મેના રોજ હાથ ધરવામાં આવશે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC) પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લા ૪૮ કલાકમાં બોર્ડમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. સરકારી દબાણને કારણે SLCના વડા અને અન્ય સભ્યોએ સામૂહિક રાજીનામું આપ્યું છે. જૂના અધિકારીઓને દૂર કરી મામલો ઉકેલવા માટે એક 'પરિવર્તન સમિતિ'ની રચના કરવામાં આવી છે. બોર્ડ દ્વારા હજુ સુધી આ ખેલાડીઓ સામે કોઈ સત્તાવાર શિસ્તભંગના પગલાંની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ભવિષ્યમાં કડક કાર્યવાહી થવાની સંભાવના છે. શ્રીલંકન ક્રિકેટ છેલ્લા ઘણાં સમયથી વિવાદો અને ખરાબ પ્રદર્શન સામે ઝઝૂમી રહ્યું છે. એક તરફ મુખ્ય ટીમોનું પ્રદર્શન નબળું રહ્યું છે, તો બીજી તરફ બોર્ડ અને ખેલાડીઓ વચ્ચે IPL માટે NOC આપવા જેવા મુદ્દે પણ મતભેદો ચાલી રહ્યા છે. અંડર-૧૯ સ્તરે બનેલી આ ઘટનાએ શ્રીલંકન ક્રિકેટની છબીને વધુ નુકસાન પહોંચાડ્યુંછે. નવી રચાયેલી સમિતિ આ શરમજનક ઘટના અને બોર્ડના અન્ય પડકારોનો કેવી રીતે સામનો કરે છે તેના પર સૌની નજર રહેશે.

# રાજસ્થાનમાં સગીર દલિત છોકરા પર કસ્ટડીમાં હુમલો : ચાર પોલીસકર્મીઓ સામે ગુનો નોંધાયો

(એજન્સી) તા.૧

રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડી શહેરમાં એક ચોંકાવનારી ઘટનામાં, લોકેશ નામના ૧૬ વર્ષના દલિત છોકરા પર કસ્ટડીમાં હુમલો કરવાના આરોપમાં સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) સહિત ચાર પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પીડિત પરિવારની ફરિયાદ બાદ ૨૭ એપ્રિલે આ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકેશને ૨૧ એપ્રિલે મોટરસાયકલ ચોરીના કેસમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો, કારણ કે તે સંબંધિત સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યો હતો. તેના પરિવારે આરોપ લગાવ્યો હતો કે ભીવાડીના યુઆઈટી પોલીસ સ્ટેશનમાં તેને ગંભીર માર મારવામાં આવ્યો હતો અને "થર્ડ-ડિગ્રી ટોર્ચર" કરવામાં આવ્યો હતો. છોકરાને બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને હાલમાં તે ફેફસાના ચેપ માટે સારવાર હેઠળ છે. પોલીસ અધિક્ષક બ્રિજેશ જ્યોતિ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે છોકરાની હાલત સ્થિર છે. FIRમાં હુમલા સંબંધિત કલમો અને SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ જોગવાઈઓ શામેલ છે. આરોપીઓમાં એસએચઓ દારા સિંહ મીણા અને કોન્સ્ટેબલ ગોપાલ, ગોવિંદ અને પવન યાદવનો સમાવેશ થાય છે. પોલીસે ત્રાસના આરોપોને નકારી કાઢ્યા છે પરંતુ પુષ્ટિ આપી છે કે વધુ તપાસ ચાલી રહી છે. આ ઘટનાએ રાજ્યમાં મોટો રાજકીય વિવાદ ઉભો કર્યો છે. રાજસ્થાન વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, કોંગ્રેસના ટીકારામ જુલીએ તેની સખત નિંદા કરી છે, તેને "ખૂબ જ નિંદનીય" અને "માનવતા પર કલંક" ગણાવ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે મુખ્યમંત્રી ભજનલાલ શર્માના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારમાં દલિતો, ગરીબો અને મહિલાઓ પર અત્યાચાર વધી રહ્યા છે. "જ્યારે રક્ષકો પોતે જ શિકારી બની જાય છે, ત્યારે સામાન્ય માણસ ક્યાં જાય છે ?" જુલીએ પૂછ્યું. તેમણે દાવો કર્યો હતો કે પીડિત પરિવારે શરૂઆતમાં દબાણ અને ફરિયાદ નોંધવામાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો. જુલીએ તાજેતરના મહિનાઓમાં રાજસ્થાનમાં કસ્ટોડિયલ મૃત્યુની મોટી સંખ્યાને ઉજાગર કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ડેટાનો પણ ઉલ્લેખ કર્યો હતો, કાયદાના શાસનના પતન પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે તેમણે એસપી અને છોકરાના પરિવાર સાથે સીધી વાત કરી છે અને મુખ્યમંત્રીને દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

# 'ગેસ પર પ્રથમ પ્રહાર અને હવે પેટ્રોલ-ડીઝલમાં પણ વધારો થશે' : રાજ્યની ચૂંટણીઓ સમાપ્ત થયા પછી વિપક્ષે કોમર્શિયલ LPG ભાવ વધારાને 'મોદી મોડલ'નું લક્ષણ ગણાવ્યું

## ૧ માર્ચથી કોમર્શિયલ LPG ભાવમાં ૧,૩૦૩ રૂપિયાનો વધારો થયો છે અને તેનાથી રાજકીય તોફાન શરૂ થયું છે અને વિપક્ષી પક્ષો કેન્દ્ર પર ટીકા કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ૯૩૩ રૂપિયાનો વધારો કરવાના પગલાની શુક્રવારે વિપક્ષ તરફથી આકરી ટીકા થઈ હતી, જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમણે પહેલા જ ચેતવણી આપી હતી કે રાજ્યની ચૂંટણીઓ સમાપ્ત થયા પછી મોંઘવારીનો માર લોકો પર પડશે. ૧ એપ્રિલે કોમર્શિયલ ૧૯ કિલોગ્રામ LPG સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૧૯૫.૫૦ રૂપિયા અને ૧ માર્ચે ૧૧૪.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તેથી, દિલ્હીમાં હવે કિંમત ૩,૦૭૧.૫ રૂપિયા છે જે અગાઉ ૨,૦૭૮.૫૦ રૂપિયા હતી. ઈરાનના યુદ્ધને લીધે વૈશ્વિક ઉર્જા ખર્ચમાં વધારો થવાને કારણે આ ભાવવધારો થયો છે. રાહુલે X (ટ્વિટર) પર લખ્યું કે, આજે, કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૯૯૩ રૂપિયા મોંઘો થયો છે. એક જ દિવસમાં સૌથી મોટો વધારો. આ ચૂંટણીનું બિલ છે. ફક્ત ત્રણ મહિનામાં ૮૧ ટકાનો જંગી ઉછાળો. ચાની દુકાન, ઢાબા, હોટેલ, બેકરી, મીઠાઈની દુકાન, દરેકના રસોડા પરનો બોજ વધ્યો છે અને આ તમારી થાળીને પણ અસર કરશે. પેટ્રોલ-ડીઝલ પહેલા આ પહેલો પ્રહાર છે, હવે પેટ્રોલ-ડીઝલ પર બીજો પ્રહાર થશે. આ પગલાંને મજૂર દિવસ પર 'ભેટ' તરીકે રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવમાં, આ દેશમાં માત્ર અમુક લોકો જ વૈભવી વસ્તુઓ પરવડી શકે છે, જ્યારે મોટાભાગના ઢાબા, રેસ્ટોરાં અને નાના ખાણીપીણી પર આધાર રાખે છે, તેથી કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા સુધી વધારવાથી તેમને નુકસાન થશે. આખરે, બોજ કામદારો પર પડશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ચૂંટણી પછી મોંઘવારી ઝડપથી વધશે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે અતિશય ભાવવધારાથી સામાન્ય લોકો માટે ખોરાક મોંઘો થશે. સિલિન્ડર મોંઘા થતા નથી; રોટલી-થાળી મોંઘી થાય છે. આ ફક્ત તે જ જાણે છે જે પોતે ખરીદે છે અને ખાય છે, તે નહીં જે બીજાની જગ્યાએ જઈને ખાય છે અથવા બીજાની થાળીમાંથી ચોરી કરે છે. જો તેમને સિલિન્ડર મોંઘો કરવો જ હોત, તો તેમણે તેને ફક્ત ૧,૦૦૦ રૂપિયા મોંઘો કરવો જોઈતો હતો. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ કટાક્ષમાં કહ્યું કે, ભાવમાં ૧,૦૦૦ રૂપિયાનો વધારો ન કરીને પણ ફક્ત ૭ રૂપિયા ઓછા કરીને આ ભાજપના લોકો કોના પર ઉપકાર કરી રહ્યા છે. કોંગ્રેસના મહાસચિવ અને અલાપ્પુઝાના લોકસભા સાંસદ કે.સી. વેણુગોપાલે પણ સરકારના આ પગલાની ટીકા કરતાં કહ્યું કે, ચૂંટણી ચક્ર પૂરું થતાં જ, મોદી સરકારે LPG સિલિન્ડરના ભાવ વધારવામાં કોઈ સમય બગાડ્યો નહીં. ભાજપનો સામાન્ય ભારતીયોના દુઃખ પ્રત્યેનો આદર ચૂંટણીના યુક્તિઓ સુધી મર્યાદિત છે, જેના પછી તેઓને છોડી દેવામાં આવે છે. તેમણે કહ્યું કે, નાણાકીય બોજ તેમના પર નાખવાને બદલે, સરકારે નાના ખાણીપીણીના સ્થળો, રેસ્ટોરાં, વ્યવસાયો અને આ ઉદ્યોગ સાથે જોડાયેલા નાગરિકોને ભાવ આંચકાથી બચાવવા માટે એક નક્કર યોજનાનો આશરો લેવો જોઈતો હતો.


**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક** standard chartered

**સરફેસી એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

| ક્રમ નં. | દેણદાર(રો)નું નામ અને સરનામું | લોનની રકમ (રૂ.) | લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ પ્રોપર્ટીની વિગતો | બાકી રકમ (રૂ.) | NPA તારીખ |
|---|---|---|---|---|---|---|
| | (A) | (B) | (C) | (D) | (E) | (F) |
| ૧.<br>૨.<br>૩.<br>૪.<br>૫.<br>૬. | શ્રી કલ્પેશ મનહરલાલ નવાબ<br>શ્રીમતી કિરન કલ્પેશ નવાબ<br>શ્રીમતી વિનીતા પરેશ નવાબ<br>શ્રી પરેશ મનહરલાલ નવાબ<br>શ્રી મનહરલાલ નંદસુખલાલ નવાબ<br>શ્રીમતી ભાનુબેન મનહરલાલ નવાબ | રૂ.૧,૪૯,૦૦,૦૦૦/- (રૂા. એક કરોડ ઓગણપાસ લાખ માત્ર) | ૫૧૫૫૮૦૦૯ | ૧. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૩ ક્ષેત્રફળ ૨૧૫ ચો.મી., મા અંબા કૃપા સોસાયટી, ઉત્તર તરફ સ્થિત જમીન રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી, જિ. સુરત અને ટીપી સ્કીમ નં.૬માં સમાવિષ્ટ, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખૂંટો તરફ<br>પૂર્વ : પ્લોટ નં.૨૧<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૨<br>દક્ષિણ : પ્લોટ નં.૧૪<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૪ ક્ષેત્રફળ ૨૦૯ ચો.મી., મા અંબા કૃપા સોસાયટી, ઉત્તર તરફ સ્થિત જમીન રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી, જિ. સુરત અને ટીપી સ્કીમ નં.૬માં સમાવિષ્ટ, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખૂંટો તરફ<br>પૂર્વ : પ્લોટ નં.૨૨<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૩<br>દક્ષિણ : પ્લોટ નં.૧૫ | રૂ.૯૮,૩૬,૨૫૧.૪૫ (રૂા. અઠ્ઠાણું લાખ છત્રીસ હજાર બસ્સો એકાવન અને પીસ્તાળીસ પૈસા માત્ર) | ૦૧.૦૪.૨૦૨૬ |

જ્યારે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં તેની શાખા કચેરી ધરાવે છે, બીર ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, કલ્યાણી નગર, પૂણે ૪૧૧૦૧૪ (ત્યારબાદ "બેંક" તરીકે ઓળખવામાં આવે છે) એ કોલમમાં લખેલા ઉપરોક્ત નામના દેણદાર(રો) સુધી લંબાવવામાં આવ્યો હતો. કોલમ Bમાં લોનની રકમ, લોન એકાઉન્ટ નંબર દ્વારા લખેલી અલગ ક્રેડિટ સુવિધાઓ અનુક્રમે સીરીયલ નંબર દ્વારા દેણદારોના દરેક સમૂહના નામ સામે કોલમ Cમાં ઉલ્લેખિત છે.

દરેક દેણદાર (ત્યારબાદ "સુરક્ષિત સંપત્તિ" તરીકે ઓળખાય છે)ના નામ સામે કોલમ Dમાં લખેલી સ્થાવર મિલકત પર ગીરો દ્વારા ઉક્ત ક્રેડિટ સુવિધાઓ અન્ય બાબતોમાં સુરક્ષિત કરવામાં આવે છે.

ઉપરોક્ત નામના દેણદાર(રો) લોન ખાતામાં નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયા છે અને બેંક દ્વારા બેંકિંગ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જાળવવામાં આવેલા એકાઉન્ટના ખાતા મુજબ તેમના નામ સામે કોલમ Eમાં દર્શાવેલ બાકી રકમ અસ્તિત્વમાં છે. દરેક દેણદાર(રો).

ઉપરોક્ત નામના દેણદાર(રો)ના તરફથી લોનની રકમની ચુકવણીમાં સતત ડિફોલ્ટને કારણે ઉપરોક્ત નામના દેણદાર(રો)ના લોન ખાતાને બેંક દ્વારા ઉલ્લેખિત તારીખો પર નોન-પર્ફોર્મિંગ એસેટ/ટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત ધોરણોની અંદર કૉલમ Fમાં. પરિણામે ધારા ૧૩(૨) હેઠળની નોટિસો પણ દરેક દેણદારોને જારી કરવામાં આવી હતી, જેમણે ડિલિવરી વિના પરત મેળવ્યું છે.

ઉપરોક્ત ડિફોલ્ટને ધ્યાનમાં રાખીને, બેંક આ દ્વારા ઉપરોક્ત નામના દેણદાર(રો)ને ઉપરોક્ત કૉલમ Eમાં દર્શાવેલ તમામ બાકી લેણાંની ચૂકવણી કરીને બેંક પ્રત્યેની તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ કરવા કહે છે, જેમાં અદ્યતન વ્યાજ, ખર્ચ અને શુલ્ક સામેલ છે. આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, જેમાં નિષ્ફળ થવા પર, બેંક સિક્યોર્ડ એસેટનો કબજો મેળવવા માટે હકદાર બનશે અને બેંકને કાયદામાં ઉપલબ્ધ છે તેમ અન્ય પગલાં પણ લેશે.

તે, કૃપા કરીને જાણ કરવામાં આવે છે કે તમે, ઉપરોક્ત નામના દેણદાર(રો) આથી અલગ થવાથી (ટ્રાન્સફર, વેચાણ, લીઝ અથવા અન્ય રીતે) અથવા તૃતીય પક્ષનું હિત ઊભું કરવાથી અથવા ચોક્કસ સિવાય કોઈપણ રીતે સુરક્ષિત સંપત્તિ સાથે વ્યવહાર કરવાથી પ્રતિબંધિત છે. બેંક તરફથી પૂર્વ લેખિત પરવાનગી. જાણ કરો કે તેનું કોઈપણ ઉલ્લંઘન એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર રહેશે.

તે, તમારા, દેણદારોનું ધ્યાન, SARFAESI એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે તમે સુરક્ષિત સંપત્તિને રિડીમ કરી શકો છો. જાહેર હરાજી અને/અથવા ઈ-ઓક્શન દ્વારા ક્વોટેશન આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ માટેની નોટિસના પ્રકાશનની તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમનું ટેન્ડરિંગ, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ટેન્ડર.

તે, મહેરબાની કરીને નોંધ કરો કે આ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ આખરી સૂચના છે. કહેવાની જરૂર નથી કે બેંક કોઈપણ અથવા તમામનો ઉપયોગ કરવાના તેના અધિકારની અંદર હશે. તમારા જોખમ, જવાબદારી અને ખર્ચ પર સંપૂર્ણપણે સરનામું આપનાર સામે ઉપર દર્શાવેલ અધિકારો.

તારીખ : ૦૨/૦૫/૨૦૨૬
સ્થળ : સુરત

સહી/-
અધિકૃત અધિકારી
સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક


# મધ્યપ્રદેશ : દલિત વરરાજાના મંદિરમાં પ્રવેશ બાદ સામાજિક બહિષ્કાર અને રૂા.૧૧,૦૦૦ દંડ : સામાજિક સમસ્યા વધુ ગંભીર : તંત્ર મૌન

(એજન્સી) ભોપાલ, તા.૧

ગ્રામ પંચાયત (પંચાયત)ની બેઠક દરમિયાન એક હુકમનામું બહાર પાડવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે જો ગામનો કોઈ ખેડૂત કે મજૂર આ દલિત પરિવારના કોઈપણ સભ્યને નોકરી પર રાખશે, તો તે વ્યક્તિને રૂા.૧૧,૦૦૦નો નાણાકીય દંડ થશે. મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના પાડલ્યા ગવલી ગામમાં, એક યુવાન દલિત વ્યક્તિના સ્થાનિક મંદિરમાં પ્રવેશ બાદ ગામની પંચાયતે દલિત પરિવારનો સામાજિક બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો. પરિણામે, પરિવાર સાથેના તમામ સામાજિક સંબંધો તોડી નાખવામાં આવ્યા હતા, અને ગામની દુકાનો, ડેરીઓ અને રાશન આઉટલેટ્સમાં તેમને માલ વેચવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. ધ મુકનાયકના અહેવાલ મુજબ, ગામના રહેવાસી નિર્મલ કાનડે (બલાઈ જાતિના)ના લગ્ન ૨૦ એપ્રિલે થયા હતા. વરરાજાએ જણાવ્યું હતું કે લગ્ન પછી, જ્યારે નવદંપતી હનુમાન મંદિરમાં પ્રાર્થના કરવા ગયા હતા, ત્યારે દરવાજા બંધ હોવાથી તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. એવો આરોપ છે કે વરરાજાને ફક્ત દલિત હોવાને કારણે મંદિરમાં પ્રવેશવાથી રોકવામાં આવ્યો હતો. મંદિરના દરવાજાને તાળા પણ લગાવી દેવામાં આવ્યા હતા, જેના કારણે નવદંપતીનું અપમાન થયું હતું. તેમને મંદિર પરિસરની બહારથી પ્રાર્થના કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, પોલીસ દેખરેખ હેઠળ વરરાજાને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, પરિસ્થિતિ વધુ વણસી ગઈ. એવો આરોપ છે કે કેટલાક ગ્રામજનોએ "દલિત પરિવારને પાઠ ભણાવવા"ના ચોક્કસ હેતુથી પંચાયત બોલાવી હતી. ૨૪ એપ્રિલના રોજ યોજાયેલી આ પંચાયત દરમિયાન, નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાઃ ૧. દલિત પરિવારની "હુક્કા-પાણી" (સામાજિક ક્રિયાપ્રતિક્રિયા / મૂળભૂત જરૂરિયાતોની પહોંચ) કાપી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો - એટલે કે કોઈને પણ તેમના પાણીને સ્પર્શ કરવાની અથવા તેમની સાથે કોઈપણ સામાજિક સંબંધો જાળવવાની મંજૂરી નહોતી. ૨. સમગ્ર ગામમાં જાહેર ઘોષણા (ધીંધોરા) દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે કોઈ પણ દુકાનદાર આ પરિવારને રાશન, દૂધ અથવા અન્ય કોઈપણ વસ્તુ વેચશે નહીં. આ આદેશનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિનો સામાજિક બહિષ્કાર પણ કરવામાં આવશે. ૩. જો ગામના કોઈ ખેડૂત કે મજૂર આ દલિત પરિવારના સભ્યોને કામ (દૈનિક મજૂરી) માટે રાખશે, તો તે વ્યક્તિને રૂા.૧૧,૦૦૦નો નાણાકીય દંડ થશે. આ સમગ્ર ઘટના અંગે ખરગોન જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસે રાખેલા મૌનથી ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ભીમ આર્મીના કાર્યકરો અને સમર્થકોએ સોશિયલ મીડિયા પર આ જાતિ આધારિત નિર્ણયની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું છે કે તેઓ ટૂંક સમયમાં સ્થાનિકો સાથે બેઠક કરવા માટે ગામની મુલાકાત લેશે અને આ નિર્ણયનો વિરોધ કરતી વખતે જવાબદારો સામે અવાજ ઉઠાવશે. આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરતા, ભીમ આર્મીના નેતા સુનીલ અસ્તેએ મુખ્યમંત્રી મોહન યાદવને પ્રશ્ન પૂછ્યો. તેમણે પૂછ્યું કે શું તેમના વહીવટ હેઠળ, દલિતોને મંદિર પ્રવેશ, પાણી અને રાશન જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવાને "કાયદો અને વ્યવસ્થા" ગણવામાં આવે છે. કે પછી સરકાર આ રીતે ભારતીય બંધારણની પવિત્રતાનો અનાદર કરતી રહેશે.

**હદીસ બોધ**

જેના હૃદયમાં કૃપા નથી તેનામાં કોઈ ગુણ નથી.
(હદીસ બોધ)

**બોધ વચન**

સત્ય ભાગ્યે જ સ્વચ્છ હોય છે અને સરળ તો ક્યારેય હોતું જ નથી.
- ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

૨ મે શનિવાર ૨૦૨૬
૧૪ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ વદ એકમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૪૧
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૭

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# હૈદરાબાદમાં મસ્જિદમાં તોડફોડ, કિસ્મતપુરમાં તણાવ વચ્ચે પોલીસ ધસી ગઈ

## ઘૂસણખોરોએ મસ્જિદમાં રાખેલા કુર્આન અને અન્ય ધાર્મિક પુસ્તકોની નકલોને નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧

રાજેન્દ્રનગરના કિસ્મતપુરમાં બુધવારે, ૨૯ એપ્રિલે મોડી રાત્રે અજાણ્યા વ્યક્તિઓએ મસ્જિદમાં ઘૂસીને ધાર્મિક સામગ્રીની તોડફોડ કરી હતી, જેના કારણે પોલીસે વિસ્તારમાં વધારાની ટુકડીઓ મોકલવી પડી હતી. મસ્જિદ-એ-બિલાલમાં બનેલી ઘટના રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પ્રકાશમાં આવી હતી, જ્યારે ઘુસણખોરોએ મસ્જિદમાં રાખેલા કુરાન અને અન્ય ધાર્મિક પુસ્તકોની નકલોને નુકસાન પહોંચાડ્યું હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળની મુલાકાત લેનારા ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના MLC મિર્ઝા રહેમત બેગે જણાવ્યું હતું કે ઘુસણખોરોએ પરિસરમાં પ્રવેશ કર્યો હતો અને ધાર્મિક સામગ્રીને જાણી જોઈને નુકસાન પહોંચાડ્યું હતું. મસ્જિદ-એ-બિલાલ સમિતિએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં કેસ નોંધવાની અને જવાબદારોની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ વિસ્તારમાં વધારાના કર્મચારીઓને મોકલ્યા હતા અને રાજેન્દ્રનગરમાં પેટ્રોલિંગ વધારી દીધું હતું. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓને ઓળખવા અને પકડવા માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે.

# ઉદયપુરના હરિયાવમાં દલિત સમુદાયના બિંદૂલી પર હુમલો, તલવારો અને પથ્થરોથી હુમલો

(એજન્સી) તા.૧

ઉદયપુર, જિલ્લાના ડાબોક પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના હરિયાવ ગામમાં એક દલિત પરિવારનો આનંદ ગઈકાલે રાત્રે ત્યારે ભંગાર થઈ ગયો જ્યારે બદમાશોએ જાતિવાદી અપશબ્દો ફેંકતા બિંદૂલી પર હુમલો કર્યો. અરજદાર ભૈરૂલાલ મેઘવાલે પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યુંછે કે ૨૯ એપ્રિલના રોજ રાત્રે લગભગ ૧૦ વાગ્યે, તેમની પુત્રી પૂજા બિંદૂલી ધીરા તલાઈના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે લક્ષ્મણ સિંહ, મધુ સિંહ, કિશન સિંહ, ઉદય સિંહ, અર્જુન સિંહ, પરિવારના અન્ય સભ્યો અને ગામની મહિલાઓ સાથે મળીને રસ્તો રોકી દીધો. આરોપિત છે કે મધુ સિંહની પુત્રી મંજુ કુંવરે એક યુવાનનો કોલર પકડી લીધો, તેના પર જાતિવાદી અપશબ્દો ફેંક્યા અને જો બિંદૂલી ચાલુ રહી તો લોહીલુહાણ થવાની ધમકી આપી. ત્યારબાદ, હુમલાખોરોએ અચાનક ડીજે બંધ કર્યો, કન્યાને ઘોડા પરથી ઉતારી દીધી અને લગ્ન પક્ષ અને મહેમાનો પર લાકડીઓ, સળિયા અને તલવારોથી હુમલો કર્યો. આ હિંસક અથડામણમાં, તખ્ત સિંહ નામના વ્યક્તિએ તલવારથી હુમલો કર્યો હોવાના અહેવાલ છે, જેમાં વર્દી ચંદ, ગણેશ, જીતુ અને મંજુ મેઘવાલ સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. હુમલા દરમિયાન પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો, જેમાં મહિલાઓ અને બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પીડિતોનો આરોપ છે કે, હુમલા ઉપરાંત, હુમલાખોરોએ મહિલાઓના ગળામાંથી સોનાના મંગળસૂત્રો છીનવી લીધા હતા અને લૂંટ ચલાવી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં તણાવનું વાતાવરણ સર્જાયું છે. અરજદારે ડાબોક પોલીસ સ્ટેશનના અધિકારીને નામાંકિત આરોપીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવા અને ન્યાય સુનિશ્ચિત કરવા અપીલ કરી છે. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે.

# રાજસ્થાનમાં સગીર દલિત છોકરા પર કસ્ટડીમાં હુમલો : ચાર પોલીસકર્મીઓ સામે ગુનો નોંધાયો

(એજન્સી) તા.૧

રાજસ્થાનના ખૈરથલ-તિજારા જિલ્લાના ભીવાડી શહેરમાં એક ચોંકાવનારી ઘટનામાં, લોકેશ નામના ૧૬ વર્ષના દલિત છોકરા પર કસ્ટડીમાં હુમલો કરવાના આરોપમાં સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) સહિત ચાર પોલીસ કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પીડિત પરિવારની ફરિયાદ બાદ ૨૭ એપ્રિલે આ કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, લોકેશને ૨૧ એપ્રિલે મોટરસાયકલ ચોરીના કેસમાં કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો, કારણ કે તે સંબંધિત સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યો હતો. તેના પરિવારે આરોપ લગાવ્યો હતો કે ભીવાડીના યુઆઈટી પોલીસ સ્ટેશનમાં તેને ગંભીર માર મારવામાં આવ્યો હતો અને "થર્ડ-ડિગ્રી ટોર્ચર" કરવામાં આવ્યો હતો. છોકરાને બાદમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને હાલમાં તે ફેફસાના ચેપ માટે સારવાર હેઠળ છે. પોલીસ અધિક્ષક બ્રિજેશ જ્યોતિ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે છોકરાની હાલત સ્થિર છે. FIRમાં હુમલા સંબંધિત કલમો અને SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ જોગવાઈઓ શામેલ છે. આરોપીઓમાં એસએચઓ દારા સિંહ મીણા અને કોન્સ્ટેબલ ગોપાલ, ગોવિંદ અને પવન યાદવનો સમાવેશ થાય છે. પોલીસે ત્રાસના આરોપોને નકારી કાઢ્યા છે પરંતુ પુષ્ટિ આપી છે કે વધુ તપાસ ચાલી રહી છે. આ ઘટનાએ રાજ્યમાં મોટો રાજકીય વિવાદ ઉભો કર્યો છે. રાજસ્થાન વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા, કોંગ્રેસના ટીકારામ જુલીએ તેની સખત નિંદા કરી છે, તેને "ખૂબ જ નિંદનીય" અને "માનવતા પર કલંક" ગણાવ્યું છે. તેમણે આરોપ લગાવ્યો છે કે મુખ્યમંત્રી ભજનલાલ શર્માના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારમાં દલિતો, ગરીબો અને મહિલાઓ પર અત્યાચાર વધી રહ્યા છે. "જ્યારે રક્ષકો પોતે જ શિકારી બની જાય છે, ત્યારે સામાન્ય માણસ ક્યાં જાય છે ?" જુલીએ પૂછ્યું. તેમણે દાવો કર્યો હતો કે પીડિત પરિવારે શરૂઆતમાં દબાણ અને ફરિયાદ નોંધવામાં વિલંબનો સામનો કરવો પડ્યો હતો. જુલીએ તાજેતરના મહિનાઓમાં રાજસ્થાનમાં કસ્ટોડિયલ મૃત્યુની મોટી સંખ્યાને ઉજાગર કરવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ડેટાનો પણ ઉલ્લેખ કર્યો હતો, કાયદાના શાસનના પતન પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે તેમણે એસપી અને છોકરાના પરિવાર સાથે સીધી વાત કરી છે અને મુખ્યમંત્રીને દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

# મધ્યપ્રદેશ : દલિત વરરાજાના મંદિરમાં પ્રવેશ બાદ સામાજિક બહિષ્કાર અને રૂા.૧૧,૦૦૦ દંડ : સામાજિક સમસ્યા વધુ ગંભીર : તંત્ર મૌન

(એજન્સી) ભોપાલ, તા.૧

ગ્રામ પંચાયત (પંચાયત)ની બેઠક દરમિયાન એક હુકમનામું બહાર પાડવામાં આવ્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે જો ગામનો કોઈ ખેડૂત કે મજૂર આ દલિત પરિવારના કોઈપણ સભ્યને નોકરી પર રાખશે, તો તે વ્યક્તિને રૂા.૧૧,૦૦૦નો નાણાકીય દંડ થશે. મધ્યપ્રદેશના ખરગોન જિલ્લાના પાડલ્યા ગવલી ગામમાં, એક યુવાન દલિત વ્યક્તિના સ્થાનિક મંદિરમાં પ્રવેશ બાદ ગામની પંચાયતે દલિત પરિવારનો સામાજિક બહિષ્કાર કરવાનો આદેશ આપ્યો હતો. પરિણામે, પરિવાર સાથેના તમામ સામાજિક સંબંધો તોડી નાખવામાં આવ્યા હતા, અને ગામની દુકાનો, ડેરીઓ અને રાશન આઉટલેટ્સમાં તેમને માલ વેચવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. ધ મુકનાયકના અહેવાલ મુજબ, ગામના રહેવાસી નિર્મલ કાનડે (બલાઈ જાતિના)ના લગ્ન ૨૦ એપ્રિલે થયા હતા. વરરાજાએ જણાવ્યું હતું કે લગ્ન પછી, જ્યારે નવદંપતી હનુમાન મંદિરમાં પ્રાર્થના કરવા ગયા હતા, ત્યારે દરવાજા બંધ હોવાથી તેમને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. એવો આરોપ છે કે વરરાજાને ફક્ત દલિત હોવાને કારણે મંદિરમાં પ્રવેશવાથી રોકવામાં આવ્યો હતો. મંદિરના દરવાજાને તાળા પણ લગાવી દેવામાં આવ્યા હતા, જેના કારણે નવદંપતીનું અપમાન થયું હતું. તેમને મંદિર પરિસરની બહારથી પ્રાર્થના કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે, પોલીસ દેખરેખ હેઠળ વરરાજાને મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, પરિસ્થિતિ વધુ વણસી ગઈ. એવો આરોપ છે કે કેટલાક ગ્રામજનોએ "દલિત પરિવારને પાઠ ભણાવવા"ના ચોક્કસ હેતુથી પંચાયત બોલાવી હતી. ૨૪ એપ્રિલના રોજ યોજાયેલી આ પંચાયત દરમિયાન, નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાઃ ૧. દલિત પરિવારની "હુક્કા-પાણી" (સામાજિક ક્રિયાપ્રતિક્રિયા / મૂળભૂત જરૂરિયાતોની પહોંચ) કાપી નાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો - એટલે કે કોઈને પણ તેમના પાણીને સ્પર્શ કરવાની અથવા તેમની સાથે કોઈપણ સામાજિક સંબંધો જાળવવાની મંજૂરી નહોતી. ૨. સમગ્ર ગામમાં જાહેર ઘોષણા (ધીંધોરા) દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે કોઈ પણ દુકાનદાર આ પરિવારને રાશન, દૂધ અથવા અન્ય કોઈપણ વસ્તુ વેચશે નહીં. આ આદેશનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિનો સામાજિક બહિષ્કાર પણ કરવામાં આવશે. ૩. જો ગામના કોઈ ખેડૂત કે મજૂર આ દલિત પરિવારના સભ્યોને કામ (દૈનિક મજૂરી) માટે રાખશે, તો તે વ્યક્તિને રૂા.૧૧,૦૦૦નો નાણાકીય દંડ થશે. આ સમગ્ર ઘટના અંગે ખરગોન જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસે રાખેલા મૌનથી ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ભીમ આર્મીના કાર્યકરો અને સમર્થકોએ સોશિયલ મીડિયા પર આ જાતિ આધારિત નિર્ણયની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું છે કે તેઓ ટૂંક સમયમાં સ્થાનિકો સાથે બેઠક કરવા માટે ગામની મુલાકાત લેશે અને આ નિર્ણયનો વિરોધ કરતી વખતે જવાબદારો સામે અવાજ ઉઠાવશે. આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરતા, ભીમ આર્મીના નેતા સુનીલ અસ્તેએ મુખ્યમંત્રી મોહન યાદવને પ્રશ્ન પૂછ્યો. તેમણે પૂછ્યું કે શું તેમના વહીવટ હેઠળ, દલિતોને મંદિર પ્રવેશ, પાણી અને રાશન જેવી મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવાને "કાયદો અને વ્યવસ્થા" ગણવામાં આવે છે. કે પછી સરકાર આ રીતે ભારતીય બંધારણની પવિત્રતાનો અનાદર કરતી રહેશે.

# દિલ્હીએ IPL ઇતિહાસમાં પોતાના સૌથી મોટા લક્ષ્યનો પીછો કર્યો, રાજસ્થાન ૨૨૫ રન બનાવવા છતાં હારી ગયું



## દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સ સામે ૨૨૬ રનનો પીછો કર્યો, જે IPL ઇતિહાસમાં તેમનો સૌથી મોટો લક્ષ્ય હતો

જયપુર, તા.૧

IPL 2026 ની હાઈ-વોલ્ટેજ મેચમાં દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને ૭ વિકેટથી હરાવીને નોંધપાત્ર વિજય મેળવ્યો. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને બોર્ડ પર ૨૨૫ રન બનાવ્યા હતા. જવાબમાં દિલ્હીએ છેલ્લી ઓવરમાં ફક્ત ૩ વિકેટ ગુમાવીને આ લક્ષ્યનો પીછો કર્યો. IPL ઇતિહાસમાં દિલ્હીનો આ સૌથી મોટો પીછો છે. દિલ્હી કેપિટલ્સ માટે ઈનિંગ ખોલનારા પથુમ નિસાન્કા અને કે.એલ. રાહુલે તેમની ટીમને મજબૂત શરૂઆત અપાવી. બંને બેટ્સમેનોએ પ્રથમ વિકેટ માટે ૧૧૦ રન ઉમેર્યા. નિસાન્કાએ ૩૩ બોલમાં ૬૨ રન બનાવ્યા, જ્યારે રાહુલે ૪૦ બોલમાં ૭૫ રન બનાવ્યા. ત્યારબાદ નીતિશ રાણાએ ૧૭ બોલમાં ૩૩ રન બનાવ્યા. અંતે ટ્રિસ્ટન સ્ટબ્સે અણનમ ૧૮ અને આશુતોષ શર્માએ અણનમ ૨૫ રન બનાવીને તેમની ટીમ માટે મેચનો અંત લાવ્યો. રાજસ્થાન માટે રવિન્દ્ર જાડેજા, તુષાર દેશપાંડે અને જોફ્રા આર્ચરે ૧-૧ વિકેટ લીધી. કેપ્ટન રિયાન પરાગની શાનદાર ઈનિંગ્સના આધારે, રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સ (ડીસી) માટે ૨૨૬ રનનો લક્ષ્યાંક રાખ્યો. રાજસ્થાન આ મેચ જીતવા અને પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન મેળવવાનું લક્ષ્ય રાખશે. ટોસ જીત્યા પછી રિયાન પરાગે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. શરૂઆતમાં આ નિર્ણય ખોટો લાગ્યો. મેચના પહેલા બોલ પર સિક્સર ફટકારનાર યશસ્વી જયસ્વાલ (૬) ત્રીજા બોલ પર બોલર મિશેલ સ્ટાર્કના હાથે કેચ થઈ ગયો. આગામી ઓવરના પાંચમા બોલ પર, ટીમે વૈભવ સૂર્યવંશીને ગુમાવી દીધો, જે ફક્ત એક ચોગ્ગો ફટકારીને પેવેલિયન પાછો ફર્યો. ટીમે ૧.૫ ઓવરમાં ૧૨ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાંથી કેપ્ટન રિયાન પરાગે ધ્રુવ જુરેલ સાથે મળીને ૫૯ બોલમાં ત્રીજી વિકેટ માટે ૧૦૨ રન બનાવીને ટીમનો સ્કોર ૧૧૪ સુધી પહોંચાડ્યો. જુરેલે ૩૦ બોલમાં એક છગ્ગો અને ચાર ચોગ્ગા સાથે ૪૨ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો. ત્યાંથી રિયાન પરાગે રવિન્દ્ર જાડેજા સાથે મળીને ચોથી વિકેટ માટે ૨૮ બોલમાં ૫૩ રન બનાવીને ટીમને મજબૂત સ્કોર સુધી પહોંચાડી. જાડેજા ૧૪ બોલમાં ૨૦ રન બનાવીને આઉટ થયો, જ્યારે કેપ્ટન પરાગે ૫૦ બોલમાં ૯૦ રન બનાવ્યા, જેમાં ૫ છગ્ગા અને ૮ ચોગ્ગાનો સમાવેશ થાય છે. ડોનોવન ફેરેરાએ શુભમ દુબે સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે ૧૫ બોલમાં ૪૦ રન ફટકારીને રાજસ્થાનનો સ્કોર ૨૦૦ રનને પાર પહોંચાડ્યો. ફેરેરા ૧૪ બોલમાં ૪૭ રન બનાવીને અણનમ રહ્યા, જેમાં ૬ છગ્ગા અને ૨ ચોગ્ગાનો સમાવેશ થાય છે. રાજસ્થાને નિર્ધારિત ઓવરમાં ૬ વિકેટે ૨૨૫ રનનો સ્કોર બનાવ્યો. દિલ્હી કેપિટલ્સ માટે, મિશેલ સ્ટાર્કે ૪૦ રનમાં ૩ વિકેટ લીધી, જ્યારે કાયલ જેમીસન, અક્ષર પટેલ અને ટી. નટરાજને ૧-૧ વિકેટ લીધી. શુક્રવારે જયપુરમાં તેમની IPL ૨૦૨૬ની રમતમાં રાજસ્થાન રોયલ્સ પર સાત વિકેટની જીત સાથે ત્રણ મેચની હારનો સિલસિલો સમાપ્ત થયો.

# હોટેલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વીડિયો બનાવ્યો

## આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે

કોલંબો, તા.૧

શ્રીલંકા ક્રિકેટ જગતમાંથી એક શરમજનક ઘટના સામે આવી છે, જેમાં અંડર-૧૯ મેન્સ ટીમના બે ખેલાડીઓએ અભદ્રતાની તમામ હદો પાર કરી દીધી છે. આ બંને યુવા ક્રિકેટરો પર હોટલના બાથરૂમમાં મહિલા ખેલાડીઓનો વાંધાજનક વીડિયો બનાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે. કોલંબોની એક હોટલમાં રોકાયેલી મહિલા ખેલાડીઓએ ફરિયાદ કરી હતી કે બાથરૂમમાં મોબાઈલ ફોન દ્વારા તેમનો વીડિયો ઉતારવામાં આવ્યો છે. આ ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી કરતા ચાલુ સપ્તાહની શરૂઆતમાં બંને ક્રિકેટરોની ધરપકડ કરી હતી. ધરપકડ બાદ ખેલાડીઓને અલુથકાડે મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બંને ખેલાડીઓને ૫ લાખ શ્રીલંકન રૂપિયાના જામીન પર મુક્ત કર્યા છે. પોલીસ હાલ એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ વીડિયો સોશિયલ મીડિયા કે અન્ય કોઈ પ્લેટફોર્મ પર ઓનલાઈન શેર કરવામાં આવ્યા છે કે નહીં. આ કેસની આગામી સુનાવણી ૨૫મી મેના રોજ હાથ ધરવામાં આવશે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC) પોતે આંતરિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. છેલ્લા ૪૮ કલાકમાં બોર્ડમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. સરકારી દબાણને કારણે SLCના વડા અને અન્ય સભ્યોએ સામૂહિક રાજીનામું આપ્યું છે. જૂના અધિકારીઓને દૂર કરી મામલો ઉકેલવા માટે એક 'પરિવર્તન સમિતિ'ની રચના કરવામાં આવી છે. બોર્ડ દ્વારા હજુ સુધી આ ખેલાડીઓ સામે કોઈ સત્તાવાર શિસ્તભંગના પગલાંની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ભવિષ્યમાં કડક કાર્યવાહી થવાની સંભાવના છે. શ્રીલંકન ક્રિકેટ છેલ્લા ઘણાં સમયથી વિવાદો અને ખરાબ પ્રદર્શન સામે ઝઝૂમી રહ્યું છે. એક તરફ મુખ્ય ટીમોનું પ્રદર્શન નબળું રહ્યું છે, તો બીજી તરફ બોર્ડ અને ખેલાડીઓ વચ્ચે IPL માટે NOC આપવા જેવા મુદ્દે પણ મતભેદો ચાલી રહ્યા છે. અંડર-૧૯ સ્તરે બનેલી આ ઘટનાએ શ્રીલંકન ક્રિકેટની છબીને વધુ નુકસાન પહોંચાડ્યુંછે. નવી રચાયેલી સમિતિ આ શરમજનક ઘટના અને બોર્ડના અન્ય પડકારોનો કેવી રીતે સામનો કરે છે તેના પર સૌની નજર રહેશે.

# 'ગેસ પર પ્રથમ પ્રહાર અને હવે પેટ્રોલ-ડીઝલમાં પણ વધારો થશે' : રાજ્યની ચૂંટણીઓ સમાપ્ત થયા પછી વિપક્ષે કોમર્શિયલ LPG ભાવ વધારાને 'મોદી મોડલ'નું લક્ષણ ગણાવ્યું

## ૧ માર્ચથી કોમર્શિયલ LPG ભાવમાં ૧,૩૦૩ રૂપિયાનો વધારો થયો છે અને તેનાથી રાજકીય તોફાન શરૂ થયું છે અને વિપક્ષી પક્ષો કેન્દ્ર પર ટીકા કરી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ૯૩૩ રૂપિયાનો વધારો કરવાના પગલાની શુક્રવારે વિપક્ષ તરફથી આકરી ટીકા થઈ હતી, જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તેમણે પહેલા જ ચેતવણી આપી હતી કે રાજ્યની ચૂંટણીઓ સમાપ્ત થયા પછી મોંઘવારીનો માર લોકો પર પડશે. ૧ એપ્રિલે કોમર્શિયલ ૧૯ કિલોગ્રામ LPG સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૧૯૫.૫૦ રૂપિયા અને ૧ માર્ચે ૧૧૪.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તેથી, દિલ્હીમાં હવે કિંમત ૩,૦૭૧.૫ રૂપિયા છે જે અગાઉ ૨,૦૭૮.૫૦ રૂપિયા હતી. ઈરાનના યુદ્ધને લીધે વૈશ્વિક ઉર્જા ખર્ચમાં વધારો થવાને કારણે આ ભાવવધારો થયો છે. રાહુલે X (ટ્વિટર) પર લખ્યું કે, આજે, કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૯૯૩ રૂપિયા મોંઘો થયો છે. એક જ દિવસમાં સૌથી મોટો વધારો. આ ચૂંટણીનું બિલ છે. ફક્ત ત્રણ મહિનામાં ૮૧ ટકાનો જંગી ઉછાળો. ચાની દુકાન, ઢાબા, હોટેલ, બેકરી, મીઠાઈની દુકાન, દરેકના રસોડા પરનો બોજ વધ્યો છે અને આ તમારી થાળીને પણ અસર કરશે. પેટ્રોલ-ડીઝલ પહેલા આ પહેલો પ્રહાર છે, હવે પેટ્રોલ-ડીઝલ પર બીજો પ્રહાર થશે. આ પગલાંને મજૂર દિવસ પર 'ભેટ' તરીકે રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવમાં, આ દેશમાં માત્ર અમુક લોકો જ વૈભવી વસ્તુઓ પરવડી શકે છે, જ્યારે મોટાભાગના ઢાબા, રેસ્ટોરાં અને નાના ખાણીપીણી પર આધાર રાખે છે, તેથી કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ૯૯૩ રૂપિયા સુધી વધારવાથી તેમને નુકસાન થશે. આખરે, બોજ કામદારો પર પડશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ચૂંટણી પછી મોંઘવારી ઝડપથી વધશે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે અતિશય ભાવવધારાથી સામાન્ય લોકો માટે ખોરાક મોંઘો થશે. સિલિન્ડર મોંઘા થતા નથી; રોટલી-થાળી મોંઘી થાય છે. આ ફક્ત તે જ જાણે છે જે પોતે ખરીદે છે અને ખાય છે, તે નહીં જે બીજાની જગ્યાએ જઈને ખાય છે અથવા બીજાની થાળીમાંથી ચોરી કરે છે. જો તેમને સિલિન્ડર મોંઘો કરવો જ હોત, તો તેમણે તેને ફક્ત ૧,૦૦૦ રૂપિયા મોંઘો કરવો જોઈતો હતો. ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ કટાક્ષમાં કહ્યું કે, ભાવમાં ૧,૦૦૦ રૂપિયાનો વધારો ન કરીને પણ ફક્ત ૭ રૂપિયા ઓછા કરીને આ ભાજપના લોકો કોના પર ઉપકાર કરી રહ્યા છે. કોંગ્રેસના મહાસચિવ અને અલાપ્પુઝાના લોકસભા સાંસદ કે.સી. વેણુગોપાલે પણ સરકારના આ પગલાની ટીકા કરતાં કહ્યું કે, ચૂંટણી ચક્ર પૂરું થતાં જ, મોદી સરકારે LPG સિલિન્ડરના ભાવ વધારવામાં કોઈ સમય બગાડ્યો નહીં. ભાજપનો સામાન્ય ભારતીયોના દુઃખ પ્રત્યેનો આદર ચૂંટણીના યુક્તિઓ સુધી મર્યાદિત છે, જેના પછી તેઓને છોડી દેવામાં આવે છે. તેમણે કહ્યું કે, નાણાકીય બોજ તેમના પર નાખવાને બદલે, સરકારે નાના ખાણીપીણીના સ્થળો, રેસ્ટોરાં, વ્યવસાયો અને આ ઉદ્યોગ સાથે જોડાયેલા નાગરિકોને ભાવ આંચકાથી બચાવવા માટે એક નક્કર યોજનાનો આશરો લેવો જોઈતો હતો.


**સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ (ધ એક્ટ)ની કલમ ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ**

| ક્રમ નં. | દેણદાર(રો)નું નામ અને સરનામું | લોનની રકમ (રૂા.) | લોન એકાઉન્ટ નં. | મોર્ગેજ પ્રોપર્ટીની વિગતો | બાકી રકમ (રૂા.) | NPA તારીખ |
|---|---|---|---|---|---|---|
| | (A) | (B) | (C) | (D) | (E) | (F) |
| ૧.<br>૨.<br>૩.<br>૪.<br>૫.<br>૬. | શ્રી કલ્પેશ મનહરલાલ નવાબ<br>શ્રીમતી કિરન કલ્પેશ નવાબ<br>શ્રીમતી વિનીતા પરેશ નવાબ<br>શ્રી પરેશ મનહરલાલ નવાબ<br>શ્રી મનહરલાલ નંદસુખલાલ નવાબ<br>શ્રીમતી ભાનુબેન મનહરલાલ નવાબ | રૂા.૧,૪૯,૦૦,૦૦૦/- (રૂા. એક કરોડ ઓગણપાસ લાખ માત્ર) | ૫૧૫૫૮૦૦૯ | ૧. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૩ ક્ષેત્રફળ ૨૧૫ ચો.મી., મા અંબા કૃપા સોસાયટી, ઉત્તર તરફ સ્થિત જમીન રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી, જિ. સુરત અને ટીપી સ્કીમ નં.૬માં સમાવિષ્ટ, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખૂંટો તરફ<br>પૂર્વ : પ્લોટ નં.૨૧<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૨<br>દક્ષિણ : પ્લોટ નં.૧૪<br>૨. તે તમામ ટાઈટલ અને હિત ધરાવતા મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ પ્લોટ નં.૧૪ ક્ષેત્રફળ ૨૦૯ ચો.મી., મા અંબા કૃપા સોસાયટી, ઉત્તર તરફ સ્થિત જમીન રેવન્યુ સર્વે નં.૪૪/૧ પૈકી, મજુરા, તા. સિટી, જિ. સુરત અને ટીપી સ્કીમ નં.૬માં સમાવિષ્ટ, ફાઈનલ પ્લોટ નં.૨૮/એ, ખૂંટો તરફ<br>પૂર્વ : પ્લોટ નં.૨૨<br>પશ્ચિમ : પ્લોટ નં.૫<br>ઉત્તર : પ્લોટ નં.૧૩<br>દક્ષિણ : પ્લોટ નં.૧૫ | રૂા.૯૮,૩૬,૨૫૧.૪૫ (રૂા. અઠ્ઠાણું લાખ છત્રીસ હજાર બસ્સો એકાવન અને પીસ્તાળીસ પૈસા માત્ર) | ૦૧.૦૪.૨૦૨૬ |

જ્યારે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકમાં તેની શાખા કચેરી ધરાવે છે, બીર ધ સેરેબ્રમ આઈટી પાર્ક, કુમાર સિટી, કલ્યાણી નગર, પૂણે ૪૧૧૦૧૪ (ત્યારબાદ "બેંક" તરીકે ઓળખવામાં આવે છે) એ કોલમમાં લખેલા ઉપરોક્ત નામના દેણદાર(રો) સુધી લંબાવવામાં આવ્યો હતો. કોલમ Bમાં લોનની રકમ, લોન એકાઉન્ટ નંબર દ્વારા લખેલી અલગ ક્રેડિટ સુવિધાઓ અનુક્રમે સીરીયલ નંબર દ્વારા દેણદારોના દરેક સમૂહના નામ સામે કોલમ Cમાં ઉલ્લેખિત છે.
દરેક દેણદાર (ત્યારબાદ "સુરક્ષિત સંપત્તિ" તરીકે ઓળખાય છે)ના નામ સામે કોલમ Dમાં લખેલી સ્થાવર મિલકત પર ગીરો દ્વારા ઉક્ત ક્રેડિટ સુવિધાઓ અન્ય બાબતોમાં સુરક્ષિત કરવામાં આવે છે. ઉપરોક્ત નામના દેણદાર(રો) લોન ખાતામાં નાણાકીય શિસ્ત જાળવવામાં નિષ્ફળ ગયા છે અને બેંક દ્વારા બેંકિંગ વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમમાં જાળવવામાં આવેલા એકાઉન્ટના ખાતા મુજબ તેમના નામ સામે કોલમ Eમાં દર્શાવેલ બાકી રકમ અસ્તિત્વમાં છે. દરેક દેણદાર(રો).
ઉપરોક્ત નામના દેણદાર(રો)ના તરફથી લોનની રકમની ચુકવણીમાં સતત ડિફોલ્ટને કારણે ઉપરોક્ત નામના દેણદાર(રો)ના લોન ખાતાને બેંક દ્વારા ઉલ્લેખિત તારીખો પર નોન-પર્ફોર્મિંગ એસેટ/ટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત ધોરણોની અંદર કૉલમ Fમાં. પરિણામે ધારા ૧૩(૨) હેઠળની નોટિસો પણ દરેક દેણદારોને જારી કરવામાં આવી હતી, જેમણે ડિલિવરી વિના પરત મેળવ્યું છે.
ઉપરોક્ત ડિફોલ્ટને ધ્યાનમાં રાખીને, બેંક આ દ્વારા ઉપરોક્ત નામના દેણદાર(રો)ને ઉપરોક્ત કૉલમ Eમાં દર્શાવેલ તમામ બાકી લેણાંની ચૂકવણી કરીને બેંક પ્રત્યેની તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે ડિસ્ચાર્જ કરવા કહે છે, જેમાં અદ્યતન વ્યાજ, ખર્ચ અને શુલ્ક સામેલ છે. આ નોટિસના પ્રકાશનની તારીખથી ૬૦ દિવસની અંદર, જેમાં નિષ્ફળ થવા પર, બેંક સિક્યોર્ડ એસેટનો કબજો મેળવવા માટે હકદાર બનશે અને બેંકને કાયદામાં ઉપલબ્ધ છે તેમ અન્ય પગલાં પણ લેશે.
તે, કૃપા કરીને જાણ કરવામાં આવે છે કે તમે, ઉપરોક્ત નામના દેણદાર(રો) આથી અલગ થવાથી (ટ્રાન્સફર, વેચાણ, લીઝ અથવા અન્ય રીતે) અથવા તૃતીય પક્ષનું હિત ઊભું કરવાથી અથવા ચોક્કસ સિવાય કોઈપણ રીતે સુરક્ષિત સંપત્તિ સાથે વ્યવહાર કરવાથી પ્રતિબંધિત છે. બેંક તરફથી પૂર્વ લેખિત પરવાનગી. જાણ કરો કે તેનું કોઈપણ ઉલ્લંઘન એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષાને પાત્ર રહેશે.
તે, તમારા, દેણદારોનું ધ્યાન, SARFAESI એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮) તરફ આકર્ષિત કરવામાં આવે છે, જે સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે તમે સુરક્ષિત સંપત્તિને રિડીમ કરી શકો છો. જાહેર હરાજી અને/અથવા ઈ-ઓક્શન દ્વારા ક્વોટેશન આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિ(ઓ)ના વેચાણ માટેની નોટિસના પ્રકાશનની તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમનું ટેન્ડરિંગ, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ટેન્ડર.
તે, મહેરબાની કરીને નોંધ કરો કે આ સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ આખરી સૂચના છે. કહેવાની જરૂર નથી કે બેંક કોઈપણ અથવા તમામનો ઉપયોગ કરવાના તેના અધિકારની અંદર હશે. તમારા જોખમ, જવાબદારી અને ખર્ચ પર સંપૂર્ણપણે સરનામું આપનાર સામે ઉપર દર્શાવેલ અધિકારો.

તારીખ : ૦૨/૦૫/૨૦૨૬
સ્થળ : સુરત

સહી/-
અધિકૃત અધિકારી
સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

# નફરતી ભાષણ : સુપ્રીમ કોર્ટે 'કોરોના જેહાદ' અને 'UPSC જેહાદ' જેવા ૭ મુખ્ય કેસ કેમ ફગાવી દીધા ?

## નફરતી ભાષણ સુપ્રીમ કોર્ટના ચુકાદા ૨૦૨૬ : સુપ્રીમ કોર્ટે નફરતી ભાષણ અંગે કડક માર્ગદર્શિકા જારી કરી હતી, જોકે, તેણે 'કોરોના જેહાદ', 'યુપીએસસી જેહાદ' અને હરિદ્વાર 'ધર્મ સંસદ'માં આપવામાં આવેલા કથિત નફરતી ભાષણો સહિત સાત મુખ્ય કેસ ફગાવી દીધા

(એજન્સી) તા.૧

નફરતી ભાષણના ચુકાદા : ૨૯ એપ્રિલના રોજ, સુપ્રીમ કોર્ટે નફરતી ભાષણ સંબંધિત અરજીઓ પર વિગતવાર ચુકાદો આપ્યો. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બનેલી બેન્ચે સ્પષ્ટ કર્યું કે હાલના ફોજદારી કાયદા દ્વેષપૂર્ણ ભાષણનો સામનો કરવા માટે પૂરતા છે. અદાલતો ગુનાઓની નવી વ્યાખ્યાઓ બનાવી શકતી નથી, ન તો તેઓ વિધાનસભાને ચોક્કસ કાયદાઓ ઘડવા માટે ફરજ પાડી શકે છે. દ્વેષપૂર્ણ ભાષણ સંબંધિત અરજીઓ લાંબા સમયથી પેન્ડિંગ હતી. આ ચુકાદા સાથે, કોર્ટે ઘણા હાઇ-પ્રોફાઇલ દ્વેષપૂર્ણ ભાષણના કેસોને ફગાવી દીધા - જે બાબતો વર્ષોથી હેડલાઈન્સમાં છવાયેલી હતી. સમય પસાર થવાના કારણે અને તેમાં સામેલ ચોક્કસ તથ્યો, તેમજ તેમની ફાઈલિંગમાં પ્રક્રિયાગત ખામીઓને કારણે તે નિરર્થક (અપ્રસ્તુત) બની ગયા હોવાના આધારે તમામ સાત કેસ બંધ કરવામાં આવ્યા હતા. આમાંની મુખ્ય અરજી એડવોકેટ અને ભાજપ નેતા અશ્વિની કુમાર ઉપાધ્યાય વિરૂદ્ધ ભારત સંઘ અને અન્ય હતી.

**'કોરોના જેહાદ' કેસ**

આરોપો : કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન #Islamiccoronavirusjihad જેવા હેશટેગ અને સોશિયલ મીડિયા પર દ્વેષપૂર્ણ સામગ્રીનો પ્રચાર, જેને મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણીઓનું અપમાનજનક માનવામાં આવતું હતું. કાર્યવાહી ઈતિહાસ : આ મામલો સૌપ્રથમ તેલંગાણા હાઈકોર્ટમાં શરૂ થયો હતો. કોર્ટે સમગ્ર દેશમાં લાગુ રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો અને અવલોકન કર્યું હતું કે આ મુદ્દો પોતે જ ઉકેલાઈ ગયો છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો : સમય પસાર થવા સાથે, ફરિયાદની સુસંગતતા અસ્તિત્વમાં રહી ગઈ હતી. ત્યારથી સોશિયલ મીડિયાના વલણો બદલાઈ ગયા હતા. તેથી, વધુ સુનાવણીઓ બિનજરૂરી માનવામાં આવી હતી.

**તબ્લીગી જમાત ઘટના સંબંધિત મીડિયા કવરેજ**

આરોપો : કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન નિઝામુદ્દીન મરકઝ ઘટના પછી મીડિયાએ ગેરમાર્ગે દોરનારા અને સાંપ્રદાયિક કવરેજમાં ભાગ લીધો હોવાનો આરોપ.

પ્રક્રિયાગત ઈતિહાસ : સુપ્રીમ કોર્ટમાં સીધી અનેક રિટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

કોર્ટનો ચુકાદો : અરજીઓમાં સમાવિષ્ટ ઘણી પ્રાર્થનાઓ (રાહત માટેની વિનંતીઓ) રોગચાળાના સમયગાળા સાથે જોડાયેલી હતી, જે ત્યારથી પસાર થઈ ગઈ છે. મીડિયા નિયમન સંબંધિત મુદ્દાઓને હાલના કાયદાકીય માળખા દ્વારા ઉકેલવા જોઈએ.

**'યુપીએસસી જેહાદ' કેસ**

આરોપ : સુદર્શન ટીવી પર પ્રસારિત થયેલા એક કાર્યક્રમમાં મુસ્લિમોના સિવિલ સેવાઓમાં પ્રવેશ અંગે કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. અરજદારે મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ નિર્દેશિત આક્રમક ટીવી પ્રોગ્રામિંગને રોકવાની માંગ કરી હતી.

પ્રક્રિયા : કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટમાં સીધી અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

કોર્ટનો ચુકાદો : સાંપ્રદાયિક ભાષણનો સામનો કરવા માટે ફોજદારી જોગવાઈઓ પહેલાથી જ અસ્તિત્વમાં છે. કોર્ટ સમાંતર નિયમનકારી માળખું બનાવી શકતી નથી. હાલના કાયદાઓ હેઠળ રાહત મેળવવી જોઈએ.

**હરિદ્વાર અને દિલ્હી 'ધર્મ સંસદ'ના ભાષણો**

આરોપ : ડિસેમ્બર ૨૦૨૧માં હરિદ્વાર અને દિલ્હીમાં આયોજિત 'ધર્મ સંસદ' (ધાર્મિક સંસદ)ના કાર્યક્રમો દરમિયાન મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ હિંસા ભડકાવતા ભાષણો આપવામાં આવ્યા હતા.

કાર્યવાહી : કેસની તપાસ અને કાર્યવાહી પર દેખરેખ રાખવા માટે સીધી સુપ્રીમ કોર્ટમાં રિટ અરજી દાખલ કરવામાં આવી હતી.

કોર્ટનો ચુકાદો : હાલનો કાનૂની માળખું પૂરતો છે. કોર્ટ દરેક કેસમાં ''સતત આદેશ'' (સતત દેખરેખ)નો ઉપયોગ કરી શકતી નથી.

**ભાજપ નેતા નિતેશ રાણેનું ભાષણ**

આરોપ : માર્ચ ૨૦૨૪માં મુંબઈમાં 'સકલ હિન્દુ સમાજ'ના કાર્યક્રમમાં આપેલા ભાષણમાં કથિત રીતે મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવામાં આવ્યો હતો. FIR નોંધવાની માંગ કરવામાં આવી હતી.

કાર્યવાહી : સુપ્રીમ કોર્ટમાં સીધી અરજી દાખલ કરવામાં આવી હતી.

કોર્ટનો ચુકાદો : અરજદાર ઉપલબ્ધ કાનૂની ઉપાયોનો ઉપયોગ કરવામાં નિષ્ફળ ગયો (પહેલા પોલીસનો સંપર્ક કરવો, ત્યારબાદ મેજિસ્ટ્રેટનો સંપર્ક કરવો). આ કિસ્સામાં અસાધારણ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકાતો નથી.

**૫૫ નફરતભર્યા ભાષણની ઘટનાઓ અંગે અરજી**

આરોપ : વિવિધ રાજ્યોમાં નફરતભર્યા ભાષણની ૫૫ ઘટનાઓ બની, છતાં પોલીસે FIR નોંધવામાં નિષ્ફળ રહી. કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

પ્રક્રિયા : સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્દેશો (FIRની સ્વયંમો નોંધણી અંગે)ના ઉલ્લંઘનનો ઉલ્લેખ કરીને કોર્ટમાં અવમાનના અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

કોર્ટનો ચુકાદો : ઘણા કિસ્સાઓમાં, અરજદારો સ્થાનિક અધિકારીઓનો સંપર્ક કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ઔપચારિક ફરિયાદની ગેરહાજરીમાં સ્વયંમો FIR નોંધવામાં નિષ્ફળતા કોર્ટનો અવમાન નથી. કોર્ટ દ્વેષપૂર્ણ ભાષણના દરેક કિસ્સા પર નજર રાખી શકતી નથી.

કોર્ટનું અવલોકન : બંધુત્વ અને ગૌરવ જાળવવું એ બંધારણીય ફરજ છે. કેન્દ્ર સરકાર ૨૬૭મા કાયદા પંચના અહેવાલના આધારે નવો કાયદો ઘડવાનો વિચાર કરી શકે છે.



અનુરાગ ઠાકુર અને પરવેશ વર્માના 'ગોલી મારો' (તેમને ગોળી મારી દો) ભાષણો

આરોપો : જાન્યુઆરી ૨૦૨૦માં દિલ્હી વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન આપવામાં આવેલા ભાષણોમાં ઉશ્કેરણીજનક સૂત્રો અને નિવેદનો હતા, જેના પર સમુદાયો વચ્ચે દુશ્મનાવટ અને હિંસા ભડકાવવાનો આરોપ હતો. સીપીઆઈ(એમ)નેતા બ્રિન્દા કરાતે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

પ્રક્રિયા : પોલીસે એફઆઈઆર નોંધી ન હતી. ફરિયાદીએ સીઆરપીસીની કલમ ૧૫૬(૩) (હવે બીએનએસએસની કલમ ૧૭૫(૩)) હેઠળ મેજિસ્ટ્રેટનો સંપર્ક કર્યો હતો. મેજિસ્ટ્રેટ અને દિલ્હી હાઈકોર્ટ બંનેએ અગાઉથી સરકારી મંજૂરીની આવશ્યકતા દર્શાવીને રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો.

કોર્ટનો ચુકાદો : સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે કલમ ૧૫૬(૩) હેઠળ તપાસ માટે નિર્દેશો જારી કરવા માટે અગાઉથી મંજૂરીની જરૂર નથી. જો કે, તથ્યોની તપાસ કર્યા પછી, કોર્ટે શોધી કાઢ્યું કે ભાષણો (વીડિઓ, વગેરે)ની સામગ્રી કોગ્નિઝેબલ ગુનો નથી. ભાષણોએ કોઈ ચોક્કસ સમુદાયને લક્ષ્ય બનાવીને ફોજદારી જવાબદારી ઉભી કરી નથી. પરિણામે, તપાસ માટે નિર્દેશો આપવાનું કોઈ કારણ નહોતું.

આ ચુકાદાના પરિણામે દ્વેષપૂર્ણ ભાષણ સંબંધિત ઘણા જૂના કેસ બંધ થયા છે. સુપ્રીમ કોર્ટે ભાર મૂક્યો હતો કે કાયદાનો અમલ હાલના કાયદાકીય જોગવાઈઓ દ્વારા થવો જોઈએ.

**આંતરરાષ્ટ્રીય અહેવાલો શું કહે છે**

આ અહેવાલ જાન્યુઆરી ૨૦૨૬માં પ્રકાશિત થયો હતો. વોશિંગ્ટન સ્થિત સંશોધન જૂથ, ૨૦૨૫માં દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓમાં ૧૩%નો વધારો જોવા મળ્યો હતો. આ માહિતી વાર્ષિક અહેવાલમાં જાહેર કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, ૨૦૨૫માં આવા કુલ ૧,૩૧૮ કેસ નોંધાયા હતા - જે ૨૦૨૪માં ૧,૧૬૫ કેસ હતા તેનાથી વધુ છે અને ૨૦૨૩માં નોંધાયેલા ૬૬૮ કેસ કરતાં લગભગ બમણા છે. સરેરાશ, દરરોજ આવી ચાર ઘટનાઓ બની હતી. આમાંના મોટાભાગના કિસ્સાઓમાં, મુસ્લિમો લક્ષ્ય હતા.

**મુસ્લિમો વિરૂદ્ધ ૯૮% કેસ**

અહેવાલ દર્શાવે છે કે આમાંથી ૯૮% કેસ મુસ્લિમો વિરૂદ્ધ હતા. ૩૦૮ ભાષણોમાં - જે લગભગ ૨૩% કેસ હતા - હિંસા માટે સીધી અપીલ કરવામાં આવી હતી, જ્યારે ૧૩૬ કિસ્સાઓમાં, હથિયાર ઉપાડવા માટે હાકલ કરવામાં આવી હતી. હિંસા માટે અપીલમાં ૧૯% વધારો જોવા મળ્યો હતો. સૌથી વધુ કેસ ઉત્તરપ્રદેશમાં નોંધાયા હતા, જ્યાં ૨૬૬ ઘટનાઓ બની હતી. આ પછી મહારાષ્ટ્રમાં ૧૯૩ કેસ, મધ્યપ્રદેશમાં ૧૭૨, ઉત્તરાખંડમાં ૧૫૫ અને દિલ્હીમાં ૭૬ કેસ નોંધાયા. આમાંથી મોટાભાગના રાજ્યો ભાજપ શાસિત છે.

**વિહિપ અને બજરંગ દળ સામે આરોપ**

ઈન્ડિયા હેટ લેબ અનુસાર, કુલ ૧,૩૧૮ ઘટનાઓમાંથી ૧,૧૬૪ - અથવા ૮૮% - ભાજપ અથવા તેના ગઠબંધન ભાગીદારો દ્વારા શાસિત રાજ્યોમાં બની હતી. તેનાથી વિપરીત, વિરોધ પક્ષો દ્વારા શાસિત સાત રાજ્યોમાં માત્ર ૧૫૪ કેસ નોંધાયા હતા - જે ૨૦૨૪ની સરખામણીમાં ૩૪% ઘટાડો દર્શાવે છે. અહેવાલમાં નોંધાયું છે કે દ્વેષપૂર્ણ ભાષણ હવે ચૂંટણી સમયગાળા સુધી મર્યાદિત નથી; તેના બદલે, તે એક નિયમિત, વર્ષભરની ઘટના બની ગઈ છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ ૨૮૯ દ્વેષપૂર્ણ ભાષણ ઘટનાઓ સાથે જોડાયેલા હતા. સૌથી વધુ પ્રવક્તાઓમાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી હતા, જેમણે ૭૧ દ્વેષપૂર્ણ ભાષણો આપ્યા હતા. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના વડા પ્રવીણ તોગડિયાએ આવા ૪૬ ભાષણો આપ્યા હતા, જ્યારે ભાજપના નેતા અશ્વિની ઉપાધ્યાયે ૩૫ ભાષણો આપ્યા હતા. અપમાનજનક અને અભદ્ર ભાષાનો ઉપયોગ

૧,૩૧૮ ઘટનાઓમાંથી ૯૮% ઘટનાઓ મુસ્લિમોને નિશાન બનાવી હતી. ૩૦૮ ભાષણોમાં હિંસા માટે હાકલ કરવામાં આવી હતી, જ્યારે ૧૩૬માં શસ્ત્રો ઉપાડવાની હિમાયત કરવામાં આવી હતી. હિંસા માટેના હાકલમાં ૧૯%નો વધારો જોવા મળ્યો હતો.' તેમણે વધુમાં ઉમેર્યું : 'મોદીજીની 'કર્મભૂમિ' (કાર્યવાહીની ભૂમિ) - ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૨૬૬ કેસ નોંધાયા હતા. સૌથી મોટી વિડંબના એ છે કે અમિત શાહજી - જે કાયદો અને વ્યવસ્થા માટે સીધા જવાબદાર છે - દ્વેષપૂર્ણ ભાષણો આપનારાઓમાં છઠ્ઠા ક્રમે છે. આ વિશ્વના સૌથી મોટા લોકશાહીની દુઃખદ વાસ્તવિકતા છે.'

**ભાજપ રિપોર્ટને પક્ષપાતી માને છે**

ભાજપે સતત આરોપ લગાવ્યો છે કે ઈન્ડિયા હેટ લેબ ભારતનું પક્ષપાતી ચિત્રણ રજૂ કરે છે. પાર્ટીનો દાવો છે કે તેની નીતિઓ - જેમ કે ખાદ્ય સબસિડી અને વીજળી વિતરણ કાર્યક્રમો - બધા સમુદાયો માટે ફાયદાકારક છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતીય દૂતાવાસે આ અહેવાલ અંગે રોઈટર્સની ટિપ્પણી માટેની વિનંતીનો જવાબ આપ્યો ન હતો.

# કારોબારી સમિતિના અભાવે ઉત્તર પ્રદેશ ઉર્દૂ એકેડેમીની કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે

## લેખકો, કવિઓ અને પત્રકારો પુરસ્કારો સ્થગિત થવાથી માન્યતા ગુમાવી રહ્યા છે; નિષ્ણાતો કહે છે કે વિલંબથી પ્રકાશન, સંશોધન સહાય અને શિક્ષણ પ્રવૃત્તિઓને નુકસાન થયું છે

(એજન્સી) લખનૌ, તા.૧

ઉત્તર પ્રદેશ ઉર્દૂ એકેડેમી લાંબા સમયથી વહીવટી કટોકટીનો સામનો કરી રહી છે, લગભગ પાંચ વર્ષથી કોઈ કારોબારી સમિતિ નથી, જેના કારણે નિર્ણયો અટકી ગયા છે, પુરસ્કારો અટકી ગયા છે અને ઉર્દૂ સાહિત્યિક સમુદાયના સભ્યોમાં ચિંતા વધી રહી છે. કારોબારી સંસ્થાની ગેરહાજરીને લીધે અનેક સ્તરે એકેડેમીના કાર્યને અસર કરી છે. ઉર્દૂ ભાષા સાથે સંકળાયેલા વિદ્વાનો, લેખકો અને પત્રકારો કહે છે કે પરિસ્થિતિએ હતાશા અને અનિશ્ચિતતા પેદા કરી છે, કારણ કે મુખ્ય કાર્યક્રમો સ્થગિત છે. એકેડેમીના સચિવ શૌકત અલીએ પુષ્ટિ આપી કે કારોબારી સમિતિના અભાવે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો સ્થગિત થઈ ગયા છે. સમિતિ વિના, અમે નીતિગત નિર્ણયો લઈ શકતા નથી અથવા મુખ્ય બાબતો પર આગળ વધી શકતા નથી. સૌથી વધુ અસરો પૈકી એક એકેડેમી દ્વારા પરંપરાગત રીતે આપવામાં આવતા પુરસ્કારો સ્થગિત થયા છે. દર વર્ષે, પ્રખ્યાત ઉર્દૂ કવિઓ, લેખકો અને પત્રકારોને નાણાકીય સહાય સાથે માન્યતા મળતી હતી. શ્રેષ્ઠ લેખક માટેનો ટોચનો પુરસ્કાર રૂા.૫,૦૦,૦૦૦ સુધીનો હોઈ શકે છે, જ્યારે ડિજિટલ પત્રકારો રૂા.૨૫,૦૦૦થી શરૂ થતા પુરસ્કારો માટે પાત્ર હતા. પુસ્તકો માટેના નાના પુરસ્કારો, ઘણીવાર રૂા.૧૦,૦૦૦ સુધીના, પણ એકેડેમીની સહાય પ્રણાલીનો ભાગ હતા. છેલ્લા પાંચ વર્ષથી આ બધા પુરસ્કારો બંધ કરવામાં આવ્યા છે, તેનાથી પ્રોત્સાહન અને નાણાકીય સહાય બંને માટે આવી માન્યતા પર આધાર રાખનારાઓમાં નિરાશા છે.

ઉર્દૂ વિદ્વાનો કહે છે કે આ વિલંબ ફક્ત વહીવટી નથી પરંતુ તેના વ્યાપક સાંસ્કૃતિક પરિણામો પણ છે. ઉર્દૂ ભાષા અને સાહિત્યના જાણીતા નિષ્ણાત આફતાબ અહેમદ અફાકીએ પરિસ્થિતિને ચિંતાજનક ગણાવતા કહ્યું કે, ઘણા વર્ષો પછી પણ, કારોબારી સમિતિની રચના કરવામાં આવી નથી. આ એકેડેમી કેવી રીતે ચલાવવામાં આવી રહી છે તે અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. પુસ્તક પ્રકાશન, પુસ્તકાલય સેવાઓ, ઉર્દૂ કોચિંગ વર્ગો અને કમ્પ્યુટર તાલીમ જેવા કાર્યક્રમો કાં તો ધીમા પડી ગયા છે અથવા મર્યાદિત સ્તરે કાર્યરત છે. કેટલીક પહેલો સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આ ફક્ત એક સંસ્થા વિશે નથી, જ્યારે આવી સંસ્થાઓ ધીમી પડે છે, ત્યારે તે ભાષાના વિકાસને અસર કરે છે. સ્ટાફની અછતે પણ સમસ્યામાં વધારો કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે એકેડેમીમાં એક સમયે લગભગ ૫૪ કર્મચારીઓ કામ કરતા હતા, તે સંખ્યા હવે ઘટીને માત્ર ૧૮ થઈ ગઈ છે. ઘણા સ્ટાફ સભ્યો નિવૃત્ત થયા છે, અને નવી ભરતી થઈ નથી. સચિવના મતે, પરિસ્થિતિ એક્ઝિક્યુટિવ કમિટીની ગેરહાજરી સાથે જોડાયેલી છે. ફક્ત સમિતિ પાસે એકેડેમીના નિયમોમાં સુધારો કરવાનો અધિકાર છે. તે ફેરફારો વિના, પસંદગી પંચ દ્વારા ભરતી શરૂ થઈ શકતી નથી. નાણાકીય સમસ્યાઓ પણ છે. નિર્ણય લેવાની સત્તાના અભાવને કારણે, એકેડેમીએ તેના ૨૦૨૪-૨૫ બજેટમાંથી લગભગ રૂા.૪.૫ મિલિયન સરકારને પરત કરવા પડ્યા હોવાનું કહેવાય છે, કારણ કે ભંડોળનો ઉપયોગ થઈ શક્યો ન હતો. ફખરુદ્દીન અલી અહેમદ સમિતિ સાથે, એકેડેમી, રાજ્ય સરકાર હેઠળ કાર્ય કરે છે અને ઉર્દૂ, અરબી અને ફારસી ભાષાઓને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેના કાર્યમાં સંશોધકોને શિષ્યવૃત્તિ પૂરી પાડવી, પુસ્તકો પ્રકાશિત કરવા અને સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવાનો સમાવેશ થાય છે. નિષ્ણાતો માને છે કે કારોબારી સમિતિની રચનામાં સતત વિલંબ ફક્ત સંસ્થાને જ નહીં પરંતુ રાજ્યમાં ઉર્દૂ ભાષાના વ્યાપક વિકાસને પણ અસર કરી રહ્યો છે. લખનૌ સ્થિત એક લેખકે કહ્યું કે, ''ઘણા યુવા સંશોધકો અને લેખકો માટે, એકેડેમી સહાયનો સ્ત્રોત હતી. હવે તેઓ અવગણવામાં આવી રહ્યા છે. ઉર્દૂ સમુદાયના સભ્યો અને વિદ્વાનોએ રાજ્ય સરકારને એકેડેમીની કામગીરીને પુનઃસ્થાપિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે. તેમણે વહેલી તકે કારોબારી સમિતિની રચના કરવાની હાકલ કરી છે જેથી બાકી રહેલા નિર્ણયો મંજૂર થઈ શકે અને નિયમિત પ્રવૃત્તિઓ ફરી શરૂ થઈ શકે. આ વિલંબ જેટલો લાંબો સમય ચાલુ રહેશે, તેટલું વધુ નુકસાન થશે.




# અમેરિકાએ ભારતને ૧૪ મિલિયન ડોલરની કિંમતની ૬૫૭ કલાકૃતિઓ પરત કરી

## ન્યુ યોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ તરફથી કોન્સુલ રાજલક્ષ્મી કદમ દ્વારા હાજરી આપેલા એક કાર્યક્રમમાં પ્રાચીન વસ્તુઓ ભારત પરત કરવામાં આવી હતી

(એજન્સી) તા.૧

યુનાઈટેડ સ્ટેટ્સે ૬૫૭ પ્રાચીન વસ્તુઓ ભારતને પરત કરી છે, જેની કુલ કિંમત આશરે ૧૪ મિલિયન ડોલર છે. મંગળવારે મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગ દ્વારા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. ન્યુ યોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ તરફથી કોન્સુલ રાજલક્ષ્મી કદમ દ્વારા હાજરી આપેલા એક મુખ્ય કાર્યક્રમમાં પ્રાચીન વસ્તુઓ ભારત પરત કરવામાં આવી હતી. એક સત્તાવાર નિવેદનમાં, બ્રેગે જણાવ્યું હતું કે ચોરાયેલી કલાકૃતિઓ ભારતમાં પાછી મોકલવા માટે ''વધુ કામ કરવાનું બાકી છે.''

આર્ટ ડીલર સુભાષ કપૂર તેમજ દોષિત ટ્રાફિકર નેન્સી વિનર સંબંધિત બાબતો સહિત ટ્રાફિકિંગ નેટવર્ક્સની અનેક તપાસ પછી ચોરાયેલી વસ્તુઓ મળી આવી છે. ભારતમાં સાંસ્કૃતિક વારસાને નિશાન બનાવતા ટ્રાફિકિંગ નેટવર્ક્સનું પ્રમાણ ખૂબ મોટું છે, જે ૬૦૦થી વધુ વસ્તુઓ પરત કરવાથી સ્પષ્ટ થાય છે... કમનસીબે ચોરાયેલી કલાકૃતિઓ ભારત પરત કરવા માટે હજુ વધુ કામ કરવાનું બાકી છે, અને હું અમારી ટીમનો તેમના સતત પ્રયાસો બદલ આભાર માનું છું.

મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની ઓફિસ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી અને કાયદા અમલીકરણ એજન્સીઓના સહયોગની પ્રશંસા કરતા, ન્યૂ યોર્કમાં ભારતના કોન્સ્યુલ જનરલ, બિનયા પ્રધાને કહ્યું કે તેમની સતત સતર્કતાને કારણે ''આ સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ કલાકૃતિઓની પુનઃપ્રાપ્તિ અને પરત શક્ય બની હતી. ભારતને પરત કરવામાં આવેલી વસ્તુઓમાં 'અવલોકિતેશ્વર' ની ઈર મિલિયન કિંમતની કાંસ્ય મૂર્તિનો સમાવેશ થાય છે જે સિંહ-પાંખવાળા સિંહાસન પર કોતરેલા ડબલ-કમળના પાયા પર બેઠેલી છે. શિલાલેખ આ માટે કારીગરને સિપુરના દ્રોણાદિત્ય તરીકે ઓળખે છે, જે છત્તીસગઢમાં આધુનિક રાયપુરની નજીક સ્થિત છે. અહેવાલો મુજબ, ૧૯૩૯માં લક્ષ્મણ મંદિર પાસે શોધાયેલા કાંસાના મોટા ભંડારમાં અવલોકિતેશ્વરનો સમાવેશ થતો હતો. ૧૯૫૨ સુધીમાં, તેને રાયપુરના મહંત ઘાસીદાસ મેમોરિયલ મ્યુઝિયમના સંગ્રહમાં ઉમેરવામાં આવ્યું હતું. બાદમાં, ૧૯૮૨ સુધીમાં તે ચોરાઈ



ગયું અને યુનાઈટેડ સ્ટેટ્સમાં દાણચોરી કરવામાં આવ્યું. ત્યારબાદ, ૨૦૧૪ સુધીમાં તે ન્યૂ યોર્કના એક ખાનગી સંગ્રહમાં પહોંચી ગયું. ગયા વર્ષે, મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્નીની ઓફિસે આ કલાકૃતિ શોધી કાઢી અને તે સંગ્રહમાંથી તેને જપ્ત કરી. બીજી મુખ્ય વિશેષતા નૃત્ય કરતી 'ગણેશ'ની રેતીના પથ્થરની મૂર્તિ છે. આ મૂર્તિ કપૂરના આરોપી સહ-કાવતરાખોરોમાંથી એક રણજીત કંવર દ્વારા ૨૦૦૦માં મધ્યપ્રદેશ સ્થિત એક મંદિરમાંથી ચોરી કરવામાં આવી હતી. દોષિત તસ્કર વામન ઘિયાએ પછી આ મૂર્તિ ન્યૂ યોર્ક સ્થિત ગેલેરી માલિક ડોરિસ વિનરને વેચી દીધી. ૨૦૧૨માં એક હરાજીમાં, નૃત્ય કરતી 'ગણેશ' મૂર્તિ એક ખાનગી કલેક્ટર દ્વારા ખરીદવામાં આવી હતી, જેમણે પાછળથી આ વર્ષે તેને મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્નીની ઓફિસમાં સોંપી દીધી હતી. ઉપરાંત, ત્યાં લાલ રેતીના પથ્થરની એક મૂર્તિ છે જેમાં બુદ્ધ પોતાના જમણા હાથને 'અભય-મુદ્રા'માં ઉંચા કરીને ઉભા છે, જે રક્ષણનો સંકેત છે. આ મૂર્તિ ઉત્તર ભારતમાંથી લૂંટાઈ હોવાનું કહેવાય છે. કપૂરે ૭.૫ મિલિયન ડોલરની મૂર્તિ ન્યૂ યોર્કમાં દાણચોરી કરી હતી અને બાદમાં એન્ટિક્વિટીઝ ટ્રાફિકિંગ યુનિટ દ્વારા તેમના ન્યૂ યોર્ક સ્ટોરેજ યુનિટમાંથી એકમાંથી તેને મળી આવી હતી. કપૂરની તપાસ ડિસ્ટ્રિક્ટ એટર્નીના એન્ટિક્વિટીઝ ટ્રાફિકિંગ યુનિટ તેમજ હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશનના કાયદા અમલીકરણ ભાગીદારો દ્વારા એક દાયકાથી વધુ સમયથી કરવામાં આવી રહી છે. આ તપાસ દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાના વિવિધ પ્રદેશોમાંથી કથિત ગેરકાયદેસર લૂંટ, નિકાસ અને કલાકૃતિઓના વેચાણ સાથે સંબંધિત હતી. ૨૦૧૨ માં, કપૂર વિરુદ્ધ ધરપકડ વોરંટ મેળવવામાં આવ્યું હતું અને નવેમ્બર ૨૦૧૯ માં તેમના સાત સહ-પ્રતિવાદીઓ પર ચોરાયેલી પ્રાચીન વસ્તુઓની હેરફેરના કાવતરા બદલ આરોપ મૂકવામાં આવ્યો હતો. હાલમાં, કપૂરનું ભારતમાંથી પ્રત્યાર્પણ બાકી છે. તેને ૨૦૨૨ માં તેની તસ્કરી પ્રવૃત્તિઓ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

# હું રાજા ચાર્લ્સને કોહિનૂર હીરો પરત કરવા માટે પ્રોત્સાહિત કરીશ : NYCના મેયર મમદાની

## ૧૦૫.૬ કેરેટનો કોહિનૂર ડાયમંડ ૧૮૪૯માં મહારાજા દુલીપસિંહ દ્વારા રાણી વિક્ટોરિયાને ભેટમાં અપાયો હતો

(એજન્સી) તા.૧

અમેરિકાના ન્યુ યોર્ક શહેરમાં, રાજા ચાર્લ્સ ત્રીજા અને રાણી કેમિલાની યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની રાજ્ય મુલાકાતના ત્રીજા દિવસે ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ, નેશનલ સપ્ટેમ્બર ૧૧ મેમોરિયલ ખાતે એક સમારોહ દરમિયાન ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મામદાનીએ બ્રિટનના રાજા ચાર્લ્સ અને રાણી કેમિલાને શુભેચ્છા પાઠવી હતી.

ન્યૂ યોર્ક શહેરના મેયર ઝોહરાન મામદાનીએ કહ્યું કે તેઓ રાજા ચાર્લ્સ ત્રીજાને કોહિનૂર પરત કરવા માટે પ્રોત્સાહિત કરશે. જો હું રાજા સાથે અલગ વાત કરું, તો હું કદાચ તેમને કોહિનૂર હીરા પરત કરવા માટે પ્રોત્સાહિત કરીશ. મમદાનીને પૂછવામાં આવ્યું કે તેઓ અમેરિકાની તેમની રાજ્ય મુલાકાતના બીજા દિવસે ન્યુ યોર્ક શહેરની મુલાકાતે આવેલા રાજાને શું કહેશે.

મંગળવારે કિંગ ચાર્લ્સે યુએસ કોંગ્રેસની સંયુક્ત બેઠકને સંબોધિત કરી હતી. તેમને અને રાણી કેમિલાને વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ દ્વારા આયોજિત રાજ્ય રાત્રિભોજનમાં સન્માનિત કરવામાં આવ્યા હતા. કિંગ ચાર્લ્સ અને રાણી કેમિલાએ શહેરમાં ૯/૧૧ સ્મારકની મુલાકાત લીધી હતી અને આતંકવાદી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ અપર મેનહટનમાં બાળકો અને પરિવારોને ટેકો આપતા શહેરી ખેતરોના નેટવર્ક, હાર્લેમ ગ્રોનની પણ મુલાકાત લીધી હતી. મામદાનીએ ૯/૧૧ સ્મારક પર કિંગ



ચાર્લ્સ સાથે મુલાકાત કરી હતી. ૧૦૫.૬-કેરેટનો કોહ-એ-નૂર હીરા ૧૮૪૯માં મહારાજા દુલીપસિંહ દ્વારા રાણી વિક્ટોરિયાને ભેટમાં આપવામાં આવ્યો હતો. ૧૯૩૭માં રાણી માતાએ તેના તાજ પર તે પહેરાવ્યું હતું. ભારતે સંકેત આપ્યો છે કે તે યુનાઈટેડ કિંગડમથી કોહ-ઈ-નૂર પાછો લાવવાના રસ્તાઓ શોધવાનું ચાલુ રાખશે. દેશ સમયાંતરે યુકે સરકાર સમક્ષ આ મુદ્દો ઉઠાવતો રહ્યો છે અને કહ્યું છે કે તે ''આ મામલાનો સંતોષકારક ઉકેલ'' મેળવવાના માર્ગો અને માધ્યમો શોધવાનું ચાલુ રાખશે. કોહિનૂર હીરા હાલમાં લંડનના ટાવર ખાતે પ્રદર્શિત છે. રાણી માતા એલિઝાબેથના તાજમાં સ્થાપિત આ હીરાના ઘણા પૂર્વ માલિકો છે, જેમાં મુઘલ સમ્રાટો, ઈરાનના શાહ, અફઘાનિસ્તાનના અમીર અને શીખ મહારાજાઓનો સમાવેશ થાય છે.

# અલ્હાબાદ હાઈકોર્ટે રાહુલ ગાંધી વિરુદ્ધ 'ભારતીય રાજ્ય વિરુદ્ધ લડાઈ' ટિપ્પણી માટે FIR દાખલ કરવાની માંગ કરતી અરજી ફગાવી દીધી

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧

અલ્હાબાદ હાઈકોર્ટે શુક્રવારે સંભલ કોર્ટના આદેશને પડકારતી અરજી ફગાવી દીધી, જેમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ તેમની વિવાદાસ્પદ ''ભારતીય રાજ્ય સામે લડાઈ'' ટિપ્પણી બદલ FIR નોંધવાનો નિર્દેશ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની એકલ ન્યાયાધીશની બેન્ચે હિન્દુ શક્તિ દળના સિમરન ગુપ્તા દ્વારા દાખલ કરાયેલી અરજી ફગાવી દીધી, જેમણે દલીલ કરી હતી કે ગાંધીના નિવેદનથી દેશભરમાં જાહેર લાગણીઓને ઠેસ પહોંચી છે અને તે ''રાજદ્રોહી અને રાષ્ટ્રવિરોધી'' નિવેદન સમાન છે. આ વિવાદ ગયા વર્ષે જાન્યુઆરીમાં નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના નવા મુખ્યાલયના ઉદ્ઘાટન દરમિયાન ગાંધી દ્વારા કરવામાં આવેલી કથિત ટિપ્પણી સાથે સંબંધિત છે, જ્યાં તેમણે કહ્યું હતુંઃ ''અમે હવે ભાજપ, RSS અને ભારતીય રાજ્ય સામે લડી રહ્યા છીએ.'' ગુપ્તાએ દલીલ કરી હતી કે ગાંધીજીની ટિપ્પણીઓ ફક્ત રાજકીય ટીકા નહોતી પણ ભારતીય રાજ્યને એક વિરોધી શક્તિ તરીકે દર્શાવીને દેશને અસ્થિર કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ હતો. સંભલની સ્થાનિક કોર્ટે કોંગ્રેસ નેતા સામે એફઆઈઆર નોંધવાની અરજદારની અરજી ફગાવી દીધા બાદ આ



મામલો અલ્હાબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. ત્યારબાદ દાખલ કરાયેલી રિવિઝન અરજી પણ ફગાવી દેવામાં આવી હતી, જેના પગલે અરજદારે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી કરી હતી. ગાંધીએ ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પર હુમલો કરતા આ ટિપ્પણી કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેઓએ દેશની સંસ્થાઓ પર કબજો કર્યો છે અને કોંગ્રેસ બંધારણ અને ભારતના વિચારને બચાવવા માટે લડી રહી છે. તેમણે કહ્યું હતું કે, એવું ન વિચારો કે અમે ન્યાયી લડાઈ લડી રહ્યા છીએ. જો તમને લાગે છે કે આ ફક્ત ભાજપ કે આરએસએસ જેવા રાજકીય સંગઠન સામે છે, તો સમજો કે તેઓએ આપણા દેશની લગભગ દરેક સંસ્થા પર કબજો કરી લીધો છે. હવે આપણે ભારતીય રાજ્ય સામે જ લડી રહ્યા છીએ. આ ટિપ્પણીઓથી રાજકીય વિવાદ થયો હતો. ભાજપના નેતાઓએ ગાંધી પર ભારતની સાર્વભૌમત્વ અને બંધારણીય માળખાને નબળું પાડવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપના પૂર્વ પ્રમુખ જે.પી. નડ્ડાએ ત્યારે કહ્યું હતું કે ગાંધીના નિવેદનથી કોંગ્રેસના ''કદરૂપા સત્ય''નો પર્દાફાશ થયો છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેમના શબ્દો રાષ્ટ્ર સામે જ વૈચારિક યુદ્ધને પ્રતિબિંબિત કરે છે. આ પહેલા, ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૫૨ અને ૧૯૭(૧)(d) હેઠળ આસામના ગુવાહાટીના પાન બજાર પોલીસ સ્ટેશનમાં ગાંધી વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેમની ટિપ્પણીઓ રાજ્ય સામે અસંતોષ ઉશ્કેરે છે અને રાષ્ટ્રીય એકતાને જોખમમાં મૂકે છે.

અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરમાં ગાંધી સંબંધિત બીજી અરજી પર સુનાવણી કરી હતી, જેમાં અરજદાર દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટને લગતા વિવાદ બાદ બેવડી નાગરિકતાના આરોપો પર FIR નોંધવાની માંગ કરતી અરજીની સુનાવણીમાંથી ન્યાયાધીશ સુભાષ વિદ્યાર્થીએ પોતાને અલગ કરી દીધા હતા.

# ૧૦૦ કરોડની જમીનનો દસ્તાવેજ કરી આપવા માટે બીસીએએ કરેલો દાવો અદાલતે રદ કર્યો

## સાંકરદારામાં સ્ટેડિયમ બનાવવા માટે વર્ષ ૨૦૦૭માં એમઓયુ થયું હતું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧

વડોદરા નજીક સાંકરદામાં ક્રિકેટ સ્ટેડિયમ બનાવવા માટે બીસીએએ વર્ષ ૨૦૦૭માં જમીન ખરીદવા માટે જે એમઓયુ કર્યું હતું તે અંદાજીત ૧૦૦ કરોડની જમીનનો દસ્તાવેજ બીસીએને કરી આપવામાં આવે તે બાબતે કોર્ટમાં દાદ માંગવામાં આવતા અદાલતે આ દાવો સમયસીમા બહારનો હોઈ તેને રદ કરી દીધો હતો. અદાલતના આ ચૂકાદાના કારણે બીસીએને કરોડોની જમીન ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે આગામી દિવસોમાં આ કાનુની વિવાદ વધુ લંબાશે તેમ મનાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, બરોડા ક્રિકેટ એસોસિએશન (બીસીએ) દ્વારા ક્રિકેટ સ્ટેડીયમ બનાવવા માટે વડોદરાના સાંકરદા ગામમાં અંદાજે ૪૪.૬૯ લાખ સ્કવેર ફૂટ ખેતીની જમીન ખરીદવા માટે ૨૪ જુલાઈ, ૨૦૦૭ના રોજ જમીન માલિક (સાંકરદા સયુક્ત સહકારી મંડળી) અને અન્ય સભ્યો સાથે એક એમઓયુ કરવામાં આવ્યું હતું. આ સોદો કુલ રૂા. ૮.૨૨ કરોડમાં નક્કી થયો હતો, જેમાંથી બીસીએએ ૫૦ ટકા રકમ એટલે કે રૂા. ૪.૧૧ કરોડ બાના પેટે ચૂકવ્યા હતા.

કરાર મુજબ, સામાવાળાએ જમીન બિન-ખેતી કરવાની અને જરૂરી સરકારી મંજૂરીઓ મેળવવાની જવાબદારી લીધી હતી, જે બાદ બાકીની રકમ ચૂકવી વેચાણ દસ્તાવેજ કરવાનો હતો. જોકે, વર્ષો વીતવા છતાં મંજૂરીઓ ન મળતા ૨૦૧૩માં નવો કરાર થયો અને જમીન માલિકે વળતર સાથે રૂા. ૮.૨૨ કરોડ પરત કરવાનો ચેક આપ્યો, જે ચેક બેંકમાં જમા કરાવવામાં આવતા ચેક બાઉન્સ થયો હતો.

ચેક બાઉન્સ થતાં તેની સામે બીસીએએ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી અને તેમાં ચૂકાદો બીસીએની વિરુદ્ધમાં આવતા તે ચૂકાદા સામે હાલ સેશન્સ કોર્ટમાં અપિલ કરવામાં આવી છે તે હાલ પેન્ડિંગ છે. દરમિયાનમાં બીસીએએ ૨૦૨૩માં કોર્ટમાં દાવો કર્યો હતો કે,તેમને સમાચારપત્ર દ્વારા જાણવા મળ્યું કે આ જમીનની કિંમત અંદાજે ૧૦૦ કરોડ જેટલી થાય છે અને આ જમીન અન્ય કોઈ વ્યક્તિને વેંચવાના પ્રયાસ થઈ રહ્યાં છે. બીસીએએ દાવામાં રજૂઆત કરી હતી કે, ૨૦૦૭ના એમઓયુ મુજબ જમીનનો દસ્તાવેજ તેને કરી આપવામાં આવે. આ દાવામાં સામા પક્ષે દલીલ કરી હતી કે આ દાવો સમય મર્યાદા (લીમીટેશન એક્ટ)થી બહાર છે અને અગાઉ વસૂલાતનો દાવો કરી દીધો હોવાથી ફરીથી આ દાવો ચાલી શકે નહીં. બન્ને પક્ષની દલીલ અને સાંભળ્યા બાદ કોર્ટે અવલોકન કર્યું કે બીસીએએ ૨૦૧૫માં જ નાણાં વસૂલાતનો દાવો કર્યો હતો, ત્યારે જ ત્યારે જ તેમણે જમીનના દસ્તાવેજની માંગણી કરવી જોઈતી હતી. નવ વર્ષ બાદ કરવામાં આવેલો આ દાવો કાયદાકીય રીતે ટકી શકે તેમ નથી. અંતે, કોર્ટે બીસીએનો દાવો રદ કરવાનો આદેશ કર્યો હતો.

કોર્ટના ચૂકાદા બાબતે બીસીએના સુત્રોએ જણાવ્યું હતું કે, ટ્રાયલ કોર્ટના ચકાદાને અમે સેસન્સ કોર્ટમાં પડકારીશુ. જ્યારે આ ચૂકાદા બાબતે અરવીંદકુમાર જાનીએ જણાવ્યું હતું કે, ચેક રિટર્ન કેસમાં પણ તેમની જીત થયેલી છે અને તેની સામે બીસીએ અપિલમાં ગયું હોઈ તે કેસ હાલ સેશન્સ કોર્ટમાં પેન્ડિંગ છે.

# સુરેન્દ્રનગરમાં હેન્ડલૂમથી ટાવર રોડ પર પાણી ભરાતાં હાલાકી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧

સુરેન્દ્રનગર શહેરના મુખ્ય હાર્દ સમાન હેન્ડલૂમથી ટાવર રોડ પર દિવસ-રાત ભારે અવરજવર રહે છે. આ માર્ગ પરથી મહેતા માર્કેટ, ટાંકીચોક સહિતના વિસ્તારોમાં જવાતું હોવાથી શહેર તથા ગ્રામ્ય પંથકના લોકો માટે આ રોડ મહત્વનો બની ગયો છે. પરંતુ હાલ આ જ વ્યસ્ત માર્ગ પર પાણીની લાઈન લીકેજને કારણે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.રોડ પર આવેલા સટ્ટા હોલની આગળ પાણીની લાઈન લીક થવાથી રસ્તા પર પાણી ભરાઈ ગયું હતું. સાથે ખાડા પણ પડી ગયા છે.ટુવ્હીલર ચાલકો માટે આ સ્થિતિ જોખમકારક બની ગઈ છે. કેટલાક વાહનચાલકો પાણી ભરાયેલું હોવાને કારણે રસ્તો સમાન હોવાનું માનીને પસાર થવાના પ્રયાસમાં ખાડામાં ફસાઈ જતા રોષ વ્યક્ત કરી રહ્યા છે. આ સમસ્યા હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.



સ્થાનિકોએ તંત્રને તાત્કાલિક પગલાં લેવા અને લીકેજ દુર કરી રસ્તાની મરામત કરવાની માંગ કરી છે. જેથી લોકોને રાહત મળી શકે.

આ રોડ શહેરીજનો માટે મુખ્ય છે. બંને સાઈડ રાહદારીઓ અને વાહનચાલકો અવરજવર કરે છે. આ રોડ પર મોટી સંખ્યામાં બંને સાઈડો પર દુકાનો આવેલી છે. ત્યારે વસ્તુઓની ખરીદી કરવા આવતા લોકોને તકલીફ પડે છે.

### નિવૃત્તિ વિદાય સમારંભમાં અધિકારી-કર્મચારી વચ્ચેનો ભેદભાવ તોડ્યો

# સાબરકાંઠા SPએ કમાન્ડોને પોતાની ખુરશી પર બેસાડી સન્માન્યા



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે એક અનોખો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે તેમના કમાન્ડો તરીકે ફરજ બજાવતા એ.એસ.આઈ. દિનેશભાઈ ઝરીયાને નિવૃત્તિ પ્રસંગે વિશિષ્ટ સન્માન આપ્યું હતું.

વય મર્યાદાને કારણે નિવૃત્ત થતાં દિનેશભાઈ ઝરીયાએ વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. તેમની સેવાઓની કદર કરતા એસ.પી. ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે તેમને પોતાની ખુરશી પર બેસાડી સન્માનિત કર્યા હતા.

સામાન્ય રીતે ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે હોદ્દાનો અંતર રહેતું હોય છે, પરંતુ આ પ્રસંગે તે ભેદભાવને તોડીને સાચા નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ રજૂ થયું હતું. આ દૃશ્ય હાજર રહેલા પોલીસ કર્મચારીઓ માટે પ્રેરણાદાયક બન્યું હતું.

આ પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક પાયલ સોમેશ્વર સહિત પોલીસ પરિવાર તરફથી દિનેશભાઈને તેમના નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ગીર અભયારણ્યના પ્રતિબંધિત વિસ્તારમાં

# સાંસ્કૃતિક કાર્યક્રમો અને રાત્રિ રોકાણ માટે વન વિભાગ દ્વારા મંજૂરી અપાઈ નથી

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧

ગીર અભયારણ્યના પ્રતિબંધિત વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાત્રિ રોકાણના આયોજન અંગે વન વિભાગ ગીર પૂર્વ દ્વારા કોઈ પણ પ્રકારની મંજૂરી અપાઈ નથી. તાજેતરમાં વાઈરલ થયેલી પત્રિકાના સંદર્ભમાં વન વિભાગ ગીર (પૂર્વ)એ સ્પષ્ટતા કરી છે. ગીર અભયારણ્યના પ્રતિબંધિત વિસ્તારમાં સાંસ્કૃતિક કાર્યક્રમો તથા રાત્રિ રોકાણના આયોજનનો ઉલ્લેખ કરતી એક પત્રિકા તાજેતરમાં વાયરલ થઈ હતી. આ બાબતે સ્પષ્ટ કરવામાં આવે છે, કે આવી કોઈપણ પરવાનગી વન વિભાગ ગીર (પૂર્વ) દ્વારા આપવામાં આવી નથી.

ગીર અભયારણ્ય વિસ્તારમાં કોઈપણ પ્રવૃત્તિ કે જેમાં વધુ પ્રમાણમાં લોકો ભેગા થવાની શક્યતા છે અને જેના કારણે વન્યજીવોને ખલેલ પહોંચવાની શક્યતાઓ છે, એવી કોઈપણ મંજૂરી વિભાગ દ્વારા આપવામાં આવી નથી અને ભવિષ્યમાં પણ વન્યજીવો અને ગીરના વિશાળ હિતોને ધ્યાનમાં રાખીને આવી કોઈપણ મંજૂરી આપવામાં આવશે નહીં. આવી બાબતો સામે તાત્કાલિક તથા કડક કાર્યવાહી કરવામાં આવશે. ગીર (પૂર્વ) વિભાગ દ્વારા વન્યજીવન સંરક્ષણ રહેઠાણ સુધારણા તથા સ્થાનિક હિત ધારકો સાથે સહઅસ્તિત્વ જાળવવા માટે મહત્વ પૂર્ણ પહેલ કરવામાં આવી રહી છે, જેથી ટકાઉ વિકાસ અને વન્યજીવનના સર્વાંગી હિતમાં ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય. ગીર (પૂર્વ) વિભાગમાં સૌથી વધુ સિંહોની સંખ્યા નોંધાઈ છે. આ સિદ્ધિ ફ્રન્ટલાઈન વન કર્મચારીઓના અવિરત પરિશ્રમનું પ્રતિબિંબ છે. વિભાગ દ્વારા સંરક્ષિત વિસ્તાર તેમજ સંરક્ષિત વિસ્તારની બહાર વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જેથી દરેક વન્યજીવનને ઉચ્ચતમ સ્તરે સંરક્ષણ, પર્યાવરણીય સંતુલન તથા દીર્ઘકાલીન ટકાઉપણું સુનિશ્ચિત થઈ શકે. પર્યાવરણ સંરક્ષણના હિતમાં વિભાગ અસરકારક અને સમયસર પગલાં લેવા માટે પ્રતિબદ્ધ છે.

ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં દિવસ-રાત પેટ્રોલિંગ કરવામાં આવે છે, જેથી વન્યજીવનનું સંરક્ષણ મજબૂત રીતે જળવાઈ રહે. ગીર સાથે સંકળાયેલા તમામ હિતધારકો સાથે સંકલન કરી વિભાગ વન્યજીવન સંરક્ષણ માટે પ્રતિબદ્ધ છે. કોઈ પણ ગેરકાયદેસર અથવા વન્યજીવનને ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં અને તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. "ગીરમાં ગુંજતી સિંહની દરેક ગર્જના સંરક્ષણની સફળતાની યાદ અપાવે છે." તેમ નાયબ વન સંરક્ષક, ગીર પૂર્વએ એક યાદીમાં જણાવ્યું છે.

# મહેમદાવાદ : પોશડોડાના જથ્થા સાથે પકડાયેલા મધ્યપ્રદેશના બે શખ્સોને ૧૦ - ૧૦ વર્ષની સજા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧

મહેમદાવાદના ખાત્રજ ચોકડી પાસેથી સન ૨૦૨૨માં બાતમીના આધારે એનસીબીએ ૨૨૮ કિલોથી વધુ પોશડોડાના જથ્થા સાથે મધ્યપ્રદેશના બેને પકડી પાડ્યા હતા. આ કેસ નડિયાદની કોર્ટમાં ચાલી જતા નડિયાદની કોર્ટે બંને આરોપીઓને કસૂરવા ઠેરવીને ૧૦ વર્ષની સખત કેદની સજા અને પ્રત્યેકને ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

મળતી માહિતી મુજબ તા.૨૨ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ સવારના આશરે ૮:૫૦ કલાકે મહેમદાવાદ તાલુકાના ખાત્રજ ચોકડી પાસે એન.સી.બી. દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ટાટા ઈન્ડિગો માંજા ગાડી (નંબર GJ-15-AD-4436) અને મહિન્દ્રા બોલેરો પીકઅપ ગાડી (નંબર MP-13-GA-5996)માં ગેરકાયદેસર રીતે પાસ પરમિટ વગર લઈ જવાતો ૨૨૮.૯૬૦ કિલોગ્રામ પોશડોડા (પોશી સ્ટ્રો)નો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થો ખાત્રજ ચોકડી પાસે દલપત નામના વ્યક્તિને ડિલિવરી કરવાનો હતો, તે પૂર્વે જ આરોપીઓ પકડાઈ ગયા હતા.

આ કેસમાં પકડાયેલા આરોપીઓમાં જગદીશ કાના ભુરિયા અને દિનેશ ભીલજી ભુરિયા (બેદાવ્યા, તા. થાંદલા, જી. ઝાબુઆ, મધ્યપ્રદેશ) હોવાનું બહાર આવ્યું હતું

આ ગુના અંગે એન.સી.બી. પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે ગુના રજિસ્ટર નંબર NCB/AZU/21/2022થી NDPS એક્ટની કલમ ૮(સી), ૧૫ અને ૨૯ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. તપાસના અંતે ચાર્જશીટ રજૂ થતા આ કેસ ખેડા જિલ્લાની સ્પેશિયલ કોર્ટના જજ પી. પી. પુરોહિતની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો.

સુનાવણી દરમિયાન સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટરે દલીલો રજૂ કરી હતી. ફરિયાદી પક્ષ દ્વારા આશરે ૧૦ સાક્ષીઓની મૌખિક જુબાની અને ૫૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. પુરાવાઓ અને દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે બંને આરોપીઓને NDPS એક્ટની કલમ ૮(સી), ૨૦(બી) અને ૨૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠેરવ્યા હતા. કોર્ટે બંને આરોપીઓને ૧૦ વર્ષની સખત કેદની સજા અને ૧,૦૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો વધુ ૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

# સુરેન્દ્રનગર ખાતે ગુજરાત સ્થાપના દિવસની 'સેવા દિન' તરીકે ઉજવણી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧

ગુજરાત સ્થાપના દિવસને 'સેવા દિન' તરીકે ઉજવવાના રાજ્ય સરકારના અભિગમને સાર્થક કરવાના હેતુથી સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર જી.એચ. સોલંકીએ આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતેના જનસેવા કેન્દ્રની રૂબરૂ મુલાકાત લીધી હતી અને વિવિધ કામગીરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી નાગરિકોને મળતી સેવાઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તો અરજદારો સાથે સીધો સંવાદ કરી, તેમની રજૂઆતો સાંભળી હતી અને અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવા જરૂરી સૂચનાઓ આપી હતી.



મુલાકાત દરમિયાન કલેક્ટરે જણાવ્યું હતું કે, આજે ૧લી મે ૨૦૨૬, ગુજરાત સ્થાપના દિવસના અવસરે સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે આજે સવારે ૯થી ૧૨ વાગ્યા સુધી તમામ જનસેવા કેન્દ્રો અને તાલુકા કચેરીઓ ખાતે ઉચ્ચ અધિકારીઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં લોક પ્રશ્નોના નિરાકરણનું આયોજન કરાયું છે. આ અભિયાન અંતર્ગત હું પોતે કલેક્ટર તરીકે અહીં હાજર છું, જ્યારે પેટા વિભાગીય કચેરીઓમાં પ્રાંત અધિકારીઓ અને તાલુકા કચેરીઓમાં મામલતદારશ્રીઓ રૂબરૂ હાજર રહી અરજદારોની અરજીઓનો તાત્કાલિક નિકાલ કરી રહ્યા છે. ખાસ કરીને એટીવીટી (ATVT) હેઠળના દાખલાઓ અને પ્રમાણપત્રોની કામગીરીમાં ઝડપ લાવવા જણાવ્યું હતું. કલેક્ટરે ઉમેર્યું હતું કે, અમે આ ડિજિટલ સેવાનો વ્યાપ વધારવા વિશેષ ભાર મૂક્યો છે.

# મોડાસા ખાતે આંગણવાડી કાર્યકરો તથા આશા વર્કરો દ્વારા વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧

મોડાસા શહેરમાં આજે પહેલી મેના રોજ વિશ્વ મજદૂર દિવસ નિમિત્તે તેમજ ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે CITU દ્વારા તેમજ ગુજરાત આંગણવાડી કર્મ ચારી સંગઠન મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ આગળ ઝંડા વંદન તેમજ પહેલી મેના શહીદોને યાદ કરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ગુજરાત ભરમાં પહેલી મેનો દિવસ સીઆઈટીયુ તરફથી માંગ દિવસ તરીકે ઉજવવામાં આવે લ હતો અને ગુજરાત અને નરેન્દ્ર મોદીની સરકારે મજદૂર વિરોધી જે પગલાં ભરાય છે એ તમામ પગલાંઓ સામે રોષ વ્યક્ત કરી ડીઆર જાદવ એ જણાવ્યું હતું કે ચાર લેબર કોડ રદ કરવામાં આવે અને આજે માંગ દિવસ તરીકે જે માગણીઓ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું છે એ પ્રમાણે આંગણવાડી કર્મચારીઓના અને આશા વર્કરોના તમામ પ્રશ્નોને ઉકેલવામાં આવે અને સરકાર તરફથી આવનારા સમયમાં સકારાત્મક પગલાં ભરવામાં આવે જો આમ નહીં કરવામાં આવે તો ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા જે કાર્યક્રમ જાહેર થશે તે કાર્યક્રમને અરવલ્લી જિલ્લાના સી.આઈ.ટી. અને આંગણવાડી કર્મચારી સંગઠન તરફથી તેનો કડક અમલ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉર્મિલાબેન પરમાર CITUના પ્રદેશ મંત્રી ડી આર જાદવ, ભલાભાઈ ખાંટ, રાકેશ તરાર, હંસાબેન પરમાર મીનાબેન કડિયા વગેરે આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# મહુધા : ગૌવંશને ક્રૂરતાપૂર્વક બાંધી કતલખાને લઈ જવાના ગુનામાં અમદાવાદના બે ભરવાડ સહિત ત્રણને સજા

## નડિયાદ કોર્ટે ત્રણ આરોપીઓને સાત વર્ષની કેદ અને એક લાખ રૂપિયાના દંડ કર્યો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧

નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટે ગૌવંશને ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ કરવાના ઈરાદે લઈ જતા ત્રણ શખ્સોને દોષિત ઠેરવી પ્રત્યેકને ૭-૭ વર્ષની સખત કેદની સજા અને ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ છોટા હાથી ગાડીને પણ જપ્ત કરવાનો આદેશ કર્યો છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા અતુલભાઈ ગોવિંદભાઈ ભરવાડ, નવીનભાઈ જયરામભાઈ ભરવાડ અને પ્રવિણસિંહ ગંભીરસિંહ પરમાર પોતાની મારૂતિ કેરી કંપનીની છોટા હાથી ગાડી (નંબર જીજે-૨૭-ટીટી-૧૯૨૬)માં કોઈ પણ સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર બે ગાય અને બે વાછરડાઓને ભરીને જઈ રહ્યા હતા. આ પશુઓને કતલ કરવાના ઈરાદે અમદાવાદથી મહુધા કતલખાને લઈ જવામાં આવી રહ્યા હતા. હેરાફેરી દરમિયાન આ પશુઓને દયનીય હાલતમાં ક્રૂરતાપૂર્વક કસોક્સ દોરડા વડે બાંધેલા હતા. આ દરમિયાન ત્રણેય આરોપીઓ મુદ્દામાલ સાથે પકડાઈ ગયા હતા.

મહુધા પોલીસમાં નોંધાયેલા આ ગુના સંદર્ભે નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. સેશન્સ જજ પી.પી. પુરોહિતની કોર્ટમાં રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ અને ૧૦ મૌખિક જુબાનીઓને ધ્યાને લેવામાં આવી હતી. કોર્ટે પશુ સંરક્ષણ ધારા ૧૯૫૪ (સુધારા અધિનિયમ-૨૦૧૭)ની કલમ-૫(૧-ક), ૬(ક) અને ૮(૪) મુજબના ગુના હેઠળ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા.

અદાલતે તમામ આરોપીઓને સાત વર્ષની સખત કેદની સજા અને પ્રત્યેકને ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત, ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મારૂતિ કેરી કંપનીની છોટા હાથી ગાડી (નંબર જીજે-૨૭-ટીટી-૧૯૨૬)ને પણ ગુજરાત પશુ સંરક્ષણ ધારાની કલમ-૬(ક)(૩) મુજબ સરકાર હસ્તક જપ્ત કરવાનો આદેશ કર્યો છે.

# ડીસાની ગેનાજી ગોળિયા દૂધ મંડળીમાં રૂા.૧૦.૨૦ લાખની ઉચાપત

ડીસા, તા.૧

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામે આવેલી 'ધી ગેનાજી ગોળીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી'માં લાખો રૂપિયાની નાણાકીય ગેરરીતિનો મામલો સામે આવ્યો છે. મંડળીના માજી મંત્રીએ પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી ગ્રાહકોના પરસેવાના રૂપિયા ૧૦,૨૦,૧૪૦ની ઉચાપત કરી હોવાની ફરિયાદ નોંધાતા સહકારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે?

મંડળીના વર્તમાન ચેરમેન શંકરજી દલાજી માળી દ્વારા નોંધાવવામાં આવેલી વિગતો મુજબ, વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૫ દરમિયાન મોતીજી જોધાજી માળી (ગેલોત) મંત્રી તરીકે કાર્યરત હતા. આ સમયગાળા દરમિયાન હીસાબોમાં ગેરરીતિ જણાતા જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫નું ઓડિટ કરાવવામાં આવ્યું હતું. ઓડિટમાં કુલ રૂ. ૧૨,૭૧,૧૦૩.૬૫ની નાણાકીય ગેરરીતિ સામે આવી હતી. ગેરરીતિ બહાર આવ્યા બાદ મંડળીની કમિટી દ્વારા મોતીજી માળીને આ રકમ જમા કરાવવા મુદત આપવામાં આવી હતી. જેમાં તેમણે કટકે-કટકે રૂા. ૨.૫૦ લાખ જેટલી રકમ જમા કરાવી હતી, પરંતુ બાકીના રૂા. ૧૦,૨૦,૧૪૦ પરત કર્યા ન હતા. વારંવારની જાણ કરવા છતાં નાણાં ન ભરાતા આખરે ૭ એપ્રિલ ૨૦૨૫ના રોજ તેમને મંત્રી પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા.

આ મામલે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી, બનાસકાંઠાના આદેશ મુજબ, માજી મંત્રી મોતીજી જોધાજી માળી વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મંત્રીએ પોતાના આર્થિક ફાયદા માટે મંડળીના રેકોર્ડમાં ચેડાં કરી પશુપાલકોના નાણાં અંગત ખર્ચમાં વાપરી નાખ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# ડભોઈ તાલુકા પંચાયતના વિવાદમાં થયેલ એટ્રોસિટી ફરિયાદ રદ કરવાની માંગ!

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૧

ડભોઈ તાલુકા પંચાયત પટાંગણમાં ઉમેદવારી ફોર્મ પરત ખેચવાને લઈ થયેલ બબાલમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર દ્વારા જાતિવિષયક અપમાનની એટ્રોસીટીની ફરિયાદ ડભોઈ પોલીસ મથકે દાખલ કરવામાં આવેલ જેમાં ડભોઈ પોલીસ દ્વારા ૧૧૫ (૨)૧૮૯ (૨) ૧૯૦, ૧૯૧ (૨) ૨૯૬ (b), ૩૧૫(૩)ની કલમો સુધીર બારોટ, રાકેશ પટેલ, અંકિત બ્રહ્મભટ્ટ, કમલ બારોટ, અક્ષય બારોટ, અજય બારોટ અને દિલીપ પટેલ સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધવામાં આવી હતી. જેને લઈ બારોટ સમાજ સાથે અન્ય સમાજના લોકો ભેગા થઈ નાયબ કલેક્ટરને લેખિત આવેદનપત્ર આપી ઉપરોક્ત કેસમાં તપાસ કરવા રજૂઆત કરી ન્યાય આપવા વિનંતી કરાઈ છે. ડભોઈ તાલુકા પંચાયત પટાંગણમાં થયેલ રાજકીય કુસ્તી હવે સમાજના દ્વારે આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા પાટીદારના એસ.પી.જી. ગ્રુપ પણ ઉચ્ચ અધિકારીઓને રાજકીય વેરવૃતિવાળી એટ્રોસીટી બાબતે રજૂઆત કરી હતી. જેની શાહી સુકાઈ નથી ત્યાં બારોટ સમાજ દ્વારા રજૂઆત કરાતા રાજકીય એટ્રોસીટી ચર્ચાના એરણે ચડી છે નાયબ કલેક્ટરને આપવામાં આવેદન પત્રમાં રાજકીય ઈશારે લોભ લાલચ આપી ફરિયાદ કરાવવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવેલ છે. વડોદરા જિલ્લા પોલીસ વડાએ આવેદનપત્ર સ્વીકારી તટસ્થ તપાસ કરવાની ખાતરી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, પોલીસ કોઈપણ દબાણમાં આવ્યા વગર કાયદેસરની કાર્યવાહી કરશે.

# ધ્રાંગધ્રા-નારીચાણા રોડ પર માર્ગ અકસ્માતમાં પોલીસકર્મીનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧

સુરેન્દ્રનગર પંથકમાં રખડતા પશુઓનો એટલો બધો ત્રાસ વધી ગયો છે જેમાં ખાસ કરીને હવે ભૂંડ જેવા પ્રાણીઓ જાહેર માર્ગો ઉપર આડા ઉતરતા અકસ્માત સર્જાય છે. આવો જ એક બનાવો ધાંગધ્રા ખાતે બનવા પામ્યો છે. જેમાં ભૂંડ આડુ ઉતરતા ધાંગધ્રા નારીચાણા રોડ ઉપર બાઈક ઉપર જઈ રહેલા પોલીસ કર્મચારીને અકસ્માત સર્જાયો છે. માથામાં હેમરેજ થઈ જતા તેમને સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. જેમાં ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના પોલીસ બેડામાં પણ શોકની લાગણી છવાઈ જવા પામી છે. ધ્રાંગધ્રા ડિવિઝન કચેરીમાં ફરજ બજાવતા દેવકરણ ભૂવા આ અકસ્માતનો ભોગ બન્યા હતા. દેવકરણ ભૂવા પોતાનું બાઈક લઈને નારીચાણા રોડ પર જઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક આડે ભૂંડ આવી ગયું હતું. જેના કારણે બાઈક સ્લીપ થઈ ગયું અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.



# નડિયાદમાં દિન દહાડે નિવૃત્ત મહિલા આચાર્યના મકાનમાં રૂા.૪.૯૪ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં વૈશાલી રોડ પર નિલકંઠ મહાદેવ પાસે આવેલ નમસ્કાર બંગ્લોઝમાં એકલા રહેતા અને ન્યુ ઈંગ્લીશ સ્કૂલમાંથી પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયેલા ક્ષમાબેન ઠાકોરલાલ ભટ્ટ હાલ શારદા કન્યા કેળવણી ટ્રસ્ટમાં ડાયરેક્ટર તરીકે માનદ સેવા આપે છે નિવૃત મહિલા આચાર્ય ગઈકાલે સવારે ૧૦:૩૦ વાગ્યાના સુમારે મકાન અને તાળું મારી બંધ કરી પોતાની શાળાએ કામ અર્થે ગયા હતા, ત્યાર પછી તસ્કરોએ દિન દાહડે મહિલા નિવૃત આચાર્ય ક્ષમાબેન ભટ્ટ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું તસ્કરો મકાનના દરવાજાને મારેલ તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા અને મકાનનો સરસામાન વેર વિખેર કરી નાખી તસ્કરો બેડરૂમમાંની તિજોરી તોડી અંદર મુકેલ અંદાજે ૭ કિલો વજનની ચાંદીની ૧૪ નંગ લગડીઓ કિંમત રૂા.૧,૧૨,૦૦૦,૬૦૦ ગ્રામની ૬૦ નંગ નાની ચાંદીની લગડીઓ કિંમત રૂા.૧૦,૦૦૦, એક ચાંદીની લાકડી કિંમત રૂા.૧૨,૦૦૦ અને ચાંદીની પાવડીઓ તેમજ ૧૫ તોલા સોનાના દાગીના જેમાં બંગડીઓ અને સેટ કિંમત રૂા.૩,૦૦,૦૦૦ અને ૩૦ ગ્રામની સોનાની ૩ લગડીઓ કિંમત રૂા.૬૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૯૪,૬૫૦ની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.દરમિયાન નિવૃત્ત મહિલા આચાર્ય ક્ષમાબેન ભટ્ટ બપોરના દોઢ વાગ્યાના સુમારે શાળામાં કામ પતાવી ઘેર પરત આવ્યા હતા ત્યારે તેમણે પોતાના મકાનને મારેલ તાળું તૂટેલું જોતા ચોરી થયાની ઘટનાની જાણ થઈ હતી દરમિયાન જાણના પગલે નડિયાદ પશ્ચિમ પોલીસ ટીમ પણ ત્યાં દોડી આવી હતી. નડિયાદ પશ્ચિમ પોલીસે આ અંગે ઘરફોડ ચોરી નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન



અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નં-8ની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા બદલ વિજેતા ઉમેદવારોને આપણી લોકશાહીના આ પર્વમાં સતત ૭ ટર્મથી ચૂંટાઈને ૮મી ટર્મમાં જંગી બહુમતીથી ચૂંટાઈ આવવા બદલ **હાજી જહાંગીરખાન પઠાણ, બખ્તિયાર ખાન પટેલ, શબાનાબીબી મલેક, સીતાબેન વસાવા**ને **હાર્દિક શુભેચ્છા** "આપનો આ વિજય મતદારોના આપના પ્રત્યેના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. આગામી સમયમાં પણ વોર્ડ નં-8ના વિકાસ કાર્યોને વેગ આપતા રહો અને જનતાની સુખાકારી માટે સતત કાર્યરત રહો તેવા અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ !

લી. એક શુભેચ્છક તથા

ચેરમેન : આર્યન પ્રોસેસ પ્રાઈવેટ લિમિટેડ, અંકલેશ્વર.

ગુજરાતમાં આકરી ગરમીનો પ્રકોપ

# અનેક શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પાર, લોકો ત્રાહિમામ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

રાજ્યભરમાં આકરી ગરમીનો માહોલ યથાવત્ રહ્યો છે અને ગુજરાતીઓ ત્રાહિમામ પોકારી રહ્યા છે. આજે પણ મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રી વચ્ચે નોંધાયું છે. જેના કારણે લોકોના રોજિંદા જીવન પર ભારે અસર પડી રહી છે. ખાસ કરીને બપોરના સમયમાં રસ્તાઓ સૂમસામ જોવા મળે છે કારણ કે, લોકો ગરમીથી બચવા માટે ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી હીટવેવ જેવી પરિસ્થિતિનો ઈશારો આપવામાં આવી રહ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં પણ રાહત મળવાની શક્યતા ઓછી લાગી રહી છે. અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને ગાંધીનગર જેવા શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જ્યારે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૩ ડિગ્રી નોંધાયું છે. વડોદરા અને ભાવનગરમાં ૪૦ ડિગ્રી, ભૂજ અને ઈડરમાં પણ ૪૦ ડિગ્રી આસપાસ તાપમાન રહેતા લોકો પરેશાન બન્યા છે. સુરત અને નવસારીમાં તાપમાન થોડું ઓછું હોવા છતાં ૩૫થી ૩૬ ડિગ્રી વચ્ચે રહેતા ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે. રાજકોટ શહેરમાં ફરી એકવાર તાપમાનનો પારો વધતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. આકરી ગરમીથી બચવા માટે લોકો ઠંડા પીણાંનો સહારો લઈ રહ્યા છે. કોલ્ડ્રિંક્સ, લસ્સી, છાસ અને શેરડીનો રસ જેવી વસ્તુઓની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. રસ્તા પર શેરડીના રસના ઠેલા અને ઠંડા પીણાંની દુકાનો પર લોકોની ભીડ જોવા મળી રહી છે. ઘણા લોકો દિવસ દરમિયાન વધુ પાણી પીવા, હલકાં કપડાં પહેરવા અને સૂર્યપ્રકાશથી દૂર રહેવા જેવી તકેદારીઓ અપનાવી રહ્યા છે. ડોક્ટરો પણ લોકોને ગરમીથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાની સલાહ આપી રહ્યા છે.

**જનજીવન પર ગંભીર અસર પડી રહી છે અને ઘણી જગ્યાએ ગરમીના લીધે હીટ સ્ટ્રોકના પણ બનાવ બની રહ્યા છે**

હાલમાં લોકોના મનમાં એક જ પ્રશ્ન છે કે, આ આકરી ગરમીમાંથી રાહત ક્યારે મળશે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ આગામી થોડા દિવસોમાં તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જો કે, કેટલાક વિસ્તારોમાં પવનની ગતિ વધવાથી થોડોક રાહત મળી શકે છે. ત્યાં સુધી લોકોને સાવચેતી રાખવી જરૂરી છે. કારણ કે, વધુ ગરમીના કારણે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ વધી શકે છે. રાજ્યભરના લોકો હવે વરસાદ અથવા તાપમાનમાં ઘટાડાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

છ ટકા વસ્તી ધરાવતા ગુજરાતનું દેશના જીડીપીમાં આઠ ટકા યોગદાન : હર્ષ સંઘવી

# ૨૦૦૩માં ૧.૧૯ લાખ કરોડની જીડીપી ધરાવતા ગુજરાતની જીડીપી આજે ૨૭ લાખ કરોડને આંબી ચૂકી છે : નાયબ મુખ્યમંત્રી

## નાના વેપારીઓ અને રોકાણકારોના હિતને ધ્યાને રાખી રિઝનલ સમિટનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરતનાં આંગણે આજથી બે દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત સ્થાપના દિવસનાં અવસરે ઉપસ્થિત તમામ અતિથિઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસનાં વિપુલ અવસરોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતનો પાયો નાખવામાં આવ્યો હતો. જે આજે વટવૃક્ષ બની ચુક્યું છે. માત્ર ૭૬ એમઓયુ સાથે શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત આજે લાખો કરોડો રૂપિયાનાં રોકાણોથી છલકાઈ રહ્યું હોવાનો ઉલ્લેખ કરતાં તેણે જણાવ્યું હતું કે, ૨૦૧૦માં ૪૧ હજાર કરતાં વધુ એમઓયુ થયા હતા જેની કુલ રકમ ૨૬ લાખ કરોડ પર પહોંચી હતી. આજે વાઈબ્રન્ટ સમિટનાં ત્રીજા ભાગનો સુરતથી પ્રારંભ થયો છે ત્યારે તેમણે આ યાત્રામાં યોગદાન આપનારા અને સહયોગ કરનારા તમામ રોકાણકારો અને ઉદ્યોગપતિઓનો આઈભાર વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટને માત્ર ગાંધીનગર અને અમદાવાદ સુધી સીમિત રાખવાને બદલે નાના વેપારીઓ અને રોકાણકારોને તેમના વિસ્તારમાં જ લાભ મળે તે માટે રિઝનલ સમિટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતનાં વિકાસની ગાથા વર્ણવતાં તેઓએ જણાવ્યું હતું કે, સને ૨૦૦૩માં ગુજરાતની જીડીપી માત્ર ૧.૧૯ લાખ કરોડ હતી જે સને ૨૦૧૨-૧૩ સુધી વધીને ૭.૨૦ લાખ કરોડને આંબી ચુકી છે અને આજે આ આંકડો ૨૭ લાખ કરોડને પણ વટાવી ચુક્યો છે. દેશની કુલ વસ્તીનાં છ ટકા અને પાંચ ટકા જમીન ધરાવતું ગુજરાત રાજ્ય દેશનાં કુલ ડીજીપીમાં આઠ ટકાનું યોગદાન આપી રહ્યું હોવાનું હર્ષ સંઘવીએ જણાવ્યું હતું અને કહ્યું હતું કે, મર્ચેન્ટાઈલ ક્ષેત્રમાં ગુજરાતનું દેશભરમાં ૨૭ ટકા જ્યારે કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકા યોગદાન છે અને આ આંકડો સતત વધી રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પણ રાજ્ય ૩.૫ ટકા સાથે પ્રગિત કરી રહ્યું છે જે અન્ય રાજ્યોની તુલનામાં બે ગણો છે. રાજ્ય સરકાર ઔદ્યોગિક એકમો અને રોકાણકારોનાં હિતને ધ્યાને રાખીને જ તેમના સહયોગીની ભૂમિકા નિભાવી રહ્યું હોવાનું જણાવતાં હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, આજે કોઈપણ વેપારીને સરકારી કચેરીનાં ધક્કા ન ખાવા પડે તે માટે સરકાર કટિબદ્ધ છે અને જેનાં ભાગરૂપે જ સને ૨૦૨૪-૨૫માં પાંચ હજાર કરોડથી વધારે રૂપિયાનું ઈન્સેટિવ વિતરણ કરવામાં આવ્યું છે અને આ વર્ષે આ આંકડો સાત હજાર કરોડને આંબી જશે. રાજ્ય સરકાર પારંપરિક ઉદ્યોગની સાથે સાથે હવે ભવિષ્યની તકો પર પણ ગંભીરપણે આગળ વધી રહી છે અને તેનાં ભાગરૂપે જ આગામી દિવસોમાં ડેટા સેન્ટરથી માંડીને એવિએશન સેક્ટરમાં પણ નવી તકો ઉપલબ્ધ થશે. દક્ષિણ ગુજરાત રાજ્યની જીડીપીમાં હાલમાં ૨૫ ટકા યોગદાન આપી રહ્યું છે અને આ ટકાવારી વધે તે માટે સ્પેશ્યલ ઈકોનોમિક રિઝન દક્ષિણ ગુજરાતનાં રોડમેપ પર કામ શરૂ થઈ ચુક્યું હોવાનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે હર્ષ સંઘવીએ દક્ષિણ ગુજરાતમાં રહેલી ઔદ્યોગિક તકો અને વિકાસનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, માત્ર ડાયમંડ અને ટેક્સટાઈલ જ નહી પરંતુ આજે સુરતમાં દેશની ૬૦ ટકા સોલાર પેનલનું મેન્યુફેક્ચરિંગ થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં ડાંગ - તાપી અને નવસારી સહિત ગમે તે ખુણે આવેલ ઔદ્યોગિક એકમો માત્ર દોઢ કલાકમાં જ પોર્ટ સુધી પહોંચે તેવી સુવિધાઓ ઉપલબ્ધ છે અને જેને કારણે લોજીસ્ટીક ખર્ચમાં પણ એકમોને ઘટાડો થઈ રહ્યો છે.

### સુરત ડાયમંડ કટની પોસ્ટલ ટિકિટનું વિમોચન

ઓરો યુનિવર્સિટી ખાતે આયોજિત દક્ષિણ ગુજરાત વાઈબ્રન્ટ સમિટનાં કાર્યક્રમ દરમિયાન ગુજરાત સ્થાપના દિવસના અવસરે દક્ષિણ ગુજરાતનાં ગૌરવમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. ભારત સરકારનાં પોસ્ટલ વિભાગ દ્વારા સુરત કટ ડાયમંડને હાલમાં જ મળેલ જીઆઈ ટેગની માન્યતાને પગલે એક વિશેષ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ગુજરાતનાં પોસ્ટમાસ્ટર જનરલ દ્વારા આ અવસરે વિશેષ પોસ્ટલ ટિકિટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

### નાના વેપારીઓ-રોકાણકારોને લાભ રિઝનલ સમિટનો ઉદ્દેશ્ય

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, એક તબક્કે વાઈબ્રન્ટ ગુજરાતનાં કાર્યક્રમો ગાંધીનગર - અમદાવાદ સુધી સીમિત રહેતા હતા. અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા હવે માત્ર મોટા ઉદ્યોગપતિઓ અને રોકાણકારો જ નહીં પરંતુ ઉધના અને કડોદરા સહિતના નાના - નાના વિસ્તારોમાં વેપાર - ધંધો કરતાં વેપારીઓ અને નાના રોકાણકારોને પણ વાઈબ્રન્ટ ગુજરાત સાથે સાંકળી લેવાનો ભગીરથ પ્રયાસો કરાયો છે અને જેનાં ભાગરૂપે જ પહેલી વખત રાજ્ય સરકાર દ્વારા રિઝનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારનાં આયોજનને પગલે હવે નાના વેપારીઓથી માંડીને રોકાણકારોને પણ સીધો લાભ મળશે.

### મુંબઈથી દહીંસર કરતાં અમદાવાદથી મુંબઈ વહેલા પહોંચાશે

કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની વિકાસ ગાથાની સાથે - સાથે ભવિષ્યનાં પ્રોજેક્ટ્સ અંગે પણ ચિતાર રજૂ કર્યો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આઈકોનિક પ્રોજેક્ટ્સ રૂપી બુલેટ ટ્રેનનો ઉલ્લેખ કરતાં સંઘવીએ જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેનની કામગીરી પુરજોશથી ચાલી રહી છે અને આ યોજના સાકાર થતાં જ મુંબઈથી દહીંસર જવામાં જેટલો સમય લાગે છે તેનાથી ઓછા સમયમાં અમદાવાદથી મુંબઈ પહોંચી શકાશે. ખાસ કરીને મુંબઈથી દક્ષિણ ગુજરાત વચ્ચે બુલેટ ટ્રેનની કનેકટિવીટીને લીધે ઉદ્યોગપતિઓ એક જ દિવસમાં મુંબઈ કામ પતાવીને પરત પોતાનાં ઘરે પહોંચી શકશે.

### સમિટ દરમિયાન સુરતમાં બે દિવસમાં રેકોર્ડ બ્રેક એમઓયુનો નિર્ધાર

આજથી સુરતના આંગણે યોજાનાર બે દિવસીય દક્ષિણ ગુજરાત વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીએ આગામી બે દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં રેકોર્ડ બ્રેક એમઓયુનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, હાલમાં જ મહેસાણામાં ૩.૨૪ લાખ કરોડનાં એમઓયુ કરવામાં આવ્યા છે અને જે પૈકી મોટા ભાગનાં કાર્યરત થઈ ચુક્યા છે અથવા તો પ્રોસીઝરમાં છે. આ સિવાય રાજકોટમાં પણ ૫.૭૮ લાખ કરોડ રૂપિયાનાં એમઓયુ કરવામાં સફળતા સાંપડી છે ત્યારે આગામી બે દિવસમાં સુરત ખાતે યોજાનાર આ સમિટને અભૂતપૂર્વ સફળતા સાંપડશે અને નિશ્ચિતપણે મહેસાણા અને રાજકોટ કરતાં પણ વધારે રકમનાં એમઓયુ સુરતમાં થશે.

### જાપાનના એમ્બેસેડર કેચીઓનોએ ગુજરાતીમાં ભાષણ આપ્યું

સૌને નમસ્તે.... મારૂં નામ કેચીઓનો છે. હું ભારતમાં જાપાનમાં ભારતનો રાજદુત છું આ ગુજરાતી વાક્યો સાંભળતા જ સમિટ દરમિયાન ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના સૌ અતિથિઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આજના કાર્યક્રમ દરમિયાન અભિવાદન સમારોહ દરમિયાન જાપાનના એમ્બેસેડર કેચીઓનો દ્વારા ગુજરાતીમાં કરવામાં આવેલ ભાષણે સૌનું ધ્યાન આકર્ષિત કર્યુ હતું. તેઓએ ગુજરાતીમાં જણાવ્યું હતું કે, સને ૨૦૦૯થી જાપાન દેશ વાઈબ્રન્ટ ગુજરાતમાં ભાગીદાર દેશ તરીકે જોડાયું છે અને ત્યારથી જ જાપાન સતત ગુજરાતનાં પાર્ટનર દેશ તરીકે રહ્યું છે અને જેનો અમને ખુબ ગૌરવ છે. ભાષણ દરમિયાન સુરતનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, સુરત દેશનાં અગ્રણી શહેરોમાં સમાવિષ્ટ છે અને ડાયમંડ ક્ષેત્રે વૈશ્વિક કેન્દ્ર છે. બુલેટ ટ્રેનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, જાપાનની કંપનીઓ આજે ભારત દેશનાં અર્થતંત્રને મજબૂત સમર્થન આપી રહી છે.

જગદીશ વિશ્વકર્માના વિવાદિત નિવેદન પર કોંગ્રેસ આક્રમક

# અમિત ચાવડાએ કહ્યું : ગુજરાતની દરેક દીકરીની અસ્મિતા પર પ્રહાર

## ગેનીબેન ઠાકોરને લઈ જગદીશ વિશ્વકર્માએ વિવાદિત નિવેદન આપ્યું કે, 'તમારા સાડીના પાલવમાંથી બહેનોએ સીટો છીનવી લીધી'

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧

ગેનીબેન ઠાકોર પર ભાજપ પ્રદેશ પ્રમુખનું વિવાદિત નિવેદન સામે આવ્યું છે. પાલનપુરમાં કાર્યકર્તાઓને સંબોધતા જગદીશ વિશ્વકર્મા ભાન ભૂલ્યા હતા. ગેનીબેન ઠાકોરને લઈ જગદીશ વિશ્વકર્માએ વિવાદિત નિવેદન આપ્યું કે, 'તમારા સાડીના પાલવમાંથી બહેનોએ સીટો છીનવી લીધી' ત્યારબાદ કોંગ્રેસના નેતાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખ પર નિશાન સાધ્યું હતું. જગદીશ વિશ્વકર્માએ ગેનીબેન પર કરેલ ટિપ્પણીને લઈને અમિત ચાવડાએ સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી છે. રાજનીતિમાં શબ્દોની ગરિમા અને સંસ્કારોનું જ્યારે પતન થાય છે, ત્યારે સત્તાનો અહંકાર જન્મે છે. આ અહંકાર હંમેશા બહેન-દીકરીઓની અસ્મિતાને ઠેસ પહોંચાડે છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું તાજેતરનું નિવેદન કે 'સાડીના પલ્લુમાંથી સીટો ખેંચી ગયા', એ માત્ર એક રાજકીય કટાક્ષ નથી પણ ગુજરાત ભાજપના નેતાઓની સ્ત્રીઓ પ્રત્યેની એ માનસિકતાનું જીવતું-જાગતું ઉદાહરણ છે. ઈતિહાસ સાક્ષી છે કે, જે શાસકો કે શાસન દીકરીની સાડીની રક્ષા નથી કરી શકતું એનું પતન નિશ્ચિત છે. આજે બનાસના લોકપ્રિય સાંસદ ગેની બેન ઠાકોર જેવા સક્ષમ લોકપ્રતિનિધિ માટે વપરાયેલા આ હીન શબ્દો એ માત્ર એક વ્યક્તિનું અપમાન નથી પણ ગુજરાતની દરેક દીકરીની અસ્મિતા પર પ્રહાર છે. જીજ્ઞેશ મેવાણીએ કહ્યું કે, સત્તાના અહંકારમાં ગેનીબેન ઠાકોર માટે અભદ્ર નિવેદન આપ્યુંછે. ગુજરાતની પ્રત્યેક બહેન દીકરી અને માતાઓનું અપમાન થયું છે. જગદીશ વિશ્વકર્મા સામે ફોજદારી ગુનો દાખલ થવો જોઈએ. પાટણથી કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે પણ જગદીશ વિશ્કર્માને ઘેર્યા કહ્યું કે, ભાજપ પ્રદેશ પ્રમુખનું નિવેદન નિંદનીય છે. જગદીશ વિશ્વકર્માના વિવાદિત નિવેદન પર ચંદનજી ઠાકોરની પ્રતિક્રિયા સામે આવી તેમણે કહ્યું, બહેન દીકરી પર આવી ટિપ્પણી તદ્દન અયોગ્ય છે.

અમને ધમકાવે છે, ધમોડીના ગ્રામજનોમાં ફફડાટ

# છોટાઉદેપુરમાં હારનો બદલો ? ભાજપવાળાએ JCBથી રોડ તોડ્યો

## ભાજપના ઉમેદવારની હાર બાદ સમર્થકોના આક્રોશથી સ્થાનિકો ભયભીત : લોકો ખુલ્લેઆમ કંઈ બોલતા પણ ડરી રહ્યા છે

છોટાઉદેપુર, તા.૧

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ જ્યાં કેટલાક ઉમેદવારોમાં ખુશીની લહેર ફેલાઈ છે, ત્યાં કેટલાક ઉમેદવારોની હાર બાદ તણાવપૂર્ણ પરિસ્થિતિ પણ સર્જાઈ રહી છે. જેમાં છોટાઉદેપુર તાલુકાના મોટી સઢલી જિલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર અશોક રાઠવા અને આમ આદમી પાર્ટીના સુખરામ રાઠવા વચ્ચે થયેલી જિલ્લા પંચાયતની ચૂંટણી બાદ હવે વિવાદ ઉગ્ર બન્યો છે. જેમાં અશોક રાઠવાની હાર બાદ તેમના સમર્થકોમાં નારાજગી જોવા મળી રહી છે. ધમોડી ગામ ખાતે તાજેતરમાં બનાવેલો રોડ તોડી પાડવાનો મામલો સામે આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો છે. છોટાઉદેપુર જિલ્લાના ધમોડી ગામમાં ચૂંટણીના પરિણામ બાદ તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ છે. ભાજપના ઉમેદવાર અશોક રાઠવાની હાર બાદ તેમના સમર્થકોમાં અસંતોષ ફેલાયો છે. ગામ લોકોનું કહેવું છે કે, આ અસંતોષ હવે ગુસ્સામાં બદલાઈ ગયો છે અને તેનો આક્રોશ ગામના સામાન્ય નાગરિકો પર ઉતારવામાં આવી રહ્યો છે. હાલ ગામમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે, જ્યાં લોકો ખુલ્લેઆમ કંઈ બોલતા પણ ડરી રહ્યા છે. લોકો ભયભીત થતાં જીતેલા ઉમેદવાર સુખરામ રાઠવા ગામમાં પહોંચ્યા હતા. લોકોએ ગામના લોકોએ સ્થિતિનું વર્ણન કર્યું હતું. સુખરામ રાઠવાએ લોકો સાથે પ્રાંત અધિકારીને રજૂઆત કરી છે.

ગામ લોકોના જણાવ્યા અનુસાર પરિણામ બાદ કેટલાક લોકો JCB મશીન અને હાથમાં દંડા લઈને ગામમાં આવ્યા હતા. તેમણે તાજેતરમાં બનાવવામાં આવેલા આર.સી. રોડને વચ્ચેથી તોડી નાખ્યો હતો. આ રોડ સ્કૂલ અને એક ફળિયાને બીજા ફળિયા સાથે જોડતો મહત્ત્વનો માર્ગ છે, જેને નુકસાન પહોંચાડાતા લોકો માટે આવન-જાવન કરવા મુશ્કેલ બની ગયું છે. ઘટનાને પગલે લોકો ભયભીત થયા હતા, જેથી કોઈએ તેનો વિરોધ પણ કર્યો ન હતો. માત્ર રસ્તો જ નહીં પરંતુ રસ્તાની બાજુમાં આવેલા એક મકાનના ઓટલાને પણ તોડી પાડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ગામલોકોનું કહેવું છે કે, આ બનાવથી તેમની રોજિંદી જિંદગી પર અસર પડી છે. હાલ તેઓ તંત્ર પાસે ન્યાય અને સુરક્ષાની માગ કરી રહ્યા છે. સમગ્ર મામલે હજુ સુધી કોઈ સત્તાવાર કાર્યવાહી થઈ છે કે નહીં તે સ્પષ્ટ નથી પરંતુ ગામમાં દહેશતનો માહોલ છવાયો છે. આ મામલે ભાજપના તાલુકા ભાજપ પ્રમુખ રસિક રાઠવાને પૂછવામાં આવતા તેમણે જણાવ્યું કે, પારિવારિક કારણ હોઈ શકે છે. જે આક્ષેપ લાગવામાં આવ્યા છે, તે પાયા વિહોણા છે.

### બાગમને પ્રાઈમ ઓફિસ REITનો IPO પાંચ મેએ ખુલશે

અમદાવાદ,તા.૧

ગ્રેડ A + બિઝનેસ પાર્કર્સ ધરાવતી બેંગ્લુરૂ સ્થિત કમર્શિયલ ઓફિસ REIT બાગમને પ્રાઈમ ઓફિસ REIT એ તેના આઈપીઓ માટે પ્રતિ યુનિટ રૂા.૯૫થી રૂા.૧૦૦નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. બિડ/ઓફર મંગળવાર, ૦૫ મે, ૨૦૨૬ના રોજ ખુલશે અને ગુરૂવાર, ૦૭મે, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર અને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટર્સ સિવાયના રોકાણકારો માટે ઓછામાં ઓછા ૧૫૦ યુનિટ અને ત્યાર બાદ ૧૫૦ યુનિટના ગુણાકારમાં બિડ કરી શકાય છે.

આઈકોનિક રોડ પર હાઈટેક AI સિસ્ટમ કાર્યરત

# ગાંધીનગરમાં હવે ટ્રાફિક જ નક્કી કરશે સિગ્નલનો સમય

## આ સિગ્નલને પરિણામ સ્વરૂપ દરેક વાહનચાલકો-નાગરિકોનો વધારાનો સમય વેડફાતો અટકશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) દ્વારા શહેરના આઈકોનિક રોડ એવા ભાઈજીપુરા બ્રિજથી PDEU-GNLU-ગિફ્ટ સિટી રોડ ઉપર વાહન વ્યવહાર સુચારૂરૂપે ચાલતો રહે તેમજ રોડ સલામતી વ્યવસ્થા જળવાઈ રહે તે આશયથી સૌ પ્રથમ વખત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત ટ્રાફિક સિગ્નલ લગાવામાં આવ્યું છે. આ AI ટ્રાફિક સિગ્નલ મેટ્રોના બ્રિજ નીચે આવેલા હેપ્પીનેશ સર્કલ ખાતે કાર્યરત કરવામાં આવ્યું છે.

આ સિગ્નલને પરિણામ સ્વરૂપ દરેક વાહન ચાલકો-નાગરિકોનો વધારાનો સમય વેડફાતો અટકશે, ઓટોમેટીક ટ્રાફિક નિયમન, ટ્રાફિક નિયમ ભંગ દરમિયાન VOC મદદથી દંડની રકમનો મેમો વાહન માલીકને પહોંચાડી દેવા ઉપરાંત અનેક રીતે ઉપયોગી સાબિત થશે. આ AI આધારિત સિગ્નલ ટ્રાફિક પ્રમાણે સિગ્નલ જાતે જ બદલાશે.

ગાંધીનગર જિલ્લા ટ્રાફિકના પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, આ પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવ્યું છે. આની અસરકારકતા દેખાઈ રહી છે. હાલના સિગ્નલમાં જ્યારે વાહનો ઊભા હોય અને ૬૦ સેકન્ડનું સિગ્નલ હોય તો ગ્રીન સિગ્નલ વાહનો ન હોય તો પણ ચાલુ રહે છે અને હવે AI સિગ્નલથી જ્યાં રોડ ઉપર વધુ વાહનો હશે ત્યાં વધુ સમય સિગ્નલ ચાલુ રહેશે અને બિન જરૂરી ગ્રીન સિગ્નલ બંધ થશે, જેથી લોકોનો સમય વેડફાઇ નહીં.

ગાંધીનગરની ડેમોગ્રાફી મુજબ, ગાંધીનગરના રસ્તાઓ પર સાંજ અને સવારના સમયે ટ્રાફિકની અવરજવર અને ઘસારો અલગ-અલગ જોવા મળે છે. જેથી ભવિષ્યમાં જો વધુ સિગ્નલ આ પદ્ધતિથી કાર્યરત થશે તો લોકોનો સમય બચશે અને રોડ ઉપર વધુ પડતું ટ્રાફિક બંધ થશે.

# ઔદ્યોગિક એકમો પાણી ઉલેચવાને બદલે સરફેસ વોટરનો ઉપયોગ કરે : સી.આર. પાટીલ

## અમેરિકા-ચીન કરતાં બે ગણું પાણી આપણે જમીનથી ઉલેચીએ છીએ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સનાં કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે દેશમાં હાલમાં ભૂગર્ભ જળની સ્થિતિ ચિંતાજનક હોવાનું જણાવ્યું હતું. તેઓએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણા દેશમાં હાલમાં ૪ હજાર બીસીએમ (બિલીયન ક્યુબિક મીટર) વરસાદ પડે છે જેની સામે આપણને માત્ર ૧૧૦૦ બીસીએમ પાણીની જરૂરિયાત છે. પરંતુ સૌથી મોટી સમસ્યા આપણી સંગ્રહશક્તિની છે અને હાલમાં માત્ર ૭૫૦ બીસીએમ કેરિંગ કેપિસિટીને કારણે આપણા દેશમાં ભૂગર્ભમાંથી જળ ઉલેચવાનું પ્રમાણ સૌથી વધુ છે. તેઓએ જણાવ્યું હતું કે, હાલનાં તબક્કે આપણે અમેરિકા અને ચીન કરતાં પણ બે ગણું પાણી જમીનમાંથી કાઢીએ છીએ. જે ખૂબ જ ચિંતાજનક સ્થિતિ હોવાનું જણાવતાં તેઓએ આ પ્રસંગે ઔદ્યોગિક એકમોને ભૂગર્ભ જળને બદલે સરફેસ વોટરનો ઉપયોગ કરવા માટે ખાસ આગ્રહ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જે રીતે દેશમાં ભૂગર્ભ જળનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે તેનાં ભયંકર પરિણામો આવી શકે છે. હાલમાં જ પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટને ટાંકીને તેઓએ જણાવ્યું હતું કે, જમીનમાંથી પાણી ઉલેચવાને કારણે ધરતીની ધરી પણ હલી જવાની શક્યતા છે અને જેને કારણે હાલમાં મંત્રાલય દ્વારા આ રિપોર્ટ પર સઘન અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. તેઓએ છેલ્લા બે વર્ષમાં ભૂગર્ભ જળ સંચય યોજનામાં નોંધપાત્ર પરિણામો જોવા મળી રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી ૭૦ લાખથી વધુ સ્ટ્રક્ચર બની ચુક્યા છે. પાણીનાં ઉપયોગ અંગેનો ચિતાર રજુ કરતાં સીઆર પાટીલે જણાવ્યું હતું કે, દેશમાં હાલમાં આપણે ૮૩ ટકા પાણી ખેતીમાં અને ૧૪ ટકા પાણીનો ઉપયોગ કોમ્યુનિટીમાં જ્યારે માત્ર ૨.૫ ટકા પાણીનો વપરાશ ઔદ્યોગિક એકમોમાં કરવામાં આવી રહ્યો છે. સુરતનાં આગામી ૫૦ વર્ષ માટે પાણીનાં આયોજનની પ્રશંસા કરતાં તેઓએ બરાજનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, તેમના મંત્રાલય દ્વારા આ યોજના માટે ૬૦૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે જ્યારે ૨૦૦ કરોડ રાજ્ય સરકાર દ્વારા પણ ફાળવવામાં આવ્યા છે. જ્યારે ૨૦૦ કરોડ રૂપિયા સુરત મહાનગર પાલિકાને ખર્ચ ન કરવા પડે તે માટે કેન્દ્રની અલગ - અલગ યોજનાથી આ રકમ મળી રહે તે માટેનાં પ્રયત્નો પણ ચાલી રહ્યા હોવાનું તેઓએ જણાવ્યું હતું.

# આસારામની વચગાળાની જામીન અવધિમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા વધારો : ૧૫ જૂન સુધી રાહત

અમદાવાદ,તા.૧

ગુજરાત હાઈકોર્ટે ગાંધીનગરની સેશન્સ કોર્ટ દ્વારા ૨૦૧૩ના બળાત્કાર કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા આસારામને મોટી રાહત આપી છે. ગુરૂવારે સુનાવણી દરમિયાન અદાલતે આસારામની તબીબી સ્થિતિને ધ્યાને રાખીને તેમની વચગાળાની જામીન અવધિ ૧૫ જૂન, ૨૦૨૬ સુધી લંબાવવાનો આદેશ કર્યો છે. અગાઉ ૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ હાઈકોર્ટે તબીબી સારવારના આધારે તેમની સજા મોકૂફ રાખીને છ મહિના માટે વચગાળાના જામીન મંજૂર કર્યા હતા, જે પૂર્ણ થતા આસારામ દ્વારા મુદ્દત વધારવા માટે અરજી કરવામાં આવી હતી. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર.ટી. વચ્છાણીની ખંડપીઠે આ મામલે સુનાવણી કરતા નોંધ્યું હતું કે, અરજદારની તબીબી સ્થિતિ અને જામીન દરમિયાન અત્યાર સુધી કોઈ અઘટિત ઘટના ન બની હોવાના તથ્યોને જોતા જામીન લંબાવવા પાત્ર છે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે ૧૫ જૂન સુધીની આ રાહત અગાઉના જામીન ઓર્ડરની તમામ શરતો અને નિયમોને આધીન રહેશે. આસારામ તરફથી હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે તેમને સતત તબીબી દેખરેખ, સમયાંતરે મૂલ્યાંકન અને કટોકટીની સારવારની જરૂર હોવાથી જામીન વધુ છ મહિના લંબાવવા જોઈએ. બીજી તરફ, રાજ્ય સરકારના વકીલે આ અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે રાજસ્થાન હાઈકોર્ટમાં પણ આસારામ સામેના અન્ય એક બળાત્કાર કેસમાં તેમની સજાને પડકારતી અરજી પર ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તેથી આ તબક્કે જામીન વધારવા જોઈએ નહીં. ઉલ્લેખનીય છે કે જોધપુર સેશન્સ કોર્ટે ૨૦૧૮માં આસારામને સગીરા પર બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા ફટકારી હતી, જે કેસમાં રાજસ્થાન હાઈકોર્ટે બુધવારે જ તેમની વચગાળાની રાહત ૨૫ મે સુધી અથવા ચુકાદો આવે ત્યાં સુધી લંબાવી છે. ગુજરાત હાઈકોર્ટમાં હવે આ મામલે આગામી સુનાવણી ૧૨ જૂનના રોજ નિયત કરવામાં આવી છે. રાજ્યમાં ચાલી રહેલા આ કાયદાકીય વિવાદમાં આસારામની તબીબી સ્થિતિ અને અન્ય રાજ્યોમાં ચાલી રહેલા કેસોના સમન્વય વચ્ચે હાઈકોર્ટનો આ નિર્ણય અત્યંત મહત્વનો માનવામાં આવી રહ્યો છે.

### કચ્છમાં ૨.૯ની તીવ્રતાના આંચકાથી લોકોમાં ભય

કચ્છ, તા.૧

કચ્છ જિલ્લામાં ફરી એકવાર ધરતી ધ્રૂજી ઉઠતા લોકોમાં ક્ષણિક ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક વિગતો મુજબ બપોરે આશરે ૧૨:૦૫ વાગ્યે નોંધાયેલા આ ભૂકંપની તીવ્રતા ૨.૯ રિક્ટર સ્કેલ પર માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ તાલુકાના વોંધ નજીક નોંધાયું હોવાનું જાણવા મળ્યું છે. આ આંચકો મધ્યમ કક્ષાનો ગણાતો હોવા છતાં તેની અસર સ્થાનિક સ્તરે ખૂબ જ ઓછી રહી હતી અને કોઈ જાનહાનિ કે મોટી નુકસાનની માહિતી સામે આવી નથી. તેમ છતાં અચાનક અનુભવાયેલા આંચકાથી લોકો થોડા સમય માટે ગભરાઈ ગયા હતા.

### ગુજરાતમાં રૂા.૧૫ લાખથી વધુના સમ એશ્યોર્ડ તરફ ઝુકાવ જોવા મળ્યો

અમદાવાદ,તા.૧

ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીએ ગુજરાતમાં હેલ્થ ઈન્શ્યોરન્સ ખરીદવાની પેટર્નમાં નોંધપાત્ર પરિવર્તન હોવાનું નોંધ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોની તુલનામાં હવે ગ્રાહકો વધુ પ્રમાણમાં રૂા.૧૫ લાખ અને તેનાથી વધુ સમ ઈન્શ્યોર્ડ પસંદ કરી રહ્યા છે. આ ટ્રેન્ડ વધતી આરોગ્ય જાગૃતિ, મજબૂત નાણાકીય સુરક્ષાની જરૂરિયાત અને આરોગ્ય સેવાઓના વધતા ખર્ચને દર્શાવે છે.

### આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસે એસોસિએશન ઓફ ટ્રેડ યુનિયન (ATU)ના ઉપક્રમે રેલી યોજાઇ



અમદાવાદ,તા.૧

૧ મે એટલે કે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ આ દિવસ વિશ્વના કરોડો શ્રમિકોના પરસેવા અને તેમના સંઘર્ષને સમર્પિત છે આજે આઠ કલાકની શિફ્ટમાં કામ કરવાની સુવિધા મળી રહે છે તે મેળવવા માટે સેકડો મજૂરોએ પોતાના જીવ ગુમાવ્યા હતા ૧૯મી સદીમાં શરૂ થયેલી આ ક્રાંતિ આજે શ્રમિકોના હકોની યાદ અપાવે છે ૧૯ મી સદીમાં જ્યારે ઔદ્યોગિક ક્રાંતિ તેજ બની ત્યારે શ્રમિકોની હાલત દયની હતી કારખાનામાં મજૂરો પાસે ૧૪થી ૧૬ કલાક સુધી કામ લેવામાં આવતું હતું સુરક્ષાના કોઈ સાધનો ન હતા અને યુનિયન અસ્તિત્વ આવ્યા તેમનો એક જ નારો હતો ૮ કલાક કામ ૮કલાક આરામ અને આઠ કલાક પોતાના પરિવાર માટે નીપહેલ શરૂ થઈ ૧મે ૧૮૮૬ના રોજ અમેરિકાના શિકાગોના હેમાર્કેટ સ્ક્વેર ખાતે લાખો મજૂરો ૧ મેના રોજ એક શાંતિપૂર્ણ સભા ચાલી રહી હતી. ત્યારે અચાનક એક બોમ્બ ફેકવામાં આવ્યું ત્યારબાદ પોલીસે અંધાધૂન ગોળીબાર કર્યો જેમાં અનેક મજૂરો અને પોલીસ કર્મીઓના મોત થયા આ ઘટના બાદ અનેક મજૂર નેતાઓને ફાંસી આપવામાં આવી આ બલિદાનની યાદમાં ૧૮૮૯ના માં પેરિસમાં મળેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં દર વર્ષે ૧ મેના રોજ "મજૂર દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કરાયું હતું. જ્યારે ભારતમાં મજૂર દિવસની ઉજવણી સર્વ પ્રથમ ૧ મે ૧૯૨૩ના રોજ ચેન્નાઈ તત્કાલીન મદ્રાસમાં કરવામાં આવી હતી. લેબર કિસાન પાર્ટી ઓફ હિન્દુસ્તાન ધ્વારા આયોજન કરાયું હતું જેમાં ભારતમાં પહેલીવાર શ્રમિક એકતા ના પ્રતિક તરીકે લાલ ઝંડો લહેરવામાં આવ્યો હતો આજે પણ અસંગઠી ક્ષેત્રના મજૂરો માટે સંઘર્ષ ચાલુ છે. ૧મે આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસે એસોસિએશન ઓફ ટ્રેડ યુનિયન (ATU) જેમા ૨૦૦ જેટલા લેબર યુનિયન જોડાયેલા છે ATUના ઉપક્રમે અપના બજાર બહુમાળી બિલ્ડિંગથી શ્રમભવન, ખાનપુર સુધી યોજવામા આવેલી રેલી જેમા મોટી સંખ્યામા કામદારો જોડાયા હતા.

### ભારત પાસેથી પસંદગીના ક્રેડિટ કાર્ડ પોર્ટફોલિયો હસ્તગત કરાશે

અમદાવાદ,તા.૧

ફેડરલ બેન્ક અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક, ઈન્ડિયાએ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક, ઈન્ડિયા પાસેથી પસંદગીના ક્રેડિટ કાર્ડ પોર્ટફોલિયો મેળવવા માટે ફેડરલ બેન્ક માટે એક કરાર પર હસ્તાક્ષર કરવા સંમતિ દર્શાવી છે. આ વ્યવહાર પૂર્ણ થયા પછી ફેડરલ બેન્કના ક્રેડિટ કાર્ડ બેઝને વિસ્તૃત કરશે અને ઉચ્ચ ગુણવત્તાવાળા, અનુભવી ગ્રાહક આધાર સાથે ટાયર-૧ શહેરોમાં તેની હાજરીને નોંધપાત્ર રીતે વધુ ગાઢ બનાવશે.

**નામ બદલેલ છે**

જૂનું નામ :
અન્સારી આશીફ અબ્દુલઅઝીઝ
નવું નામ : અન્સારી આસિફ
સરનામું : 448 નહેરૂનગર મકરબા, અમદાવાદ-380051

**નામ બદલેલ છે**

જૂનું નામ :
મેમણ મોહંમદઅઝીમ આરીફભાઈ
નવું નામ : મેમણ અઝીમ આરીફભાઈ
સરનામું : 202 એસ.એફ.૨૩૨ સંજરી રેસીડેન્સી, પટેલવાસ દાણીલીમડા, અમદાવાદ-380028

# અખિલેશે બુદ્ધના વારસાને યાદ કરતા બંધારણ અને લોકશાહી માટે 'જોખમ' અંગે ચેતવણી આપી

## ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ રાજ્યમાં મુખ્ય બૌદ્ધ સ્થળોના વિકાસ માટે તેમના પક્ષના વિઝનની રૂપરેખા આપી હતી

(એજન્સી) તા.૧

સમાજવાદી પાર્ટી (SP)ના વડા અખિલેશ યાદવે શુક્રવારે ગૌતમ બુદ્ધના ઉપદેશોને તેમના રાજકીય સંદેશ પર ભાર મૂકતા ભાર મૂક્યો કે જે રાષ્ટ્રો પ્રગતિના શિખર પર પહોંચ્યા છે તેઓ બુદ્ધના માર્ગને અનુસર્યા છે અને તેમણે ભારતના બંધારણ અને લોકશાહી મૂલ્યો માટે જોખમો અંગે ચેતવણી આપી હતી. લખનૌમાં પાર્ટી કાર્યાલયમાં બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે યાદવે કહ્યું કે, ''લોકોએ સમયાંતરે જે જ્ઞાન આપ્યું છે તેમાં સૌથી મોટું યોગદાન ભગવાન બુદ્ધનું છે... આજે જે રાષ્ટ્રો શિખર પર ઉભા છે તેઓ ભગવાન બુદ્ધ દ્વારા બતાવેલા માર્ગને અનુસર્યા છે. તેમણે આપેલા સંદેશથી પરિવર્તન આવ્યું છે. બૌદ્ધ સાધુઓ સહિતના શ્રોતાઓને તેમણે રાજકીય ટિપ્પણી કરતા કહ્યું કે, ''એવી શક્તિઓ છે જે બાબાસાહેબ આંબેડકર દ્વારા આપવામાં આવેલા બંધારણ અને લોકશાહી માટે સતત ખતરો ઉભો કરી રહી છે. મને વિશ્વાસ છે કે 'બૌધભિક્ષુઓ' આપણને સફળ થવા માટે આશીર્વાદ આપશે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ રાજ્યમાં મુખ્ય બૌદ્ધ સ્થળો વિકસાવવા માટે તેમના પક્ષના વિઝનની પણ રૂપરેખા આપી. તેમણે કહ્યું કે બુદ્ધ સાથે સંકળાયેલા સ્થળો - જેમ કે સારનાથ અને કુશીનગર - ને બૌદ્ધ માર્ગના અનુયાયીઓ અને ''બહુજનસમાજ''ને વૈશ્વિક સમુદાય સાથે જોડવા માટે વધુ વિકસિત કરવામાં આવશે.



વર્તમાન સરકાર પર નિશાન સાધતા, યાદવે આરોપ લગાવ્યો કે કુશીનગરમાં મહત્વાકાંક્ષી મૈત્રેય પ્રોજેક્ટ અટકી ગયો છે. કેટલાક લોકો મૈત્રેય પ્રોજેક્ટ ઈચ્છતા ન હતા... જો તે પૂર્ણ થયો હોત, તો વિશ્વભરના લોકો આવ્યા હોત અને ભગવાન બુદ્ધના માર્ગને અનુસરવાની પ્રતિજ્ઞા લીધી હોત. જો કે, વર્તમાન સરકાર હેઠળ, તે પ્રોજેક્ટ અડધો અધૂરો છોડી દેવામાં આવ્યો છે. તેમણે કુશીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથક વિશે પણ વાત કરી, દાવો કર્યો કે જ્યારે તેની શરૂઆત પહેલા થઈ હતી, ત્યારે તેમની સરકારે તેનું બાંધકામ પૂર્ણ કર્યું. યાદવે રાજકીય વિરોધીઓ પર પ્રહાર કરતા કહ્યું, ''અમે તમને ખાતરી આપીએ છીએ કે આંતરરાષ્ટ્રીય વિમાનમથક શરૂ થશે અને એક આંતરરાષ્ટ્રીય શહેર બનાવવામાં આવશે.'' રાજકીય ટીકા સાથે આધ્યાત્મિક શ્રદ્ધાંજલિ સાથે યાદવની આ ટિપ્પણી બુદ્ધના દર્શનને નૈતિક દિશાનિર્દેશ અને શાસન માટે માળખા તરીકે સ્થાન આપવાનો પ્રયાસ છે અને બંધારણીય મૂલ્યો અને સાંસ્કૃતિક વારસાના સ્થળોના વિકાસ પ્રત્યે તેમની પાર્ટીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# મૌલાના તૌસીફ રઝાનું મોત : પરિવારે હત્યાનો આક્ષેપ કરતા ઉત્તર પ્રદેશ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરશે

(એજન્સી) બરેલી, તા.૧

ઉત્તર પ્રદેશના બરેલીમાં ૩૦ વર્ષીય મૌલાના તૌસીફ રઝા મઝહરીના રહસ્યમય મોતના મામલે નવો વળાંક આવ્યો છે. મૌલાનાના પરિવારે મારપીટ અને હત્યાનો ગંભીર આક્ષેપ કરીને ઔપચારિક ફરિયાદ નોંધાવ્યા બાદ, ઉત્તર પ્રદેશ પોલીસે હવે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. અગાઉ રેલવે દુર્ઘટના ગણવામાં આવતો આ કેસ હવે ગુનાહિત તપાસ તરફ વળ્યો છે.

ઘટનાની વિગત મુજબ, ૨૭ એપ્રિલને રવિવારના રોજ બરેલી કેન્ટ પોલીસ સ્ટેશન હેઠળના પાલપુર ગેટ પાસે રેલવે ટ્રેક પરથી મૌલાના રઝાનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે રેલવે સત્તાવાળાઓ અને પોલીસે તેને ચાલુ ટ્રેનમાંથી અકસ્માતે પડી જવાનો કિસ્સો ગણાવ્યો હતો. બિહારના કિશનગંજ જિલ્લાના બખોટોલી ગામના રહેવાસી મૌલાના રઝા એક મદરેસામાં શિક્ષક હતા અને બરેલીમાં આયોજિત 'ઉર્સ'ના કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. રેલવે કર્મચારીની માહિતી બાદ પોલીસે મોબાઈલ ફોન દ્વારા તેમની ઓળખ કરી પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ પરિવારને સોંપ્યો હતો. શરૂઆતમાં આ ઘટનાને અકસ્માત માની લેનાર પરિવારના સભ્યોએ ગુરુવારે પોલીસનો સંપર્ક કરી ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. મૌલાનાની પત્ની તબસ્સુમ ખાતૂને દાવો કર્યો છે કે તેણે તેના પતિ પર થઈ રહેલા હુમલાને લાઈવ વીડિયો કોલ દરમિયાન જોયો હતો. પત્નીના જણાવ્યા અનુસાર, ટ્રેનમાં કેટલાક અજાણ્યા શખ્સોએ તેના



પતિ સાથે મારપીટ કરી તેની હત્યા કરી છે. વીડિયો કોલના રેકોર્ડિંગમાં મૌલાના કરગરી રહ્યા હતા અને પત્નીને તાત્કાલિક પોલીસ બોલાવવા કહી રહ્યા હતા. મૌલાનાએ વીડિયો કોલમાં જણાવ્યું હતું કે કેટલાંક નશાખોર શખ્સોએ તેમને પકડી રાખ્યા છે, તેઓ તેમને ગાળો આપી રહ્યા છે, શારીરિક ઈજા પહોંચાડી રહ્યા છે અને તેમના પર ચોરીનો ખોટો આરોપ લગાવી રહ્યા છે. બરેલીના એસપી (સિટી) માનુષ પારીકે જણાવ્યું કે પરિવારની આ નવી ફરિયાદના આધારે હવે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ હૃદયદ્રાવક ઘટનાએ હવે ગંભીર વળાંક લીધો છે અને પોલીસ હત્યાના પાસા પર ઝીણવટભરી તપાસ શરૂ કરી રહી છે.

# ઉત્તર પ્રદેશ વિધાનસભામાં અરાજકતા : મહિલા અનામત બિલમાં મુસ્લિમ મહિલા આરક્ષણ અંગે વિવાદ

## મહિલા અનામત બિલ પર ચર્ચા દરમિયાન વિપક્ષ અને શાસક પક્ષના સભ્યો વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં ઉત્તર પ્રદેશ વિધાનસભામાં અંધાધૂંધી થઈ ગઈ હતી

(એજન્સી) તા.૧

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં મહિલા અનામત માળખામાં પછાત વર્ગો, દલિતો અને મુસ્લિમ મહિલાઓ માટે પેટા-ક્વોટાની માંગણીઓ પર ચર્ચા ઝડપથી ટકરાવમાં ફેરવાઈ ગઈ હતી. વિપક્ષના નેતા લાલ બિહારી યાદવે સરકારના અભિગમ પર સખત પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે આ દરખાસ્ત ભ્રામક રીતે રજૂ કરવામાં આવી રહી છે. આ દાન નથી. અમને ભિક્ષા નથી જોઈતી, અમને અધિકારો જોઈએ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે મુસ્લિમ મહિલાઓ સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોને ક્વોટામાં તેમનો યોગ્ય હિસ્સો મળવો જોઈએ અને તેઓએ પ્રશ્ન કર્યો કે અગાઉ પસાર કરાયેલ મહિલા અનામત કાયદો સંપૂર્ણપણે કેમ લાગુ કરવામાં આવ્યો નથી. રાજેન્દ્ર ચૌધરી અને શિવપાલ સિંહ યાદવ સહિત અન્ય વિપક્ષી નેતાઓએ સરકાર પર મહિલા સશક્તિકરણ બિલ તરીકે સીમાંકન કવાયતને છૂપાવવાનો આરોપ લગાવ્યો. તેમણે દલીલ કરી હતી કે પછાત, દલિત અને લઘુમતી મહિલાઓ માટે ચોક્કસ જોગવાઈઓ વિના, અનામત સમાજના સૌથી વંચિત વર્ગોને લાભ આપી શકશે નહીં. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વળતો પ્રહાર કર્યો અને મહિલા સશક્તિકરણને ટેકો આપવાની તક ગુમાવવા બદલ વિપક્ષની ટીકા કરતાં કહ્યું કે, તેમની પાસે તેમની છબી બદલવાની તક હતી, પરંતુ તેમણે તે ગુમાવી દીધી છે.

શાસક પક્ષના મંત્રીઓએ ધર્મ આધારિત અનામતની માગણીઓ નકારી કાઢી હતી, દલીલ કરી હતી કે બંધારણ ફક્ત ધાર્મિક આધાર પર અનામતની મંજૂરી આપતું નથી. બંને પક્ષના મહિલા ધારાસભ્યોએ ચર્ચામાં સક્રિયપણે ભાગ લીધો હતો. મંત્રી વિજય લક્ષ્મી ગૌતમે જણાવ્યું હતું કે દેશભરની મહિલાઓ જોઈ રહી છે અને તેમના મત દ્વારા જવાબ આપશે. મંત્રી



પ્રતિભા શુક્લાએ ભાર મૂક્યો હતો કે વધુ પ્રતિનિધિત્વ મહિલાઓને ગૃહમાં સીધા તેમના મુદ્દાઓ ઉઠાવવા સક્ષમ બનાવશે.

બંને પક્ષના સભ્યો સૂત્રોચ્ચાર કરીને ગૃહમાં વેલ પાસે ભેગા થતાં કાર્યવાહી ટૂંક સમયમાં અસ્તવ્યસ્ત બની ગઈ હતી. વિપક્ષના સભ્યોએ પ્લેકાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કર્યું, જ્યારે શાસક પક્ષે વળતા સૂત્રોચ્ચાર સાથે જવાબ આપ્યો, જેના કારણે થોડો સમય વિક્ષેપ પડ્યો હતો. સ્પીકર સતીશ મહાનાએ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે દરમિયાનગીરી કરવી પડી અને શિષ્ટાચારની અપીલ કરી હતી.

આ વિવાદ આગામી ચૂંટણીઓ પહેલા ઊંડા રાજકીય વિભાજનને દર્શાવે છે. શાસક પક્ષે શાસનમાં મહિલાઓની ભાગીદારી વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, ત્યારે વિપક્ષે આગ્રહ કર્યો કે મુસ્લિમો સહિત હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોની ચિંતાઓને સંબોધ્યા વિના આ નીતિ અધૂરી છે.

# ગૌમાંસના પરિવહનની શંકાએ વાહન જપ્ત કરવા બદલ હાઈકોર્ટે યુપી સરકારને ફટકારી; ૨ લાખ રૂપિયા વળતર ચૂકવવા આદેશ

(એજન્સી) નવી દિલ્હી/લખનૌ, તા.૧

અલ્હાબાદ હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, માત્ર ગૌમાંસના પરિવહનની શંકાના આધારે કોઈ વ્યક્તિ વિરૂદ્ધ કાર્યવાહી કરવી ગેરકાયદેસર છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈપણ અમલીકરણ પહેલા વૈજ્ઞાનિક પુષ્ટિ અનિવાર્ય છે. આ મામલે હાઈકોર્ટે ઉત્તર પ્રદેશ સરકારને બાગપતના રહેવાસી મોહમ્મદ ચાંદને ૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે, જેમનું વાહન ઓક્ટોબર ૨૦૨૪માં માત્ર શંકાના આધારે જપ્ત કરવામાં આવ્યું હતું. જસ્ટિસ સંદીપ જૈને ૨૭ એપ્રિલના રોજ આ ચુકાદો આપતા અવલોકન કર્યું હતું કે, સત્તાવાળાઓએ પૂરતા પુરાવા વિના અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વગર ઉતાવળિયું પગલું ભર્યું હતું. અદાલતે જણાવ્યું કે સંબંધિત કાયદા હેઠળ, જ્યાં સુધી અધિકૃત પ્રયોગશાળા (લેબોરેટરી)નો રિપોર્ટ એ વાતની પુષ્ટિ ન કરે કે જપ્ત કરાયેલ માંસ ખરેખર ગૌમાંસ છે, ત્યાં સુધી કોઈ કાર્યવાહી કરી શકાય નહીં. વૈજ્ઞાનિક ચકાસણી વિનાની આવી કોઈપણ કાર્યવાહી કાયદાના દાયરાની બહાર ગણાય. કેસની વિગતો મુજબ, ૧૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ પોલીસે મોહમ્મદ ચાંદનું વાહન અટકાવ્યું હતું અને તેમાં 'શંકાસ્પદ માંસ' હોવાનો દાવો કરીને વાહન જપ્ત કરી કેસ નોંધ્યો હતો. ત્યારબાદ જૂન ૨૦૨૫માં જિલ્લા મેજિસ્ટ્રેટ અને બાદમાં ડિવિઝનલ કમિશનરે પણ આ જપ્તીને માન્ય રાખી હતી. આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન બહાર આવ્યું કે વેટરનરી ડોક્ટરના રિપોર્ટમાં માંસને માત્ર 'શંકાસ્પદ' ગણાવ્યું હતું, પરંતુ તે ગૌમાંસ છે તેવું સાબિત કરતો કોઈ લેબ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો ન હતો.

અદાલતે અધિકારીઓની આ કાર્યવાહીને "મનસ્વી અને બિનજરૂરી"



ગણાવી હતી. કોર્ટે નોંધ્યું કે આ જપ્તીને કારણે મોહમ્મદ ચાંદને ગંભીર આર્થિક નુકસાન થયું છે, કારણ કે આ વાહન તેની આજીવિકાનું એકમાત્ર સાધન હતું અને તે ૧૮ મહિના સુધી જપ્ત રહ્યું હતું. આ બાબત વ્યક્તિના આજીવિકાના અધિકાર પર સીધો પ્રહાર છે. હાઈકોર્ટે જિલ્લા મેજિસ્ટ્રેટ અને ડિવિઝનલ કમિશનરના આદેશોને રદબાતલ ઠેરવીને રાજ્ય સરકારને સાત દિવસમાં ૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા અને ત્રણ દિવસમાં વાહન છોડી દેવાનો આદેશ આપ્યો છે. મહત્વની વાત એ છે કે, કોર્ટે સરકારને છૂટ આપી છે કે જો યોગ્ય જણાય તો આ વળતરની રકમ બિનકાયદેસર કાર્યવાહી માટે જવાબદાર અધિકારીઓના પગારમાંથી વસૂલ કરી શકાય છે. કાયદાકીય નિષ્ણાતો માને છે કે આ ચુકાદો સત્તાવાળાઓ માટે એક ચેતવણી સમાન છે કે કાયદાનું પાલન ધારણાઓ પર નહીં પરંતુ પુરાવા પર આધારિત હોવું જોઈએ.

# કોલકાતામાં મોડી રાત સુધી નાટક : મમતાએ ભવાનીપુર EVM સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી, ગણતરીમાં ગેરરીતિઓ સામે ચેતવણી આપી

## આ ઘટના ઉત્તર કોલકાતામાં ખુદીરામ અનુશીલન કેન્દ્રની બહાર બની TMC ઉમેદવારો કુણાલ ઘોષ અને શશી પંજાએ વિરોધ દેખાવો પણ કર્યા

(એજન્સી) તા.૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ભવાનીપુર મતવિસ્તારના TMC ઉમેદવાર મમતા બેનરજી શુક્રવાર, ૧ મે, ૨૦૨૬ના રોજ કોલકાતામાં તેમના મતવિસ્તારમાં એક મતવિસ્તારની મુલાકાત દરમિયાન મીડિયા સાથે વાત કરી.



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને TMC સુપ્રીમો મમતા બેનરજીએ શુક્રવારે વહેલી સવારે મતવિસ્તાર પ્રક્રિયા સાથે ચેડાં કરવાના કોઈપણ પ્રયાસ સામે ચેતવણી આપી, ભવાનીપુરમાં EVM સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધાના થોડા કલાકો પછી, તેમણે સંભવિત ગેરરીતિનો આરોપ લગાવ્યો.

ઉત્તર કોલકાતામાં ખુદીરામ અનુશીલન કેન્દ્રની બહાર TMC ઉમેદવારો કુણાલ ઘોષ અને શશી પંજાના વિરોધ પ્રદર્શન સાથે બની, જ્યાં તેઓએ સ્ટ્રોંગ રૂમમાં સંગ્રહિત EVM સાથે ગેરરીતિઓ અને સંભવિત છેડછાડનો આરોપ લગાવીને ધરણા કર્યા, જેના કારણે TMC અને BJP સમર્થકો વચ્ચે ઝઘડો થયો.

દક્ષિણ કોલકાતાના સખાવત મેમોરિયલ સ્કૂલમાં આવેલા તેમના ભવાનીપુર મતવિસ્તારના મતગણતરી કેન્દ્રમાં લગભગ ચાર કલાક વિતાવ્યા બાદ ૧૨:૦૭ વાગ્યે બેનરજી બહાર આવ્યા હતા. તેમણે કહ્યું કે નિયુક્ત મતગણતરી વિસ્તારમાં ફક્ત એક જ વ્યક્તિને અંદર જવા દેવામાં આવશે.

''ઉમેદવાર અથવા એક એજન્ટ ઉપર રહી શકે છે. મેં મીડિયા માટે સીસીટીવી કેમેરા લગાવવાનું પણ સૂચન કર્યું છે,'' તેમણે પત્રકારોને જણાવ્યું.

પારદર્શિતાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે કહ્યું, ''પારદર્શિતા જાળવવી જરૂરી છે. લોકોના મતોનું રક્ષણ કરવું જોઈએ. ફરિયાદો મળ્યા પછી હું અહીં દોડી ગઈ. કેન્દ્રીય દળોએ શરૂઆતમાં મને પ્રવેશવાની મંજૂરી આપી ન હતી.''

૪ મેના રોજ મતગણતરી પહેલા કડક ટિપ્પણી કરતા, તેમણે ઉમેર્યું, ''જો ગણતરી પ્રક્રિયા સાથે છેડછાડ કરવાની કોઈ યોજના હશે, તો તેને સહન કરવામાં આવશે નહીં.''

ગુરૂવારે સાંજે બેનરજી ભવાનીપુર વિધાનસભા મતગણતરી કેન્દ્ર પર પહોંચ્યા હતા, જ્યાં ૨૯ એપ્રિલના મતદાનમાં ઉપયોગમાં લેવાતા EVM માટે સ્ટ્રોંગ રૂમ છે, મશીનો સાથે છેડછાડની શંકા વ્યક્ત કરી હતી.

કોલકાતાના મેયર અને કોલકાતા પોર્ટ મતગણતરી ક્ષેત્રના TMC ઉમેદવાર ફિરહાદ હકીમ સ્થળ પર પહોંચ્યા હતા, પરંતુ તેઓ તેમને મળી શક્યા ન હતા.

મુખ્યમંત્રી આવ્યા હોવાની જાણ થતાં હું અહીં પહોંચ્યો હતો. પરંતુ હું તેમને મળી શક્યો ન હતો કારણ કે તેઓ પહેલાથી જ પરિસરમાં હતા, ઉમેદવાર તરીકે સ્ટ્રોંગ રૂમની મુલાકાત લેવાના તેમના અધિકારનો ઉપયોગ કરતા હતા. મને ત્યાં જવા દેવામાં આવ્યો ન હતો. અંદર શું ચાલી રહ્યું છે તેની હું પુષ્ટિ કરી શકીશ નહીં, ''હાકિમે કહ્યું.

અગાઉ એક વીડિયો સંદેશમાં, બેનરજીએ પક્ષના નેતાઓ, કાર્યકરો અને મતદાન એજન્ટોને EVM સ્ટ્રોંગ રૂમ પર ૨૪ કલાક નજર રાખવા વિનંતી કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે ભાજપ મતગણતરી શરૂ થાય તે પહેલાં મશીનો સાથે છેડછાડ કરવાનો પ્રયાસ કરી શકે છે.

તેમની ટિપ્પણીઓ રાજ્યમાં ભારે લડાઈવાળી વિધાનસભા ચૂંટણી બાદ વધી રહેલા રાજકીય તણાવ વચ્ચે આવી છે, જેમાં પક્ષો વ્યવસ્થાઓનું નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે અને પારદર્શિતા પર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

# જો SIR કવાયતની બંગાળના ચૂંટણી પરિણામો પર અસર થશે તો તે જોખમી ઉદાહરણ બની શકે છે : ઓમર અબ્દુલ્લા

## જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રીએ EVM સ્ટ્રોંગરૂમની સુરક્ષાને સમર્થન આપતા કહ્યું છે કે બંગાળના એક્ઝિટ પોલ ''ખોટા સાબિત થશે''

(એજન્સી) તા.૧

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ શુક્રવારે ચેતવણી આપી હતી કે જો મતદાર યાદીઓનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામોને પ્રભાવિત કરે છે, તો તે એક ચિંતાજનક મિસાલ સ્થાપિત કરી શકે છે જેનાથી રાજકીય પક્ષોએ સાવચેત રહેવું જોઈએ. ગુરૂવારે રાત્રે કોલકાતાના ભવાનીપુરમાં EVM સ્ટ્રોંગરૂમની બહાર થયેલા મડાગાંઠ અંગેના પ્રશ્નના જવાબમાં, અબ્દુલ્લાએ કહ્યું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને મશીનોની દેખરેખ માટે પાર્ટીના કાર્યકરોને તૈનાત કરવાનો અધિકાર છે. મેં હંમેશા કહ્યું છે કે હું પૂર્વ-મતદાન ગોટાળાને સ્વીકારતો નથી અને મતદાન પછી EVMની સુરક્ષા કરવી એ અમારી જવાબદારી છે. જ્યારે મતપેટીઓ હતી ત્યારે અમે પણ એવું જ કરતા હતા; અમે અમારા લોકોને સ્ટ્રોંગરૂમની બહાર રાખતા હતા. તેથી, લોકોને સ્ટ્રોંગરૂમની બહાર રાખવાનો મમતા બેનરજીનો અધિકાર છે અને તેમણે તે કર્યું છે.

અબ્દુલ્લાહે ઈલેક્ટ્રોનિક મતદાન મશીનોમાં કથિત હેરાફેરી અને મતદાર યાદી સુધારણાની ચિંતાઓ વચ્ચે તફાવત દર્શાવ્યો, અને જણાવ્યું કે હવે ગેરરીતિઓ SIR દ્વારા થઈ રહી છે. EVM હેકિંગ અને SIR દ્વારા તેઓ જે કરી રહ્યા છે તેમાં તફાવત છે. આજે, EVM દ્વારા નહીં પરંતુ SIR દ્વારા અને કમનસીબે, ચૂંટણી પંચ દ્વારા આ થઈ રહ્યું છે. તેમણે પશ્ચિમ બંગાળની ચૂંટણીને વિપક્ષી પક્ષો માટે એક મહત્ત્વપૂર્ણ કસોટી ગણાવતા ચેતવણી આપી કે SIRની પરિણામો પર કોઈપણ અસર વ્યાપક પરિણામો લાવશે. આ પશ્ચિમ બંગાળની ચૂંટણી આપણા બધા માટે એક મોટો પડકાર છે કારણ કે, જો SIR તેના પરિણામો બતાવે છે, તો તે આપણા બધા માટે ખૂબ જ ખતરનાક બની શકે છે. મતદાર યાદીમાંથી મતદારોને કાઢી નાખીને ચૂંટણીમાં છેડછાડ કરવાના તેમના પ્રયાસથી આપણે પોતાને બચાવવા પડશે. મને નથી લાગતું કે EVM દ્વારા કંઈ કરી શકાય.

એક્ઝિટ પોલ અંગે અબ્દુલ્લાએ શંકા વ્યક્ત કરી અને કહ્યું કે તેઓ ૪મે, સોમવારે મત ગણતરીમાં અંતિમ પરિણામ પ્રતિબિંબિત કરશે નહીં. કયો એક્ઝિટ પોલ અત્યાર સુધી સાચો રહ્યો છે ? પાંચ વર્ષ પહેલાં, જ્યારે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી થઈ હતી, ત્યારે બધા એક્ઝિટ પોલોએ ભાજપની સરકારની આગાહી આપી હતી. પરંતુ પરિણામ શું હતું ? આપણે વધુ રાહ જોવાની જરૂર નથી; પરિણામો સોમવારે આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમના મતે આ બધા એક્ઝિટ પોલ ફરી એકવાર ખોટા સાબિત થશે. તેઓએ કોઈનું નામ લીધા વિના, તેમણે એમ પણ ટિપ્પણી કરી કે, તેમાંથી એકે પોતાનો એક્ઝિટ પોલ પ્રકાશિત કરવાનો ઈન્કાર કર્યો છે કારણ કે કદાચ તેને પરિણામો પસંદ ન પણ આવ્યા હોય.

# 'સાવરણીનો ઉપયોગ ગંદકી સાફ કરવા માટે થાય છે...' BJPમાં જવા અંગે ભગવંત માને રાઘવ ચઢ્ઢા પર કટાક્ષ કર્યો

## રાઘવ ચઢ્ઢાના ભાજપમાં પક્ષપલટા પર માને કહ્યું કે, : "જ્યારે સાવરણીનો ઉપયોગ ગંદકી સાફ કરવા માટે થાય છે, ત્યારે અમુક સળીઓ નીકળી જાય છે પરંતુ તે ઝાડુ પર અસર કરતું નથી"

(એજન્સી) તા.૧

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ શુક્રવારે પાર્ટીના ભૂતપૂર્વ સાથીદાર રાઘવ ચઢ્ઢા અને અન્ય પક્ષપલટા પર પ્રહાર કર્યા અને આમ આદમી પાર્ટી (AAP)માંથી તેમના બહાર નીકળવા પર પ્રશ્ન ઉઠાવવા માટે રૂપક અને સંકેતનો ઉપયોગ કર્યો હતો. પંજાબ વિધાનસભાના એક ખાસ સત્ર દરમિયાન સરકારે વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, ત્યારે માનએ તાજેતરના પક્ષપલટાની અસરને ફગાવી દીધી, અને કહ્યું, "જ્યારે સાવરણીનો ઉપયોગ ગંદકી સાફ કરવા માટે થાય છે, ત્યારે થોડા છાંટણા નીકળી જાય છે પરંતુ તે ઝાડુ પર અસર કરતું નથી." રાઘવ ચઢ્ઢા ભાજપમાં જોડાયા ત્યારથી ભગવંત માન રાઘવ ચઢ્ઢા પર નિયમિતપણે કટાક્ષ કરી રહ્યા છે. ચઢ્ઢા સહિત સાત AAP રાજ્યસભા સાંસદો ભારતીય જનતા પાર્ટી (BJP) માં જોડાયાના થોડા દિવસો પછી આ ટિપ્પણી આવી છે, જેનાથી ઉપલા ગૃહમાં પાર્ટીની હાજરીને મોટો ફટકો પડ્યો છે. શુક્રવારે ૧૧૭ સભ્યોની પંજાબ વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કરતા, માનએ જણાવ્યું હતું કે અનિશ્ચિતતાનું વાતાવરણ બનાવવાના પ્રયાસો તરીકે વર્ણવવામાં આવ્યું હોવા છતાં AAP રાજકીય રીતે મજબૂત છે. એવી અફવાઓ છે કે AAP સમાપ્ત થઈ જશે અને તેના ધારાસભ્યો પક્ષ બદલી નાખશે, અને આવી અફવાઓ લોકોના મનમાં ભ્રમ પેદા કરે છે, પણ પાર્ટી જમ્મુ અને કાશ્મીરથી ગોવા સુધી રાજ્યોમાં પોતાનો પગપેસારો ફેલાવવાનું ચાલુ રાખશે. AAP પંજાબમાં ૯૪ ધારાસભ્યો સાથે પ્રબળ બહુમતી ધરાવે છે, જે તેના હરીફો કરતા આગળ છે. શરૂઆતમાં તેમનું નામ લીધા વિના, માનએ કહ્યું હતું કે AAPમાં રાજ્યસભાના એક સાંસદ "ગૂંગળામણ અનુભવી રહ્યા છે" અને તેમણે નિવાસસ્થાનમાં રહીને "સત્તાના ફળ" માણ્યા હતા. સેક્ટર-૨માં સ્થિત અને મુખ્યમંત્રીના કેમ્પ ઓફિસ ક્વોટાનો ભાગ, આ બંગલો રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો, જેમાં વિપક્ષી નેતાઓ અને AAPમાં પણ કેટલાક લોકોએ અગાઉ ચઢ્ઢાને "સત્તાનું સમાંતર કેન્દ્ર" ગણાવ્યું હતું. રાઘવ ચઢ્ઢા, જે એક સમયે અરવિંદ



કેજરીવાલના નજીકના સાથી અને ૨૦૨૨માં પંજાબમાં AAPના જંગી વિજયમાં મુખ્ય રણનીતિકાર માનવામાં આવતા હતા, તે ૨૪ એપ્રિલે પાર્ટી છોડી દેનારા સાત સાંસદોમાં સામેલ હતા. આ સાત લોકોના જૂથે વૈચારિક મતભેદોનો ઉલ્લેખ કર્યો, આરોપ લગાવ્યો કે AAP "તેના સિદ્ધાંતો, મૂલ્યો અને મુખ્ય નૈતિકતાથી ભટકી ગઈ છે." ભાજપ સાથેના તેમના જોડાણને રાજ્યસભાના અધ્યક્ષ સીપી રાધાકૃષ્ણન દ્વારા ઔપચારિક રીતે સ્વીકારવામાં આવ્યું, જેનાથી ઉપલા ગૃહમાં AAPની સંખ્યા ફક્ત ત્રણ સભ્યો સુધી ઘટી ગઈ અને ભાજપની સંખ્યા વધી ગઈ છે. અગાઉ માનએ આ સાંસદોને દેશદ્રોહી ગણાવ્યા હતા, જે પક્ષ નેતૃત્વ દ્વારા કડક વલણ અપનાવવાનો સંકેત છે. આ ઘટના AAP માટે આત્મનિરીક્ષણનો સમય છે. પક્ષના સાંસદ માલવિંદર સિંહ કાંગે સ્વીકાર્યું કે નેતૃત્વએ ચઢ્ઢાને નોંધપાત્ર પ્રભાવ આપવામાં ભૂલ કરી હશે. અન્ય એક નેતા, બલબીર સિંહ સીચેવાલે સૂચવ્યું કે ચઢ્ઢા એક સમયે પંજાબના વહીવટી તંત્ર પર નોંધપાત્ર પ્રભુત્વ ધરાવતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્તરે ભાજપે આવનારા સાંસદોનું સ્વાગત કર્યું, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ તેને NDA અને ''રાષ્ટ્ર નિર્માણ'' માટે પ્રોત્સાહન ગણાવ્યું હતું.

# ઔદ્યોગિક એકમો પાણી ઉલેચવાને બદલે સરફેસ વોટરનો ઉપયોગ કરે : સીઆરપાટીલ

## અમેરિકા-ચીન કરતાં બે ગણું પાણી આપણે જમીનથી ઉલેચીએ છીએ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સનાં કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે દેશમાં હાલમાં ભૂગર્ભ જળની સ્થિતિ ચિંતાજનક હોવાનું જણાવ્યું હતું. તેઓએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણા દેશમાં હાલમાં ૪ હજાર બીસીએમ (બિલીયન ક્યુબિક મીટર) વરસાદ પડે છે જેની સામે આપણને માત્ર ૧૧૦૦ બીસીએમ પાણીની જરૂરિયાત છે. પરંતુ સૌથી મોટી સમસ્યા આપણી સંગ્રહશક્તિની છે અને હાલમાં માત્ર ૭૫૦ બીસીએમ કેરિંગ કેપિસિટીને કારણે આપણા દેશમાં ભૂગર્ભમાંથી જળ ઉલેચવાનું પ્રમાણ સૌથી વધુ છે. તેઓએ જણાવ્યું હતું કે, હાલનાં તબક્કે આપણે અમેરિકા અને ચીન કરતાં પણ બે ગણું પાણી જમીનમાંથી કાઢીએ છીએ. જે ખૂબ જ ચિંતાજનક સ્થિતિ હોવાનું જણાવતાં તેઓએ આ પ્રસંગે ઔદ્યોગિક એકમોને ભૂગર્ભ જળને બદલે સરફેસ વોટરનો ઉપયોગ કરવા માટે ખાસ આગ્રહ કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જે રીતે દેશમાં ભૂગર્ભ જળનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યો છે તેનાં ભયંકર પરિણામો આવી શકે છે. હાલમાં જ પ્રસિદ્ધ થયેલા એક રિપોર્ટને ટાંકીને તેઓએ જણાવ્યું હતું કે, જમીનમાંથી પાણી ઉલેચવાને કારણે ધરતીની ધરી પણ હલી જવાની શક્યતા છે અને જેને કારણે હાલમાં મંત્રાલય દ્વારા આ અંગે રિપોર્ટ પર સઘન અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. તેઓએ છેલ્લા બે વર્ષમાં ભૂગર્ભ જળ સંચય યોજનામાં નોંધપાત્ર પરિણામો જોવા મળી રહ્યા હોવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી ૭૦ લાખથી વધુ સ્ટ્રક્ચર બની ચુક્યા છે. પાણીનાં ઉપયોગ અંગેનો ચિતાર રજુ કરતાં સીઆર પાટીલે જણાવ્યું હતું કે, દેશમાં હાલમાં આપણે ૮૩ ટકા પાણી ખેતીમાં અને ૧૪ ટકા પાણીનો ઉપયોગ કોમ્યુનિટીમાં જ્યારે માત્ર ૨.૫ ટકા પાણીનો વપરાશ ઔદ્યોગિક એકમોમાં કરવામાં આવી રહ્યો છે. સુરતનાં આગામી ૫૦ વર્ષ માટે પાણીનાં આયોજનની પ્રશંસા કરતાં તેઓએ બરાજનો ઉલ્લેખ કર્યો હતો અને તેમના મંત્રાલય દ્વારા આ યોજના માટે ૯૦૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે. જ્યારે ૨૦૦ કરોડ રાજ્ય સરકાર દ્વારા પણ ફાળવવામાં આવ્યા છે. જ્યારે ૨૦૦ કરોડ રૂપિયા સુરત મહાનગર પાલિકાને ખર્ચ ન કરવા પડે તે માટે કેન્દ્રની અલગ - અલગ યોજનાથી આ રકમ મળી રહે તે માટેનાં પ્રયત્નો પણ ચાલી રહ્યા હોવાનું તેઓએ જણાવ્યું હતું.

### સુરતના નવા વહીવટી ભવનનું આવતાં વર્ષે લોકાર્પણ

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, દેશભરમાં પહેલી વખત અત્યાધુનિક સરકારી કચેરી સુરતમાં બની રહી છે. ૨૯ માળનાં બે ટાવરો પૈકી એક ટાવરનું મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ચુક્યું છે અને આવતાં વર્ષે ૧લી મેનાં રોજ આ ઈમારતનાં લોકાર્પણ અંગેની તૈયારીઓ ચાલી રહી હોવાનું પણ તેઓએ જણાવ્યું હતું. તેઓએ રિંગરોડ ખાતે સાકાર થઈ રહેલી ૨૯ માળની આ ઈમારત અંગે વધુમાં જણાવ્યું હતું કે, ૫૫ માળની ઈમારત માટે એરપોર્ટની મંજૂરી ન મળતાં ૨૯ માળનાં બે ટાવરો બનાવવામાં આવી રહ્યા છે. જે દેશમાં પહેલી સરકારી ઈમારત છે જેમાં સૌથી વધુ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ હશે.

### ખજોદ ડિસ્પોઝલ સાઈટ : યે આગ કબ બૂઝેગી !

# છેલ્લા બે દિવસથી પુનઃ આગ લાગતાં ફાયર વિભાગ દોડતું થયું

## છાશવારે લાગતી આગ પર કાબૂ મેળવવામાં મનપાનું વહીવટી તંત્ર વામણું પુરવાર થયું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરત મહાનગર પાલિકાનાં વહીવટી તંત્ર માટે માથાનો દુઃખાવો સાબિત થઈ રહેલ ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે વધુ એક વખત આગ ફાટી નીકળતાં છેલ્લા બે દિવસથી ફાયર વિભાગ દોડતું થયું છે. છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે છાશવારે લાગતી આગ પર કાબુ મેળવવામાં વહીવટી તંત્ર ધરાર વામણું પુરવાર થયું છે અને જેને પગલે ખજોદની આસપાસ વસવાટ કરતાં નાગરિકોની હાલત દુષ્કર અને દયનીય બની જવા પામી છે.

શહેરનાં છેવાડે આવેલ ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે વૈજ્ઞાનિક ઢબે કચરાનો નિકાલ કરવાને બદલે અંતરિયાળ વિસ્તારોનાં ખેતરોમાં સેંકડો ટન કચરો બારોબાર સગેવગે કરવાનાં કૌભાંડને પગલે સુરત મહાનગર પાલિકા અને કોન્ટ્રાક્ટર સીડી ટ્રાન્સપોર્ટ વિરૂદ્ધ ભ્રષ્ટાચારનાં આક્ષેપો ઉઠવા પામ્યા હતા. સુરત મહાનગર પાલિકાની તિજોરીને કરોડો રૂપિયાનો ચુનો ચોપડીને કચરાનો બારોબાર નિકાલ કરનાર ઈજારદાર સામે કડક પગલાં ભરવાને બદલે તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ દ્વારા તપાસ કમિટીનાં નામે સમગ્ર પ્રકરણમાં ભીનું સંકેલી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અલબત્ત, આ ઘટના બાદ ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે ભેદી સંજોગોમાં છાશવારે લાગેલી રહેલી આગ હવે બળતામાં ઘીનું કામ કરી રહી છે. એક તરફ ડિસ્પોઝલ સાઈટ પરથી વૈજ્ઞાનિક ઢબે કચરાનો નિકાલ ન થવાને કારણે સુરત મહાનગર પાલિકા સામે શંકાની સોય તણાઈ રહી છે ત્યારે બીજી તરફ વધુ એક વખત ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર છેલ્લા બે દિવસથી આગ ફાટી નીકળી છે. જેને કારણે ફાયર વિભાગનો કાફલો આગ પર કાબુ મેળવવા માટે હવાતિયા મારી રહ્યું છે.

# ભવનાથમાં ઈન્દ્રભારતી ઘૂસેલો છે, તેણે પૈસાનો વ્યવહાર કર્યો છે માટે તેને બહાર કાઢો એટલે વાત પૂરી : બજરંગદાસ બાપુ

## ગુજરાતમાં તમારી સરકાર છે તેમ છતાં જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા તમારૂં કેમ ચાલતું નથી ?

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧

ગિરનાર પર્વત ઉપર કબજો જમાવવાની જે હિલચાલ થઈ રહી છે અને તે અંગેના જુદા-જુદા વિડીયો વાયરલ થઈ રહ્યા છે તેને લઈને સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષની લાગણી ઉઠવા પામી છે. ગઈકાલે એક ઘટનામાં જૈન વ્યક્તિએ એવું જણાવ્યું હતું કે, ગિરનાર પર્વત અમારો છે, અમારો રહેશે અને અમે લઈને જ રહેશું તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ગિરનારના કબજાને લઈને ચાલતા વિવાદના મુદ્દે ગીર-સોમનાથના વેરાવળમાં આવેલા નીરાલી ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર બજરંગદાસ બાપુ આકરા પાણીએ છે. તેમણે ગુજરાતના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીને ચિમકી આપી છે અને જણાવ્યું છે કે, ગિરનાર ઉપર કોઈ ચાળો કરવામાં આવશે તો સનાતન સમાજ સાખી નહીં લે તેમ જણાવ્યું હતું. દરમ્યાન ગિરનાર ઉપર કબજો કરવાની વાતો કરતા જૈન સમાજના નામે એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં એક વ્યક્તિ કહી રહ્યો છે કે, અમે ધરારથી ગિરનારનો કબજો કરીશું. જેની સામે બજરંગદાસ બાપુ લાલઘુમ બન્યા છે અને જૈન સમાજને હવે ચેતી જવા જણાવેલ છે. આ ઉપરાંત રાજ્ય સરકારમાં બેઠેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પણ ચેતવણી આપી છે અને જરૂર પડે ઉગ્ર આંદોલન કરતા પણ સનાતનીઓ અચકાશે નહી તેવી ચિમકી પણ આપી છે. ગઈકાલે નીરાલી ખોડીયાર ઉદાસીન આશ્રમના મહામંડલેશ્વર બજરંગદાસ બાપુએ ગિરનાર ઉપર કબજો જમાવવા માટેની હિન હરકતો કરતા જૈન સમાજ સામે ભારે આક્રોશ ઠાલવ્યો છે અને બજરંગદાસબાપુએ પાંચ મિનીટનો વીડિયો પણ વાયરલ કર્યો છે. તેમાં ઈન્દ્રભારતી બાપુને પણ આડેહાથ લીધા છે અને જણાવ્યું છે કે, ભવનાથમાં ઈન્દ્રભારતી ઘુસેલો છે, તેણે પૈસાનો વ્યવહાર કર્યો છે માટે તેને બહાર કાઢો એટલે વાત પુરી થાય તેવા ગંભીર આક્ષેપો કરવામાં આવતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. બજરંગદાસ બાપુએ આ વીડિયો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ સબંધીત તમામને આ વીડિયો મોકલી અને હિન્દુ સમાજની લાગણીને વાંચા આપી છે. વધુમાં બજરંગદાસ બાપુએ જણાવેલ છે કે, જૈનોના નામે વાયરલ થયેલા વિડીયોમાં એ વ્યક્તિ કહી રહી છે કે ૨૫ હજાર લોકો ગિરનારમાં ઉમટી પડો તેની સામે બજરંગદાસ બાપુએ સનાતનીઓને જાગૃત થવા જણાવેલ છે. એટલું જ નહીં જૂનાગઢના સનાતનીઓ તેમજ સનાતની ધર્મશાળા વાળા તેમજ ભવનાથમાં ગેસ્ટહાઉસ ખડકીને બેઠેલા મહાત્માઓને પણ જણાવેલ છે કે, જૈન વાણીયાને ઉતરવા માટેની જગ્યા ન આપે જેથી સંખ્યાનો પ્રશ્ન ન રહે. બજરંગદાસ બાપુએ પોતાના વાયરલ કરેલા વીડિયોમાં જણાવેલ છે કે, ગિરનાર પર્વતના આરક્ષણ માટે જરૂર પડયે ૫ હજાર મહાત્માઓને ઉતારી દેવામાં આવશે. છેલ્લા કેટલાય સમયથી ગિરનાર પર્વત પર સત્તા જમાવવાના જે કાવાદાવા ચાલી રહ્યા છે તેની સામે ભારે રોષ વ્યકત કર્યો હતો અને ભારે ઘર્ષણ થાય અને એકબીજાના મર્ડર થઈ જશે તો તેની તમામ જવાબદારી જિલ્લા કલેક્ટર, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારની રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સંબોધીને પણ બજરંગદાસ બાપુએ જણાવ્યું છે કે, ગુજરાત સરકાર સનાતનીની તેમજ સાધુ-સંતોને ધર્મના નામે આગળ કરવામાં આવે છે પરંતુ હિન્દુ ધર્મસ્થાનોની રક્ષા કરવામાં સરકાર કેમ કોઈ કાર્યવાહી કરતી નથી ? ગાયોની હત્યા બાબતે પણ રજૂઆતો કરવામાં આવતી હોવા છતાં અસરકાર પગલા લેવામાં આવતા નથી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કહે છે તેમજ કેમ થાય છે તેવો અધરો સવાલ મુખ્યમંત્રીને બજરંગદાસ બાપુએ કરેલ છે. ગુજરાતમાં ભાજપની સરકાર અને જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા ભાજપના છે પણ તેનું ગુજરાત સરકારમાં કંઈ ઉપજતું નથી અને તેના દ્વારા કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. જૂનાગઢની જનતા હવે જાગે કારણ કે ગુજરાત સરકારમાં ધારાસભ્ય સંજય કોરડીયાનું કંઈ ચાલતું નથી. તમારી સરકાર હોવા છતાં સંજય કોરડીયા તમારૂ સરકારમાં કેમ ચાલતું નથી ? તેવો વેધક સવાલ પણ બજરંગદાસ બાપુએ કરેલ છે. અંતમાં ભવનાથ વિસ્તારમાં જૈન સમાજ ઉમટી પડવાની જે હાંકલ વિડીયોમાં કરવામાં આવી છે તેને ધ્યાને લઈ એસઆરપીની ટુકડી તૈનાત કરવાની માંગણી પણ બજરંગદાસ બાપુએ કરી છે.

# સુરતમાં મેયર સહિતના મહત્ત્વના હોદ્દા માટે આવતીકાલે સેન્સ લેવાશે

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ સુરત શહેરના મેયર, ડે. મેયર, સહિતના પદાધિકારીઓની પસંદગી માટે ભાજપના અગ્રણીઓનો અભિપ્રાય મેળવવા આવતીકાલે પ્રદેશ ભાજપના નિરીક્ષકો સુરત આવશે. સુરત મહાનગરપાલિકાના વિવિધ પદાધિકારીઓની પસંદગી માટે સેન્શ લેવાનું પ્રદેશ ભાજપ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ માટે શબ્દશરણ બ્રહ્મભટ્ટ, જાનવીબેન વ્યાસ અને જુગલ રાવલની નિરીક્ષણ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આવતીકાલે તા. ૨ મેના રોજ ભાજપના ત્રણેય નિરીક્ષકો સુરત આવશે અને મેયર, ડે. મેયર, સ્થાયી સમિતિ ચેરમેન, ખાસ સમિતિઓના ચેરમેનો તથા દંડક સહિતના પદ પર પદાધિકારીઓની પસંદગી માટે સાંસદો, ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો ઉપરાંત નવા ચૂંટાયેલા કોર્પોરેટરોની રજુઆત સાંભળવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ દ્વારા સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આજ પ્રમાણે સુરત મહાનગરપાલિકાના મેયર સહિતના મહત્વના હોદ્દાઓ માટે આવતીકાલે પ્રદેશના નિરીક્ષકો દ્વારા સેન્સ લેવામાં આવશે.

### છ ટકા વસ્તી ધરાવતા ગુજરાતનું દેશના જીડીપીમાં આઠ ટકા યોગદાન : હર્ષ સંઘવી

# ૨૦૦૩માં ૧.૧૯ લાખ કરોડની જીડીપી ધરાવતા ગુજરાતની જીડીપી આજે ૨૭ લાખ કરોડને આંબી ચૂકી છે : નાયબ મુખ્યમંત્રી

## નાના વેપારીઓ અને રોકાણકારોના હિતને ધ્યાને રાખી રિઝનલ સમિટનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

સુરતનાં આંગણે આજથી બે દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત સ્થાપના દિવસનાં અવસરે ઉપસ્થિત તમામ અતિથિઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિકાસનાં વિપુલ અવસરોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતનો પાયો નાખવામાં આવ્યો હતો. જે આજે વટવૃક્ષ બની ચુક્યું છે. માત્ર ૭૬ એમઓયુ સાથે શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત આજે લાખો કરોડો રૂપિયાનાં રોકાણોથી છલકાઈ રહ્યું હોવાનો ઉલ્લેખ કરતાં તેણે જણાવ્યું હતું કે, ૨૦૧૦માં ૪૧ હજાર કરતાં વધુ એમઓયુ થયા હતા જેની કુલ રકમ ૨૬ લાખ કરોડ પર પહોંચી હતી. આજે વાઈબ્રન્ટ સમિટનાં ત્રીજા ભાગનો સુરતથી પ્રારંભ થયો છે ત્યારે તેમણે આ યાત્રામાં યોગદાન આપનારા અને સહયોગ કરનારા તમામ રોકાણકારો અને ઉદ્યોગપતિઓનો આઈભાર વ્યક્ત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટને માત્ર ગાંધીનગર અને અમદાવાદ સુધી સીમિત રાખવાને બદલે નાના વેપારીઓ અને રોકાણકારોને તેમના વિસ્તારમાં જ લાભ મળે તે માટે રિઝનલ સમિટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતનાં વિકાસની ગાથા વર્ણવતાં તેઓએ જણાવ્યું હતું કે, સને ૨૦૦૩માં ગુજરાતની જીડીપી માત્ર ૧.૧૯ લાખ કરોડ હતી જે સને ૨૦૧૨-૧૩ સુધી વધીને ૭.૨૦ લાખ કરોડને આંબી ચુકી છે અને આજે આ આંકડો ૨૭ લાખ કરોડને પણ વટાવી ચુક્યો છે. દેશની કુલ વસ્તીનાં છ ટકા અને પાંચ ટકા જમીન ધરાવતું ગુજરાત રાજ્ય દેશનાં કુલ ડીજીપીમાં આઠ ટકાનું યોગદાન આપી રહ્યું હોવાનું હર્ષ સંઘવીએ જણાવ્યું હતું અને કહ્યું હતું કે, મર્ચેન્ટાઈલ ક્ષેત્રમાં ગુજરાતનું દેશભરમાં ૨૭ ટકા જ્યારે કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકા યોગદાન છે અને આ આંકડો સતત વધી રહ્યો છે. મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં પણ રાજ્ય ૩.૫ ટકા સાથે પ્રગિત કરી રહ્યું છે જે અન્ય રાજ્યોની તુલનામાં બે ગણો છે. રાજ્ય સરકાર ઔદ્યોગિક એકમો અને રોકાણકારોનાં હિતને ધ્યાને રાખીને જ તેમના સહયોગીની ભૂમિકા નિભાવી રહ્યું હોવાનું જણાવતાં હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, આજે કોઈપણ વેપારીને સરકારી કચેરીનાં ધક્કા ન ખાવા પડે તે માટે સરકાર કટિબદ્ધ છે અને જેનાં ભાગરૂપે જ સને ૨૦૨૪-૨૫માં પાંચ હજાર કરોડથી વધારે રૂપિયાનું ઈન્સેટિવ વિતરણ કરવામાં આવ્યું છે અને આ વર્ષે આ આંકડો સાત હજાર કરોડને આંબી જશે. રાજ્ય સરકાર પારંપરિક ઉદ્યોગની સાથે સાથે હવે ભવિષ્યની તકો પર પણ ગંભીરપણે આગળ વધી રહી છે અને તેનાં ભાગરૂપે જ આગામી દિવસોમાં ડેટા સેન્ટરથી માંડીને એવિએશન સેક્ટરમાં પણ નવી તકો ઉપલબ્ધ થશે. દક્ષિણ ગુજરાત રાજ્યની જીડીપીમાં હાલમાં ૨૫ ટકા યોગદાન આપી રહ્યું છે અને આ ટકાવારી વધે તે માટે સ્પેશ્યલ ઈકોનોમિક રિઝન દક્ષિણ ગુજરાતનાં રોડમેપ પર કામ શરૂ થઈ ચુક્યું હોવાનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે હર્ષ સંઘવીએ દક્ષિણ ગુજરાતમાં રહેલી ઔદ્યોગિક તકો અને વિકાસનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, માત્ર ડાયમંડ અને ટેક્સટાઈલ જ નહી પરંતુ આજે સુરતમાં દેશની ૬૦ ટકા સોલાર પેનલનું મેન્યુફેકચરિંગ થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં ડાંગ - તાપી અને નવસારી સહિત ગમે તે ખુણે આવેલ ઔદ્યોગિક એકમો માત્ર દોઢ કલાકમાં જ પોર્ટ સુધી પહોંચે તેવી સુવિધાઓ ઉપલબ્ધ છે અને જેને કારણે લોજીસ્ટીક ખર્ચમાં પણ એકમોને ઘટાડો થઈ રહ્યો છે.

### સુરત ડાયમંડ કટની પોસ્ટલ ટિકિટનું વિમોચન

ઓરો યુનિવર્સિટી ખાતે આયોજિત દક્ષિણ ગુજરાત વાઈબ્રન્ટ સમિટનાં કાર્યક્રમ દરમિયાન ગુજરાત સ્થાપના દિવસના અવસરે દક્ષિણ ગુજરાતનાં ગૌરવમાં વધુ એક મોરપિચ્છ ઉમેરાયું છે. ભારત સરકારનાં પોસ્ટલ વિભાગ દ્વારા સુરત કટ ડાયમંડને હાલમાં જ મળેલ જીઆઈ ટેગની માન્યતાને પગલે એક વિશેષ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. ગુજરાતનાં પોસ્ટમાસ્ટર જનરલ દ્વારા આ અવસરે વિશેષ પોસ્ટલ ટિકિટ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

### નાના વેપારીઓ-રોકાણકારોને લાભ રિઝનલ સમિટનો ઉદ્દેશ્ય

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, એક તબક્કે વાઈબ્રન્ટ ગુજરાતનાં કાર્યક્રમો ગાંધીનગર - અમદાવાદ સુધી સીમિત રહેતા હતા. અલબત્ત, રાજ્ય સરકાર દ્વારા હવે માત્ર મોટા ઉદ્યોગપતિઓ અને રોકાણકારો જ નહીં પરંતુ ઉધના અને કડોદરા સહિતના નાના - નાના વિસ્તારોમાં વેપાર - ધંધો કરતાં વેપારીઓ અને નાના રોકાણકારોને પણ વાઈબ્રન્ટ ગુજરાત સાથે સાંકળી લેવાનો ભગીરથ પ્રયાસો કરાયો છે અને જેનાં ભાગરૂપે જ પહેલી વખત રાજ્ય સરકાર દ્વારા રિઝનલ વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકારનાં આયોજનને પગલે હવે નાના વેપારીઓથી માંડીને રોકાણકારોને પણ સીધો લાભ મળશે.

### મુંબઈથી દહીંસર કરતાં અમદાવાદથી મુંબઈ વહેલા પહોંચાશે

કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની વિકાસ ગાથાની સાથે - સાથે ભવિષ્યનાં પ્રોજેક્ટ્સ અંગે પણ ચિતાર રજૂ કર્યો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આઈકોનિક પ્રોજેક્ટ્સ રૂપી બુલેટ ટ્રેનનો ઉલ્લેખ કરતાં સંઘવીએ જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેનની કામગીરી પુરજોશથી ચાલી રહી છે અને આ યોજના સાકાર થતાં જ મુંબઈથી દહીંસર જવામાં જેટલો સમય લાગે છે તેનાથી ઓછા સમયમાં અમદાવાદથી મુંબઈ પહોંચી શકાશે. ખાસ કરીને મુંબઈથી દક્ષિણ ગુજરાત વચ્ચે બુલેટ ટ્રેનની કનેકટિવીટીને લીધે ઉદ્યોગપતિઓ એક જ દિવસમાં મુંબઈ કામ પતાવીને પરત પોતાનાં ઘરે પહોંચી શકશે.

### સમિટ દરમિયાન સુરતમાં બે દિવસમાં રેકોર્ડ બ્રેક એમઓયુનો નિર્ધાર

આજથી સુરતના આંગણે યોજાનાર બે દિવસીય દક્ષિણ ગુજરાત વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીએ આગામી બે દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં રેકોર્ડ બ્રેક એમઓયુનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, હાલમાં જ મહેસાણામાં ૩.૨૪ લાખ કરોડનાં એમઓયુ કરવામાં આવ્યા છે અને જે પૈકી મોટા ભાગનાં કાર્યરત થઈ ચુક્યા છે અથવા તો પ્રોસીઝરમાં છે. આ સિવાય રાજકોટમાં પણ ૫.૭૮ લાખ કરોડ રૂપિયાનાં એમઓયુ કરવામાં સફળતા સાંપડી છે ત્યારે આગામી બે દિવસમાં સુરત ખાતે યોજાનાર આ સમિટને અભૂતપૂર્વ સફળતા સાંપડશે અને નિશ્ચિતપણે મહેસાણા અને રાજકોટ કરતાં પણ વધારે રકમનાં એમઓયુ સુરતમાં થશે.

### જાપાનના એમ્બેસેડર કેચીઓનોએ ગુજરાતીમાં ભાષણ આપ્યું

સૌને નમસ્તે.... મારૂં નામ કેચીઓનો છે. હું ભારતમાં જાપાનમાં ભારતનો રાજદુત છું આ ગુજરાતી વાક્યો સાંભળતા જ સમિટ દરમિયાન ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના સૌ અતિથિઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આજના કાર્યક્રમ દરમિયાન અભિવાદન સમારોહ દરમિયાન જાપાનના એમ્બેસેડર કેચીઓનો દ્વારા ગુજરાતીમાં કરવામાં આવેલ ભાષણે સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. તેઓએ ગુજરાતીમાં જણાવ્યું હતું કે, સને ૨૦૦૯થી જાપાન દેશ વાઈબ્રન્ટ ગુજરાતમાં ભાગીદાર દેશ તરીકે જોડાયું છે અને ત્યારથી જ જાપાન સતત ગુજરાતનાં પાર્ટનર દેશ તરીકે રહ્યું છે અને જેનો અમને ખુબ ગૌરવ છે. ભાષણ દરમિયાન સુરતનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, સુરત દેશનાં અગ્રણી શહેરોમાં સમાવિષ્ટ છે અને ડાયમંડ ક્ષેત્રે વૈશ્વિક કેન્દ્ર છે. બુલેટ ટ્રેનનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, જાપાનની કંપનીઓ આજે ભારત દેશનાં અર્થતંત્રને મજબૂત સમર્થન આપી રહી છે.

# સાવરકુંડલાના બાઢડા સામે આહીર યુવતીને પ્રેમ સંબંધમાં ભગાડી જતા યુવકની હત્યા : બે આરોપીની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૧

સાવરકુંડલાના બાઢડા ગામના યુવકને આહિર સમાજની યુવતી સાથે પ્રેમ સંબંધ હોવાથી સુરત ખાતે તેના સાસરેથી ભગાડી લઈ જતા યુવતીના પરિવારે યુવકને બાઢડાં મુકામે લાવી મારમારી હત્યા નિપજાવી નાખતા ચાર શખ્સો સામે યુવકના ભાઈએ સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગણતરીની કલાકોમાં આ હત્યાના મુખ્ય બે આરોપીઓને પકડી પાડ્યા હતા હજુ આ હત્યામાં સામેલ બે આરોપીઓ નાસ્તા ફરે છે પોલીસે તેમને પણ ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાવરકુંડલાના બાઢડા ગામે રહેતા વિરલભાઈ રમેશભાઈ ચુડાસમા (ઉ.વ.૩૦)એ સાવરકુંડલા રૂરલ પોલીસમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર તેનો નાનો ભાઈ નિલેષ રમેશભાઈ ચુડાસમા (ઉ.વ.૨૬)ને વણોટ ગામની કાતરિયા જાગૃતિ નામની યુવતી સાથે પ્રેમ સંબંધ હતો ગત તા.૧૭/૪ના નિલેષ તેના ભાઈ વિરલને કહીને ગયો હતો કે હું જાગૃતિને લેવા સુરત જાઉ છું તેમ કહી નિલેષનો બાદમાં ફોન બંધ આવતો હતો. જ્યારે એક વખત પાડોશીઓના ફોનમાં ખબર અંતર પૂછવા ફોન આવ્યો હતો ત્યારબાદ તા.૨૫/૪ના રોજ એક સ્વિફ્ટ કારમાં ચાર શખ્શો (૧) વિજયભાઈ ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ (રહે.મુળ અખેગઢ તા.મહુવા હાલ રહે. સુરત - કામરેજ) (૨) તરૂણ વલ્લભભાઈ બાંભણીયા (રહે. કરલા તા.જેસર જિ. ભાવનગર) (૩) અમિત મનુભાઈ હડીયા (રહે. ધાંડલા) અને એક અજાણ્યો શખ્સ આવ્યા હતા અને જણાવ્યું હતું કે તારો ભાઈ નિલેષ જાગૃતિને માન સાથે પાછી મૂકી જાય બાદમાં વિરલ અને તેના માતાનો તરૂણ બાંભણીયાએ વીડિયો બનાવી જાગૃતિને જ્યાં હોઈ ત્યાંથી પછી મૂકી જવાનું વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં તરૂણે મૂક્યો હતો. આ તરૂણના ઈન્સ્ટાગ્રામ આઈડીમાં એક બીજો વીડિયો વિરલભાઈને જોવા મળ્યો હતો જેમાં તરૂણ અને અમિત હડિયા વચ્ચે નિલેષ હોય છે જે વીડિયોમાં તરૂણ બોલતો હતો કે આ આહિર સમાજની દીકરીને ભગાડી ગયો હતો તેને ૨૭/૪ સુધીનું અલ્ટિમેટમ આપેલ હતું આજે ૨૮/૪ને નિલેશને અમદાવાદથી પકડી લીધેલ છે ત્યારબાદ વિરલ તેના ભાઈનો આ વીડિયો તરૂણના ઈન્સ્ટાગ્રામ જોયા પછી તેના ભાઈ નિલેષ બાઢડાં ગામે વિરાણી હાઈસ્કૂલની પાછળની જગ્યાએથી ઈજાગ્રસ્ત અને અર્ધ બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો જેને ગામના માણસો ખંભે ઉચકી નિલેશના ઘરે લાવ્યા હતા. તેની તબિયત વધુ ખરાબ થતા કણસતા કણસતા નીલેશે જણાવ્યું હતું કે, આ છોકરી વાળાઓએ મને બહુ માર મારેલ છે જેથી તેને કે.કે.મેહતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલા સારવાર માટે લઈ જતા તબીબે મૃત જાહેર કર્યો હતો આ નિલેશને લાશને ભાવનગર પીએમ અર્થેલઈ જતા તેને મારમારવાથી મોત થયું હોવાનું રિપોર્ટમાં આવતા વિરલભાઈ ચુડાસમાએ તેના ભાઈની (૧) વિજયભાઈ ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ (૨) તરૂણ બાંભણીયા અને (૩) અમિત હડીયા અને (૪) એક અજાણ્યો વ્યક્તિ તેમજ તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદ નોંધાવી હતી ફરિયાદના આધારે અમરેલી એલસીબી પોલીસે ગણતરીની કલાકોમાં ચાર પૈકી બે આરોપી (૧) વિજય ઉર્ફે રાકેશ દાનાભાઈ નકુમ, ઉ.વ.૩૨, (રહે.અખેગઢ, તા.મહવા, હાલ રહે. સુરત, કામરેજ, (૨) અમીત મનુભાઈ હડીયા, ઉ.વ.૨૬, રહે.ધાંડુલા, તા.સાવરકુડલા, હાલ રહે. સુરત, દેવાયતગામ, તેમજ જે નાસી ગયા છે તે (૧) તરૂણ વલ્લભભાઈ બાભણીયા, રહે.કરલા, તા.જસેર, (૨) બીપીન મનસુખભાઈ કલસરીયા, રહે.માળીયા, તા.મહુવા, પકડવાના બાકી હોય આમ પ્રેમ પ્રકરણમાં યુવકનું ઢીમ ઢાળી દેતા પોલીસે ચાર આરોપીઓને પકડી પાડ્યા હતા.



### તરૂણ સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામમાં રીલ બનાવે છે

બાઢડાનો યુવક આહિર સમાજની દીકરીને ભગાડી જતા તેની હત્યા કરવામાં આવી છે ત્યારે હત્યાનો આરોપી તરૂણ વલ્લભ ભાઈ બાંભણીયા પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડી પર સમાજની બેન દીકરીઓ અન્ય સમાજમાં ગઈ હોય તો પરત આવવા વિનંતીપૂર્વક જણાવે છે અન્યથા બહેનો નહીં આવે તો અમે આવા ભગાડીને લઈ ગયેલ લોકોનું લીસ્ટ બનાવી ઉભા રોડે દોડાવીશું અને તેના માટે મારે જેલમાં પણ જવું પડે તો તૈયાર છીએ આવા પ્રકારની રિલ બનાવી instagramમાં પોસ્ટ કરેલ છે આ હત્યામાં પણ તરૂણે મૃતક નિલેશનો જીવતા એક વીડિયો પોસ્ટ કરેલો હતા જેમાં મૃતક હાથ જોડી આહીર સમાજની માફી માંગતો હોય તેવો વીડિયો પોસ્ટ કર્યો હતો. સમાજની બહેનો આવું કૃત્યના કરે તેવી સમજ સાથે ધમકી પણ આપતો હોય છે.

# જૂના ડીસામાં લોનના હપ્તા બાબતે જૂથ અથડામણ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧

ડીસા તાલુકાના જૂના ડીસાના ઈસ્લામપુરા વિસ્તારમાં લોનના હપ્તાના વિવાદમાં એક શખ્સ અને તેના પિતા-ભાઈ સહિતના ટોળાએ યુવક અને તેના મિત્રો પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને ડાબા હાથે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે વાહનોમાં પણ તોડફોડ કરવામાં આવી હોવાની ફરિયાદ ડીસા પોલીસ મથકે નોંધાઈ છે.ફરિયાદની પ્રાપ્ત વિગતો મુજબ ગત તા.૧૦/૦૪/૨૦૨૬ના રોજ સાંજે સહનવાજ બજારમાં હતા ત્યારે સહેઝાદ (ઉર્ફે સુજાન) હનીફ મોહમ્મદ ઘાસુરા ત્યાં આવ્યો હતો. સહેઝાદે ફરિયાદીના ભાઈ વસીમને 'લોનના હપ્તા ભરી દેજે' તેમ કહી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો ત્યારબાદ આ બાબતે રાત્રે જ્યારે ફરિયાદી અને તેમના મિત્રો સહેઝાદના પિતા હનીફભાઈને ઠપકો આપવા ગયા, ત્યારે મામલો વધુ બિચક્યો હતો. સહેઝાદે ઘરમાંથી લોખંડની પાઈપ લઈને આવી ફરિયાદી પર હુમલો કર્યો હતો. બચાવ કરવા જતાં ફરિયાદીને ડાબા હાથે પાઈપ વાગતા ગંભીર ઈજા થઈ હતી. આ ઉપરાંત હનીફભાઈ, તેમનો બીજો દીકરો સમદ અને અન્ય એક શખ્સ ફહીમ મકબૂલ ઘોરીએ ભેગા મળીને ફરિયાદીના ભાઈઓ અને મિત્રોને ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ હુમલાખોરોએ ફરિયાદીની મોટરસાયકલ અને સ્કૂટરને પણ નુકશાન પહોંચાડ્યું હતું. આસપાસના લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો ત્યાંથી નાસી છૂટ્યા હતા અને જતા જતા કહેલ કે જો બીજી વાર આ બાજુ દેખાશો તો જાનથી મારી નાખીશું'. બનાવના પગલે પરિવારજનો ઈજાગ્રસ્ત શાહનવાજ શેખને તાત્કાલિક પાલનપુર સિવિલ અને ત્યારબાદ ડીસાની ખાનગી ઓર્થોપેડિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં એક્સ-રેમાં હાથમાં ફ્રેક્ચર હોવાનું ખૂલ્યું હતું.પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદ આધારે મોહમદ હનીફ શિકંદરખાન ઘાસુરા' મહમદ સહજાદખાન (ઉર્ફે સુજાન) સમદ હનીફ મોહમ્મદ ઘાસુરા ફહીમ મકબૂલ ઘોરી સામે રાયોટિંગ, હુમલો અને ધમકી આપવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સચિન જીઆઈડીસીમાં દુકાનદારના બાળકી સાથે શારીરિક અડપલાં

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧

શહેરમાં એક પછી એક જે રીતે માસુમ બાળકીઓ સાથે છેડતીના બનાવો બની રહ્યા છે. અમરોલી વિસ્તારમાં પાલિકાના સફાઈ કામદાર દવારા આઠ વર્ષીય બાળકી સાથે છેડતી કર્યાંની ઘટના હજુ ભુલાય નથી ત્યાં વધુ એક ગંભીર ઘટના સામે આવી છે. ગત રોજ સચિન જીઆઈડીસી વિસ્તારમાં દુકાનદારે પેપ્સી અપાવવાના બહાને બાળકીને દુકાનની અંદર બોલાવી તેની સાથે શારીરિક અડપલાં કરી છેડતી કરી હતી. ઘટનાને પગલે હેબતાઈ ગયેલી બાળકી પોતાના ઘરે પહોંચી હતી અને સમગ્ર ઘટના અંગે આપવીતી જણાવી હતી. આ ઘટનાને પગલે રોષે ભરાયેલી મહિલાઓએ દુકાન સામે ભેગી થઈને હોબાળો મચાવ્યો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ૧૦ વર્ષીય બાળકી ૩૦ એપ્રિલે ગુરૂવારે સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતા પરિવારની ૧૦ વર્ષીય પુત્રી સોસાયટીમાં આવેલી કરિયાણાની દુકાન ઉપર પિતાંબરી પાવડર લેવા માટે ગઈ હતી. પાવડર લીધા બાદ બાળકીએ બાજુની આઈસ્ક્રીમની દુકાનમાં પેપ્સી વિશે પૂછપરછ કરી હતી.તે સમયે દુકાનમાં અન્ય કોઈ ગ્રાહક ન હોવાથી,કરિયાણાની દુકાનના મલિક આરોપી પ્રભુ સોહનલાલ માળી (ઉ.વ.૩૭)એ બાળકીને લાલચ આપી કે, 'પેપ્સી અંદર ફ્રીજમાં છે, તું જાતે લઈ લે.' માસૂમ બાળકી જેવી દુકાનની અંદર ફ્રીજ પાસે પહોંચી,આરોપીએ તેની સાથે અડપલાં કરવાનું શરૂ કર્યું. આરોપીએ બાળકી સાથે શરમજનક કૃત્ય કરતા બાળકી હેબતાઈ ગઈ હતી. બાળકી હિંમત દાખવી નરાધમની પકડમાંથી છૂટીને સીધી ઘરે ભાગી હતી અને રડતા રડતા પોતાની માતાને આપવીતી જણાવી હતી. પુત્રીની વાત સાંભળી માતા ચોકી ગઈ હતી. જ્યારે ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશો રોષે ભરાયા હતા અને મોટી સંખ્યામાં દુકાન બહાર એકઠા થઈ ગયા હતા. સ્થાનિક મહિલાઓએ ભારે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવા નરાધમોનું તો મોઢું કાળું કરવું જોઈએ જેથી સમાજમાં દાખલો બેસે. આજે એક બાળકી સાથે થયું, કાલે બીજી દીકરીઓ સાથે પણ થઈ શકે. અમને આવો માણસ સોસાયટીમાં નથી જોઈતો. આ રીતે મહિલાઓ દ્વારા ભરે વિરોધ નોંધાવવામાં આવ્યો હતી. આ બનાવની તાત્કાલિક તપાસ કરી સચિન જીઆઈડીસી પોલીસે નરાધમ પ્રભુ માળી વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી પંચના મતગણતરી નિરીક્ષકના પગલા વિરૂદ્ધ TMCએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી : આજે સુનાવણી

**૪ મેના રોજ યોજાનારી મતગણતરી માટે માત્ર કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને જ ગણતરી નિરીક્ષક અને સહાયક તરીકે નિયુક્ત કરવાના ચૂંટણી પંચના નિર્ણય સામે ટીએમસીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે, પાર્ટીએ શનિવારે થનારી તાત્કાલિક સુનાવણીની માંગ કરી છે**

(એજન્સી) તા.૧

તૃણમૂલ કોંગ્રેસે શુક્રવારે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો, જેમાં ચૂંટણી પંચના ૪ મેના રોજ મતગણતરી માટે માત્ર કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના ઉપક્રમ (PSU)ના કર્મચારીઓને ગણતરી નિરીક્ષકો અને સહાયકો તરીકે નિયુક્ત કરવાના નિર્ણયને પડકારવામાં આવ્યો છે. પક્ષે તાત્કાલિક સુનાવણીની માંગ કરી, અને શનિવારે ન્યાયાધીશ પીએસ નરસિંહા અને જોયમલ્યા બાગચીની ખાસ બે જજોની બેન્ચ આ કેસની સુનાવણી કરશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો કે, 'બહારથી આવેલા નિરીક્ષકો' અને બંગાળથી અજાણ પોલીસ અધિકારીઓને એવી રીતે તૈનાત કરવામાં આવી રહ્યા છે જે TMC કાર્યકરોને લક્ષ્ય બનાવે છે, ત્યારબાદ મતદાનના બીજા તબક્કા દરમિયાન વધતા તણાવ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. તાજેતરમાં, પશ્ચિમ બંગાળના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી (CEO)એ એક સંદેશાવ્યવહાર જારી કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે દરેક ગણતરી ટેબલ પર ગણતરી નિરીક્ષક અથવા ગણતરી સહાયકમાંથી ઓછામાં ઓછો એક કેન્દ્ર સરકાર અથવા PSU કર્મચારી હોવો જોઈએ. TMCએ નિર્દેશને પડકાર્યો હતો, દલીલ કરી હતી કે આવો આદેશ ફક્ત ચૂંટણી પંચ દ્વારા જ જારી કરી શકાય છે, વધારાના CEO દ્વારા નહીં.

પક્ષે દલીલ કરી હતી કે આ નિર્દેશ ચૂંટણી પંચની માર્ગદર્શિકામાંથી બહારથી છે, જે ગણતરી નિરીક્ષક અથવા સહાયક ભૂમિકાઓ માટે કેન્દ્રીય કર્મચારીઓ માટે ફરજિયાત નથી. TMCએ દલીલ કરી હતી કે જ્યારે માઈક્રો-નિરીક્ષકો સામાન્ય રીતે કેન્દ્રીય સેવાઓમાંથી લેવામાં આવે છે, ત્યારે ગણતરી સ્ટાફ માટે સમાન જરૂરિયાતનો વિસ્તાર મનસ્વી અને પશ્ચિમ બંગાળ માટે અનન્ય છે. તેની અરજીમાં, TMCએ સંભવિત પક્ષપાતનો આરોપ લગાવ્યો હતો, અને દાવો કર્યો હતો કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ પ્રભાવિત થઈ શકે છે કારણ કે કેન્દ્ર સરકાર રાજકીય પક્ષ દ્વારા નિયંત્રિત છે.

કલકત્તા હાઈકોર્ટે આ દલીલોને ફગાવી દીધી હતી, જેમાં ચૂંટણી પંચની હેન્ડબુક કેન્દ્ર અથવા રાજ્ય સરકારની સેવાઓમાંથી ગણતરી કર્મચારીઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે કર્મચારીઓની પસંદગી ચૂંટણી અધિકારીઓના વિવેકબુદ્ધિમાં આવે છે. આ પક્ષપાતના આરોપોને ફગાવી દેતા, હાઈકોર્ટે નોંધ્યું હતું કે ગણતરી પ્રક્રિયામાં પહેલાથી જ ઘણા રક્ષણાત્મક પગલાં અસ્તિત્વમાં છે, જેમાં માઈક્રો-ઓબ્ઝર્વર્સ, ઉમેદવાર દ્વારા નિયુક્ત ગણતરી એજન્ટો અને સીસીટીવી સર્વેલન્સનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે ટીએમસી દ્વારા ઉઠાવવામાં આવેલી આશંકાઓ પુરાવા દ્વારા સમર્થિત નથી. મતદાનના બીજા તબક્કા દરમિયાન રાજકીય તણાવ વધી રહ્યો હતો, જેમાં ટીએમસી અને ભાજપ બંને ધાકધમકી અને દખલગીરીના આરોપો કરી રહ્યા હતા. અનેક મતવિસ્તારોમાં હરીફ સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું છે. ઉત્તર પ્રદેશના એક વરિષ્ઠ પોલીસ અધિકારી - અજય પાલ શર્મા - જેમને 'યુપી સિંઘમ અધિકારી' તરીકે પણ ઓળખવામાં આવે છે - ટીએમસી ઉમેદવારને મતદાનમાં અવરોધ ઊભો કરવા અથવા સુરક્ષા કર્મચારીઓને પડકારવાના પ્રયાસો સામે કડક ચેતવણી આપ્યા બાદ તપાસના દાયરામાં આવ્યા હતા. ટીએમસીએ આઈપીએસ અધિકારીના વર્તનની ટીકા કરી હતી, જેમાં પક્ષના કાર્યકરોને ધાકધમકી આપવાનો આરોપ લગાવ્યો હતો. ભાજપે મુક્ત અને ન્યાયી મતદાન સુનિશ્ચિત કરવા માટે જરૂરી કડક સુરક્ષા પગલાંનો બચાવ કર્યો હતો. ટીએમસીના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્રીય દળોએ એક વૃદ્ધ વ્યક્તિને તેમના પુત્ર દ્વારા હાવડામાં મતદાન મથકમાં પ્રવેશવામાં મદદ કરવામાં આવી રહી હતી ત્યારે તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા, જેના કારણે તણાવ વધુ વધ્યો હતો. જોકે ચૂંટણી પંચે હજુ સુધી આ દાવાનો જવાબ આપ્યો નથી.

# તૃણમૂલને બેઠકોનો લાભ થશે ? બંગાળની મુસ્લિમ બહુમતી ધરાવતી બેઠકોમાં મતદાનમાં વધારો

**પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીની મતગણતરી સોમવાર ૪ મેના રોજ થશે, પરિણામો પહેલા એક સ્પષ્ટ વલણ સામે આવ્યું છે, મુર્શિદાબાદ, માલદા, ઉત્તર દિનાજપુર, બીરભૂમ અને દક્ષિણ ૨૪ પરગણામાં તમામ ૮૫ મુસ્લિમ બહુમતી ધરાવતી બેઠકો પર મતદાન વધ્યું છે**

(એજન્સી) તા.૧

પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીઓમાં મતદાનમાં નાટકીય વધારો જોવા મળ્યો, જે રાજ્યના ચૂંટણી ઈતિહાસમાં પહેલીવાર ૯૦ ટકાના આંકને પાર કરી ગયો. ૮૫ મુસ્લિમ બહુમતી ધરાવતા મતવિસ્તારોમાં, આ વધારો વધુ સ્પષ્ટ હતો,તેમાં ૨થી ૨૦ ટકાનો વધારો થયો છે.

આ ૮૫ બેઠકો એવા જિલ્લાઓમાં છે જ્યાં મુસ્લિમો વસ્તીના ૩૫ ટકાથી વધુ છે. દાયકાઓથી, આ પટ્ટામાં કોંગ્રેસ અને ડાબેરીઓનું પ્રભુત્વ હતું. જો કે, ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં, શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ આ ૮૫ બેઠકોમાંથી ૭૫ બેઠકો જીતી, જે તેના પક્ષમાં લઘુમતી મતોનું એકીકરણ દર્શાવે છે. કોંગ્રેસ અને ડાબેરીઓનો લગભગ સફાયો થઈ ગયો હતો, જ્યારે ભાજપ એકમાત્ર નોંધપાત્ર પ્રતિસ્પર્ધી હતો.

હવે ૨૦૨૬માં આ પટ્ટામાં એક નવી ગતિશીલતા જોવા મળી છે. કોંગ્રેસ દાયકાઓમાં પહેલી વાર સ્વતંત્ર રીતે ચૂંટણી લડી રહી છે. ચૂંટણી પંચના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં પણ મતદાર યાદીમાંથી નામો મોટા પાયે કાઢી નાખવામાં આવ્યા હતા. મુર્શિદાબાદ, જ્યાં મુસ્લિમો વસ્તીના ૬૬ ટકાથી વધુ છે, તે કદાચ આ પટ્ટામાં સૌથી વધુ નજીકથી જોવા મળતો જિલ્લો છે. ૨૦૨૧માં TMCએ તેની ૨૨ બેઠકોમાંથી ૨૦ બેઠકો જીતી હતી. અહીં મતદાનમાં તીવ્ર વધારો થયો છે. રઘુનાથગંજમાં સમગ્ર પટ્ટામાં સૌથી વધુ ઉછાળો નોંધાયો છે, જે ૨૦૨૧ કરતા ૨૦.૫ ટકા વધુ છે. જાંગીપુરમાં તે ૧૭.૯ પોઈન્ટ, સાગરદીઘીમાં ૧૬.૪ પોઈન્ટ, સમસેરગંજમાં ૧૬ ટકા અને સુતીમાં ૧૪.૫ પોઈન્ટ વધ્યો છે. જિલ્લાની દરેક બેઠક પર મતદાનમાં વધારો નોંધાયો છે.

૨૦૨૧માં ટીએમસીના વિજય પહેલા માલદા અને ઉત્તર દિનાજપુર એક સમયે કોંગ્રેસના ગઢ હતા. હવે માલતીપુરમાં મૌસમ નૂર ફરી મેદાનમાં આવ્યા છે અને કોંગ્રેસ સ્વતંત્ર રીતે ચૂંટણી લડી રહી છે, તેથી આ જિલ્લાઓ પર નજર રાખવામાં આવી રહી છે. માલદા જિલ્લામાં, રતુઆમાં મતદાનમાં ૧૬.૨ ટકા, ચંચલમાં ૧૫.૩ ટકા, માલતીપુરમાં ૧૪.૭ ટકા અને હબીબપુરમાં ૧૪.૧ ટકાનો વધારો થયો છે. એક પણ બેઠક પર એક પણ અંકનો વધારો નોંધાયો નથી. ઉત્તર દિનાજપુરમાં, ગોલપોખરમાં સમગ્ર પટ્ટામાં બીજા ક્રમે ૧૯.૭ ટકાનો સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો. ચાકુલિયામાં ૧૭.૫ ટકા, ઈસ્લામપુરમાં ૧૩.૯ ટકા અને કરનદિઘીમાં ૧૩.૪ ટકાનો વધારો થયો છે. જિલ્લાની બધી નવ બેઠકોમાં ૧૦ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. મુર્શિદાબાદમાં ૪,૫૫,૧૩૭ નામો કાઢી નાખવામાં આવ્યા હતા, જ્યારે માલદામાં ૨,૩૯,૩૭૫ નામો કાઢી નાખવામાં આવ્યા હતા. આમ છતાં મતદાન ખૂબ જ મજબૂત રહ્યું, ઘણી બેઠકો પર ૯૦ ટકાથી વધુ મતદાન થયું છે. બીરભૂમ ઘણીવાર ટીએમસીના મજબૂત નેતા અને જિલ્લા પ્રમુખ અનુબ્રત મંડલ સાથે સંકળાયેલું છે. જિલ્લામાં પણ સતત મતદાનમાં વધારો જોવા મળ્યો. મુરારાઈમાં મતદાન ૧૩.૩ ટકા, રામપુરહાટમાં ૧૧ ટકા, નલહાટીમાં ૧૦.૭ ટકા અને સુરીમાં ૧૦.૫ ટકા વધ્યું. લબપુર અને મયુરેશ્વરમાં નાનો પણ સકારાત્મક વધારો નોંધાયો. બીરભૂમની બધી ૧૧ બેઠકોમાં વધારો નોંધાયો છે. દક્ષિણ ૨૪ પરગણા, જેમાં ૩૧ બેઠકો છે, તેમાં સૌથી મોટો વધારો નોંધાયો. ઉદાહરણ તરીકે મેતિયાબુરૂઝમાં, મતદાન ૧૮ ટકા વધ્યું, જ્યારે કસ્બામાં ૧૭.૨ ટકાનો વધારો જોવા મળ્યો છે.

# ટ્રમ્પે કહ્યું કે, તેઓ EU ઓટો પર યુએસ ટેરિફ ૨૫% સુધી વધારી દેશે, બ્લોક પર વેપાર સોદાનું પાલન કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું હતું કે, તેઓ આવતા અઠવાડિયે યુરોપિયન યુનિયનમાંથી આવતી કાર અને ટ્રક પર વસૂલવામાં આવતા ટેરિફને ૨૫% સુધી વધારી દેશે, જે એક નાજુક ક્ષણે વિશ્વ અર્થતંત્રને આંચકો આપી શકે છે. ગયા ઉનાળામાં થયેલા આ કરારમાં EU ઓટો અને ભાગો પર યુએસ ટેરિફ ૧૫ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યો હતો, જે ટ્રમ્પે ઘણા અન્ય વેપારી ભાગીદારો પર લાદેલી ૨૫ ટકા ડ્યુટી કરતા ઓછો છે. પરંતુ યુએસ નેતાએ શુક્રવારે કહ્યું, 'યુરોપિયન યુનિયન અમારા સંપૂર્ણપણે સંમત વેપાર સોદાનું પાલન કરી રહ્યું નથી તે હકીકતના આધારે, આવતા અઠવાડિયે હું યુનાઈટેડ સ્ટેટ્સમાં આવતી કાર અને ટ્રક માટે યુરોપિયન યુનિયન પર વસૂલવામાં આવતા ટેરિફમાં વધારો કરીશ.' 'ટેરિફ વધારીને ૨૫% કરવામાં આવશે,' તેમણે તેમના ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર લખ્યું. ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન ગયા જુલાઈમાં વેપાર સોદા પર સંમત થયા હતા. યુએસ અને ઈયુ બંનેએ અગાઉ ટર્નબેરી કરાર તરીકે ઓળખાતા વેપાર માળખાને જાળવવાની તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી, જેનું નામ ટ્રમ્પના સ્કોટલેન્ડમાં ગોલ્ફ કોર્સ પરથી રાખવામાં આવ્યું હતું. પરંતુ ૨૦૨૫ના સોદાની સ્થિતિ સૌપ્રથમ શંકામાં મૂકાઈ હતી જ્યારે આ વર્ષે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, રિપબ્લિકન રાષ્ટ્રપતિ પાસે

> **ટ્રમ્પે પોસ્ટમાં કહ્યું હતું કે, EU 'અમારી સંપૂર્ણ સંમત વેપાર ડીલનું પાલન કરી રહ્યું નથી,' જો કે, તેમણે પોસ્ટમાં પોતાના વાંધાઓને સ્પષ્ટ કર્યા ન હતા**

આર્થિક કટોકટી જાહેર કરવા અને ઈયુ માલ પર ટેરિફ વસૂલવાનો કાનૂની અધિકાર નથી. પ્રારંભિક કરાર ઈયુમાંથી આવતા માલ પર ૧૫%ની ટેરિફ મર્યાદાનો હતો, પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદાએ તેને ઘટાડીને ૧૦% કરી દીધી કારણ કે, ટ્રમ્પ વહીવટીતંત્રે અન્ય કાયદાઓના આધારે આયાત કરનો નવો સેટ શરૂ કર્યો. ટ્રમ્પ વહીવટીતંત્ર વેપાર અસંતુલન અને રાષ્ટ્રીય સુરક્ષા જોખમો પર નવી ટેરિફ વ્યવસ્થા લાદવા માટે તપાસના મધ્યમાં છે, જે આખરે ઈયુ સાથેના કરારને ઉલ્લંઘનના જોખમમાં મૂકી શકે છે. ઈયુએ કહ્યું હતું કે, તેને અપેક્ષા છે કે, દ્વિપક્ષીય સોદો યુરોપિયન ઓટોમેકર્સને દર મહિને લગભગ ૫૦ કરોડથી ૬૦ કરોડ યુરો (૫૮ કરોડ ૫૦ લાખ ડૉલરથી ૭૦ કરોડ ડૉલર) બચાવશે. ઈયુ-યુએસનું મૂલ્ય EU આંકડા એજન્સી યુરોસ્ટેટ અનુસાર, ૨૦૨૪માં માલ અને સેવાઓનો વેપાર ૧૭ લાખ કરોડ યુરો (૨ લાખ કરોડ ડૉલર) અથવા સરેરાશ ૪.૬ અબજ યુરો પ્રતિ દિવસ હતો. 'સોદો એ સોદો હોય છે,' યુરોપિયન કમિશને ફેબ્રુઆરીમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી કહ્યું હતું. 'યુનાઈટેડ સ્ટેટ્સના સૌથી મોટા વેપારી ભાગીદાર તરીકે, EU અપેક્ષા રાખે છે કે, યુએસ સંયુક્ત નિવેદનમાં દર્શાવેલ તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરશે - જેમ EU તેની પ્રતિબદ્ધતાઓનું પાલન કરે છે. EU ઉત્પાદનોને સૌથી વધુ સ્પર્ધાત્મક સારવારનો લાભ મળતો રહેવો જોઈએ, અગાઉ સંમત થયેલી સ્પષ્ટ અને સર્વસમાવેશક ટોચમર્યાદાથી વધુ ટેરિફમાં કોઈ વધારો નહીં થાય.'

# બંગાળના ૧૫ બૂથ પર આજે ફરી મતદાન; ફાલતા મતદાન મથકો પર નિર્ણયની રાહ જોવાઈ રહી છે

**EVM સાથે છેડછાડની ફરિયાદોને પગલે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બર અને મગરહાટ પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારના ૧૫ મતદાન મથકો પર શનિવારે ફરી મતદાન થશે. મતદાન સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે**

(એજન્સી) તા.૧

૨૯ એપ્રિલે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા દરમિયાન મતદાન મથક પર મતદાન કરવા માટે લોકો કતારોમાં રાહ જુએ છે. ચૂંટણી પંચે શુક્રવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બર અને મગરહાટ પશ્ચિમ વિધાનસભા બેઠકોના ૧૫ મતદાન મથકો પર શનિવારે ફરી મતદાન કરવાનો આદેશ આપ્યો છે. મગરહાટ પશ્ચિમના ૧૧ બૂથ અને ડાયમંડ હાર્બરના ચાર બૂથ પર સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીના ગઢ ગણાતા ડાયમંડ હાર્બર લોકસભા મતવિસ્તારના ભાગ એવા ફાલ્ટામાં EVM બટનોમાં ટેપનો ઉપયોગ કરીને છેડછાડ કરવામાં આવી હોવાનો ભાજપે આરોપ લગાવ્યા બાદ આ પુનઃ મતદાન થયું. મતદારો અને રાજકીય પક્ષો દ્વારા આ બૂથમાં EVM સાથે છેડછાડ, બૂથ જામિંગ અને ગોટાળાનો આરોપ લગાવીને ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ફાલ્ટા મતવિસ્તારમાં વધુ ૩૦ બૂથ પર પણ પુનઃ મતદાન થઈ શકે છે અને ચૂંટણી પંચના નિર્ણયની રાહ જોવાઈ રહી છે. આ જોગવાઈ ચૂંટણી પંચને બૂથ પર મતદાન રદ કરવાની અને જો મતદાન EVM ખામી, બૂથ કેપ્ચરિંગ, હિંસા અથવા પ્રક્રિયાગત ઉલ્લંઘન જેવી ગંભીર અનિયમિતતાઓથી પ્રભાવિત થાય છે જે ચૂંટણીની નિષ્પક્ષતા સાથે ચેડા કરી શકે છે તો ફરીથી મતદાનનો આદેશ આપવાની મંજૂરી આપે છે. પશ્ચિમ બંગાળ ભાજપે આરોપ લગાવ્યો હતો કે, EVM પર તેના ઉમેદવારો સાથે જોડાયેલા બટનો ઈરાદાપૂર્વક ટેપથી ઢાંકવામાં આવ્યા હતા જેથી તેમના નામ છુપાવી શકાય. ફાલ્ટામાં તણાવ વધ્યો, જ્યાં અભિષેક બેનર્જીના એક સહાયક, જહાંગીર ખાન, ચૂંટણી લડ્યા હતા. ભાજપના નેતાઓએ EVM પેનલ પર ભાજપ અને CPM ઉમેદવારોના નામની નજીક ટેપ લગાવેલા વીડિયો ફેલાવ્યા, જેના કારણે ઘણા બૂથ પર મતદાનના વિકલ્પો અવરોધિત થયા છે. હંગામા વચ્ચે પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) મનોજ અગ્રવાલે કહ્યું હતું કે, જ્યાં પણ આવા ઉલ્લંઘનની પુષ્ટિ થશે ત્યાં ફરીથી મતદાનનો આદેશ આપવામાં આવશે, ચૂંટણીમાં ગેરરીતિઓ પ્રત્યે ચૂંટણી પંચના "શૂન્ય સહિષ્ણુતા" અભિગમ પર ભાર મૂક્યો હતો. અગ્રવાલે કહ્યું હતું કે, ફરીથી મતદાન અંગેનો કોઈપણ નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને મતદાન નિરીક્ષકો દ્વારા EVM સાથે ચેડાના આરોપો અંગે રજૂ કરાયેલા અહેવાલોની સમીક્ષા પછી લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રારંભિક તારણોમાં તૈયારી દરમિયાન અથવા મોક મતદાન દરમિયાન મતદાન અધિકારીઓ દ્વારા મશીનોનું ગેરરીતિકરણ સૂચવવામાં આવ્યું નથી, જે સૂચવે છે કે મતદાનના કલાકો દરમિયાન કથિત દખલગીરી થઈ શકે છે.

# માત્ર ઈસ્લામિક સાહિત્ય રાખવું એ આતંકવાદનો પુરાવો નથી : મધ્યપ્રદેશ હાઈકોર્ટ

**કોર્ટે પુરાવાના અભાવ અને લાંબી ટ્રાયલ વિલંબનો ઉલ્લેખ કર્યા બાદ ત્રણ આરોપીઓને જામીન આપ્યા હતા; અને આ તપાસના ધોરણો પર પ્રશ્નો ઉભા થયા છે**

(એજન્સી) ભોપાલ, તા.૧

મધ્યપ્રદેશ હાઈકોર્ટે આતંકવાદના કેસમાં આરોપી ત્રણ પુરુષોને જામીન આપ્યા છે, અને કહ્યું છે કે ફક્ત ઈસ્લામિક સાહિત્ય રાખવું અથવા ચોક્કસ માન્યતાઓ રાખવી એ ગુનાહિત પ્રવૃત્તિનો પુરાવો ગણી શકાય નહીં. કોર્ટે શેખ જુનૈદ, મોહમ્મદ વસીમ અને મોહમ્મદ કરીમને રાહત આપી છે, જેમની રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા કથિત આતંકવાદી સંબંધો સંબંધિત આરોપોમાં ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટને કોઈ મજબૂત પુરાવા ન મળ્યા અને ટ્રાયલમાં વિલંબ નોંધાયા બાદ તાજેતરનો નિર્ણય આવ્યો છે. ત્રણેય આરોપીઓને કડક શરતો સાથે રૂા.૨ લાખના બોન્ડ પર જામીન આપવામાં આવ્યા હતા. સુનાવણી દરમિયાન, કોર્ટે સ્પષ્ટ કર્યું કે, 'ઈસ્લામિક સાહિત્ય આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણી સ્થાપિત કરી શકતી નથી. તેણે એ પણ અવલોકન કર્યું કે વૈચારિક ઝુકાવ અથવા જેને 'કટ્ટરપંથી માનસિકતા' તરીકે વર્ણવવામાં આવી હતી તેને ગુના તરીકે ગણી શકાય નહીં સિવાય કે નક્કર પગલાં દ્વારા સમર્થિત હોય. ન્યાયાધીશોએ આ રાહત આપતી વખતે વર્નોન કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કર્યો હતો, જે દર્શાવે છે કે ગંભીર આરોપો સાથે સંકળાયેલા કેસોમાં કાનૂની ધોરણોનું કડક પાલન કરવું જોઈએ. કાનૂની નિષ્ણાતો કહે છે કે આ અવલોકન મહત્વપૂર્ણ છે, કારણ કે તે સિદ્ધાંતને મજબૂત બનાવે છે કે ફક્ત માન્યતાને ગુનાહિત બનાવી શકાતી નથી. કોર્ટની કાર્યવાહી અનુસાર, NIA મુખ્યત્વે આરોપીઓ પાસેથી ઈસ્લામિક પુસ્તકો અને સંબંધિત સામગ્રીની પુનઃપ્રાપ્તિ પર આધાર રાખતી હતી. જો કે, એજન્સી કોલ ઈન્ટરસેપ્શન રેકોર્ડ્સ, ડિજિટલ ડેટા અથવા કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સાથે સીધી લિંક્સ જેવા મજબૂત સહાયક પુરાવા રજૂ કરી શકી નથી. કોર્ટે નોંધ્યું હતું કે ગંભીર આરોપો હેઠળ સતત કસ્ટડીને યોગ્ય ઠેરવવા માટે કોઈ સીધા અથવા નોંધપાત્ર પુરાવા રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી. બચાવ પક્ષના વકીલે કોર્ટમાં દલીલ કરી હતી, 'મારા ક્લાયન્ટ્સ લાંબા સમયથી કોઈ નક્કર પુરાવા વિના કસ્ટડીમાં છે. ધાર્મિક સામગ્રી વાંચવી એ ગુનો નથી. જામીન આપવાનું બીજું મુખ્ય કારણ ટ્રાયલ કાર્યવાહીમાં વિલંબ હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે કેસમાં પ્રગતિ વિના આરોપીને લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવા અન્યાયી રહેશે. નિષ્પક્ષ અને સમયસર ટ્રાયલનો અધિકાર આવશ્યક છે, પુરાવા વિના લાંબા સમય સુધી અટકાયત કેસને વધુ નબળો પાડે છે. આરોપીઓનું પ્રતિનિધિત્વ કરતા વકીલોએ આ નિર્ણયનું સ્વાગત કર્યું અને કહ્યું કે કેસ શરૂઆતથી જ નબળા આધારો પર બનાવવામાં આવ્યો હતો. બચાવ પક્ષના એક વકીલે કહ્યું, "આ આદેશ દર્શાવે છે કે કાયદો હજુ પણ વ્યક્તિગત અધિકારોનું રક્ષણ કરે છે. આરોપોને પુરાવા દ્વારા સમર્થન આપવું જોઈએ, ધારણાઓ દ્વારા નહીં. આરોપીના પરિવારના સભ્યોએ પણ નિર્ણય બાદ રાહત વ્યક્ત કરી. એક સંબંધીએ કહ્યું, "અમે મહિનાઓથી ન્યાયની રાહ જોઈ રહ્યા છીએ. આ નિર્ણયએ અમને આશા આપી છે. આ કેસ સંવેદનશીલ બાબતોમાં તપાસ કેવી રીતે હાથ ધરવામાં આવે છે તે અંગે પણ વ્યાપક ચિંતાઓ ઉભી કરે છે. કેટલાક કાનૂની નિરીક્ષકો માને છે કે ધરપકડ માટે પ્રાથમિક આધાર તરીકે ધાર્મિક સામગ્રી પર આધાર રાખવાથી ખોટી શંકા થઈ શકે છે. એક વરિષ્ઠ કાનૂની વિશ્લેષકે કહ્યું કે, "અદાલતોએ વારંવાર કહ્યું છે કે પુરાવા સ્પષ્ટ હોવા જોઈએ. નહિંતર, તે નિર્દોષ લોકોને અસર કરવાનું જોખમ છે. આ ચુકાદાથી દેશભરમાં સમાન કેસોમાં વ્યાપક અસરો થવાની સંભાવના છે. તે તપાસ એજન્સીઓને કડક કાનૂની ધોરણોનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. નિષ્ણાતો કહે છે કે આ ચુકાદો એક મુખ્ય કાનૂની સિદ્ધાંતને મજબૂત બનાવે છે: ધાર્મિક ગ્રંથો - પછી ભલે તે ઈસ્લામિક, હિન્દુ, ખ્રિસ્તી કે અન્ય કોઈ હોય - તે રાખવાને ગુનાહિત ઈરાદાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. ત્રણેય આરોપીઓને જામીન આપવામાં આવ્યા છે, ત્યારે કેસ હજુ પણ ચાલુ છે. તેમણે કોર્ટ દ્વારા નક્કી કરાયેલી શરતોનું પાલન કરવું પડશે અને વધુ સુનાવણી માટે હાજર રહેવું પડશે. NIAએ હજુ સુધી જામીનના આદેશનો વિગતવાર જવાબ જારી કર્યો નથી.

# પંજાબ વિધાનસભાનું ખાસ સત્ર : વિશ્વાસ પ્રસ્તાવ પસાર થતાં વિધાનસભાએ સરકારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો

(એજન્સી) તા.૧

શુક્રવારે પંજાબ વિધાનસભામાં ભગવંત માન સરકારમાં વિશ્વાસ વ્યક્ત કર્યો કારણ કે સરકાર દ્વારા રજૂ કરાયેલ વિશ્વાસ પ્રસ્તાવ પસાર થયો. મુખ્યમંત્રીએ વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં તેમની સરકારના આદેશને ફરીથી સમર્થન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવને નાણામંત્રી હરપાલ ચીમાએ સમર્થન આપ્યું હતું. કોંગ્રેસ, ભાજપ અને શિરોમણી અકાલી દળ સહિત વિપક્ષી પક્ષોના ધારાસભ્યોની ગેરહાજરીમાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. વિપક્ષી બેન્ચ પર ફક્ત બસપાના ધારાસભ્ય નચત્તર પાલ અને અપક્ષ ધારાસભ્ય રાણા ઈન્દર પ્રતાપ હાજર હતા. નાયબ અધ્યક્ષ સહિત શાસક AAPના તમામ ૯૪ ધારાસભ્યો, જેમાં ડેપ્યુટી સ્પીકરનો સમાવેશ થાય છે, હાજર હતા. સ્પીકરની ગણતરી મતદાન કરનારા સભ્યોમાં થતી નથી. પંજાબ વિધાનસભામાં કાર્યવાહીમાં તીવ્ર ચર્ચા જોવા મળી હતી કારણ કે રાજકીય સ્પેક્ટ્રમના નેતાઓએ ભૂતકાળના અપવિત્ર કેસોમાં કાર્યવાહીની માંગણીઓ ઉઠાવી હતી અને ગૃહમાં વિસ્તૃત ચર્ચાની હાકલ કરી હતી. સ્પીકર કુલતાર સિંહ સંધવાને કહ્યું હતું કે સરકારે ૨૦૧૫ના અપવિત્ર ઘટનાઓમાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ, જવાબદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ ચર્ચાનો વ્યાપ વધાર્યો હતો, એમ કહીને કે ૧૯૮૬ના નાકોદર અપવિત્ર ઘટનાઓ માટે જવાબદાર લોકો પર પણ કેસ દાખલ થવો જોઈએ. મુખ્યમંત્રી ભગવંત માને ઉમેર્યું હતું કે જો ભૂતકાળની ઘટનાઓને ફરીથી યાદ કરવી હોય, તો ૧૯૮૪ની ઘટનાઓની પણ તપાસ થવી જોઈએ. તેમણે ઓપરેશન બ્લુ સ્ટાર દરમિયાન સુવર્ણ મંદિરમાં લશ્કરી કાર્યવાહીનો ઉલ્લેખ કર્યો હતો, પ્રશ્ન કર્યો હતો કે શું તે સમયે ધાર્મિક પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ વિકાસ મંત્રી કુલદીપ ધાલીવાલે આવા સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે વધુ સમય ફાળવવા વિનંતી કરી હતી, અને સૂચન કર્યું હતું કે વર્તમાન ગૃહ સત્રને વિગતવાર ચર્ચા માટે લંબાવવામાં આવે. દરમિયાન, AAP ધારાસભ્ય બુધ રામે વિપક્ષી પક્ષો પર નિશાન સાધતા આરોપ લગાવ્યો કે ૨૦૧૨-૨૦૧૭ની SAD-BJP સરકાર દરમિયાન, કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભા પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ત્યાં દારૂ પીને રાત વિતાવી હતી. તેમણે દલીલ કરી હતી કે સંડોવાયેલા લોકોને વર્તમાન સભ્યોના દારૂ પરીક્ષણની માંગ કરવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

# નજીકના ભવિષ્યમાં ઈંધણના ભાવમાં વધારો થવાની શક્યતા છે : સરકારી સૂત્ર

**મંત્રી હરદીપ સિંહ પુરીએ અગાઉ ખાતરી આપી હતી કે, દેશને વૈશ્વિક આંચકાથી બચાવવામાં આવશે, છેલ્લા ચાર વર્ષમાં ભાવમાં વધારો કરવામાં આવ્યો નથી. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાની શક્યતા નકારી શકાતી નથી**

(એજન્સી) તા.૧

ચાર મુખ્ય રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ પૂર્ણ થયા પછી સંભવિત ઈંધણના ભાવમાં વધારાની અટકળો વચ્ચે સરકારી સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર વધતા નુકસાન અને પ્રવર્તમાન વૈશ્વિક ઉર્જા બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવમાં વધારો કરી શકે છે. આ અઠવાડિયે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ૧૨૬ ડોલર પ્રતિ બેરલના ચાર વર્ષના ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા હતા, પરંતુ થોડા ઓછા થયા હતા, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવરજવર મર્યાદિત રહી હોવાથી અને સ્થગિત શાંતિ વાટાઘાટો વચ્ચે યુએસ અને ઈરાની નેતાઓ વચ્ચે વાટાઘાટો થતાં પ્રતિ બેરલ ૧૧૦ ડોલરથી ઉપર રહ્યા હતા. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થવાની શક્યતા નકારી શકાતી નથી. જોકે, કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ દિવસની શરૂઆતમાં ખાતરી આપી હતી કે દેશ વૈશ્વિક આંચકાથી બચી જશે, જ્યારે ભાર મૂક્યો હતો કે છેલ્લા ચાર વર્ષમાં ભાવમાં વધારો કરવામાં આવ્યો નથી. જો સમય આવશે, તો સરકાર જરૂરી નિર્ણયો લેશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC) એ ઉદ્યોગ વતી નિવેદન આપતા એમ પણ કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ઉર્જા ખર્ચમાં વધારો થવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવ અને સ્થાનિક LPGના ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો નથી. રાજ્યની માલિકીની તેલ કંપનીઓએ ખર્ચને ધ્યાનમાં રાખીને વાણિજ્યિક LPG, ઔદ્યોગિક ડીઝલ, ૫ કિલો LPG અને જેટ ઈંધણના ભાવમાં વધારો કર્યો છે. પશ્ચિમ બંગાળમાં ૨૯ એપ્રિલે વિધાનસભા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયા પછી વિશ્લેષકોએ અગાઉ પ્રતિ લિટર રૂા.૨૫-૨૮ના ભાવ વધારાની શક્યતા દર્શાવી હતી. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યા પછી અને તેહરાનના જબરદસ્ત જવાબથી વિશ્વની સૌથી મહત્ત્વપૂર્ણ ઉર્જા ધમનીઓમાંની એક

> **ઈંધણ, LPGના ભાવ વધી શકે છે, ૫-૭ દિવસમાં નિર્ણય લેવાની શક્યતા : સરકારી સૂત્રો**
>
> પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર લગભગ ૪-૫ રૂપિયાનો વધારો થઈ શકે છે, જ્યારે ઘરેલું LPG સિલિન્ડરમાં લગભગ ૪૦-૫૦ રૂપિયાનો વધારો થઈ શકે છે. જો મંજૂરી આપવામાં આવે તો, લગભગ ચાર વર્ષમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આ પહેલો વધારો હશે, ૨૦૨૨ પછી છૂટક ભાવ મોટાભાગે સ્થિર છે.

પર્સિયન ગલ્ફને વૈશ્વિક બજારો સાથે જોડતી અને વૈશ્વિક તેલ વેપારના લગભગ પાંચમા ભાગનું સંચાલન કરતી હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ ગયા પછી આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં વધારો થયો હતો. ગયા અઠવાડિયે તેલ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ એક ન્યૂઝ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, રાજ્ય માલિકીની ઈંધણ રિટેલરો પેટ્રોલ પર લગભગ રૂા.૨૦ પ્રતિ લિટર અને ડીઝલ પર લગભગ રૂા.૧૦ પ્રતિ લિટરનું નુકસાન કરી રહ્યા છે કારણ કે વૈશ્વિક તેલના ભાવમાં વધારો થવા છતાં પંપના ભાવ લગભગ ચાર વર્ષથી સ્થિર રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભાવ વધારવાની કોઈ યોજના નથી. ગયા વર્ષે ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૭૦ ડોલર હતો, જે આ મહિને સરેરાશ ૧૧૪ ડોલરથી વધુ રહ્યો છે. એપ્રિલ ૨૦૨૨ની શરૂઆતથી પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ સ્થિર રહ્યા છે - તે સમયગાળો જે દરમિયાન કેટલાક મહિનામાં તેલના ભાવ વધ્યા હતા અને અન્ય સમયે ઘટ્યા હતા. જ્યારે ભાવ ઘટ્યા હતા, ત્યારે સરકારી માલિકીની તેલ કંપનીઓએ ખૂબ નફો કર્યો હતો, જેનો ઉપયોગ તેઓ ભાવ વધતા નુકસાનને ભરપાઈ કરવા માટે કરતા હતા. દિલ્હીમાં હાલમાં પેટ્રોલનો ભાવ ૯૪.૭૭ રૂપિયા પ્રતિ લિટર છે અને ડીઝલ ૮૭.૬૭ રૂપિયા છે.

# ઈંધણમાં વધારો અને હવાઈ ક્ષેત્રમાં પ્રતિબંધો વચ્ચે એર ઈન્ડિયા જુલાઈ સુધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ઘટાડશે

**CEO અને MD કેમ્પબેલ વિલ્સને જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંઘર્ષ સાથે જોડાયેલા એરસ્પેસ નિયંત્રણોને કારણે અનેક રૂટ પર ફ્લાઈટ પાથ લાંબા થયા છે, જેના કારણે ઈંધણનો વપરાશ અને ખર્ચમાં વધારો થયો છે**

(એજન્સી) તા.૧

એર ઈન્ડિયા જુલાઈ મહિના દરમિયાન આંતરરાષ્ટ્રીય કામગીરી ઘટાડશે કારણ કે, જેટ ઈંધણના ભાવમાં વધારો અને એરસ્પેસ પ્રતિબંધો ઘણા રૂટ પર વ્યવહારૂ નથી, એમ સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર કેમ્પબેલ વિલ્સને શુક્રવારે જણાવ્યું હતું. 'અમે એપ્રિલ અને મે મહિનામાં કેટલીક ફ્લાઈટ્સ ઘટાડી દીધી છે.' એરલાઈન 'જેટ ઈંધણના ભાવમાં ભારે વધારા સાથે ઝઝૂમી રહી છે, જેના કારણે એરસ્પેસ બંધ થવા અને લાંબા ફ્લાઈટ રૂટ સાથે મળીને અમારી ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ચલાવવા માટે બિનનફાકારક બની ગઈ છે,' વિલ્સને એક સંદેશમાં સ્ટાફને જણાવ્યું હતું. પશ્ચિમ એશિયાના સંઘર્ષ સાથે જોડાયેલા એરસ્પેસ નિયંત્રણોને કારણે અનેક રૂટ પર ફ્લાઈટ્સ લાંબા કરવાની ફરજ પડી છે, જેના કારણે ઈંધણનો વપરાશ અને ખર્ચમાં વધારો થયો છે. આ વર્ષના અંતમાં રાજીનામું આપવાની યોજના જાહેર કરનારા વિલ્સને કહ્યું કે, પરિસ્થિતિઓ અત્યંત પડકારજનક છે. એરલાઈન પાસે હવે 'જૂન અને જુલાઈ માટે સમયપત્રકને વધુ કાપવા' સિવાય કોઈ વિકલ્પ નથી, તેમણે ઉમેર્યું. 'અમારા ગ્રાહકોની યોજનાઓ અને અમારા ક્રૂના રોસ્ટરમાં વિક્ષેપ બદલ અમને ખૂબ જ દુઃખ છે અને આશા છે કે, મધ્ય-પૂર્વની પરિસ્થિતિ શાંત થશે અને હોર્મુઝ સ્ટ્રેટ ખુલશે - ટૂંક સમયમાં જેથી અમે વધુ સામાન્ય સ્થિતિમાં પાછા આવી શકીએ,' વિલ્સને કહ્યું. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં એર ઈન્ડિયા ગ્રુપે ૨૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન નોંધાવ્યું હોવાનો અંદાજ છે.

### સુરતના આંગણે બે દિવસની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનો પ્રારંભ

# આગામી સમયમાં દેશના કુલ નિકાસમાં રાજ્યનો હિસ્સો વધારીને ૪૦ ટકા પહોંચાડવાનો લક્ષ્યાંક : ભૂપેન્દ્ર પટેલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧

ગુજરાત સ્થાપના દિવસનાં અવસરે શહેરની ઓરો યુનિવર્સિટી ખાતે આજથી બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ સહિત હરદિપ સિંહ પુરી સહિતનાં મહાનુભાવો અને ઉદ્યોગપતિઓની હાજરીમાં કોન્ફરન્સનાં ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૪૭માં વિકસીત ભારતનાં સ્વપ્નને સાકાર કરવા માટે વિકસીત ગુજરાતની કટિબદ્ધ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય વૈશ્વિક સ્પર્ધા માટે કટિબદ્ધ છે અને જેનો રોડમેપ પણ તૈયાર થઈ ચુક્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દુરંદેશીને કારણે આજે વાઈબ્રન્ટ ગુજરાત દેશનાં અન્ય રાજ્યો પણ રોકાણ અને વિકાસ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું હોવાનું જણાવતાં તેઓએ કહ્યું હતું કે, જ્યારે ગુજરાતની સ્થાપના થઈ હતી ત્યારે રાજયનાં વિકાસ અંગે ભારે આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી હતી. રણ - દરિયો અને ડુંગર ધરાવતાં ગુજરાત રાજ્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આજે સેમિકન્ડકટર ઉત્પાદનનું હબ બન્યું છે. આ સિવાય અન્યઔદ્યોગિક એકમો અને રોકાણકારોનો અતુટ



વિશ્વાસ ગુજરાતનાં વિકાસમાં સિંહફાળો આપી રહ્યો હોવાનું જણાવતાં તેઓએ ચાર દાયકામાં ગુજરાતનાં અવિરત અને અવિશ્વસનીય વિકાસનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આજથી બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિઝનલ કોન્ફરન્સ દક્ષિણ ગુજરાતનાં ઉદ્વાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે, જે દરિયો પહેલાં ડ્રગ્સ અને દાણચોરી માટે કુખ્યાત હતો તે હવે ભૂતકાળ બની ચુક્યું છે. આજે ગુજરાતનાં દરિયા કાંઠા સમૃદ્ધિનાં પ્રવેશ દ્વારા બન્યા છે અને દેશભરમાં ૪૦ ટકા કાર્ગોનું વહન ગુજરાતમાં થઈ રહ્યું છે. તેઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ સમિટની દુરંદેશીને કારણે જ આજે ગુજરાતનો વિકાસ અવિરત બન્યો છે. ૨૦૦૩માં શરૂ કરવામાં આવેલ વાઈબ્રન્ટ સમિટને કારણે છેલ્લા ૨૪ વર્ષમાં ૬૮.૯ બિલીયલ ડોલરનું વિદેશી રોકાણ ગુજરાતમાં થયું છે. સને ૨૦૦૧માં રાજ્ય સરકારની ટેક્સની આવક માત્ર ૯ હજાર કરોડ હતી જે આજે વધીને ૧.૫૫ લાખ કરોડ પર પહોંચી હોવાનું જણાવતાં તેઓએ કહ્યું હતું કે, રાજ્ય વીજ ઉત્પાદનમાં ૫૩ હજાર મેગાવોટનો લક્ષ્યાંક હાંસલ કરી ચુકી છે અને રિન્યુએબલ એનર્જીમાં પણ દેશમાં ગુજરાતનો હિસ્સો ૧૫ ટકા થયો છે. સાણંદ અને ધોલેરામાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થઈ ચુક્યા છે અને જેને કારણે આજે ગુજરાત માત્ર દેશમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં સેમિકન્ડકટરનું હબ બનવા તરફ અગ્રેસર છે. સૌથી વધુરોજગાર આપતાં ગુજરાતમાં માત્ર ઔદ્યોગિક વિકાસ જ નહીં પરંતુ એજ્યુકેશન અને હેલ્થ સહિત સર્વિસ સેક્ટરમાં પણ નોંધપાત્ર પ્રગતિ અંગેનો ચિતાર રજુ કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૈશ્વિક સ્પર્ધા માટે ગુજરાત કટિબદ્ધ હોવાનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ભરૂચ અને સુરતનાં બંદરો સદીઓથી પોર્ટનાં લીડર છે જ્યારે સુરત તો ડાયમંડ અને ટેક્સટાઈલ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પોતાનું નામ રોશન કરી ચુક્યું છે. આજે અંકલેશ્વર, ભરૂચ અને વાપી જિલ્લો કેમિકલ હબ તરીકે પ્રસ્થાપિત થઈ ચુક્યો છે અને દેશમાં ૩૩ ટકા ઉત્પાદન ગુજરાતમાં થઈ રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની ભૌગોલિક સ્થિતિની સાથે - સાથે પ્રત્યેક રિઝનમાં અલગ અલગ વિકાસની તકો રહેલી હોવાનું જણાવતાં કહ્યું હતું કે, આગામી દિવસોમાં દેશની કુલ નિકાસમાં રાજયનો હિસ્સો વધારીને ૪૦ ટકા કરવામાં આવશે અને ઈ-વી સહિત ગ્રીન હાઈડ્રોજન સહિત એઆઈ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણ અને રોજગારની અનેક તકો રહેલી હોવાનું જણાવ્યું હતું. તેઓએ કહ્યું હતું કે, કચ્છમાં ગ્રીન હાઈડ્રોજન અને ટુરિઝમ સહિત લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટની વિપુલ તકો છે જ્યારે સૌરાષ્ટ્ર સિરામીક અને એન્જીનિયરીંગ સહિત ફુડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં આગવું સ્થાન હાંસલ કરી રહ્યું છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં એડવાન્સ મેન્યુફેકચરિંગ અને ડેરી તથા ટુરિઝમ સહિત દક્ષિણ ગુજરાતમાં કેમિકલ અને ફાર્મા સહિત ટેક્સટાઈલ અને જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રમાં અનેક તકો હોવાનો તેઓએ ઉલ્લેખ કર્યો હતો.

# જિર્ણોદ્ધાર રામજી મંદિરનો પણ દલિતો સાથે ઘોર ભેદભાવ : ભારે આક્રોશ

### વિસાવદર ખાતે ધાર્મિક કાર્યક્રમમાં સમગ્ર ગામને જમણવારનું આમંત્રણ પરંતુ દલિતોને થાળી-વાટકા ઘરેથી લાવવા જણાવ્યું

જૂનાગઢ,તા.૧

આઝાદીના દાયકાઓ બાદ પણ સમાજમાંથી જ્ઞાતિવાદ અને આભડછેટની માનસિકતા પૂરેપૂરી રીતે દૂર થઈ નથી. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના ભૂતડી ગામમાંથી આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં રામજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન અનુસૂચિત જાતિના લોકો સાથે ભેદભાવ રાખવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો થયા છે. આ ઘટનાને લઈને સ્થાનિક દલિત સમાજમાં ભારે રોષ ફેલાયો છે. સમગ્ર ઘટનાની વિગતે વાત કરીએ તો, જૂનાગઢ વિસાવદરના ભૂતડી ગામમાં રામજી મંદિરના જીર્ણોદ્ધાર બાદ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં સમગ્ર ગામ માટે સમૂહ જમણવાર પણ રાખવામાં આવ્યો હતો. પરંતુ આ ધાર્મિક પ્રસંગે જ આયોજકો દ્વારા અનુસૂચિત જાતિના લોકોને આમંત્રણ આપતી વખતે અપમાનજનક શરતો મૂકવામાં આવી હોવાના આક્ષેપો થયા છે. દલિત સમાજના લોકો આરોપ લગાવી રહ્યા છે કે તેઓએ જમવા આવવું હોય તો ઘરેથી પોતાનાં થાળી-વાટકા લઈને આવવાનું રહેશે અને ગામના અન્ય લોકો જમી લે ત્યાર બાદ જ તેમને જમવા બેસાડવામાં આવશે. એટલું જ નહીં, તેમની બેઠક વ્યવસ્થા અને પીવાના પાણીની સુવિધા પણ અલગ રાખવાની વાત કરવામાં આવી હતી. આ પ્રકારના ભેદભાવથી દુઃખી થયેલા યુવાન અજય બોરીચાએ મામલો પોલીસ સુધી પહોંચાડ્યો હતો. હાલ આ ઘટનાને લઈને સામાજિક અગ્રણીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગ્રણી ઉમેશભાઈએ ચેતવણી આપી છે કે, જો આરોપીઓ સામે તાત્કાલિક કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો એસ.પી. કચેરીએ આવેદનપત્ર આપવામાં આવશે. લોકોનું કહેવું છે કે બંધારણ દરેક નાગરિકને સમાન અધિકાર આપે છે, ત્યારે ધાર્મિક સ્થળે આ પ્રકારનો ભેદભાવ કાયદાકીય અને નૈતિક રીતે ગંભીર ગુનો છે. આ સમગ્ર મામલે વિસાવદર પોલીસ સ્ટેશનમાં પાંચ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનામાં જે પાંચ વ્યક્તિઓના નામ સામે આવ્યા છે તેમાં બાબુ હપાણી, નરેન્દ્ર સીરોયા, રમણીક સોરઠીયા, અતુલ સીરોયા અને કુલા સીરોયાનો સમાવેશ થાય છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળનું પંચનામું કરી સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા છે અને આરોપીઓને નોટિસ પાઠવી તપાસ શરૂ કરવામાં આવી છે. અને આ મામલે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આમ આ ઘટનાએ હાલ સમગ્ર રાજ્યમાં ચર્ચા જગાવી છે અને લોકોમાં આક્રોશ ફેલાવ્યો છે. જ્યારે જાતિવાદીની માનસિકતા હજુ પણ લોકોના મનમાંથી દૂર નથી થઈ તેને લઈ લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. હવે જોવાનું રહ્યું કે, આ કેસમાં પોલીસ તપાસમાં શું બહાર આવે છે અને આરોપીઓ સામે કેવી કાર્યવાહી થાય છે.

### સુરત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં હસ્તકલાનો દબદબો

# સુરતની રિજનલ કોન્ફરન્સમાં એવોર્ડ વિજેતા મોહમ્મદ મુઝક્કીરની 'સુજની વણાટ' કલા આકર્ષણનું કેન્દ્ર

અમદાવાદ, તા.૧

સુરત ખાતે આયોજિત 'વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ૨૦૨૬' અંતર્ગત વિવિધ હસ્તકલા અને ઉદ્યોગોના પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાજયના હસ્તકલા વારસાને ઉજાગર કરવાના ભાગરૂપે ભરૂચની લુપ્ત થતી 'સુજની' કળાના પ્રદર્શનને વિશેષ સ્થાન મળ્યું છે. આ અવસરે સરકાર દ્વારા પૂરા પાડવામાં આવતા મંચની સરાહના કરતા કારીગર મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલાએ જણાવ્યું હતું કે, સરકારના સતત સહયોગથી જ આ કળાને નવજીવન મળ્યું છે.



ભરૂચના રહેવાસી મોહમ્મદ મુઝક્કીર સુજનીવાલા વર્ષોથી ભરૂચની આગવી ઓળખ સમાન 'સુજની વણાટ' કલા સાથે જોડાયેલા છે. માધ્યમો સાથેના સંવાદમાં તેઓએ જણાવ્યું કે, "અમે ભરૂચની એ ઐતિહાસિક અને પરંપરાગત સુજની વણાટનું કામ કરીએ છીએ, જે આજે કાળક્રમે લુપ્ત થતી જતી કળા ગણાય છે. આ લુપ્ત થતી કલાને જીવંત રાખવા બદલ વર્ષ ૨૦૨૧માં 'હાથશાળ-હસ્તકલા રાજય એવોર્ડ' માટે શ્રેષ્ઠ કારીગર તરીકે અમારી પસંદગી કરવામાં આવી હતી, જ્યાં ગુજરાત સરકાર દ્વારા અમને સન્માનિત કરાયા હતા.

લુપ્ત થતી કળાઓને બચાવવા માટે સરકાર દ્વારા સતત પ્રોત્સાહન મળી રહ્યું છે. વાયબ્રન્ટ ગુજરાત જેવા પ્લેટફોર્મ અને બીટુબી (બિઝનેસ ટુ બિઝનેસ) માધ્યમથી આ હસ્તકલાને નવા બજારો અને અનેક નવા ગ્રાહકો મળી રહ્યા છે, જે કારીગરો માટે આશાનું કિરણ છે. અમને સરકાર દ્વારા વિવિધ એક્ઝિબિશન અને મંચ પ્રદાન કરવામાં આવે છે. આ કળાના સંરક્ષણ અને કારીગરોના ઉત્થાન માટે તેમણે 'રેવા સુજની' નામની કો-ઓપરેટિવ સોસાયટીની સ્થાપના કરી છે, જેના માધ્યમથી તેઓ આ કલાને જન-જન સુધી પહોંચાડી રહ્યા છે અને આ જ માધ્યમથી તેઓ વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના મંચ સુધી પહોંચ્યા છે.

# ગુજરાત બોર્ડના પરિણામો : ધો. ૧૨ના ચોથી મે, ધો.૧૦ છઠ્ઠી મેના રોજ જાહેર થશે

### ● ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓની આતુરતા હવે સમાપ્ત થવાની કગાર પર
### ● ધો.૧૨ સાથે જ ગુજકેટનું પરિણામ પણ આવશે, બોર્ડ તૈયારીઓમાં વ્યસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓના પરિણામને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રહેલી લાંબી રાહ હવે પૂર્ણ થવા જઈ રહી છે. બોર્ડ દ્વારા તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી લેવામાં આવતા આગામી સપ્તાહમાં પરિણામ જાહેર થવાની પૂરી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ધોરણ-૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૪ મે, સોમવારે જાહેર કરવામાં આવશે. જ્યારે ધોરણ-૧૦નું પરિણામ ૬ મે, બુધવારે જાહેર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે ફેબ્રુઆરી ૨૬થી શરૂ થયેલી પરીક્ષાઓ ૧૮ માર્ચે પૂર્ણ થઈ હતી. રાજ્યભરમાં કુલ ૧૫.૨૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓ આપી હતી. જેમાં ધોરણ-૧૦માં ૯ લાખથી વધુ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આશરે ૫ લાખ અને સાયન્સ પ્રવાહમાં ૧.૧૯ લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ બોર્ડે તરત જ મૂલ્યાંકન પ્રક્રિયા શરૂ કરી હતી. રાજ્યભરના ૪૫૪ કેન્દ્રો પર ૭૫ હજારથી વધુ શિક્ષકો દ્વારા પેપર ચકાસણી કરવામાં આવી હતી. તેમાં ધોરણ-૧૦ માટે સૌથી વધુ કેન્દ્રો અને શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે ધોરણ-૧૨ના બંને પ્રવાહ માટે અલગ અલગ કેન્દ્રો પર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

હવે તમામ કામગીરી પૂર્ણ થતાં બોર્ડ પરિણામ જાહેર કરવા સજ્જ બન્યું છે. ખાસ કરીને ધોરણ-૧૨ના સાયન્સ અને સામાન્ય પ્રવાહના પરિણામો એકસાથે જાહેર થવાથી વિદ્યાર્થીઓને આગળની પ્રવેશ પ્રક્રિયામાં સહેલાઈ મળશે. દર વર્ષે જેમ, આ વખતે પણ ધોરણ-૧૨ સાયન્સના પરિણામ સાથે જ ગુજકેટનું પરિણામ જાહેર કરવામાં આવશે. ૨૯ માર્ચે યોજાયેલી ગુજકેટ પરીક્ષામાં લગભગ ૧.૩૨ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેથી ૪ મેના રોજ બોર્ડ બંને મહત્વપૂર્ણ પરિણામો એકસાથે જાહેર કરીને વિદ્યાર્થીઓને આગળના અભ્યાસ માટે માર્ગ મોકળો કરશે.

# ચૂંટણી પત્યા બાદ ટ્રાફિક પોલીસને 'સક્રિય' બનાવાઈ : હેલ્મેટ ડ્રાઈવ શરૂ

### સરકારી કર્મીઓને સાણસામાં લેવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીઓનો ધમધમાટ શાંત પડતાની સાથે જ ગુજરાત પોલીસ ફરી એકવાર કડક તેવરમાં જોવા મળી રહી છે. ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત હોવાને કારણે છેલ્લા એકાદ મહિનાથી ટ્રાફિકના નિયમો બાબતે જે શિથિલતા જોવા મળતી હતી, તેનો અંત આવ્યો છે. ગુજરાત સ્થાપના દિવસના પાવન અવસરથી જ રાજ્યભરમાં હેલ્મેટ અને ટ્રાફિક નિયમોના પાલન માટે એક મહિનાની વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

આ વખતે પોલીસની રણનીતિમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. સામાન્ય રીતે જાહેર રસ્તાઓ પર ઊભી રહેતી પોલીસ આજે સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પર જ ગોઠવાઈ ગઈ હતી. પોલીસનું માનવું છે કે જનતાને નિયમો શીખવતા પહેલા સરકારી કર્મચારીઓએ આદર્શ પૂરો પાડવો જોઈએ. જોકે, આ કડક અમલવારીને કારણે આજે અનેક સ્થળોએ પોલીસ અને સરકારી કર્મચારીઓ વચ્ચે તીખી તકરારના દૃશ્યો સર્જાયા હતા. એક વાયરલ થયેલા વીડિયો મુજબ, એક મહિલા સરકારી કર્મચારી હેલ્મેટ વિના ઝડપાતા પોલીસે તેની સામે કાર્યવાહી કરી હતી. દંડ વસૂલ્યા બાદ પોલીસે તેનું લાયસન્સ અને વાહન જપ્ત કરી લેતાં મામલો બિચક્યો હતો. મહિલા કર્મચારીએ ઉગ્ર રજૂઆત કરતા ટ્રાફિક વિભાગના એસીપીએ (ACP) તેમને ગુનો દાખલ કરવાની ચીમકી આપી હતી. આ ઘટનાને પગલે સરકારી કર્મચારીઓમાં ભારે કચવાટ અને ચર્ચા જોવા મળી રહી છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે આટલા સમય સુધી નિયમોમાં ઢીલ આપ્યા બાદ અચાનક આટલી કડકાઈ કેમ ? ઇન ચાર્જ આઈજી (STB) મકરંદ ચૌહાણ દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્ર મુજબ, આ ઝુંબેશ ૧ મે થી ૩૧ મે ૨૦૨૬ સુધી ચાલશે. મોટર વાહન અધિનિયમની કલમ ૧૨૯ મુજબ, ટુ-વ્હીલર ચલાવનાર અને પાછળ બેસનાર (પિલિયન રાઈડર) બંને માટે હેલ્મેટ અનિવાર્ય છે. ફોર-વ્હીલરમાં સીટ બેલ્ટ ન બાંધનારા સામે પણ કાર્યવાહી થશે. દરેક શહેરના પોલીસ કમિશનરો અને રેન્જ વડાઓએ દરરોજ સવારે ૮ વાગ્યે ઈ-મેલ દ્વારા ગાંધીનગર મુખ્ય કચેરીને રિપોર્ટ મોકલવો પડશે. આ રિપોર્ટમાં કેટલા સામાન્ય નાગરિકો અને કેટલા સરકારી કર્મચારીઓ દંડાયા તેની અલગથી વિગત આપવી પડશે. સુરત શહેરમાં હેલ્મેટના નિયમોનું જે પ્રકારે કડક પાલન કરવામાં આવ્યું છે, તેને સફળ ગણીને હવે અમદાવાદ, રાજકોટ અને વડોદરા જેવા મહાનગરોમાં પણ તે જ શિસ્ત લાગુ કરવાનો લક્ષ્યાંક છે. પોલીસનું કહેવું છે કે આ ઝુંબેશનો હેતુ દંડની આવક વધારવાનો નથી, પરંતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુના આંકડા ઘટાડવાનો અને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ચૂંટણી બાદ પોલીસના આ 'ચક્રવ્યુહ'થી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. જો તમે પણ હેલ્મેટ વિના ઘરની બહાર નીકળતા હોવ, તો ચેતી જજો, કારણ કે હવે તમારી ઑફિસના ગેટ પર જ ખાખી ધામા નાખીને બેઠી છે !

# ભાજપ દ્વારા મહાનગરપાલિકામાં મેયર પદ માટે ધારાસભ્યો અને કોર્પોરેટરો પાસેથી નામ મંગાવાશે

અમદાવાદ,તા.૧

ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૧૫ મહાનગરપાલિકામાં ભાજપે તમામમાં સત્તા હાંસલ કરી છે. અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ૧૯૨ બેઠકોમાંથી ૧૬૦ બેઠકો ઉપર ભાજપે વિજય મેળવીને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરી સત્તા હાંસલ કરી છે ત્યારે અમદાવાદના પ્રથમ નાગરિક એવા મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીની નિમણૂક આગામી દિવસોમાં થવાની છે.

મેયર તરીકેની નિમણૂક માટે ભાજપ દ્વારા ૨ અથવા ૩ મેના રોજ ધારાસભ્યો અને કોર્પોરેટર સહિતના શહેર સંગઠનના નેતાઓ સાથે પ્રદેશના નેતાઓ દ્વારા સેન્સ લેવામાં આવશે અને મેયર તરીકેના નામો આપવામાં આવશે. જે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં જશે અને ત્યારબાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનના નામની જાહેરાત થશે. ગુજરાતની ૧૫ મહાનગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ભાજપની સત્તા હવે આવતાની સાથે જ દરેક મહાનગરપાલિકામાં મેયર સહિતના પાંચ પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. મહાનગરપાલિકામાં મેયર કોણ બનશે તેના માટે ભાજપ દ્વારા ૨ અને ૩ મેના રોજ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેમાં દરેક મહાનગરપાલિકામાં મેયર પદ માટે ધારાસભ્યો, કોર્પોરેટરો અને શહેર સંગઠનના હોદ્દેદારો પાસે નામ માંગવામાં આવશે. તમામ નામો પર ચર્ચા વિચારણા હાથ કરવામાં આવતા અને ત્યારબાદ આગામી ૬થી ૮ મેના રોજ ગાંધીનગર ખાતે મળનારી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ત્રણ નામ મોકલવામાં આવશે. પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડમાં રાજ્યની ૧૫ મહાનગરપાલિકા માટેના મેયર પદના દાવેદારના નામો પર ચર્ચા કરવામાં આવશે અને દરેક મહાનગરપાલિકા માટે મેયરના નામના કવર બનાવીને જે તે શહેર પ્રમુખ અથવા પ્રભારીને આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે જે બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પ્રથમ સામાન્ય સભા બોલાવવામાં આવશે જેમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની જાહેરાત કરવામાં આવશે. મેયર પદ માટે ગુજરાત ભાજપ દ્વારા પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં નામોની ચર્ચા કર્યા બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવશે જેના બે દિવસ પહેલા સ્ટેન્ડિંગ કમિટીની રચના માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિત ૧૨ લોકો ફોર્મ ભરશે જોકે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકેનું નામ જાહેર ન થાય તેના માટે ૧૫થી ૧૮ લોકોને ફોર્મ ભરાવવામાં આવશે અને ત્યારબાદ નામ પાછા ખેંચાવવામાં આવશે. માત્ર ૧૨ નામો સાથેની સ્ટેન્ડિંગ કમિટીની જાહેરાત પ્રથમ સામાન્ય સભામાં કરવામાં આવશે. અમદાવાદ મહાનગરપાલિકામાં આ સમગ્ર પ્રક્રિયા ૮થી ૧૦મેની વચ્ચે પૂર્ણ કરવામાં આવશે એવી પૂરી શક્યતાઓ જણાય છે, જેથી અમદાવાદના મેયર ૧૦ મે સુધીમાં મળી શકે તેવી સંભાવના છે.

### કુલ બેઠકોની ૧૦ ટકા પણ કોંગ્રેસ જીતી શકી નથી

# રાજ્યની ૧૫ પૈકી ૧૦ મહાનગરપાલિકામાં વિપક્ષનું નેતા પદ આપવામાં નહીં આવે

### વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગર, નવસારી, મહેસાણા, નડિયાદ મહાનગરપાલિકાઓમાં ૧૦ ટકા બેઠકો પણ જીતી ન શકનાર કોંગ્રેસને વિપક્ષનું પદ નહી મળે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની વન-વે જીત થઈ છે, અને કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. સ્થિતિ એવી છે કે, ગુજરાતની ઘણી મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસનું 'વિપક્ષી નેતા'નું પદ જોખમમાં છે. નિયમ મુજબ કુલ બેઠકોના ૧૦ ટકા બેઠકો ન મળે તો વિપક્ષ પદ ન મળે. વિપક્ષ પદ માટે લોકસભાના માવળંકર રૂલમાં કહેવાયું છે કે, કોઈપણ પક્ષે કુલ બેઠકોના ઓછામાં ઓછા ૧૦ ટકા બેઠક જીતવી ફરજિયાત હોય છે, નહિ તો તેને વિપક્ષનું પદ પણ નહિ મળે. ત્યારે ગુજરાતની અનેક મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકા વિપક્ષ વગરની રહેશે. આ વિશે ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે જણાવ્યું કે, ભાજપ દ્વારા સત્તાવાર રીતે વિપક્ષ માટે ૧૦ ટકા બેઠકો પણ વિપક્ષે ન મેળવી હોય ત્યાં વિપક્ષનું પદ નહીં આપવામાં આવે. ગુજરાત વિધાનસભામાં પણ કોંગ્રેસને ૧૦ ટકા બેઠકો ન મળતાં સત્તાવાર વિપક્ષનું પદ આપવામાં આવ્યું નથી. ભાજપ આ જ રણનીતિ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પણ અપનાવશે. વર્ષ ૧૯૫૧ માં લોકસભાના પ્રથમ અધ્યક્ષ જીવી માવળંકરે આ નિયમ લાગુ કરાવ્યો હતો. લોકશાહીમાં વિપક્ષ પણ મહત્વનું પાસુ છે. આ કારણે જ શાસનમાં વિરોધ પક્ષના નેતાનું પદ હોય છે. ભારતીય રાજકારણની આ એક પરંપરા છે. ઈ.સ. ૧૯૫૧માં લોકસભાના પ્રથમ અધ્યક્ષ જી.વી.માવળંકરે એવો નિયમ જાહેર કર્યો હતો કે વિરોધપક્ષના નેતા (લીડર ઓફ ઓપોઝીશન) ની માન્યતા મેળવવા વિરોધપક્ષે કમસેકમ લોકસભાની કૂલ બેઠકોના ૧૦ ટકા બેઠક મેળવવી જોઈએ. એટલે કે ૫૪૩ બેઠકમાં ૫૫ બેઠક મળે તો જ આ પદ મળી શકે. આ નિયમ રાજકારણમાં દરેક જગ્યાએ લાગુ પડે છે. આ જ નિયમને પગલે કોંગ્રેસનું વિપક્ષ પદ જોખમમાં છે. કારણ કે, ૧૫ માંથી ૧૦ મહાનગરપાલિકામાં તો કોંગ્રેસના વિપક્ષના નિયમ મુજબની પણ બેઠકો મળી નથી. તેથી ગુજરાતની અનેક મહાનગરપાલિકામાં ભાજપનું એકહથ્થુ શાસન હશે. રાજકોટ, જામનગર, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગર, નવસારી, મહેસાણા, નડિયાદ, સુરત અને વડોદરા મહાનગરપાલિકામાં કોંગ્રેસ પાસે ૧૦ ટકા બેઠક પણ નથી. તેથી ભાજપ અહી નિયમ મુજબ કોંગ્રેસે વિપક્ષનું પદ નહિ આપે.


**ખિરાજે અકીદત**



મર્હૂમ શેખ મોહંમદ નઈમ સાહીબજાન

૨-૫-૨૦૧૦

આપ હમારે દિલો દિમાગમેં આજભી વો હી યાદો કે સાથ હો. અલ્લાહ આપકી મગફીરત ફરમાયે ઔર જન્નતે ફિરદોસ અતા કરે. હરદમ યહી દુઆ.

આપ કેહી

મુજીબુર્રહેમાન ● સાકીબ યાકુબખાન ● ગીરીશ સોની


# ભરૂચમાં ખાણ-ખનિજ વિભાગમાં રૂા.૧.૧૭ કરોડના ભ્રષ્ટાચારનો પર્દાફાશ

### ACB દ્વારા ત્રણ સરકારી કર્મચારીઓ સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧

ભરૂચ જિલ્લાના ખાણ અને ખનિજ વિભાગમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB), ભરૂચ દ્વારા કરવામાં આવેલી તપાસમાં રૂા.૧.૧૭ કરોડથી વધુના આર્થિક નુકસાનનો પર્દાફાશ થયો છે. આ સંદર્ભે ત્રણ સરકારી કર્મચારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ભરૂચ જિલ્લાના અંગારેશ્વર ગામે નવા સર્વે નંબર ૧૧ હેઠળ આવેલી જમીનમાં ખનિજ ખનનની પરવાનગી મેળવવા માટે ખોટા દસ્તાવેજો તથા ખોટા માપદંડો રજૂ કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, પરવાનગીમાં દર્શાવેલ વિસ્તાર અને વાસ્તવિક ખનન સ્થળ વચ્ચે નોંધપાત્ર તફાવત હતો. આ મામલે ઈન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી નરેશભાઈ માધવજી જાની (વર્ગ-૧), સર્વેયર અશોકભાઈ લાલજીભાઈ કોટડિયા (વર્ગ-૩) અને માઈન્સ સુપરવાઈઝર ભાવેશભાઈ રમણભાઈ પરમાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ACBની તપાસમાં ખુલ્યું છે કે, આરોપીઓએ ખોટા રેકોર્ડ અને માપદંડો તૈયાર કરી ખનન માટેની જરૂરી શરતોનું ઉલ્લંઘન કર્યું હતું. જેના કારણે સરકારને રોયલ્ટી તથા દંડની રકમમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. હાલ ACB દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આવનારા સમયમાં વધુ ખુલાસા થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.


For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com